
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-
જુલાઈ, ૨૦૧૯

## મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયું
## અખિલ ભારતીય બાળ-યુવા અધિવેશન - ૨૦૧૯



**૪૦,૦૦૦ બાળકો અને ૨૦,૦૦૦ યુવાનોમાંથી**
**પસંદગી પામેલા ૬૦૦૦ બાળ-યુવાઓનું**
**ચેતનવંતું અખિલ ભારતીય અધિવેશન**






## ઉદ્યોગનગરી મોરબીમાં નૂતન શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં સૌરાષ્ટ્રની ઉદ્યોગનગરી મોરબી ખાતે કલામંડિત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. તાજેતરમાં તા. ૧૨-૬-૨૦૧૯ના રોજ મહંત સ્વામી મહારાજે હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં રાજસ્થાનના ગુલાબી પથ્થરમાંથી નિર્માણ પામનાર આ શિખરબદ્ધ મંદિરનો વેદોક્ત વિધિપૂર્વક શિલાન્યાસ વિધિ કર્યો છે. શિલાન્યાસ પ્રસંગે વિશાળ શમિયાણા હેઠળ વિશાળ કદનો ગર્ત રચવામાં આવ્યો હતો. અહીં પરમ પૂજ્ય સ્વામીશ્રીની સાથે સંસ્થાના વરિષ્ઠ સંતો તથા અગ્રણી હરિભક્તોએ પણ વિધિમાં લાભ લીધો હતો. આ ઉપરાંત વિશાળ સભાગારમાં પણ હજારો ભક્તો આ ઐતિહાસિક વિધિમાં જોડાયા હતા. મચ્છુ નદીના તટે નિર્માણ પામનારું આ વિશાળ બી.એ.પી.એસ. પરિસર નજરાણા સમું એક સુંદર સંસ્કૃતિધામ બનશે.



## ક્રમિકા


૪. ઉજ્જ્વળ ભાવિનો સૂર્યોદય – સંપાદકીય

૧૨. યુવાનોને યોગી-આદેશ

૧૪. યૌવનને સંબોધન

૧૬. અખિલ ભારતીય બાળ-બાલિકા અધિવેશન-૨૦૧૯

૩૦. બાળકોની પ્રેરક ગાથાઓ

૩૫. બાળઅધિવેશન પારિતોષિક સન્માન

૩૬. સારંગપુરમાં યોજાયું અખિલ ભારતીય યુવા અધિવેશન-૨૦૧૯

૪૮. યુવા અધિવેશનની પ્રેરક ગાથાઓ:
(૪૯) મેરુ સમા અડગ યુવાનો...
(૫૪) સૌને મળી તેજસ્વી ફળશ્રુતિઓ..
(૫૯) સમયને નાથ્યો યુવાનોએ...


૬૬. અખિલ ભારતીય યુવા અધિવેશનના તેજસ્વી તારલાઓ

૭૨. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૭૭. એશિયા-પેસેફિક દેશોમાં સંતવૃંદનું સત્સંગ વિચરણ

૭૯. અક્ષરવાસ

૮૦. નૂતન મંદિર: કુરુક્ષેત્રમાં શિલાન્યાસ, સિરોહીમાં પ્રતિષ્ઠા, ભીનમાલમાં ભૂમિપૂજન

ઉપનિષદ કહે છે:
એ યુવાન છે – જે સદ્‌ગુણોથી યુક્ત છે,
બીજાને બોધ આપી શકે છે,
આશાવાન છે, ધ્યેયમાં દૃઢતા ધરાવે છે,
જેનું મનોબળ પણ દૃઢ છે.
યૌવનની આ વિરલ વ્યાખ્યા
યુવાવયના તીર્થાટનરત ભગવાન શ્રી
સ્વામિનારાયણ એટલે કે
શ્રી નીલકંઠવર્ણીનું સ્મરણ કરાવે છે.
તરુણાઈના ઉંબરે ઊભેલા વિરલ યોગી
નીલકંઠ એટલે યૌવનનો આદર્શ.
ઓછાંમાં ઓછાં સાધનો વચ્ચે,
કઠિનમાં કઠિન સંજોગોમાં, પોતાના ઉન્નત
ધ્યેયની પર્વતપ્રાય દૃઢતા સાથે અખિલ ભારતની યાત્રા કરીને અસંખ્ય મુમુક્ષુઓનું
કલ્યાણ કરનારા અજોડ યુવાન એટલે શ્રી નીલકંઠ.
મહાન સિદ્ધો પણ ન કરી શકે તેવું તપ કરનાર અજોડ તપસ્વી એટલે શ્રી નીલકંઠ.
સ્વયં દેહનું દમન કરીને નિ:સ્વાર્થભાવે બીજાની સેવા કરનાર અદ્વિતીય પરગજુ
સેવાધારી યુવાન એટલે નીલકંઠ. કનક, કામિની, કીર્તિ જેવાં અનેક પ્રલોભનો
ચરણોમાં આળોટતાં હોવા છતાં, એ પ્રલોભનોથી ઉપર ઊઠીને જળકમળવત્ નિસ્પૃહ
રહેનાર બૃહદ વૈરાગી એટલે નીલકંઠ.
યૌવનના આદર્શ શ્રી નીલકંઠવર્ણીના દિવ્ય સ્મરણના આ અભિષેક સાથે
અખિલ ભારતીય બાળ-યુવા અધિવેશનની ઝાંખી કરાવતો
'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક તેમનાં શ્રીચરણોમાં સમર્પિત છે...

**ખાસ નોંધ: પૃ. ૪૭નું અનુસંધાન પૃ. ૧૦-૧૧ પર મૂકવામાં આવેલ છે.**

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૧, અંક : ૭,**
**જુલાઈ, ૨૦૧૯**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક** : સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

# ઉજ્જ્વળ ભાવિનો સૂર્યોદય

**એક એવો સૂર્યોદય, જ્યાં હજારો યુવાનોની હતાશા, નિરાશા ખંખેરાય છે અને ઊંચા આભમાં ઉડાન કરવાની તેને સબળ પાંખો મળે છે...**

સમયનાં વહેણ નિત્ય નવા નવા વળાંકો લઈ રહ્યાં છે. એ વાંકડાં વાંકડાં વળાંકોની સાથે જીવનમૂલ્યોની પણ ઊથલપાથલ થઈ રહી છે. એનું સૌથી માઠું પરિણામ યુવાનો પર અનુભવાય છે. સમાજ જેની સમક્ષ ઉજ્જ્વળ આશાઓની મીટ માંડીને બેઠો છે એ યુવાનો આજે સૌથી વધુ નિરાશાનો અનુભવ કરી રહ્યા છે. એટલે સમાજ ઉજ્જ્વળ ભવિષ્યને બદલે સંસ્કાર ક્ષેત્રે અંધકાર અનુભવી રહ્યો છે.

ભારતીય સંસ્કૃતિની સંસ્કારોની ભવ્ય વિરાસત, તેની ગરિમા અને પવિત્રતાની વાત બાજુએ રહી, હવે તો વિદેશોનો વાયરો આપણે ત્યાં સ્વદેશી બની ગયો છે. વિદેશમાંથી ભૌતિકવાદની સાથે સાથે હવે અમર્યાદ વિષયભોગ, વ્યભિચાર, વ્યસનો અને પારિવારિક સંસ્કારોનું પતન વગેરે આપણે ત્યાં આયાત થઈ ચૂક્યાં છે. કોલેજો અને યુનિવર્સિટીઓ તો ઠીક, પરંતુ હવે તો શાળાઓમાં ભણતાં નાનાં નાનાં કુમળાં બાળકોના માનસમાં પણ ભ્રષ્ટતાનાં બીજ કોળવાં લાગ્યાં છે. મોબાઇલ, ઇન્ટરનેટ અને વીડિયો ગેમ્સનાં જાળાંમાં અટવાયેલા બાળકોનું નિર્દોષ બાળકપણું હવે નંદવાઈ ગયું છે. અધૂરામાં પૂરું, બાળ-યુવા માનસમાં સંસ્કારોની ફૂલવાડી ખીલવતી સંસ્થાઓ – મા-બાપ, શિક્ષકો અને શૈક્ષણિક એકમો જ સંસ્કારોનો ઉંબરો ચૂક્યા છે. તેઓ જ પોતાની જવાબદારીઓનું ભાન ભૂલ્યા છે ત્યારે નવી પેઢી પાસેથી વધુ ઉજ્જ્વળ આશાઓ રાખવાનું કેટલાયને નિરર્થક લાગે છે. ભારતના રાષ્ટ્રીય ક્રાઇમ બ્યૂરોના વિકરાળ આંકડાઓ પણ તેની શાખ પૂરે છે.

શું ધરતી આમ ને આમ રસાતળ જશે?

શું વ્યસનો, ઇન્ટરનેટની ઉઘાડી બારી, વિષયોની છાકમછોળ, નિર્લજ્જ નાચગાન અને અંતે એમાંથી જન્મતી હતાશા-નિરાશાનો અજગર આપણી યુવાપેઢીને આખી ને આખી ગળી જશે?



આવા નિરાશાજનક કંઈક સવાલો ઠેર ઠેર ઊઠી રહ્યા છે તેની વચ્ચે આશાનો એક ઉજ્જવળ સૂર્યોદય અનુભવાય છે – બી.એ.પી.એસ. બાળ-યુવા પ્રવૃત્તિના વિરાટ છત્ર નીચે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સ્થાપેલી, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પોષેલી અને વર્તમાન સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં સંચાલિત આ પ્રવૃત્તિનો અનુભવ કરનાર લાખો લોકો તેના સાક્ષી છે.

તાજેતરમાં તીર્થધામ સારંગપુર ખાતે મહંત સ્વામી મહારાજની નિશ્રામાં યોજાઈ ગયેલાં અખિલ ભારતીય બાળ-યુવા અધિવેશન પણ તેની ખાતરી કરાવે છે.

બી.એ.પી.એસ. બાળ-યુવા પ્રવૃત્તિના કુલ ૬૦,૦૦૦થી વધુ બાળકો-યુવાનોએ જેમાં ભાગ લીધો હતો એ બાળ-યુવા અધિવેશન એટલે જીવનઘડતર, જીવનજાગૃતિ અને જીવન-ઉજાસનો એક અનોખો મહોત્સવ.

બાળ-યુવા અધિવેશનોની વિગત લઈને આવેલો આ અંક આપના હાથમાં પહોંચશે ત્યાં સુધીમાં કદાચ બાળ-યુવા અધિવેશનોની પડઘમો વીસરાઈ ચૂકી હોઈ શકે. પરંતુ આ અધિવેશનના માધ્યમથી હજારો બાળ-યુવાઓએ જે આધ્યાત્મિક અને નૈતિક સંસ્કાર-શિક્ષણ મેળવ્યું છે તે તેમના જીવનમાં ચિરંતન બની રહેશે.

તીર્થધામ સારંગપુર ખાતે તા. ૨૮ મે થી ૧ જૂન દરમ્યાન અખિલ ભારતીય બાળ અધિવેશન તથા તા. ૩ જૂન થી ૮ જૂન દરમ્યાન બે સત્રોમાં યોજાયેલા અખિલ ભારતીય યુવા અધિવેશનનો યજ્ઞ આમ તો ક્ષેત્રીય અને આંતરક્ષેત્રીય કે ઝોનલ અને રિજનલ અધિવેશનોના અંતિમ પરિણામ રૂપે હતો. તેમાં ૬૦,૦૦૦માંથી પસંદગી પામેલા ૬,૦૦૦થી વધુ બાળ-યુવાઓ એકત્રિત થયાં હતાં. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અને વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે યોજાયેલાં આ અધિવેશનોનો માહોલ બી.એ.પી.એસ.ના પ્રત્યેક બાળ-યુવા કેન્દ્રમાં ઠેર ઠેર છવાયો હતો. ભગવાન સ્વામિનારાયણના વચનામૃતને લક્ષ્યમાં રાખીને યોજાયેલી વિવિધ સ્પર્ધાઓને કારણે સૌ વચનામૃતમાં ખોવાઈને તેના મય બની ગયા હતા. પરિણામે વેદ, ઉપનિષદ, ભગવદ્‌ગીતા, પુરાણો અને ઈતિહાસમાં અવગાહન કરનારાઓને પણ જે આધ્યાત્મિક રહસ્યો ભાગ્યે જ લાધે એ આ આધુનિક યુગના બાળ-યુવાઓનાં હોઠ અને હૈયે સહજતાથી રમવા લાગ્યાં છે. અધિવેશનો દરમ્યાન પ્રત્યેક સ્પર્ધાના નિષ્ણાત નિર્ણાયકોએ પોતાનાં હથિયાર હેઠાં મૂકી દેવાં પડ્યાં, એવી અદ્‌ભુત અને અદ્વિતીય સિદ્ધિઓ આ બાળ-યુવાઓએ મેળવી લીધી છે.

આ બી.એ.પી.એસ. બાળ-યુવા અધિવેશનોની બહુમુખી ફળશ્રુતિઓ પર નજર કરીએ છીએ ત્યારે તેના સ્થાપક બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પરિપોષક બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની અનેક સ્મૃતિઓ અને આર્ષદૃષ્ટિ નજર સામે તરવરવા લાગે છે.

યોગીજી મહારાજ. વાત્સલ્યનો ઘૂઘવતો મહાસાગર.

વાત્સલ્યના મોજાં ઉછાળતા યોગીજી મહારાજને હજારો બાળકો-યુવાનોનાં હૃદયમાં બિરાજીને તેમની જીવનનૌકાને ભવપાર લઈ જવાની અનોખી કુદરતી કાબિલિયત. બાળકો અને યુવાનોમાં તેમને દિવ્યતા દેખાતી. જુઓ એમના ઉદ્‌ગારોઃ

‘યુવકો મારું હૃદય છે!’

‘ભલે તમે શહેરમાં રહો છો, પણ તમે સૌ સનકાદિક જેવા છો.’

‘શાસ્ત્રીજી મહારાજના જોગમાં આવ્યા તો બધા ચક્રવર્તીના કુમારો છો.’

સ્નેહની આવી હેલી વરસાવતા એ ‘યુવકોના યોગીરાજ’ના હૃદયમાં યુવાનો પ્રત્યે આ અનોખી મહિમાદૃષ્ટિ હતી.

પીપલગમાં બનેલો આ પ્રસંગ વાંચોઃ મનુભાઈ પટેલ. પ્રથમ જ વાર યોગીજી મહારાજનાં દર્શને આવેલા. સ્વાભાવિક રીતે જ તેમણે મનુભાઈને પૂછ્યું, ‘બીડી પીઓ છો?’

‘રોજની સો પીઉં છું.’ ‘તો બંધ કરો તો સારું.’ ‘બંધ તો નહીં થાય, રોજની ૧૮ કલાક મહેનત કરું છું.’ ‘તો ડુંગળી-લસણ બંધ કરશો?’ ‘એ પણ નહીં થાય. ડુંગળીનાં ભજિયાં ખાધાં વિના મારે ચાલે જ નહીં. માટે કાંઈ મૂકવું ન પડે તેવું કહો.’ ‘તો વરતાલમાં તમારી લાતી છે, ત્યાં મંદિરે દરરોજ દર્શને જશો?’

‘હા, એ થશે!’ બસ આટલી વાતમાં જ યોગીજી મહારાજ રાજી થઈ ગયા! ધબ્બો અને પ્રસાદ આપી મનુભાઈને વિદાય આપી ત્યારે મનુભાઈને આશ્ચર્ય થયું કે મારા જીવનમાં વ્યસનની બદી છે છતાં એમનો કેવો પ્રેમ છે?! અને એ પ્રેમના પ્રભાવે મનુભાઈ બદલાઈ ગયા!

આ હતી યોગીજી મહારાજની સ્વાભાવિકતા!

યોગીજી મહારાજના હેતને માણતા યુવાનને મનોમન હૈયે અનુભવાય કે ‘મારા ભવ ભવના આ એ જ તારણહાર સ્નેહી છે, જેની હું જન્મોથી પ્રતીક્ષા કરું છું.’ ત્યાર પછી યુવાન એમનો થઈ જાય અને તેઓ યુવાનના થઈ જાય.

વાઘોડિયા ગામની એક મધરાતની વાત છે. યોગીજી

મહારાજ અહીં વિચરણ કરતાં કરતાં પધાર્યા હતા. સાથે કેટલાક યુવાનો પણ ફરતા હતા. તેમાંનો એક એટલે જગદીશ. જગદીશને તાવ આવ્યો હતો. અસહ્ય દુખતું માથું, તાવની પીડા અને કળતરથી તે મધરાતે મંદિરમાં તરફડતો હતો. એવામાં કોઈ આવ્યું, જગદીશનું માથું પોતાના ખોળામાં લીધું અને હળવે હાથે દાબવાનું શરૂ કર્યું. રાહતનો શ્વાસ લેતાં જગદીશે અડધા કલાકે અંધારામાં નજર કરીને જોયું તો યોગીજી મહારાજ! સફાળા બેઠા થઈને તે અશ્રુભીની આંખે યોગીજી મહારાજનાં ચરણે નમી પડ્યો. 'અહો! આપ તો મારા ગુરુદેવ! આપની સેવા મારે કરવાની હોય. તેને બદલે મારા જેવા આપના નાના સામાન્ય સેવક-શિષ્યની સેવામાં આપ?!'

'ના ગુરુ, તમારી સેવા કરવા દ્યો....' આમ કહેતા યોગીજી મહારાજની આંખોમાંથી વહેતા માતા તુલ્ય પ્રેમને જગદીશ જીવનભર ભૂલી શક્યો નહીં.

યોગીજી મહારાજના આવા પ્રેમને કારણે જ યુવાનો તેમની પાછળ ઘેલા થઈને ફરતા. ગામડે ગામડે સત્સંગ કાજે વિચરણ કરતા યોગીજી મહારાજ પાસે યુવાનો આવે, તેમને પગે લાગે એટલે ડાબા હાથે પોતાના ખોળામાં તેનું માથું દાબી જમણે હાથે રાજીપાનો ધબ્બો મારીને બોલી ઊઠે: 'મારો વાલીડો આવી ગયો! બહુ રાહ જોવરાવી!' એમ વહાલની વર્ષા થાય. એટલે જ યુવાનોને અદમ્ય આકર્ષણ અનુભવાતું. 'યોગીબાપા ક્યાં હશે? હાલો, યોગીબાપા પાસે પહોંચી જઈએ...' એમ એ યુવાનો 'બાપા'નો ખોળો ખૂંદવા થનગની રહેતા! અને 'બાપા' પણ યુવાનોને જોતાં જ બોલી ઊઠે: 'અહો, મારા જીવનપ્રાણ આવી ગયા!'



એમણે યુવાનોને રમાડ્યા, જમાડ્યા, લાડ લડાવ્યાં. જાતે તેમની સેવા કરી. તેમની પથારી પાથરી આપી, અરે! કપડાં પણ ધોઈ આપ્યાં. વહેલા ઉઠાડી પ્રેરણા આપીને ભક્તિ અને મહિમાથી યુવાનોને છલકાવી દીધા. એમણે યુવાનોનું ઘડતર કરતાં એમની પાસે જાજરૂ-બાથરૂમ સાફ કરવાની સેવા કરાવીને તેમને સેવામય બનાવ્યા.

કૉલેજિયન યુવાનોને સ્વામીની વાતો, વચનામૃત અને કીર્તનો મુખપાઠ કરાવી એ યુવાનોને યોગીજી મહારાજે જ્ઞાનની ઊંચાઈએ પહોંચાડ્યા. સંપ, સુહૃદભાવ અને એકતાનો અહોરાત્ર બોધ આપીને તેમને એકતાના સૂત્રે જોડ્યા. એમણે એવાં કંઈક મૌલિક આયોજનો આપ્યાં, જેમાં પરોવાઈને યુવાનોએ કંઈક અનોખાં પ્રદાનો આપ્યાં.

તેમનું સાંનિધ્ય એટલે એક હરતી ફરતી આધ્યાત્મિક યુનિવર્સિટી. યુવકોની સંખ્યા પ્રમાણે ૧૦-૧૫ની ટુકડી પાડી તેના ઉપરી નિયુક્ત કરે. એક ટુકડી કથામાં બેસે, તો બીજી મુખપાઠ કરે. ત્રીજી ટુકડી સેવા કરવા જાય. દરેકને દરેક ક્રિયાની શિખામણનું ભાથું તો હોય જ.

જ્યાં જ્યાં તક જોઈ ત્યાં એમણે યુવકો મંડળો સ્થાપી દીધાં, તેના કાર્યકરો તૈયાર કર્યા. એક જ યુવકમંડળ સત્તર વખત પડી ભાંગ્યું હોય તોય ફરીથી એવી જ શ્રદ્ધાથી યોગીજી મહારાજ ફરીથી તેની સ્થાપના કરે. ગામડે ગામડે વિચરણ કરતાં કરતાં એમણે યુવાનોને જોમ સિંચતા પત્રોનો પણ પ્રવાહ અવિરત વહેતો રાખ્યો. યુવકો એક વાંચીને તેને અનુસરે ત્યાં જ બીજો પત્ર આવી જાય. એમના પત્રોમાં આધ્યાત્મિક જીવનનું સીધું, સાદું પરંતુ ઊંડું માર્ગદર્શન હોય. ૧૯૫૧થી શરૂ કરેલાં યુવક મંડળોના સંચાલનમાં પણ તેમણે સતત પત્રો દ્વારા પ્રેરણાબળ સિંચ્યું.

બાળકો-યુવાનોના કૌશલ્યને ખીલવવાનો તેમનો અજોડ ઉત્સાહ. ભરસભામાં તેઓ અચાનક યુવાનોને પ્રવચન માટે નિમંત્રણ આપી દે: 'હવે અમારા જનકભાઈ વાત કરશે!' 'એ કિશોરભાઈ, બે શબ્દો બોલો! ઇંગ્લિશમાં બોલો!' વિશાળ સભામાં તેઓ અચાનક યુવકોને માઇક ધરી દે અને યુવાનો તેમના રાજીપા માટે તત્પર થઈ જતા.

એકવાર ડાંગરામાં યોગીજી મહારાજે એક યુવકને કહ્યું: 'હરે, કંઈક પ્રવચન કરો.' સભામાં થોડા યુવકો જ હતા. તેણે કહ્યું: 'પણ પાત્ર વગર?' તરત જ યોગીજી મહારાજે કહ્યું:

'હું પાત્ર છું ને!' આવા અનેક સામાન્ય યુવકોની વાતો એક આદર્શ શ્રોતા તરીકે સાંભળીને યોગીજી મહારાજે યુવાનોમાં આત્મવિશ્વાસ સિંચ્યો છે! તેઓ યુવકોને કહેતાઃ 'છાતી કાઢીને બોલવું, મરતી મરતી નહીં. નત તાજી સલામ! તેમ રોજ બોલવું. ભગવાન ને સંતના ગુણ ગાવા મળે.'

યુવકોની વાચન, લેખન અને કવિત્વ શક્તિને વેગ મળે તે માટે હસ્તલિખિત અંકની પ્રવૃત્તિને એમણે ખૂબ પ્રોત્સાહન આપેલું. એટલે સુધી કે આફ્રિકાના ગુજરાતી ઓછું જાણતા યુવાનો પણ ત્રૈમાસિક હસ્તલિખિત અંક તૈયાર કરી તેઓને મોકલતા. યુવાનો દ્વારા રચાયેલા હસ્તલિખિત અંક જોઈને યોગીજી મહારાજ રાજી રાજી થઈ જાય અને મહિમાપૂર્વક તેનો સાદ્યંત પાઠ કરાવે.

એકવાર મુંબઈના નાના યુવક મનોજ પંડ્યાએ સભામાં સ્વરચિત કાવ્ય સંભળાવ્યું ત્યારે રાજી રાજી થઈને યોગીજી મહારાજે સામે બેઠેલા બાલમુકુન્દ ભટ્ટને કહ્યુંઃ 'મનોજભાઈને ત્રણ રૂપિયા ઇનામ આપો!'

'કેમ ત્રણ જ રૂપિયા?' તેમણે ઇનામ આપીને પૂછ્યું ત્યારે તેઓ કહેઃ 'ધામ, ધામીને મુક્ત એટલે ત્રણ રૂપિયા!'

નાની નાની બાબતોમાં યુવકોને ઇનામ આપવાનો તો એમને અત્યંત ઉત્સાહ. કોઈક સારું પ્રવચન કરે, કીર્તન ગાય, લેખ લખે, કવિતા રચે તરત જ તેને ઇનામ અપાવે. અને કોઈ હરિભક્તો સામેથી ઇનામ આપે તો તેના પર રાજીપો વરસાવતાં બોલી ઊઠેઃ 'યુવકોને દેવું, દીધે ખૂટશે નહીં.'

યુવકો અંગ કસરતના દાવ કરે, બેન્ડવાદન કરે, એ બધું તેઓ આશ્ચર્ય સાથે પ્રેમપૂર્વક નીરખે અને યુવકોને બિરદાવે. એકવાર ૭૯ વર્ષની વયે સખત બીમારીમાં વરસાદની ઋતુમાં અશક્તિ હોવા છતાં તેઓ ગોંડલમાં ગુરુકુળના બાળકોએ રાખેલો યોગાસનનો કાર્યક્રમ નિહાળવા બહાર તેમની વચ્ચે બિરાજ્યા ને કહેઃ 'દર્શન થાય ને!'

૧૯૭૦ના આફ્રિકાપ્રવાસમાં એકવાર બેન્ડવાદન કરતા યુવકોને તેઓ કૌતુકભરી નજરે જોઈ રહ્યા હતા. એવામાં તેમની નજર એક બાળક પર પડી, જેના હાથમાં મોરલી હતી. યોગીજી મહારાજ તેની નજીક ગયા, તેની મોરલી હાથમાં લીધી અને મોરલી એ બાળકના હોઠ પર મૂકી દીધી! તે બાળક માટે યોગીજી મહારાજની એ સ્નેહવર્ષા આજીવન ભાથું બની રહી.

યુવકોને સંયમ-નિયમના પાઠ આપવાનો પણ યોગીજી મહારાજનો એક વિરલ યોગ હતો. તેમાંય ઉપવાસ દ્વારા સંયમની પ્રેરણા આપવાની એમની નિરાળી રીત હતી. કોઈ યુવક-બાળક ઉપવાસ કરે તેના પર ખૂબ રાજીપો બતાવે, ધબ્બો મારે અને ક્યારેક તો સભામાં પણ ઊભા કરે, 'ક્યાં ગયા ટી.ટી. બાપાના દીકરા? ઊભા થાવ!' અને એ કિશોર ઊભો થાય એટલે સ્વામીશ્રી કહે, 'જુઓ, આ અમારું સેમ્પલ! આવા નાના છોકરા આજે ઉપવાસ કરે છે ઈ સત્યુગ!' એમ કહીને જાહેરમાં દિલ ભરીને બિરદાવે.

યુવાનોને અધ્યાત્મનો એકડો ઘૂંટવવા માટે એમનું એક વિરલ ઓજાર હતું – મુખપાઠ! મુખપાઠ એ એમનું મૌલિક પ્રદાન છે! મુખપાઠ દ્વારા એમણે યુવાનોને ગહન આધ્યાત્મિક રહસ્યોને આત્મસાત્ કરાવ્યાં. મુખપાઠ આપ્યા પછી તેઓ જાતે જ એક એક યુવકનો મુખપાઠ લેવા બેસે. એકવાર ઝારોલામાં પધરામણીએ જતાં જતાં તેમણે યુવકોને ગઢડા મધ્ય પ્રકરણનું ૫૧મું વચનામૃત મુખપાઠ કરવા આપ્યું. વળી, પધરામણીએથી આવીને દરેક યુવકનો મુખપાઠ જાતે જ લીધો! સારીંગ ગામમાં યુવકોએ વચનામૃતનો મુખપાઠ તેમની સમક્ષ રજૂ કર્યો ત્યારે બાજુમાં પડેલી ઘંટડી ઉપાડી એમણે કહેલું, 'આજ્ઞાથી આ વચનામૃત ગોખ્યું પણ આજ્ઞાથી કદાચ આ ઘંટડી ખખડાવે તોય તે આત્મસત્તારૂપે રહ્યો છે.'

એકવાર યુવકોને મંદિરના મેડે મુખપાઠ કરવા આપીને તેઓએ નીચે આવીને કથા શરૂ કરી. તેઓની કથાના આકર્ષણથી યુવકો પણ નીચે આવી ગયા.

યોગીજી મહારાજે પૂછ્યુંઃ 'કેમ આમ?'

'બાપા, આપની કથા સંભળાયને!'

'ગુરુ, એમ ન થાય. સ્વામીની વાતું ગોખો. ભીંત સામું મોઢું રાખીને ગોખવી. બીજે વૃત્તિ ન જાય...' કૉલેજિયન યુવાનો તેમની રુચિ પ્રમાણે ફરીથી મુખપાઠમાં પરોવાઈ ગયા અને યોગીજી મહારાજે તેમને પ્રસન્નતાભર્યા આશીર્વાદથી ભીંજવી દીધા.

એકવાર અડવાળમાં તેમણે નવયુવાન નારણભાઈ પટ્ટણીને કહ્યુંઃ 'સૌથી લાંબો થાળ, *અવિનાશી આવો* રે... આજે ને આજે મોઢે કરી દ્યો તો ઇનામ આપું!'

અને સાંજ સુધીમાં તો નારણભાઈ(હાલ વિવેકસાગર સ્વામી)એ લાંબો થાળ કંઠસ્થ કરી લીધો. યોગીજી મહારાજે જાતે મુખપાઠ લીધો. પછી આશ્ચર્યથી જોઈ રહ્યા ને લહેકાથી રાજી થતાં કહે, 'હા ભાઈ... યાદશક્તિ બહુ.'

નારણભાઈ કહેઃ 'બાપા ઇનામ?'

'જાવ આશીર્વાદ છે!' એમ કહીને પ્રસન્નતાથી ધબ્બો માર્યો. અનંત ઇનામો કરતાં એ ધબ્બાની ચિરંતન સ્મૃતિનું ઇનામ નારણભાઈને મળી ગયું.

સાવ ભોળા, દેશી અને સીધા સાદા જણાતા આ

ઓલિયાએ યુગો સુધી વહેતી રહે તેવી યુવાપ્રવૃત્તિનાં મૂળિયાં પાતાળે નાંખવાનો અજોડ ઉપક્રમ રચ્યો હતો. બાળ-યુવક મંડળો સ્થાપવાં, તેના છત્ર હેઠળ અનેકવિધ પ્રવૃત્તિઓ કરવી, અધિવેશનો કરવાં, નિયમિત સત્સંગ કરવો, રવિસભા કરવી, સત્સંગ પત્રિકા કાઢવી, સત્સંગ શિક્ષણ પરીક્ષા લેવી વગેરે એમનાં અનેક આયોજનો આજેય આશ્ચર્ય ઉપજાવે છે.


એમની આર્ષદૃષ્ટિ ભર્યા આદેશોમાં યુવાનોને કેવી અજોડ હાકલ હતી! જુઓ થોડાંક ઉદાહરણો:

'હવે તો ચૈતન્ય મંદિરો કરવાં છે. લાખોને કંઠી ધારણ કરાવવી તે કામ બાકી છે. બાકી બધું સ્વામી કરી ગયા. તે સેવા મૂકી ગયા છે તે કરવી. ગામોગામ સત્સંગી નવા કરવા. પાંચ વરસમાં ઇંગ્લિશ, ઉર્દૂ, મરાઠીમાં મહારાજ કોણ થયા, મૂળ અક્ષર કોણ થયા, ભગતજી-શાસ્ત્રીજી મહારાજ કોણ થઈ ગયા તે કહેવું. એવા ભાવથી ફરવું. એમાં મરણિયો માલ કાઢે. ઊનું પાણી ગોતે તે શું કામ કરે?

'અહોહો... રજા પડે (વૅકેશનમાં) ત્યારે ભાડું અપાવીને ૨૦ જણને ફરવા મોકલવા છે ને 'ફ્રન્ટ' (યુવાનોની સેના) કાઢવી છે. મન જીતેલા ૨૦ જણા જાય તો ભાર પડે. એમ પ્રચાર કરીએ તો ૫૦૦ થાય ને પછી ૫૦૦૦ થાય ને પછી ૪૦,૦૦૦ થાય.'

'કોલેજો, હાઈસ્કૂલોને રંગી નાખીએ. ભીખ માંગી મંડી પડીએ તો અહીં બે વર્ષમાં ૫૦૦૦ યુવકો થઈ જાય. (અમદાવાદ યુવકમંડળને ઉદ્દેશીને કરી હતી)

'સ્વામી, મહારાજને રાત'દિ પ્રાર્થના કર્યા કરું છું. આખો હિંદુસ્તાન વશ કરવો છે. યુવકોનો સહકાર મળે તો કામ સિદ્ધ થાય. યુરોપ, અમેરિકા બધે સત્સંગ જાગ્રત કરવો છે. આફ્રિકામાં ૫૦૦૦ યુવકો કરવા છે.'



યોગીજી મહારાજના એ મહાન સંકલ્પોને સાકાર કરવા માટે જ જાણે પ્રમુખસ્વામી મહારાજનું સમગ્ર જીવન સમર્પિત હતું! યોગીજી મહારાજે વહાવેલો સ્નેહધોધ પ્રમુખસ્વામી મહારાજના ખોળિયેથી પણ એવો ને એવો જ ધસમસતો વહેતો રહ્યો. લાખો યુવાનોને વ્યક્તિગત મળી મળીને સ્વામીશ્રીએ તેમના જીવનની ગૂંચો ઊકેલી છે, મૂંઝાયેલા યૌવનને મુરઝાવા દેવાને બદલે ખીલવ્યું છે, બાળકો પર સ્નેહવર્ષા કરીને તેમને માતાનો ખોળો પૂરો પાડ્યો છે. સ્વામીશ્રીના એ વિરાટ બાળ-યુવા કાર્યને સમજવા ગ્રંથોના ગ્રંથો આરક્ષિત રાખવા પડે.

તા. ૨૬-૩-૨૦૦૫ના રોજ સ્વામીશ્રી સારંગપુરમાં અમેરિકાથી આવેલા પોતાના યુવાન પુત્ર સાથે એક હરિભક્ત તેઓનાં દર્શને આવ્યા હતા. આ યુવાન પુત્ર અનેક દુરાચારો, ડ્રગ્સ, શરાબ વગેરેમાં ફસાઈ ચૂક્યો હતો. થોડા સમય પૂર્વે સ્વામીશ્રી યુ.એસ.એ. હતા ત્યારે ખૂબ વ્યસ્તતા વચ્ચે પણ સ્વામીશ્રીએ એના માટે સમય ફાળવ્યો હતો. સ્વામીશ્રીના આ પ્રેમને લીધે તેના જીવનમાં પરિવર્તન આવ્યું હતું. આજે તે ભારતયાત્રા દરમ્યાન અંગ્રેજી ભાષામાં એક પત્ર લખીને લાવ્યો હતો. તે દિવસે સ્વામીશ્રી બીમાર હતા, છતાં એ યુવાન માટે ખાસ સમય કાઢ્યો. માંડ માંડ ગુજરાતી બોલી શકતા આ યુવકે એકરારપૂર્વક લખેલો એ પત્ર સ્વામીશ્રી સમક્ષ વાંચવા માંડ્યો. સાથેના સંત એનું ભાષાંતર કરવા લાગ્યા. એણે લખ્યું હતું કે 'હું આપને મળ્યો ત્યારે આપે કહ્યું હતું એ વાત મારા મનમાં છે. આપના એ ઉપદેશ પછી મારા જીવનમાં ફેરફાર થવા લાગ્યો છે. જ્યારે જ્યારે દુ:ખ આવે છે ત્યારે આપના એ અપાર પ્રેમ અને ઉપદેશથી સહન કરવાનું બળ મળે છે. ૨૧ વર્ષમાં આપે જેવો નિ:સ્વાર્થ સ્નેહ કર્યો છે એવો સ્નેહ બીજા કોઈએ આપ્યો નથી. મને અંતરમાં હવે એમ રહ્યા કરે છે કે મારે સાચા ભક્ત તરીકેની જિંદગી બનાવવી છે, આપની આજ્ઞા પાળવી છે. આપે મારામાં વિશ્વાસ રાખ્યો છે, તો મારા જીવનને બદલવાનો હું પ્રયત્ન કરીશ.'

પત્રમાં સ્વામીશ્રીએ સીંચેલા પ્રેમને લીધે ઉદ્‌ભવેલું પ્રાયશ્ચિત્ત હતું. આંસુ સાથે રડતાં રડતાં ત્રુટક ત્રુટક શબ્દમાં તેણે નિખાલસતાથી એકરાર કર્યો. એનો નિષ્કપટભાવ

સ્વામીશ્રીને ભીંજવી ગયો. માંદગીની વચ્ચે પણ પલંગ ઉપર બેઠાં બેઠાં પંદર મિનિટ સુધી સ્વામીશ્રીએ એનો આ એકરાર સાંભળ્યો અને માથે હાથ ફેરવીને વાત્સલ્યપૂર્વક કહ્યું : 'તેં નિષ્કપટભાવે વાત લખી છે તો સ્વામિનારાયણ ભગવાન રાજી થશે. તારી ભૂલો માફ કરશે. આ સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાનનું પ્રસાદીનું સ્થાન છે. અહીં તેં વિચારો જણાવ્યા અને તને વિશ્વાસ છે કે આ બધું ટાળવું છે ને હવેથી એવી ભૂલો ન થાય એ માટેનો ખટકો છે, એટલે ભગવાન બળ આપશે. તું મુમુક્ષુ છે, તને શ્રદ્ધા છે ને જાણપણું છે એટલે આગળ વધાશે. હું પણ તારા માટે પ્રાર્થના કરીશ. તું પ્રયત્ન કરજે. ભૂલ થઈ એને યાદ નથી કરવાની.' આટલું કહ્યા પછી પ્રસાદીનો હાર એના ગળામાં પહેરાવ્યો અને કહ્યું: 'તને જ્યારે જ્યારે વ્યસન યાદ આવે ત્યારે આજના આ પ્રસંગને યાદ કરજે. નાનપણથી હું તને સાંભળું છું. ત્યારથી મારા મનમાં હતું કે તું હજારોને સત્સંગ કરાવે એવો થઈશ. આજે પણ હું પ્રાર્થના કરું છું કે હજારોને સત્સંગ કરાવે એવો થા.'

આવા એક એક યુવાનમાં તેમણે હજારોને સત્સંગ કરાવી શકે તેવું સામર્થ્ય નિહાળ્યું છે. આવી હતી તેમની દિવ્ય યુવાદૃષ્ટિ!

સન ૨૦૦૭માં લંડનમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી એક જાહેર યુવાસભામાં ધવલ મિસ્ત્રીએ સ્વામીશ્રીના દિવ્ય પ્રેમના અનુભવને વર્ણવતાં કહ્યું હતું : 'આપે મને પાસે બોલાવ્યો, ખૂબ વાત્સલ્યથી મિત્રભાવે મારા ખભે હાથ મૂક્યો અને મારી વાત સાંભળીને કહ્યું કે 'અમે હૃદયથી તારા માટે પ્રાર્થના કરીએ છીએ. ભગવાનને હૃદયથી પ્રાર્થના કરીએ એ હંમેશાં સાંભળે જ છે.' આપે મારી વાત ધીરજથી સાંભળી અને માબાપ પણ ન આપી શકે એવો પ્રેમ આપ્યો ને માર્ગદર્શન આપ્યું ને મારું જીવન બદલાઈ ગયું. જીવનમાં બળ મળી ગયું કે જીવન જીવવું છે તો કેવળ આપના માટે જ. કારણ કે બધી જ ભૂલો માફ કરે એવું હૃદય આપનું છે.' આ ધવલ દુનિયાની પ્રસિદ્ધ કૉલેજ લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં ઉત્તીર્ણ થઈને આજે એક માનવંતી પદવીએ પહોંચ્યો છે.

એકવાર મુંબઈના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ સંતોને પૂછ્યું, 'આપણા યશવંતનો ભાઈ કેમ દેખાતો નથી ?'

કોઈએ જવાબ આપ્યો : 'એ જરા મોળો પડી ગયો છે.'

'આજે બોલાવજો એને.' રોજના હજારો ભાવિકોની મેદનીમાં સ્વામીશ્રીએ યુવાનને કેટલી વાર શોધ્યો હશે? છેવટે સામેથી તેને બોલાવીને વ્યસ્તતા વચ્ચે સમય કાઢીને ખૂબ પ્રેમથી તેને મળ્યા. પચ્ચીસ મિનિટ સુધી એકધારી વાતો કરી, તેના પ્રશ્નો સમજ્યા, માર્ગદર્શન આપ્યું ને છેલ્લે આશીર્વાદ આપતાં પ્રેમથી કહ્યું, 'ભગવાને શરીર આપ્યું છે તો કલાક ભગવાન પાછળ કાઢવો. ઘરમાં પણ વ્યવસ્થિત વર્તવું.' એ યુવાન સ્વામીશ્રીના આ સ્નેહથી અભિભૂત થઈ ગયો.

યુવાનોની નાની નાની સમસ્યાઓને સાંભળવામાં પણ સ્વામીશ્રીને ક્યારેય કંટાળો ન આવે. કલાકો સુધી તેમણે યુવાનોને સાંભળ્યા છે, સમજ્યા છે અને તેને સ્નેહપૂર્વક માર્ગદર્શન-મદદ આપ્યાં છે.

જેક્સનવિલ ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી એક યુવા-શિબિરના અંતે વિશિષ્ટ પ્રતિજ્ઞા માટે સૌ યુવકોને ઊભા કરવામાં આવ્યા. પરંતુ સૌને ઊભા કરવાની રીત કંઈક જુદી હતી. જાહેર થયું કે જે યુવકનું નામ સ્વામીશ્રીએ પાડ્યું હોય કે તેના પરિવારમાં સ્વામીશ્રીએ નામ પાડ્યું હોય એ ઊભા થાય. ઘણા બધા યુવાનો ઊભા થયા. વળી જાહેરાત કરવામાં આવી કે તમારા અંગત પ્રશ્નમાં પત્ર દ્વારા સ્વામીશ્રીએ વ્યક્તિગત મળીને કે ટેલિફોન ઉપર માર્ગદર્શન આપ્યું હોય એવા ઊભા થાય. એમાં ખૂબ મોટી સંખ્યામાં યુવાનો સ્થાન ઉપર ઊભા થયા. વળી, જાહેરાત થઈ કે સ્વામીશ્રીએ અભ્યાસલક્ષી માર્ગદર્શન અને મદદ આપ્યાં હોય એવા ઊભા થાય, એમાં પણ ઘણા યુવાનો ઊભા થયા. આમ કરતાં કરતાં વિશાળ સભામંડપમાં લગભગ બધા જ ઊભા થઈ ગયા હતા! અહીં તો માત્ર ૨૦૦૦ યુવાનો જ હતા. પરંતુ આવા તો હજારો યુવાનો છે, જેઓ સ્વામીશ્રીની પ્રેરણાને લીધે જ પગભર થઈ શક્યા છે, જેમને ડગમગાટમાં સ્વામીશ્રીએ જ સાથ આપ્યો છે, જેમનાં જીવનમાં સ્વામીશ્રીએ સર્વસ્વની ભૂમિકા ભજવી છે.

આવાં દેશ-વિદેશમાં ગામોગામ સ્વામીશ્રીની અમૃતવર્ષા થઈ છે અને એને કારણે જ યુવાનોમાં સ્વામીશ્રી માટે સમર્પણની મોસમ ખીલી છે. એક કુશળ શિલ્પી ટાંકણે ટાંકણે શ્રેષ્ઠ શિલ્પનું સર્જન કરે તેમ સ્વામીશ્રીએ યુવાનોનું ઘડતર કરીને તેમને સદ્ગુણોથી શણગાર્યા છે, તેમના જીવનમાં ભગવાન સ્વામિનારાયણે ચીંધેલો વૈદિક ઉપાસનામાર્ગ દૃઢાવ્યો છે. તેની ફલશ્રુતિરૂપે સમાજના તમામ સ્તરે વિકાસ સાધતો વિરાટ ચારિત્રવાન યુવાસમાજ પૃથ્વીપટે આકાર પામતો રહ્યો છે. હા, આ યુવા સમાજ એક દિવસમાં આકાર નથી પામ્યો. દાયકાઓ સુધી સ્વામીશ્રીએ તેના સર્જનમાં પરસેવો સિંચ્યો છે.

આદિવાસીઓનાં ઝૂપડાંઓથી લઈને વિદેશોની

મહોલાતો સુધી સ્વામીશ્રીએ આ યુવા સમાજને ઘડવા માટે કેવો પ્રચંડ પુરુષાર્થ કર્યો છે! તેના અનેક સાક્ષીઓમાંના એક એવા પદ્મકાંત ભાવસાર કહે છેઃ 'એક વાર સ્વામીશ્રી દક્ષિણ ગુજરાતનાં ગામડાંઓમાં વિચરણ કરી રહ્યા હતા ત્યારે સાથે હું પણ સેવામાં જોડાયો હતો. ગામડાંમાં ઝૂંપડે ઝૂંપડે સ્વામીશ્રી પધરામણી કરતા હતા. નાની નરોલીમાં તો સ્વામીશ્રીના ઉતારાની કોઈ વ્યવસ્થા ન હતી. એક ઘરમાં તો ઢોરની ગમાણની બાજુમાં ઉતારો કર્યો હતો. એવા સંજોગોમાંય સ્વામીશ્રી ગામડાંના યુવાનોને ઉત્સાહથી પ્રેરણા આપી રહ્યા હતા. ઉમરાસી ગામમાં તો એક યુવાનને ઘરે પધરામણીએ ગયા, તે દારૂનો અઠંગ વ્યસની! અમને બધાને તો તેને જોતાં જ સૂગ ચડી ગઈ. પણ સ્વામીશ્રી તેના ઘરમાં પધાર્યા. તેના ઘરના હીંચકે બેઠા. જાતે તકિયો લઈ તેના પર ઠાકોરજીને પધરાવ્યા. તેના વ્યસની જીવનથી બધા ત્રસ્ત હતા તેથી ત્યાં કોઈ આવ્યું નહોતું. ફક્ત તે પીધેલો યુવાન અને બે-ત્રણ નાના બાળકો. સ્વામીશ્રીએ બધાને ધૂન ઝિલાવી – 'સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ.' ધૂન પછી સ્વામીશ્રી ઠાકોરજીની મૂર્તિનો પરિચય આપવા લાગ્યા. અને પછી જે સ્નેહથી સ્વામીશ્રી એ યુવાનને વ્યસન છોડાવવા લાગ્યા, એ જોતાં મને લાગ્યું કે આ યુગમાં આવાં ગામડાંમાં ઘૂમીને કોણ આવો પરિશ્રમ વેઠી શકે!'

આમ, યુવાનોમાં આમૂલ ક્રાંતિ કરવા માટે સ્વામીશ્રીએ જે પ્રચંડ પુરુષાર્થ કર્યો છે તે અવર્ણનીય છે.

બાળકો-યુવાનોના અભ્યાસ અને કારકિર્દીની સાથે સાથે સ્વામીશ્રીએ તેમના સર્વાંગી વિકાસની અનેક પ્રવૃત્તિઓને અસાધારણ પોષણ આપ્યું છે. બાળકો-યુવાનોને ખીલતા જોઈને સ્વામીશ્રી ખીલી ઊઠે. એ માટે તેમણે યોગીજી મહારાજે આરંભેલી અધિવેશનોની પ્રવૃત્તિને આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તારી. યુવાનોને અપાર પ્રોત્સાહન આપીને તેમણે યુવાનોના વ્યક્તિત્વને આભની ઊંચાઈએ મૂકી દીધું.

સન ૧૯૯૦માં વલ્લભવિદ્યાનગરમાં પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય યુવક મહોત્સવમાં અસંખ્ય યુવાનોએ પ્રાણ રેડીને મુખપાઠ, વક્તૃત્વ અને અન્ય સ્પર્ધાઓ માટે તૈયારી કરી હતી. ત્યારે યુવાનોને પારિતોષિક આપતાં સ્વામીશ્રીએ જે ઉદ્ગારો ઉચ્ચાર્યા હતા તે આજેય કેવા તાજગીભર્યા લાગે છેઃ 'આ અધિવેશન 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવું થયું છે. આપ સૌ આટલી મોટી સંખ્યામાં પાંચે દિવસ હાજર રહ્યા, તાપ સહન કરી ધીરજ રાખી આ કાર્યને સફળ બનાવ્યું છે, તે બદલ અભિનંદન. આપની સૌની ખૂબ મહેનત છે. મુખપાઠ કર્યો છે તે અષ્ટાંગયોગ સિદ્ધ કરવા કરતાં પણ અધિક છે. આપ બધાના જીવનમાં સ્વામી-મહારાજ અખંડ બિરાજશે. આપ સૌને અનંત સાષ્ટાંગ પ્રણામ કરીએ તોય ઓછું છે. આજના યુવાનો આવી મહેનત કરે ને આવું કાર્ય કરે એ સંભવ નથી, પણ યોગીબાપાની કૃપાથી થયું છે. આ બધું જોઈને મારું મસ્તક નમે છે.'

પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વે બાળ-યુવા અધિવેશન યોજાયું છે ત્યારે આવી અનેક સ્મૃતિઓથી હૃદય ઊભરાય છે.

'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક એમને હૃદયથી વંદના કરતાં એ બાળ-યુવાઓની ગાથા લઈને આવે છે, જેમણે અધિવેશનમાં પ્રમુખસ્વામી મહારાજના પ્રગટ સ્વરૂપ સમાન મહંત સ્વામી મહારાજને રાજી કરવા અનન્ય પુરુષાર્થ કર્યો છે. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને કોટિ કોટિ વંદન સાથે, એમના આશીર્વાદ સાથે મહંત સ્વામી મહારાજની નિશ્રામાં યોજાયેલા બાળ-યુવા અધિવેશનોની કંઈક ઝાંખી માણીએ અને અંધકારભર્યા ભવિષ્યને બદલે ઉજ્જ્વળ ભવિષ્યની એંધાણી અનુભવીએ.

અસ્તુ.

– સાધુ અક્ષરવત્સલદાસ ◆

---

(અનુસંધાન પૃ. ૪૭ પરથી) વિજેતાઓને મહંત સ્વામી મહારાજે આશિષ આપ્યા. ભક્તિપ્રિયદાસ સ્વામીએ પારિતોષિક, ત્યાગ -વલ્લભદાસ સ્વામીએ પ્રમાણપત્ર તથા ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીનું પ્રાસાદિક વસ્ત્ર અર્પણ કર્યું હતું.

ત્યારબાદ તમામ સ્પર્ધાર્થીઓને સુંદર સંદેશ આપતો એક નાનો સંવાદ પ્રસ્તુત થયોઃ 'મહેનતનું પાણી કે કમાણી?'

સાડા પાંચ મહિનાઓથી જેમણે મનગમતું મૂકીને ખૂબ ભીડો વેઠીને અનન્ય પુરુષાર્થ કર્યો હતો એવા અધિવેશનમાં ભાગ લેનાર સૌ યુવાઓ પર અપાર પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ દીક્ષાંત આશીર્વાદ વરસાવતાં કહ્યું, ''તમે જ્યારથી સંકલ્પ કર્યો કે 'અધિવેશનમાં ભાગ લેવો છે' ત્યારથી રાજીપાનું મીટર શરૂ થઈ ગયું. તમે વિચાર કરો તોય રાજીપો! તો ભાગ લીધો તો તો કેટલો રાજીપો! સ્પર્ધામાં હાર-જીત તો થાય, પણ એ હાર-જીત ન કહેવાય. તમે શ્રદ્ધા દાખવી એ જ મોટી વાત છે... (પછી ખૂબ ભાવથી સૌને બે હાથ જોડીને નતમસ્તક થઈ કહે) અમે પણ તમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ છીએ. બીજું કાંઈ રહ્યું નથી. સાષ્ટાંગ દંડવત પ્રણામ તમને આપી દીધા. તે બધાને મળે છે

એક કે બેને નહીં. બધાને! માટે કોઈ રીતે હર્ષ-શોક પામવો નહીં. તમે રાજીપા માટે કર્યું છે. તો શ્રીજીમહારાજ એના સામે જુએ છે. તમે શ્રીજીમહારાજને રાજી કરવા સેવાભક્તિ કરી તે માન્ય છે. આપણે મોક્ષની કમાણી કરવાની છે. જેણે જેણે રાજીપા માટે કર્યું છે તે બધાને મળ્યું. મોક્ષની કમાણી દેખાય નહીં પણ બધાને ઈનામ મળી ગયું છે.''

સૌ યુવાહૃદયોએ સ્વામીશ્રીના આશીર્વાદને જબરદસ્ત તાળીનાદથી વધાવ્યા.

આજે શિબિરના એક કાર્યક્રમ દરમ્યાન યુવક-યુવતીઓએ નિષ્ઠામાં રહેલી ક્ષતિઓ કે નિષ્ઠામાં થયેલી ભૂલો લખીને સ્વામીશ્રી સમક્ષ મોકલાવી હતી, સ્વામીશ્રીએ તેને સ્પર્શ કરીને સૌને માફી બક્ષીને નિષ્ઠા દૃઢ કરવાનું બળ આપ્યું. સાથે સાથે સૌ જીવનભર નિષ્ઠામાં દૃઢ રહેવા સંકલ્પબદ્ધ થયાં. યુવકોએ સંસ્થા, સિદ્ધાંત અને સત્પુરુષ માટે ન્યોછાવર થઈ જવાના મુખ્ય સંદેશને સમાવી લેતું પ્રતિજ્ઞાનૃત્ય પ્રસ્તુત કર્યું. સ્વામીશ્રીએ માત્ર વિજેતા યુવકોને જ નહીં, પરંતુ તમામ યુવકોને સમીપદર્શનનો લાભ આપીને અપાર પ્રસન્નતા વરસાવી દીધી. રોજની જેમ અહીં જ વિરાજીને સ્વામીશ્રીએ યુવાનો તથા સંતોને ભોજન-દર્શનનો લાભ આપ્યો.

ઉલ્લેખનીય છે કે મધ્યાહ્‌ને બી.એ.પી.એસ. વિદ્યામંદિર સારંગપુરમાં બી.એ.પી.એસ. મહિલાપાંખ દ્વારા વિજેતા યુવતીઓને અગ્રણી મહિલાઓએ પારિતોષિક એનાયત કર્યાં હતાં.

આમ, સ્વામીશ્રીના નિઃસ્વાર્થ પ્રેમમાં ભીંજાયેલા સૌ યુવાઓ માટે ગુરુહરિની પ્રસન્નતા જ શ્રેષ્ઠ પ્રમાણપત્ર અને પારિતોષિક બની રહ્યું. યુવાનો માટે ખરેખર! આ 'અખિલ ભારતીય યુવા અધિવેશન' જીવનભરનું અવિસ્મરણીય સંભારણું બની રહ્યું હતું. સ્વામીશ્રીનો અપાર રાજીપો, અધિવેશનમાં કરેલી તૈયારીઓમાંથી પ્રાપ્ત કરેલો અણમોલ બોધ તેમજ અનેક સ્મૃતિઓ હૈયે ભરીને સૌ યુવક-યુવતીઓએ અહીંથી વિદાય લીધી ત્યારે સૌની આંખોમાં એક જ જિજ્ઞાસા લીંપાયેલી હતીઃ 'સ્વામી! ફરી ક્યારે અધિવેશન કરો છો?'

(**આભારઃ** સત્સંગપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, સંતવૃંદ-સારંગપુર, તમામ ક્ષેત્રોના સંતનિર્દેશકો અને નિર્દેશકો તેમજ અન્ય સમર્પિત કાર્યકરો, અન્ય સહયોગદાતાઓ... **અહેવાલમાહિતી સહયોગઃ** અશ્વિન ગોહિલ, અમૂલખ પંચાલ, કુંજન મહેતા, નિકુંજ ત્રિવેદી, સહજ પરીખ, રવિ પટેલ) ◆



# ચાતુર્માસના વિશેષ નિયમો

**પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની શિક્ષાપત્રી-આજ્ઞા મુજબ, પરમ પૂજ્ય ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા માટે પ્રતિવર્ષની જેમ આ વરસે પણ સર્વે હરિભક્તોએ ચાતુર્માસના નિયમો નીચે મુજબ ગ્રહણ કરવા. અષાઢ સુદ ૧૧, તા. ૧૨-૭-૨૦૧૯ થી કાર્તિક સુદ ૧૧, તા. ૮-૧૧-૨૦૧૯ સુધી આ નિયમોનું પાલન કરીને ભગવાન સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ :**

**વાંચનયજ્ઞઃ** નીચે આપેલાં પુસ્તકોનું વર્ષ દરમ્યાન વાંચન કરવું.

૧. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજઃ ભાગ-૧ (વિસ્તૃત જીવનચરિત્ર)

૨. જેવા મેં નીરખ્યા રે (ભાગ-૪): પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની કલમે પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય મહિમા

૩. વચનામૃત દ્વિશતાબ્દી પ્રકાશનોનો યથાસમય પાઠ કરવો.

**વ્રત-તપયજ્ઞઃ** એક માસ ધારણાં-પારણાં, ચાંદ્રાયણ વગેરે વ્રતો શ્રદ્ધા-શક્તિ મુજબ કરવાં અથવા શ્રાવણ માસમાં એકટાણાં વ્રત કરવું.

**શ્રવણયજ્ઞઃ** પ્રમુખસ્વામી મહારાજનાં પ્રસંગો તથા આશીર્વચનોનું દરરોજ ૭ થી ૧૦ મિનિટ શ્રવણ. દરરોજ એક ટ્રેક સાંભળવો. એ રીતે બે મહિના સુધી અલગ-અલગ ટ્રેકનું શ્રવણ કરવું.

**દર્શનયજ્ઞઃ** શતાબ્દી મહોત્સવના ઉપક્રમે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન વીડિયો દ્વારા દરરોજ ૭ થી ૧૦ મિનિટ કરવાં.

**ભક્તિયજ્ઞઃ** દરરોજ પાંચ કે વધુ માળા અધિક ફેરવવી. અધિક દંડવત, અધિક પ્રદક્ષિણા વગેરે શ્રદ્ધા અનુસાર કરવાં. એક સ્નેહીને સત્સંગી થવા માટે પ્રેરણા આપવી અને તેમને તિલક-ચાંદલા સહિત નિત્યપૂજા કરતા કરવા. દરરોજ સ્વામીશ્રીના મહિમાનો પાંચ મિનિટ વિચાર કરવો. સ્વામીશ્રીનાં ગુણો, કાર્ય અને સ્વરૂપનો મહિમા વિચારવો.

**ગુણકથન યજ્ઞઃ** દર અઠવાડિયે સ્વામીશ્રીનો એક નવો પ્રસંગ શક્ય તેટલા વધુ સગાં-સ્નેહીઓને રૂબરૂ કહીને કે પત્ર દ્વારા અથવા ઈ-મેઈલ, કે વોટ્સએપ/સોશિયલ મીડિયા વગેરે માધ્યમથી જણાવવો.

**પારિવારિક નિયમોઃ** ઘરસભા કરવીઃ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી યોગયજ્ઞ અંતર્ગત વાંચન, શ્રવણ, દર્શન તથા મનનના જે નિયમો છે તે પ્રમાણે સામૂહિક રીતે ઘરસભામાં ગુરુવાંચન, ગુરુશ્રવણ અને ગુરુ મનન કરવું.


● દર મહિને એકવાર એક સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા. આખું વર્ષ એક જ સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા પણ દર મહિને નવા નવા પરિવાર આવે તેમ ન કરવું. ● એક નવા પરિવારને ઘરસભા કરતા કરવા. ◆



# યુવાનોને યોગી-આદેશ

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ એટલે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની આજે વિશ્વવ્યાપી બનેલી બાળ-યુવા પ્રવૃત્તિના સ્વપ્નદ્રષ્ટા અને સંસ્થાપક. અસંખ્ય પત્રો અને સંબોધનો દ્વારા તેમણે યુવાનોને હાકલ કરીને તેમનામાં ઊર્જાનો અનોખો સંચાર કર્યો હતો. યુવાનોમાં સંસ્કાર, સદાચાર, સદ્ભાવનાનું સિંચન કરનાર યોગીજી મહારાજના ચિરંતન આદેશનું યુવા અધિવેશનના પર્વે અહીં સ્મરણ છે...

- હે યુવકમંડળો ! તૈયાર થાવ ને આપણો વંશ સદાય સ્વામીશ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજનો વંશ યુવકમંડળ દ્વારે છે, તો સૌ બળ રાખો.
- આખા દેશના એ યુવકો કટિબદ્ધ તૈયાર થાઓ. આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ ને પક્ષમાં શૂરવીરપણું રાખો ને જે જે તમારા સંબંધમાં આવે તેને જ્ઞાનની વાત કરવી. ધર્મની વાત કરવી. નિર્દોષબુદ્ધિ રાખવી. તમારો મહિમા હું એટલો બધો સમજી ગયો છું કે તમો બધા બ્રહ્મવિદ્યા માંહીલા પુરુષ આવ્યા છો, તો આટલી નિષ્ઠા બેઠી છે. તો હવે તમો આખા દેશના યુવકો પૂર્વના સંસ્કારી છો એમ અમો માનીએ છીએ. તો તમે કોઈ કુસંગના જોગે કરીને પૂર્વના સંસ્કાર ભેળાવા ન દેવા. મહારાજ-સ્વામીનું બળ રાખવું. આપણને સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજ સ્વામી મળ્યા છે તો તેમનું બળ રાખવું.
- ધર્મનિયમ, તિલક-ચાંદલા, શિક્ષાપત્રી પ્રમાણે વર્તન રાખવું. જેથી આપણો સૌને ગુણ આવે કે અહોહો, સ્વામિનારાયણ યુવકમંડળ આવું સાફ વર્તન રાખે છે, તો તેમનાં માબાપ તથા ગુરુ તથા હરિભક્તો કેટલું સર્વોપરિ વર્તન રાખતા હશે - તેમ સૌને ભાર પડે.
- હે યુવકો ! કટિબદ્ધ તૈયાર થાવ. ભણવામાં હોશિયાર થાવ. કોઈ દિવસ પરીક્ષામાં નાપાસ ના થાવું તે ખાસ ભલામણ છે. તો ડંકો વગાડવો.
- પોતાના આત્માને બ્રહ્મરૂપ માનવો. બ્રહ્મરૂપ એટલે ગુણાતીત-પોતાના આત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણ દેહથી પર વર્તવું. શિક્ષાપત્રીનો ૧૧૬મો શ્લોક પાળવો. તે શીખવવા સૌએ પ્રયત્ન કરવો. આવો અવસર-સંમેલન પહેલું. તે હવે ડંકો વાગશે.
- આ સંમેલન ભરવાનો એક જ ઈરાદો છે. એક જ નિષ્ઠા, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિમાં સૌ તૈયાર થાય, તો કોઈ યુવકો ખરાબ રસ્તે ન જાય, માબાપની આજ્ઞા પાળે. આજના જમાનામાં ન ભળે તે આનંદ થકા ધર્મ પાળે, અભ્યાસ કરે, ફેલ-વ્યસનો ત્યાગ કરે ને શૂરવીર થાય, તે જ હેતુ છે.
- આ સંમેલનનો બીજો હેતુ એ કે સંપ તથા સુહૃદભાવ વધારવાનો છે. એક જ બાપના દીકરા – સ્વામિનારાયણ ભગવાનના છીએ (એમ માનવું). ગુણાતીત સ્વામી ને મહારાજ મા-બાપ છે, આ હેતુ છે. તો માયા નીકળી જાય ને દિવસે દિવસે દિવ્યભાવ વધતો જાય.
- સ્વામીના લાડીલા ને જે યુવકોને ટેકો આપશે ને તેમને મદદ કરશે તેમને શ્રીજીમહારાજ તથા શાસ્ત્રીજી મહારાજ સેવામાં બેસારશે. તે સદાય તેમને અંતઃકરણમાં ટાઢું રહેશે. મોટા મોટા હરિભક્તો ! સૌ યુવકોને જમાડશો, મદદ આપશો, ને કોઈ ગરીબને ભણવામાં મદદ આપજો. (જે આ સેવા કરશે) તેમને મહાફળ થશે. મહારાજ મળશે.
- તમામ યુવકોને બ્રહ્મજ્ઞાન આપવું, તેમાં સાકાર ભગવાન, સર્વોપરિ ઉપાસનાની વાત કરવી. અત્યારે યુવકોમાં જાગૃતિ આવેલી છે. મોક્ષ મેળવવા તૈયાર થયેલા છે. આજથી ૨૮ વર્ષ સુધીમાં અમો મથતા તોપણ કોઈ યુવકો તૈયાર થતા ન હતા. ઊલટા નિંદા કરતા. તે ગામોગામ જોવામાં આવતું. હાલ તો, પહેલાં સ્વામીશ્રી (શાસ્ત્રીજી મહારાજ) ધામમાં જતા પહેલાં આશીર્વાદ લીધા કે સ્વામી દયા કરો કે યુવકો સત્સંગી થાય, તે આશીર્વાદે યુવકોમાં અત્યારે પલટો થવા લાગ્યો છે. નહીં તો કૉલેજવાળા અને સર્વે સ્કૂલવાળા ન જ માને. તેમના જીવનમાં ધર્મભાવના ઉત્પન્ન થઈ.
- હવે રંગ જમાવવાનો વખત છે. માટે સૌ યુવકો તૈયાર થાઓ અને ડંકો વગાડો. સ્વામી શાસ્ત્રીજી મહારાજનો આશીર્વાદ છે તે જરૂર ફળીભૂત થયો છે. તો હવે આપણે એવા યુવકો વધારવાની કોશિશ કરો. બોલો સહજાનંદ સ્વામીની જય ! બોલો યુવકમંડળ ભક્તોની જય !
- જે યુવકો અભ્યાસ કરતા હોય તેમણે આઠ કલાક વાંચવું. જરા પણ તેમાં વિરામ ન પામવો. કોઈ વખત નપાસ ન થવું, એ અમારી ખાસ આગ્રહભરી વિનંતી છે. જો કોઈ યુવક નપાસ થાશો ને પરિણામ સારું નહીં લાવો તો સ્વામીશ્રીનો રાજીપો ઓછો થઈ જાશે. માટે નિશાન ઉપર સૂરત રાખવું. બાકીના ભાગમાં કથાવાર્તા કરવી. રવિવારે સભા ભરવી. યુવકો વધારવા. જો તમે યુવકો વધારશો ને સ્વામીશ્રીજીની પ્રેરણા મળશે તો ધાર્યા કરતાં ઘણા યુવકો એકાંતિક ધર્મ સિદ્ધ કરશે. તમારા જીવમાં સાક્ષાત્ સ્વામીશ્રીજી, શાસ્ત્રીજી મહારાજ બિરાજશે ને તમોને એવો કાંટો ચડી જશે કે તમો બીજા યુવકોને એકાંતિક બનાવશો.
- ગોંડલમાં યુવક અધિવેશન (મે-૧૯૭૧) ભરાશે. વાતો, કીર્તન, વચનામૃત વગેરેની પરીક્ષા લેવાશે. ઈનામો મળશે, ચાંદ મળશે. સંતો કટિબદ્ધ થાય. અત્યારથી તૈયારી કરવી પડે. ૨૦,૦૦૦ યુવકો થવા જોઈએ. અધિવેશન સર્વોપરી સારામાં સારું કરવું. જેવો મને ઉમંગ છે તેવો ઉમંગ જો બધાને થાય તો જ અધિવેશન સર્વોપરી થાય....




# યૌવનને સંબોધન

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે લાખો યુવાનોને વ્યક્તિગત મળી મળીને, તેમના પર નિર્વ્યાજ સ્નેહનો અભિષેક કરીને, તેમની પ્રગતિ માટે જાતને ઘસીને એક વિરાટ ચારિત્ર્યશીલ યુવા સમાજ ખડો કર્યો છે. યુવાનોની શક્તિઓને રચનાત્મક માર્ગે વાળવાની પ્રેરણા આપતા સ્વામીશ્રીનાં સંબોધનોમાં મડદાંને પણ બેઠાં કરવાનું એક અનોખું જોમ હતું. તેમનાં સંબોધનોમાં યુવાનોના માનસની નાડ હતી. અહીં તેનું કેટલુંક આચમન કરીએ...

- યોગીબાપાએ યુવાનોને, આપને હૃદય કહ્યાં છે. હૃદયની કિંમત કેટલી? એ સ્થાન બાપાએ આપણને આપ્યું છે. જે સ્થાન કોઈને ન મળે એ સ્થાન આપણને મળ્યું. કેટલી કૃપા! તો હવે એ સ્થાનને આપણે શોભાવવાનું છે. જોગીબાપા જેમ રાજી થાય એ રીતે કાર્ય કરવા તત્પર રહેવું. આજીવન નિયમ-ધર્મ પાળવા. જોગીબાપાને જે ગમે એ જ કરવું ને ન ગમે એ ન કરવું. આ દૃઢતા સાથે રહેવું એ હૃદયના સ્થાનની વિશેષતા છે. હૃદયને મજબૂત કરીશું તો જોગીબાપા આપણામાં રહીને કામ કરી શકશે. મજબૂત કરવું એ આપણા હાથની વાત છે. સ્વામીએ બ્રહ્માંડમાં સત્સંગ વધારવાની વાત કરી છે. એ કોના દ્વારા? આપ સૌ દ્વારા. માટે એ માટે તત્પર થવું.'
- વિદ્યાર્થી જીવનનો પાયો વિનય, વિવેક અને અભ્યાસ છે. એનાથી જ આપણે ઉજ્જ્વળ બનવાના છીએ. 'विद्या विनयेन शोभते।' વિનય વગરની વિદ્યા દેશને ખાડામાં નાંખે. જીવન બરબાદ કરે. ઉદ્ધતાઈ આવી જાય. અત્યારે તો અભ્યાસ એ જ આપણી દુનિયા. બહારનો વાયરો ખાશો તો ગયા. ફરવા, જોવાનું ભણ્યા પછી ઘણું થશે. માટે અત્યારે તો જે ધ્યેય લઈને આવ્યા છીએ એ સાધના પૂરી કરવી. એ જ આપણું તપ છે. કેટલી આકાંક્ષાઓ સાથે તમારાં મા-બાપે તમને ભણવા મોકલ્યા છે! મા-બાપે મહેનત કરીને મેળવેલો પૈસો ગેરવલ્લે ન જવો જોઈએ. આપણે તંદુરસ્ત સમાજ તૈયાર કરવો છે. ખોટી રીતે પાસ થયેલા દેશનું શું ધોળશે?'
- કેળવણીનું આપણે ખૂબ મહત્ત્વ સમજીએ છીએ. પરંતુ તેની સાથે આધ્યાત્મિકતા અને સંસ્કારનો જે વારસો આપણને મળ્યો છે એ આપણે યાદ કરવાનો છે. આધુનિક શિક્ષણની જરૂર છે, પરંતુ તેની સાથે પરંપરાથી જે જ્ઞાન મળ્યું છે, જે સંસ્કારો મળ્યા છે, એ સાચવીશું અને પ્રસારણ કરીશું, તો શિક્ષણનો સાચો લાભ થશે. આપણો વારસો ભુલાઈ રહ્યો છે. ગીતા શું છે? રામાયણ શું છે? વેદો-ઉપનિષદો શું છે? રામ-કૃષ્ણ કોણ છે? તેની વિદ્યાર્થીઓને પૂરતી ખબર નથી. કારણ કે પશ્ચિમનો વાયરો વાયો છે. એટલે આપણી વસ્તુનું આપણને મહત્ત્વ રહ્યું નથી. આપણી પાસે જે જ્ઞાન, સંસ્કૃતિ, સંપત્તિ છે, એને આપણે સમજ્યા નથી. સાચી સંપત્તિ એ આધ્યાત્મિક છે, ધર્મરૂપી સંપત્તિ છે, સેવારૂપી સંપત્તિ છે, સમર્પણરૂપી સંપત્તિ છે. અને બીજાને મદદરૂપ થવું એ સંપત્તિ છે. દેશ માટે ગૌરવ હોવું, સમાજની અસ્મિતા હોવી, ધર્મની અસ્મિતા હોવી... એ બધી સંપત્તિ આપણા પૂર્વજો પાસે હતી. એ એમણે આપણને આપી છે – ગ્રંથો દ્વારા, શાસ્ત્રો દ્વારા, સંતપુરુષો દ્વારા.
- તમારા વિચારો પૂરા દૃઢ રાખો, તો આગળ બધું સારું થઈ શકશે. આધ્યાત્મિક બળ, ભગવાનનું બળ, ધર્મનું બળ, ચારિત્ર્યનું બળ હોવું જોઈએ. તેના વિના હતાશા-નિરાશા આવશે. વિદ્યાર્થી જે દિવસે પરીક્ષા આપવા જાય ત્યારે વિચાર થઈ જાય કે હું આમાં પેપર સારું લખીશ કે નહીં લખાય? એ વિચાર ખોટો છે. એ વિચાર જ ન કરવો જોઈએ. 'હું પાસ થવાનો છું અને હું સારું પેપર લખવાનો છું.' એવી દૃઢતા જોઈએ. એ માટે આધ્યાત્મિક બળ જોઈએ. વિદ્યાર્થીઓએ આધ્યાત્મિક વિચારો, ચારિત્ર્યના વિચારો, સંસ્કારના વિચારોની તાકાત રાખવી. એ દૃઢ હશે તો આગળ વધાશે. આ પરા વિદ્યાનું કામ છે. આવા શુદ્ધ અને સારા વિચારો, ઉચ્ચ વિચારો આપણા જીવનમાં હશે તો જ સર્વ પ્રકારે સુખી થવાશે, તેનાથી જ દેશ મહાન બનશે.
- યુવકોને અત્યારે ખાસ ચેતવણી છે કે અત્યારે આપણે પશ્ચિમના વાતાવરણથી બચવાનું છે, નહીંતર પડી જ જવાશે. આપણે ભારતના છીએ. ભગવાન રામ, કૃષ્ણ, સ્વામિનારાયણ, બીજા અવતારો, દેવો, આચાર્યો થયા છે એમના તરફથી જે સંસ્કારો મળ્યા છે એ જાળવવાના છે. આજે વ્યસનોમાં માણસો મરે છે તે બધા જાણે છે, પણ એને કોઈ અટકાવી શકતું નથી. પણ દરેક માણસ વિચાર કરે કે મારે દારૂ પીવો નથી તો એનું કારખાનું બંધ થઈ જાય. માણસ પોતે ન સુધરે ત્યાં સુધી બધું ચાલુ રહેવાનું. માણસને સુધારવા આ સંસ્કારો છે, માર્ગ છે.
- આજે સ્વતંત્રતા મળી છે, પણ વ્યસનો, અનીતિ, દુરાચારથી પરતંત્ર છીએ, એને કાઢવું છે તે માટે પ્રયત્ન કરવો. મરી જવાય તો બહેતર છે, પણ લાલચમાં લેવાવું નહીં, તો ભગવાન રક્ષા કરે. નિયમ લીધા છે એમાં अर्थं साधयामि वा देहं पातयामि। – ભગવાનના નિયમ પાળતાં, ભજન કરતાં દેહ પડી જશે તો ધામમાં જવાશે. દેહ એક વખત પડવાનો છે એ હકીકત છે, પણ ભગવાનનાં વચનોમાં દેહ પડી જાય તો પણ શું ? આવી મજબૂતાઈ હોય તો થાય છે. મન જ આઘુંપાછું કરાવે છે. એટલે મન જીત્યું એ મરદ કહેવાય. આદર્શ સત્પુરુષ આપણી સામે છે. એમની સામું જોઈ ચાલીશું તો આપણી ફત્તેહ છે, ડંકો વાગશે. તો આ લાભ લઈ લેવો. 'ગગન ભરી દેવાની' વાત કરો છો પણ બોલીને નહીં, વર્તન એવું કરવું છે કે જય જયકાર થઈ જશે. ◆


અખિલ ભારતીય
બાળ-બાલિકા અધિવેશન
૨૦૧૯






**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની વાત્સલ્યભીની છત્રછાયામાં યોજાયેલા આ બાળ અધિવેશનમાં –**

કુલ **૪૦,૦૦૦** બાળ-બાલિકાઓ જોડાયાં

કુલ **૮,૨૭૮** બાળમંડળો જોડાયાં

કુલ **૧,૯૩,૦૦૫** પ્રસ્તુતિઓ થઈ

કુલ **૯** પ્રકારની સ્પર્ધાઓમાં સૌ જોડાયાં

કુલ **૧૫૦** શહેરોમાંથી બાળકો આવ્યાં

કુલ **૬૯૭** પારિતોષિકો અખિલ ભારતીય સ્તરે અપાયાં

## તીર્થધામ સારંગપુરના દિવ્ય વાતાવરણમાં મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલા અખિલ ભારતીય બાળ અધિવેશનની એક ઝલક...

બાળકોનું અધિવેશન?

હા, વિશ્વને આશ્ચર્ય પમાડે એવું બી.એ.પી.એસ. બાળ અધિવેશન એટલે સંસ્કાર-જગતનો એક વિરલ અવસર.

વિશ્વ એક તરફ પવિત્ર સંસ્કારોની અછતથી પીડાય છે, ત્યારે બીજી તરફ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની બાળસંસ્કાર પ્રવૃત્તિના છત્ર તળે લાખો બાળકો સંસ્કારની હરિયાળીમાં મહાલે છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની બાળસંસ્કાર પ્રવૃત્તિ એટલે જ્યાં બાળકોનાં સંસ્કાર, શિક્ષણ, સ્વાસ્થ્ય અને કલા-કૌશલ્ય વિકાસની ખેવના કરવામાં આવે છે એવું વિરલ તપોવન.

આ બી.એ.પી.એસ. સંસ્કાર પ્રવૃત્તિઓના એક ભાગ રૂપે જ નિયમિત સમયાંતરે યોજાય છે – બાળ અધિવેશન. હજારો બાળકો અહીં વિવિધ સ્તરે એકત્રિત થઈને આધ્યાત્મિક-નૈતિક સંસ્કારલક્ષી તેમજ કલા-કૌશલ્ય લક્ષી વિવિધ સ્પર્ધાઓમાં હોંશે હોંશે જોડાય છે અને સૌ ચકાચૌંધ થઈ જાય એવી અનોખી ચમત્કૃતિ સર્જે છે એ બાળતારલાઓ.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આરંભેલા અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વિકસાવેલા એ અધિવેશનોનો એક વિશિષ્ટ અવસર તાજેતરમાં યોજાઈ ગયો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ તેમજ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે આ બાળ અધિવેશન ત્રણ સ્તરે યોજાયું હતું: (૧) ઝોનલ, (૨) રિજનલ અને (૩) અખિલ ભારતીય. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ગ-૧ (ધોરણ ૩ થી ૫) અને વર્ગ-૨ (ધોરણ ૬ થી ૮) એમ બે વિભાગોમાં બાળ-બાલિકાઓએ ભાગ લીધો હતો. તે પૈકી માત્ર વર્ગ વર્ગ-૨ના બાળકોએ જ અખિલ ભારતીય સ્તરે ભાગ લેવાનો હતો.

બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના કુલ ૪૦,૦૦૦ બાળ-બાલિકાઓ આ ત્રિસ્તરીય અધિવેશનમાં જોડાયાં હતાં. ઝોનલ અને રિજનલ સ્તરમાંથી પસાર થયેલાં ૨૦૦૦ કરતાં વધારે બાળ-બાલિકાઓનું અખિલ ભારતીય અધિવેશન તીર્થધામ સારંગપુર ખાતે પ્રેરણામૂર્તિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં યોજાઈ ગયું. આ પંચદિવસીય અખિલ ભારતીય અધિવેશન એટલે બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના હજારો થનગનતાં બાળકો જેની રાહ જોઈ રહ્યાં હતાં એ વિરલ અવસર.

તા. ૨૮-૫-૨૦૧૯ની વહેલી સવારથી તીર્થધામ સારંગપુરના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું વિશાળ પરિસર બાળકોના થનગનાટ, તરવરાટ અને કિલકિલાટથી છલકાઈ ઊઠ્યું હતું.

પ્રમુખસ્વામી વિદ્યામંદિરના યજ્ઞપુરુષ સભાગૃહમાં તથા યજ્ઞપુરુષ સભામંડપના બાહ્યમંચ પર રજિસ્ટ્રેશન કરાવીને બાળ-બાલિકાઓ આઈડી કાર્ડ અને કિટથી સજ્જ બન્યાં હતાં.

સાંજે ૪-૩૦ થી ૫-૦૦ દરમ્યાન બાળકોની પ્રાથમિક લાયકાત માટેની લેખિત પરીક્ષા લેવામાં આવી.

રાત્રે ૮-૩૦ વાગ્યે પ્રમુખદર્શન વાટિકામાં બાળ-બાલિકા અધિવેશનનો શાનદાર ઉદ્‌ઘાટન સમારોહ આરંભાયો ત્યારે બાળકોએ અક્ષર ઝરૂખે પધારેલા બાળસ્નેહી ગુરુહરિ મહંત સ્વામી મહારાજને કીર્તનના તાલે લાલ-સફેદ રૂમાલ ફરકાવીને ઉમળકાભેર વધાવ્યા. અને પછી શરૂ થયો બાળકોને કિલકિલાટ કરાવતો અને સતત દોઢ કલાક સુધી જકડી રાખતો વિશિષ્ટ કાર્યક્રમ. દેવ ત્રિવેદી અને ધ્યાનમ્ પટેલ નામના બે સાફાધારી બાળકોએ તેમની વિશિષ્ટ બાળશૈલીમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

બોડેલી છાત્રાલયના બાળકોએ શ્યામ ગણવેશમાં જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લેનાર બાળકોના અંકો વિશિષ્ટ રીતે રજૂ કર્યા. સૌ બાળકોએ લાલ અને સફેદ કાગળોથી વિરાટ હૃદય રચીને સ્વામીશ્રી પ્રત્યેના હૃદયના પ્રેમને વ્યક્ત કર્યો. સ્વામીશ્રીએ પણ તેઓનો પ્રેમ સ્વીકારતાં સામે ‘આઈ લવ યુ ઓલ’ કહીને પ્રતિસાદ આપ્યો ત્યારે બાળકો આનંદે કિલકિલાટ કરી ઊઠ્યાં. ત્યારબાદ સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને અધિવેશનના લોગોનું ઉદ્‌ઘાટન કર્યું અને આ અખિલ ભારતીય બાળ અધિવેશનનો મંગલ પ્રારંભ કર્યો. તે સાથે જ બાળકોએ અધિવેશનના લોગોનું એક વિશાળ ફલક મસ્તકે ઓઢી લીધું, જાણે એ વિશાળ બાળસમુદાયે બાળ અધિવેશનના લોગોની ચાદર ઓઢી લીધી હોય એવું સુંદર

દૃશ્ય સર્જાયું હતું. બાળકો પરથી એ આવરણ દૂર થયું ત્યારે તેઓને આશ્ચર્ય થયું, સ્વામીશ્રી ઝરૂખામાં નહોતા. તેટલામાં જ ઝરૂખાની નીચે પ્રમુખ મંદિરમ્‌ના પડદા ખૂલ્યા અને સ્વામીશ્રી વિશિષ્ટ પાઘ પહેરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની વ્હીલચેર ચલાવી રહ્યા છે, તેવાં વિરલ દર્શન સૌને થયાં. અહીં બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયમાં સેવા આપતા સંતોએ સ્વામીશ્રીને હારતોરાથી સત્કાર્યા. ત્યારબાદ વિવિધ પ્રાંતોના બાળકોએ વિશિષ્ટ પ્રાંતીય પહેરવેશ અને પ્રાંતીય બોલીમાં સ્વામીશ્રીને સત્કાર્યા. જે તે પ્રાંતની પ્રખ્યાત વાનગી અને નૃત્યથી સ્વામીશ્રીનું ભાવભીનું સ્વાગત થયું. આદિવાસીના લોકનૃત્યથી માંડી રાસ, પંજાબી ભાંગડા કે ખાનદેશી બેન્ડ વગેરેની આછી ઝલક રજૂ થઈ. આ રસપ્રદ આનંદપૂર્ણ સ્વાગતયાત્રા અને કાર્યક્રમ નિહાળતાં કલાક ક્યાં પસાર થઈ ગયો તેની કોઈને ખબર પણ ન પડી.

બાળકોએ પોતાની કાલીઘેલી ભાષામાં સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યોઃ 'આપ અમને કેટલો પ્રેમ કરો છો?' બે ભુજાઓ વિસ્તારીને સ્વામીશ્રીએ કહ્યું, 'બહુ, બહુ, બહુ, આઈ લવ યુ ઓલ.' બાળકોએ રાજી થઈ સ્વામીશ્રીને 'સંપ'ના હારથી વધાવ્યા. ત્યારબાદ સ્વામીશ્રી સંગે સૌ મહાઆરતીમાં જોડાયા.

સંચાલક બાળકોએ પોતાના ઈશારે સૌ બાળકોને નચાવવા સ્વામીશ્રીને વિનંતી કરી. સ્વામીશ્રીએ બે હાથમાં રૂમાલ પકડી વિવિધ પ્રકારે સૌને કીર્તનના તાલે નચાવ્યા. તે દૃશ્ય ખરેખર અદ્‌ભુત હતું.

છેલ્લે સ્વામીશ્રીને પૂછવામાં આવ્યુંઃ અમે બાળકો અક્ષરપુરુષોત્તમના કેવા યોદ્ધા બનીએ? તે લખી આપો. સ્વામીશ્રીએ લખ્યું, 'માયા સાથે યુદ્ધમાં ઊતરવાનું છે, માયાના કૂચા બોલાવી દેવાના છે. મહારાજ-સ્વામીના પ્રતાપે બધું થશે!!'

અને અંતમાં આ જ આશીર્વાદને ઘૂંટાવતું સુંદર નૃત્ય પ્રસ્તુત થયું. ગીતના શબ્દો હતાઃ

*'અક્ષરપુરુષોત્તમના યોદ્ધા, પ્રમુખસ્વામીના બાળ અમે...*
*અક્ષરપુરુષોત્તમના યોદ્ધા, મહંતસ્વામીના બાળ અમે...'*

સતત દોઢ કલાક ચાલેલો આ સદા સ્મરણીય ઉદ્‌ઘાટન સમારંભ સૌ બાળકોના હૈયે એક ચિરંતન સ્મૃતિરૂપે જડાઈ ગયો.

## દ્વિતીય દિન

તા. ૨૯ મેનો દિવસ એટલે અખિલ ભારતીય બાળ અધિવેશનનો મુખ્ય સ્પર્ધા દિન. મહિનાઓથી હજારો બાળ-બાલિકાઓ જેની તૈયારીઓ ઉત્સાહપૂર્વક કરી રહ્યાં હતાં,



પસંદગી પામેલા બાળકો દૂર દૂરથી ઉત્સાહભેર સારંગપુર આવી પહોંચ્યા...



પ્રવેશદ્વાર અને ઠેર ઠેર મુકાયેલા સ્પોટ્સ દ્વારા અનોખો માહોલ જામ્યો હતો...



પ્રેરણા આપતાં સૂત્રો અને કલાત્મક પ્રસ્તુતિઓ ઠેર ઠેર પથરાયાં હતાં...





**શશીને** જોઈને સાગર હિલોળે ચઢે એમ પ્રાણપ્યારા ગુરુહરિ **સ્વામીશ્રીને** નીરખતાં બાળસાગર જાણે હિલોળે ચઢતો હતો! સ્વામીશ્રીએ પણ નાનાં નાનાં ભૂલકાંઓ પર નિર્વ્યાજ **વાત્સલ્યનો** અભિષેક કર્યો અને સૌને જીવનભરની **પ્રેરણાનું** ભાથું બંધાવી આપ્યું...

તેની કસોટીનો દિન.

આજના દિવસનો પ્રારંભ વહેલી સવારે મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજાથી થયો. યજ્ઞપુરુષ સભાગૃહ બાળ તારલાઓથી છવાઈ ગયું હતું. સ્વામીશ્રીના સિંહાસનની પાર્શ્વભૂમાં વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન પર ઊપસતાં વિવિધ કલાત્મક દૃશ્યો સૌ બાળકો માટે મનભાવક હતાં. પૂજાવિધિ દરમિયાન જુદાં જુદાં ક્ષેત્રના કીર્તનગાન અને મુખપાઠનું ભક્તિઅર્ઘ્ય સ્વામીશ્રી સમક્ષ ધર્યું. અધિવેશનમાં ભાગ લેનારા બાળકોના કેટલાક વિશિષ્ટ પ્રેરક પ્રસંગોનું આચમન પણ કરાવાયું.

પૂજાના અંતે સ્વામીશ્રીએ આત્મસ્વરૂપ સ્વામી દ્વારા સૌ બાળકોને જણાવ્યું કે તેઓ ગઈકાલના ઉદ્‌ઘાટન સમારંભથી બહુ રાજી થયા છે. આજે સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો કે બાળ અધિવેશનમાં પધારેલા સૌને નાડાછડી બાંધવી છે. તેની વાત સાંભળતાં જ સૌ બાળકો આનંદે હરખી ઊઠ્યા. સ્વામીશ્રીએ સૌ બાળકો વતી બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયનું સૂત્ર સંભાળી રહેલા વિશ્વસ્વરૂપદાસ સ્વામી અને દિવ્યરત્નદાસ સ્વામીના કાંડે નાડાછડી બાંધીને તમામ બાળકો માટેની નાડાછડીઓને પ્રસાદીભૂત કરી આપી, જે સંતો દ્વારા સૌને બાંધવામાં આવી.

પ્રાતઃપૂજાના અંતે બે નાનાં બાળકોએ મંચ પર આવીને સ્વામીશ્રી સાથે કાલીઘેલી ભાષામાં વાર્તાલાપ કર્યો અને પૂછ્યું, 'આ બધાં બાળકોએ આપને રાજી કરવા અધિવેશનની તૈયારી કરી છે, તો આપ રાજી છો ને?'










**બાળ અધિવેશનનો** ઉદ્‌ઘાટન સમારોહ પ્રમુખવાટિકામાં ઝરૂખે બિરાજેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિલક્ષણ બની રહ્યો. સ્વામીશ્રીએ **દીપ પ્રાગટ્ય** કરીને બી.એ.પી.એસ.નો **ધ્વજ** ફરકાવ્યો, બાળકોની કાલીઘેલી રજૂઆતો માણી અને સૌમાં **અસ્મિતા** છલકાવી દીધી...

અને સહસા સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'તમે સંકલ્પ કર્યો ત્યારથી જ રાજીપો થઈ ગયો.' સ્વામીશ્રીનો પ્રત્યુત્તર સાંભળીને સૌ બાળકો આનંદે ઝૂમી અને મલકી ઊઠ્યાં. કારણ કે આ જ તો હતું, તેમને માટેનું સૌથી મોટું ઇનામ!

ત્યારબાદ સ્વામીશ્રીના રાજીપાનું ભાથુ બાંધી બાળકોએ પોતાના મુખપાઠ અને વિવિધ સ્પર્ધાઓના સ્થળ તરફ પ્રયાણ કર્યું. યજ્ઞપુરુષ સભાગૃહમાં પ્રશ્નોત્તરી સ્પર્ધા અને બી.એ.પી.એસ. વિદ્યામંદિરમાં અન્ય વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્ષણેક્ષણના ચોકસાઈભર્યા આયોજન અનુસાર દિવસપર્યંત આ સ્પર્ધાઓ ચાલતી રહી. સાંજે ૬-૦૦ વાગ્યા સુધી વિવિધ સ્થળે અને સ્તરે સ્પર્ધાઓનો માહોલ જામેલો રહ્યો.

સાંજે ભોજન લઈને મંદિરના યજ્ઞપુરુષ સભાગૃહમાં પુન: સૌ બાળકો મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં એકત્રિત થઈ ગયાં. તમામ સ્પર્ધાઓ પૂર્ણ થતાં સૌનાં મુખ પર સંતોષ અને આનંદ જણાતો હતો. ભારતીય સંસ્કૃતિના ઉજ્જ્વળ ભવિષ્ય સમાં આ સંસ્કારસભર ભૂલકાંઓને નિહાળતાં સ્વામીશ્રી મલકી રહ્યા હતા. શશીને જોઈ જેમ સાગર હિલોળે ચઢે તેમ પોતાના પ્રાણપ્યારા ગુરુદેવ સ્વામીશ્રીને જોઈને બાલસાગર પણ જાણે હિલોળે ચઢ્યો હતો. તેમાંય બાળકો વચ્ચેથી ઢોલ નગારા સાથે ઠાકોરજી સહિત સભામાં સ્વામીશ્રીનું આગમન થયું ત્યારે તો વડીલોને પણ બાળક બનવાનું મન થાય એવું વાતાવરણ જામ્યું હતું.

સંધ્યા આરતી બાદ જુદા જુદા તેજસ્વી બાલ-સ્પર્ધકોએ

સ્વામીશ્રી સમક્ષ પોતાની રજૂઆત કરી સૌને દંગ કરી દીધા. આ રજૂઆતોના નિર્ણાયક સ્વામીશ્રી જ હતા. તેમની સમક્ષ ‘વાહ’, ‘બહુ સરસ’ અને ‘અદ્‌ભુત’ લખેલાં કાર્ડ મૂકવામાં આવ્યાં હતાં. સ્વામીશ્રી દરેક રજૂઆતને માણીને પરિણામરૂપે એક કાર્ડ ઊંચું કરતા હતા. પ્રવચન, એકપાત્રીય અભિનય, નૃત્ય અને વાર્તાકથન આ ચાર સ્પર્ધાઓમાં ભાગ લેનાર બાળકોની રજૂઆતોને સ્વામીશ્રીએ હૃદયથી વધાવીને સૌને ‘અદ્‌ભુત’ પરિણામ આપી બિરદાવ્યા હતા.

ત્યારપછીનો તબક્કો જરા હટકે હતો.

બાળકો સ્પર્ધકોને બદલે નિર્ણાયકો બની ગયા અને સ્વામીશ્રી સ્પર્ધાર્થી બન્યા! નાક ઉપર ચશ્માં ટેકવીને અદલ નિર્ણાયકનો વેશ ભજવતાં બે નાનાં ભૂલકાંઓએ સ્વામીશ્રીનું એક સ્પર્ધક તરીકેનું રજિસ્ટ્રેશન શરૂ કર્યું.

‘આપનું આખું નામ?’

‘સાધુ કેશવજીવનદાસ.’

‘આપનું ધોરણ?’

‘ઝીરો.’

‘આપનું મીડિયમ?’

‘ગુજરાતી.’

‘આપનું મંડળ?’

## ઝોનલ, રિજનલ, અખિલ ભારતીય એમ ત્રિસ્તરીય અધિવેશનમાં ૯ સ્પર્ધાઓમાં કુલ ૪૦,૦૦૦ બાળકોએ ભાગ લીધો



**મુખપાઠ**
**સ્પર્ધા**

સત્સંગ મુખપાઠ અને અક્ષરપુરુષોત્તમ દર્શનના મુખપાઠમાં

**૪૩,૯૦૨**

બાળ-બાલિકાઓએ ભાગ લીધો.



**પ્રવચન**
**સ્પર્ધા**

વિવિધ પ્રેરક વિષયો પર છટાદાર પ્રવચનો કરીને

**૮,૨૩૬**

બાળ-બાલિકાઓએ વક્તૃત્વ શક્તિ ખીલવી.



**વાર્તાકથન**
**સ્પર્ધા**

બાળમાનસને જકડી રાખતી અને પ્રેરણા આપતી વાર્તાઓ

**૧૭,૧૫૦**

બાળ-બાલિકાઓએ રજૂ કરી સૌને દંગ કર્યા.



**એકપાત્રીય**
**અભિનય**

પ્રેરણાત્મક કથાનકોને એકપાત્રીય અભિનય દ્વારા જીવંત બનાવીને

**૧૧,૫૭૪**

બાળ-બાલિકાઓએ નવી ઊંચાઈ મેળવી.

'અક્ષરપુરુષોત્તમ મંડળ.'

'આપે કઈ સ્પર્ધામાં ભાગ લીધો છે?'

'વાર્તા.'

'વાર્તાનું નામ?'

'સંપ.'

આમ બંને બાળ-નિર્ણાયકોએ સ્વામીશ્રી પાસેથી વિગતો મેળવી આઈકાર્ડ તૈયાર કર્યું અને તે સ્વામીશ્રીના ગળામાં પહેરાવ્યું. ત્યારબાદ સ્વામીશ્રીને સ્પર્ધાના નિયમોની જાણ કરવામાં આવી અને પછી બાળકોના સૌથી પ્રિય વાર્તાકાર એવા સ્વામીશ્રીએ 'કબૂતરો સંપીને શિકારીની જાળમાંથી છૂટી ગયાં' તે વાર્તા બાળશૈલીમાં અદ્‌ભુત રીતે કહી. ઉપસ્થિત સૌ કોઈ સ્વામીશ્રીની વાર્તાના ભાવવાહી પ્રવાહમાં તણાવા લાગ્યા. સ્વામીશ્રીની વાર્તા પૂર્ણ થતાં બંને બાળકોએ તેને 'Awesome' કહી વધાવી લીધી.

સભાના અંતે સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમના યોદ્ધા સમાં બાળકો પર આશિષ વર્ષાવતાં કહ્યું: 'તમને બધાને ખાસ ધન્યવાદ છે, બીજા તો ફરવા જાય, અટરમ-સટરમ કરે. તમે બધાએ મનને માર્યું, મનને કાબૂમાં રાખી સ્પર્ધાની તૈયારી કરી. અક્ષરપુરુષોત્તમના યોદ્ધા બન્યા છો. માટે બળમાં રહેજો, ફસકી ન જાતા, જીવનમાં નિષ્ઠા દૃઢ કરીને રાખવી.

## ઝોનલ, રિજનલ અને અખિલ ભારતીય એમ ત્રણેય સ્તરે બાળ અધિવેશનમાં બાળકોએ કુલ ૧,૯૩,૦૦૫ પ્રસ્તુતિ કરી...



**નૃત્ય સ્પર્ધા**

ભારતની પરંપરાગત નૃત્ય પરંપરાને જીવંત રાખતાં

**૬,૯૫૨**

બાળ-બાલિકાઓએ ભક્તિનૃત્યો પ્રસ્તુત કર્યાં.

**કીર્તનગાન સ્પર્ધા**

ભક્તિસંગીત અને ભક્તિ-સાહિત્યની લગની લગાડતા

**૧૦,૫૨૩**

બાળ-બાલિકાઓએ મધુર કીર્તનગાન કર્યું.

**ચિત્રકળા સ્પર્ધા**

કલા-કૌશલ્ય ખીલવતી રંગપૂરણી અને ચિત્રકળા સ્પર્ધામાં

**૨૭,૩૯૯**

બાળ-બાલિકાઓએ અદ્‌ભુત અભિવ્યક્તિ કરી.

**પ્રશ્નોત્તરી સ્પર્ધા**

આધ્યાત્મિક અને નૈતિક પ્રેરણાઓ આપતી સત્સંગજ્ઞાન પ્રશ્નોત્તરીમાં

**૩૮,૭૮૦**

બાળ-બાલિકાઓએ ભાગ લઈને જ્ઞાન મેળવ્યું.

ઉપરોક્ત તમામ સંખ્યા ઝોનલ સ્પર્ધામાં જોડાયેલાં બાળ-બાલિકાઓની વર્ગ-૧ અને વર્ગ-૨ની સંયુક્ત સંખ્યા છે.

ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ બધા જ સાચા છે. એ માર્ગે ચાલવું. એ મોક્ષ આપે એવા છે. સત્પુરુષ કહે એમ કરવું તો તમને ભગવાનના માર્ગે પહોંચાડે. શૂરવીર થઈને માયા સામે લડવું. અભ્યાસ, રમવું વગેરે બધું જ કરવું પણ નિષ્ઠા માટે, નિષ્ઠા પ્રવર્તાવવી છે એ માટે.'

આજે બાળકો વચ્ચે બેસીને જ સ્વામીશ્રીએ ભોજન લીધું. સ્વામીશ્રીના ભોજનદર્શનનો લાભ માણીને બાળકો ધન્ય થઈ ગયાં.


અખિલ ભારતીય અધિવેશનના પ્રારંભે સૌ બાળકોની લેવાઈ પ્રવેશપરીક્ષા...


કડકડાટ મુખપાઠ રજૂ કરીને બાળકોએ સંતોને પ્રભાવિત કર્યા...


છટાદાર વક્તૃત્વ અને પ્રશ્નોત્તરી કરીને બાળકોએ સૌને દંગ કરી દીધા...



## તૃતીય દિન

તા. ૩૦ મે ના રોજ વહેલી સવારે મહંત સ્વામી મહારાજ મંદિર પર ઠાકોરજીનાં દર્શન કરીને નીચે પધારી રહ્યા હતા ત્યારે વચ્ચે પગથિયાં ઉપર ઉપમંચ રચવામાં આવ્યો હતો. અને સામે પંક્તિબદ્ધ બેઠાં હતાં તેમનાં લાડકવાયાં ભૂલકાંઓ. સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં બાળકો જાણે વધુ સ્ફૂર્તિમય બની ગયાં અને તેમને નીરખતાં જ સ્વામીશ્રી પણ વધુ ભાવમય બની ગયા. સૌ બાળકોમાં બિરાજમાન શ્રીજીમહારાજ યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજને પ્રત્યક્ષ નિહાળતા હોય એવા ભાવ સાથે સ્વામીશ્રીએ સૌને હાથ જોડી નમન કર્યાં. ત્યારબાદ તેઓએ રંગબેરંગી ફુગ્ગાઓથી બંધાયેલા અધિવેશનનો લોગો જયનાદો વચ્ચે ગગનમાં વહેતો મૂક્યો. તેની સાથે જ સામે ઉપસ્થિત બાળ-બાલિકાઓએ ફુગ્ગાઓ હવામાં તરતા મૂક્યા. ગગન અક્ષરપુરુષોત્તમના જયનાદોથી ભરાઈ ગયું.

અધિવેશનમાં ભાગ લેનારા સૌ બાળ-બાલિકાએ આજે તીર્થધામ ગઢડા તથા સારંગપુર ગામનાં પ્રાસાદિક સ્થળોએ અને કષ્ટભંજન દેવ મંદિરનાં દર્શન પણ કર્યાં.

સાંજે વિશિષ્ટ સભામાં પ્રમુખસ્વામી મહારાજના જીવન આધારિત 'પરમાનંદ' વીડિયો શો અને પ્રેરણાત્મક રમતો દ્વારા સૌ બાળકોએ આનંદ માણ્યો હતો.

## ચતુર્થ દિન

તારીખ ૩૧ મે એટલે બાળકોના યોગીરાજ યોગીજી મહારાજનો તિથિ મુજબ ૧૨૭મો જન્મદિવસ. વહેલી સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં બાળકોએ બી.એ.પી.એસ. બાળ-પ્રવૃત્તિના સ્થાપક યોગીજી મહારાજની સ્મૃતિ કરાવતાં કીર્તનોનું ગાન અને પ્રસંગકથન કર્યું.

આજથી અધિવેશનમાં પધારેલા સૌ બાલ-બાલિકાઓની દ્વિ-દિવસીય શિબિરનો પ્રારંભ થયો. શિબિરનું શીર્ષક હતું 'અક્ષરપુરુષોત્તમના યોદ્ધા'.

શિબિરના મંત્રગીતના તાલે સ્વામીશ્રી સમક્ષ મંચ પરથી






મંચ પરથી લઈને સ્પર્ધાસ્થળ સુધી **અધિવેશનની** વિવિધ સ્પર્ધાઓનો માહોલ છવાયેલો રહ્યો. ક્યાંક **એકપાત્રીય** અભિનય તો ક્યાંક **પ્રશ્નોત્તરી** જેવી સ્પર્ધાઓ વચ્ચે **સ્વામીશ્રીએ** પણ મંચ પર બાળકોનો **મુખપાઠ** લઈને અધિવેશનના માહોલને વધુ દિવ્ય બનાવી દીધો...

બાળકોની વિવિધ બેનર સાથેની પરેડ પસાર થઈ. બાળકોના લઘુસંવાદ બાદ પૂછવામાં આવ્યું, ‘અક્ષરપુરુષોત્તમના યોદ્ધા એટલે જે માયા સામે લડે તે. તો અમારે માયા સામે કેવી રીતે લડવાનું અને માયાના ફૂચા કેવી રીતે કરવાના?’ સ્વામીશ્રીએ અદ્‌ભુત ઉત્તર આપતાં આશિષ વહાવ્યા, ‘માયા સામે લડવું દુષ્કર છે, ભલભલા માયા સામે ગોથાં ખાઈ ગયા, બહાર નીકળ્યા નથી. આપણે મહારાજ-સ્વામીની નિષ્ઠા થઈ, એમના બળે માયાના ફૂચા બોલાવવાના છે. મહારાજ-સ્વામી આપણા પક્ષમાં છે. એમના બળે આપણે બધું કરી શકીએ એમ છીએ.

યોગીબાપાને કોઈક છાતી કાઢીને ઉત્સાહથી બોલે તે બહુ ગમે. ભલે ઊંધું ચતું બોલે પણ ફોર્સથી બોલે એ બહુ ગમે. એમનામાં હેત થાય એટલે મહારાજ-સ્વામીમાં હેત થયું કહેવાય. યોગીબાપાએ કોઈ દિવસ અમને બેસાડીને તત્ત્વજ્ઞાનની વાતો કરી નથી. બસ હેત જ કર્યું છે. આણંદમાં યોગીબાપાની પૂજામાં હું અને યોગીબાપા - બે જ હોઈએ, મારી પૂજા થઈ ગઈ હોય તોય તિલક-ચાંદલો ભૂંસીને જઈએ. કારણ કે યોગીબાપા પોતે મારા કપાળમાં તિલક ચાંદલો કરી આપે. એવી મજા આવે ને! યોગીબાપાએ ૪૦ વખત તિલક તાણ્યું હશે મારા કપાળમાં!

અમારે બધાને મળવું છે, પણ બહુ મોટો સમૂહ છે. માટે સમજણ કરવાની. આજ્ઞા પાળીએ તો પાસે જ છીએ, આજ્ઞા ન પાળતો હોય તો, ખોળામાં રમતો હોય તોય લાખો ગાઉ છેટો છે. બધા સત્પુરુષોની આવી હેત કરવાની રીત છે.



એટલે આપણે બધા ફાવી ગયા છીએ.'

આમ, સ્વામીશ્રીએ ગુરુ યોગીજી મહારાજની સ્મૃતિ કરીને યોગીજી મહારાજને જન્મજયંતીએ અર્ઘ્ય પણ અર્પ્યું.

આજે સમગ્ર દિવસ દરમ્યાન બાળકો યજ્ઞપુરુષ સભાગૃહમાં શિબિરના રસપ્રદ કાર્યક્રમોમાં વ્યસ્ત રહ્યા.

સાંજે પુનઃ સ્વામીશ્રીનો અવિસ્મરણીય અને અલૌકિક લાભ મેળવવા બાળકો થનગનતાં હતાં. સાંજે ૭-૦૦ વાગ્યે શિબિરાર્થી સૌને લાભ આપવા સ્વામીશ્રી યજ્ઞપુરુષ સભાગૃહમાં પધાર્યા ત્યારે તેઓની બેઠક બાળકોની વચ્ચે મંચની સમક્ષ મધ્યમાં રાખવામાં આવી હતી. તારે વીંટ્યો જેમ ચંદ્રની ઉક્તિ આજે સાર્થક થઈ રહી હતી.

આજે મંચ પર એક વિશિષ્ટ સંવાદની પ્રસ્તુતિ થઈઃ 'જંગલમાં સંગ્રામ.' જંગલમાં કઠિન પરિસ્થિતિઓમાંથી પસાર થઈ રહેલાં બાળકો કેવી રીતે બોધ મેળવતા હતા તેનો સંવાદ નિહાળીને સ્વામીશ્રી પ્રસન્ન થયા. ત્યારબાદ સુરતના બાળક પરમ માધાણીએ મંચની પાર્શ્વભૂના વીડિયો સ્ક્રીનની સાથે સંયોજન સાધીને અદ્‌ભુત નૃત્ય પ્રસ્તુત કર્યું. સ્વામીશ્રીએ પ્રસન્ન થઈને તેને આશીર્વાદથી કૃતાર્થ કર્યો.

ત્યારબાદ સ્વામીશ્રી મંચ પર પધાર્યા અને આગળના કાર્યક્રમમાં જોડાયા. સત્સંગ મુખપાઠ પુસ્તિકાની ૨૫ શ્રેણીઓનો મુખપાઠ કરનાર બાળકોનો સ્વામીશ્રીએ મુખપાઠ લીધો. સ્વામીશ્રીના બધા પ્રશ્નોના કડકડાટ ઉત્તર આપીને બાળકોએ સ્વામીશ્રીને રાજી કરી દીધા.

સૌ બાળકોના લાડીલા સ્વામીશ્રીને આજે ફરી સ્પર્ધક બનાવવામાં આવ્યા. બે નાનાં બાળકોએ સામે ખુરશી પર બેસી નિર્ણાયકની ભૂમિકા અદા કરી. બાળકોએ સ્વામીશ્રીને કહ્યું આજે આપે એકપાત્રીય અભિનયની સ્પર્ધામાં ભાગ લેવાનો છે. આ સ્પર્ધામાં અમે કહીએ તે સામે બેઠેલા બાળકોને માત્ર એક્શન દ્વારા સમજાવવાનું છે. બાળકોની યુક્તિપૂર્વકની વાતોથી સ્વામીશ્રી હસી પડ્યા. બાળ-નિર્ણાયકોએ સ્વામીશ્રીને પૂછ્યુંઃ 'આપણો પરિવાર કેવો છે?' સ્વામીશ્રીએ બે હાથ પહોળા કરી સંપની એક્શન કરી ઉત્તર આપ્યોઃ 'સંપીલો પરિવાર.' બીજો પ્રશ્ન પુછાયો, 'ભક્ત પ્રત્યે કેવું વર્તન રાખવું.' સ્વામીશ્રીએ પગે લાગીને હાથ જોડવાની એક્શન કરી દાસભાવ વ્યક્ત કર્યો. ત્રીજો પ્રશ્ન પુછાયો, 'અભાવ-અવગુણનું શું કરવું?' સ્વામીશ્રીએ ચોકડી









બાળ અધિવેશનમાં **સ્વામીશ્રી**એ મનભરીને બાળકો પર વહાલ વરસાવ્યું. બાળકો સ્વામીશ્રીમય બની ગયા. કોઈકે આંખમાં આંખ તો કોઈકે **હાથમાં હાથ** મિલાવીને, કોઈકે કાલી ઘેલી રજૂઆત કરીને, તો કોઈકે જીગરી **દોસ્તની** જેમ તાળી દઈને સ્વામીશ્રી સાથે **ગોઠડી** માંડી દીધી....

ને કૂચા કરવાની એક્શન કરી. ચોથો પ્રશ્ન પુછાયો, 'માનનું શું કરવું?' સ્વામીશ્રીએ પુનઃ એક હાથે કૂચા કરવાની એક્શન કરી. પાંચમો પ્રશ્ન પુછાયો, 'માયા સાથે શું કરવું?' સ્વામીશ્રીએ બેય હાથે યુદ્ધ-કુસ્તી કરવાની એક્શન કરી. દરેક જવાબ વખતે બાળકો પણ સ્વામીશ્રીને અનુસરતા હતા. બંને બાળનિર્ણાયકોએ સ્વામીશ્રીને ૧૦૦માંથી ૧૧૦ માર્કસ આપ્યા અને બધા વતી સ્વામીશ્રીને ભેટવાનો અનેરો લાભ પણ લઈ લીધો.

તેમાંથી એક બાળકે સ્વામીશ્રીને પૂછ્યું: 'અમે સારંગપુરમાં ખૂબ જમ્યા છીએ પણ અમને એવો આત્માનો ખોરાક આપો જે જીવનભર ભુલાય નહીં.'

સ્વામીશ્રી કહે: 'બધા સાથે દિવ્યભાવ રાખવો.'

ત્યારબાદ સ્વામીશ્રીને વરિષ્ઠ સંતો અને બાળપ્રવૃત્તિ સંભાળનાર સંતોએ વિવિધ કલાત્મક હારોથી વધાવ્યા. છેલ્લે સ્વામીશ્રી વિદાય લઈ રહ્યા હતા ત્યારે શિબિરના મંત્રગીતના શબ્દો ગુંજી રહ્યા હતા: *'પ્રમુખસ્વામીના બાળ અમે...'* આ મંત્રગીતને ઉત્સાહપૂર્વક રટતાં રટતાં, ગુરુહરિનાં એક-એક ક્ષણનાં દર્શનને હૈયે ઉતારતાં, સૌએ આજના દિવસની અણમોલ સ્મૃતિઓને હૈયે ચિરંતન બનાવી દીધી.

**પંચમ દિનઃ**

સારંગપુરના દિવ્યતાસભર વાતાવરણમાં આજનો દિવસ ઉજ્જ્વળ ભવિષ્યની સુવર્ણ આભા લઈને ઊગ્યો. બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના ઐતિહાસિક અખિલ ભારતીય અધિવેશનનો આ પૂર્ણાહુતિ દિવસ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત

સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં સદા સ્મરણીય બની રહ્યો.


આજે વહેલી સવારે સ્વામીશ્રી નિજનિવાસેથી ઠાકોરજીનાં દર્શનાર્થે બહાર પધાર્યા ત્યારે માર્ગમાં ઠેર ઠેર બાળ-બાલિકા કાર્યકરોએ ભાત ભાતની રંગોળીઓ સજાવી હતી. તેના પર દૃષ્ટિ કરતાં સ્વામીશ્રી પ્રસન્ન થયા.

મંદિરે આરતી કરીને સ્વામીશ્રી નીચે પધાર્યા ત્યારે બાળકોની એક ટુકડી નાનીટૉય ટ્રેન સાથે તેઓની વાટ જોતી હતી. સ્વામીશ્રીના રથની આગળ આગળ કિલ્લોલ કરતાં બાળકોની ટૉય ટ્રેન સભાગૃહ સુધી ચાલી. સ્વામીશ્રી યજ્ઞપુરુષ સભાગૃહના મંચ પર પધાર્યા ત્યારે જયનાદો અને તાળીઓના ગડગડાટથી બાળકોએ તેઓને વધાવ્યા. મંચ પર સ્વામીશ્રીના સિંહાસનની બંને બાજુ બાળકોને આપવાનાં પારિતોષિકો શોભતાં હતાં.

આજે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા દરમ્યાન ભક્તિકીર્તન ઉપરાંત મુંબઈના ૩૦થી વધુ બાળકોએ સહજાનંદ નામાવલિના મુખપાઠનું સમૂહગાન રજૂ કર્યું. બાળકોના કંઠે સહજાનંદ નામાવલિનું ગાન સાંભળી સ્વામીશ્રી પ્રસન્ન થઈ ઊઠ્યા. પૂજા દરમ્યાન જ તેઓએ નામાવલિનો સમૂહ મુખપાઠ રજૂ કરનાર બાળકોને બોલાવી માથે હાથ મૂકી ખૂબ પ્રસન્નતા દર્શાવી. સ્વામીશ્રીની આ પ્રસન્નતાથી પ્રેરણા મેળવીને અન્ય સૌ બાળકોએ પણ સહજાનંદ નામાવલિ મુખપાઠ કરવાનો સંકલ્પ કર્યો. સ્વામીશ્રી વિશેષ પ્રસન્ન થયા.

પૂજાદર્શન બાદ બે નાનાં ભૂલકાંઓએ મંચ પર આવી 'રાજીપો એ જ સાચું ઇનામ' સંદેશ આપતો ટૂંકો સંવાદ કર્યો. તેના પ્રતિસાદમાં સ્વામીશ્રીએ કહ્યું: 'રાજીપો છે તે અબજ રૂપિયા કહેવાય. બીજાં ઇનામ પર ધૂળ ચઢી જાય. કોઈ પૂછતું નથી, પડ્યું રહે. પરંતુ રાજીપાનું ઇનામ અખંડ રહે છે.

તમે ટૅક્સી ભાડે કરો ત્યારથી તેનું મીટર ચઢતું જાય. વાપરો કે ન વાપરો. એમ તમે અધિવેશનમાં ભાગ લેવાનો સંકલ્પમાત્ર કર્યો ત્યારથી રાજીપાનું મીટર શરૂ થઈ ગયું. તો જેણે ભાગ લીધો તેના પર કેટલો રાજીપો થાય! રાજીપામાં બધું આવી જાય. રાજીપા જેવી કોઈ વાત નથી. ગઢડા મધ્યના ૨૮મા વચનામૃતમાં શ્રીજીમહારાજે વાત કરી, 'ભગવાનનો રાજીપો થાય એ જેવી મોટી વાત નથી.' તમે જે રાજીપો લઈ રહ્યા છો તે અખંડ રાખજો. બીજું, સહજાનંદ નામાવલિ ગોખી નાંખો. પછી અઠવાડિયે એકવાર અવશ્ય બોલવી તો રાજીપો અખંડ રહે.' એમ કહીને સ્વામીશ્રીએ તમામ બાળકોને ખૂબ બિરદાવ્યા.



તમે ટેક્સી ભાડે કરો ત્યારથી તેનું મીટર ચઢતું જાય. વાપરો કે ન વાપરો. એમ તમે અધિવેશનમાં ભાગ લેવાનો સંકલ્પમાત્ર કર્યો ત્યારથી તમારા પર રાજીપાનું મીટર શરૂ થઈ ગયું. તો જેણે ભાગ લીધો તેના પર કેટલો રાજીપો થાય! રાજીપામાં બધું આવી જાય. રાજીપા જેવી કોઈ વાત નથી.

**– મહંત સ્વામી મહારાજ**

આજે પણ પૂજાદર્શન બાદ સૌ બાળકોએ સમગ્ર દિવસ શિબિરનો લાભ લીધો. બાળકાર્યકરોએ બાળકોને સહજ રીતે ગ્રહણ થાય તે રીતે જુદાજુદા વર્કશૉપ રજૂ કર્યા. અંતે એક બાળકે કાલીઘેલી ભાષામાં જુસ્સાપૂર્વક આ અધિવેશનની સફળતા પાછળ રહેલા તમામ સંતો અને કાર્યકર્તાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

પંચદિવસીય આ અખિલ ભારતીય બાળ અધિવેશનના અંતિમ ચરણમાં તા. ૧-૬-૨૦૧૯ની સાંજે પારિતોષિક વિતરણ સભા યોજાઈ. મધ્યાહ્‌ને બાલિકાઓની પારિતોષિક વિતરણ સભા સંપન્ન થઈ ગઈ હતી. તેમાં કુલ ૨૫૫ બાલિકાઓને પારિતોષિકો અપાયાં હતાં.

સાંજે ૭-૦૫ વાગ્યે યજ્ઞપુરુષ સભાગૃહમાં પારિતોષિક વિતરણ સમારોહમાં મહંત સ્વામી મહારાજે પ્રવેશ કર્યો ત્યારે વિવિધ રંગબેરંગી પોશાકવાળા વિદૂષકોએ તેમને આવકાર્યા અને બાળકોએ જયનાદોથી ગગન ગજાવી દીધું. ઠાકોરજીની આરતી ઉતારી ત્યારબાદ આસન પર બિરાજ્યા ત્યારે બે બાળકો અખિલ ભારતીય બાળ-બાલિકા અધિવેશન -૨૦૧૯ના શબ્દોથી અંકિત ઓશીકું સ્વામીશ્રીના ખોળામાં મૂકી ગયા.

ત્યારબાદ ઉત્તેજનાપૂર્ણ પારિતોષિક વિતરણની ઘોષણાઓ શરૂ થઈ. સૌ વિજેતા બાળકો મંચની જમણી બાજુથી ઉપર ચઢી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીના હસ્તે ઇનામ પ્રાપ્ત કરીને સ્વામીશ્રીની બાજુમાં ઊભા રહી સ્મૃતિ છબિ પડાવીને સ્વામીશ્રીના આશીર્વાદ ગ્રહણ કરતા હતા. વિજેતા બાળક આગળ વધતાં ત્યાગવલ્લભદાસ સ્વામીના હસ્તે પ્રસાદ અને

આત્મસ્વરૂપદાસ સ્વામીના હસ્તે લેમિનેટેડ પ્રાસાદિક વસ્ત્ર ગ્રહણ કરતા જતા હતા. સ્વામીશ્રી પણ પોતાના લાડકવાયા આ અક્ષરપુરુષોત્તમના બાળયોદ્ધાઓને આશીર્વાદ આપતા હરખાતા હતા. અધિવેશન માટે મહિનાઓથી પુરુષાર્થ કરી રહેલા બાળકો પણ સ્વામીશ્રીનો અભય હસ્ત મસ્તકે પામીને ધન્યતા અનુભવતા હતા.

ત્યારબાદ ચાર યુવાનોએ મોટી સંદૂકમાં મહાકાય ટ્રોફી લાવી સ્વામીશ્રી પાસે તેનું ઉદ્‌ઘાટન કરાવ્યું. કોના માટે હતી આ ટ્રોફી? સૌમાં જિજ્ઞાસા છાઈ વળી. એ જ ક્ષણે એવા ૨૫ શ્રેષ્ઠ વિજેતા બાળકોની નામાવલિ જાહેર થઈ, જેમણે શ્રેષ્ઠ પરિણામ હાંસલ કર્યું હતું. શ્રેષ્ઠ સ્પર્ધક, શ્રેષ્ઠ ક્ષેત્ર અને શ્રેષ્ઠ ઝોનને પણ આ વિશેષ પારિતોષિક આપવામાં આવ્યું હતું.

સૌએ જોરશોરથી તાલીનાદ કરીને વિજેતાઓને વધાવી લીધા. અહીં સ્પર્ધા હતી પણ ઈર્ષ્યા નહોતી. આગળ આવવાની ભાવના હતી પણ બીજાને બીજાને પાછો પાડવાની ભાવના નહોતી. અને એના મૂળમાં, ઈનામ મેળવવા કરતાંય મહંત સ્વામી મહારાજને રાજી કરવાની એકમાત્ર ભાવના સૌ બાળકોના દિલમાં રમતી હતી. તેને પ્રદર્શિત કરવા બે નાના બાળકોનો મંચ પર પ્રવેશ થયો. સ્વામીશ્રીએ પાંચ દિવસ દરમ્યાન આપેલા વિશિષ્ટ લાભની સ્મૃતિ કરાવીને તેમણે સૌને ભાવમય બનાવી દીધા. સ્વામીશ્રી સાથેનો તેમનો વાર્તાલાપ હૃદયસ્પર્શી હતો.

અંતે સૌ લાડકવાયા બાળકોને આ અધિવેશનની અંતિમ શીખ આપતાં પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીએ આશીર્વાદ વહાવ્યા: 'તમે બધા સાચા અર્થમાં યોદ્ધા થશો તો મહારાજ સ્વામી ભેગા જ છે. શું કહ્યું? સાચા અર્થમાં. બનાવટી નહીં. કહીએ કંઈક ને વર્તીએ કંઈક એવું નહીં. અહીં તમે સાચા યોદ્ધાનાં લક્ષણો વગેરે બધું શીખ્યા છો તે તમે અપનાવશો તો મહારાજ-સ્વામી ભેગા જ છે. એના ફળરૂપે આ બધું થયું છે. એનો અમને આનંદ છે. સંતોને, બધાને ખૂબ આનંદ આવ્યો છે. બનાવટમાં કાંઈ સુખ ન આવે. સાચા યોદ્ધા બનવામાં વિશેષ ને વિશેષ પ્રગતિ કરવાની... સત્પુરુષ સાચા છે એ બધું જીવમાં રાખી એની દૃઢતા વધારવી. એ પ્રમાણે કરશો તો સાચા અર્થમાં યોદ્ધા થતા રહેશો.'

આશીર્વાદ આપીને સ્વામીશ્રીએ સૌ બાળકો અને કાર્યકર્તાઓ પર ભાવભીની કૃપાદૃષ્ટિ કરતાં વિદાય લીધી.

સૌનાં હૈયાં સ્વામીશ્રી પ્રત્યે અત્યંત અને અનંત આભારથી છલકાતાં હતાં. સૌને લાગતું હતું કે, સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્ય અને તેમના આશીર્વાદથી આ અધિવેશન એક એવું દિવ્ય, ભવ્ય અને મહાન પર્વ બની રહ્યું હતું, જેમાં આવનારી અનેક પેઢીઓના ઉજ્જ્વળ ભવિષ્યનું વાવેતર થઈ રહ્યું છે. આ અધિવેશનના જન્મદાતા યોગીજી મહારાજ, તેના પરિપોષક પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજનાં ચરણે સૌનાં મસ્તક નમી રહ્યાં...

(મંગલશ્લોકદાસ સ્વામી દ્વારા લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

---

(અનુસંધાન પૃ. ૩૪ પરથી) ભણતા ૧૦ વર્ષીય પરમ આશિષભાઈ શાહનો કિસ્સો પણ પ્રેરણાદાયક છે. તે સીબીએસસી સ્કૂલમાં ભણતો હોવાથી ૨૭ એપ્રિલ સુધી સ્કૂલ ચાલુ હતી અને ૧લી મે ના રોજ રિજનલ અધિવેશન હતું. વળી, સ્કૂલની સાથે-સાથે અઠવાડિયામાં ચાર વખત બેડમિન્ટન અને પાંચ વખત જિમ્નેસ્ટિક્સના ક્લાસીસ પણ ખરા જ. વળી, લાઈબ્રેરીનું રોજનું એક પુસ્તક વાંચનનો તેનો ક્રમ! ચાલુ સ્કૂલે આવી અનેક પ્રવૃત્તિઓ વચ્ચે પરમે ૨૫ શ્રેણીનો સંપૂર્ણ મુખપાઠ પૂર્ણ કર્યો અને અક્ષરપુરુષોત્તમ દર્શનનો મુખપાઠ પણ પાર પાડ્યો!

જો કે *'મા તેવા બેટા'*ની કહેવત અહીં યાદ આવે છે. આજથી ૩૦ વર્ષ પહેલાં પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં સન ૧૯૮૯માં પ્રથમ બાળ-બાલિકા અધિવેશન થયું હતું ત્યારે પરમનાં અક્ષરનિવાસી માતાએ એક બાલિકા તરીકે તેમાં ભાગ લીધો હતો અને ૧૨૦૦ સ્વામીની વાતોનો વિશેષ મુખપાઠ કરી વિશેષ પારિતોષિક પ્રાપ્ત કર્યું હતું. આજે ભલે તે હયાત ન હોય, પરંતુ એમણે આપેલા સંસ્કારો બાળકમાં માતાની હાજરી પુરાવે છે. પરમની તેજસ્વિતા તેની સાક્ષી પૂરે છે.

હા, એટલે જ મહંત સ્વામી મહારાજ આ બાળકોને 'અક્ષરપુરુષોત્તમના યોદ્ધાઓ' કહે છે. કારણ કે અક્ષર-પુરુષોત્તમના આ યોદ્ધા બાળકોમાં બાળસહજ નિર્દોષતાની સાથે ઊંડી જ્ઞાનસભર સમજ છે. અહીં બાળકો માટે સ્વાભાવિક ખેલકૂદની વૃત્તિની સાથે ગહન ચિંતનનું આધ્યાત્મિક સ્તર છે. અહીં પ્રલોભનોની રોજિંદી દુનિયા વચ્ચે ત્યાગ કરવાનું મક્કમ મનોબળ અને આત્મબળ છે. અહીં નાનાં નાનાં ભૂલકાંઓનાં નાનાં નાનાં કોમળ ખોળિયાંઓમાં પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની કૃપાથી ઉપનિષદના ઋષિબાળકો, પ્રખર જ્ઞાનીઓ, તપસ્વીઓ, તેજસ્વી બુદ્ધિમંતો અને ખેરખાંઓ ઊછરી રહ્યા છે. બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના આ અખિલ ભારતીય બાળ અધિવેશને તેની શાખ પૂરી છે. ◆

















# અખિલ ભારતીય બાળ અધિવેશનનાં બાળકોની

# **પ્રેરક ગાથાઓ**



બાળ અધિવેશનમાં જોડાયેલાં હજારો બાળકોનું ખોળિયું ભલે નાનું હતું, પરંતુ તેમાં ઉત્તમ સંસ્કારોની પ્રેરણા-ધજા ફરકાવવાનું અનોખું કૌવત છલકતું હતું....

અખિલ ભારતીય બાળ અધિવેશન એટલે પ્રેરણાઓનું એક પવિત્ર પર્વ. અહીં પ્રત્યેક બાળક પ્રેરણાની એક મિશાલ સમું હતું. પ્રત્યેક બાળકની એક પ્રેરકગાથા હતી, પ્રત્યેક બાળકની આંખો હર્ષાશ્રુથી છલકાવી દે એવી એક પ્રેરક કહાની હતી.

આવો, એ પ્રેરણાના સાગર સમા બાળપ્રસંગોમાંથી કેટલુંક અહીં આચમન કરીએ...

આ અધિવેશનમાં વિવિધ સ્પર્ધાઓ વચ્ચે એક મુખ્ય સ્પર્ધા હતી - કંઠસ્થ કરવાની સ્પર્ધા. એટલે કે સત્સંગ મુખપાઠ સ્પર્ધા. પરંતુ અહીં નોંધનીય બાબત એ બની હતી કે બાળકોએ અહીં મુખપાઠ કર્યો હતો તે માત્ર પોપટિયું જ્ઞાન નહોતું. બાળકોએ તો આ જ્ઞાન વડીલોને પણ દંગ કરી દે તે રીતે રોમરોમમાં પચાવી દીધું હતું. અવારનવાર તેનો અનુભવ વાલીઓને, સ્વજનોને, શિક્ષકોને કે બાળમંડળના સંચાલકોને થયો છે. જુઓ થોડાંક પ્રેરક ઉદાહરણોઃ

નડિયાદના ૧૩ વર્ષની ઉંમરના ચિરાગ ગોવિંદભાઈ રંગવાણીનો પ્રસંગ પ્રેરણાદાયી છે. તે અધિવેશનની તૈયારીઓ કરી રહ્યો હતો એ દરમ્યાન જ તા. ૬-૩-૨૦૧૯ના રોજ તેના પિતાશ્રી અક્ષરનિવાસી થયા. આઘાતની એ અસહ્ય ક્ષણો વચ્ચે પણ ચિરાગ સ્વસ્થ હતો. કારણ હતું - સત્સંગ મુખપાઠ. તેણે સૌને સમજણ આપી હતીઃ 'ભગવાન જે કરે છે તે સારા માટે. ભગવાનની ઈચ્છા પ્રમાણે થયું એ સારું જ થયું કહેવાયને?'

એવી જ સમજણ તેમનાં માતુશ્રીની હતી. બાળક અને તેની માતાની આ આધ્યાત્મિક સમજણે સૌને આશ્ચર્ય પમાડી દીધાં.

વડદલામાં આઠમા ધોરણમાં ભણતા ઝીલ ચંદ્રેશભાઈ પટેલની ગાથા તો એથીય અદકી છે. તેને હાથમાં ફ્રેક્ચર થવાથી બે મહિના પ્લાસ્ટર બાંધીને રહેવું પડ્યું હતું. પરંતુ એ પરિસ્થિતિમાંથી બહાર આવ્યો અને આઘાતનો બીજો પ્રસંગ બની ગયો. જાનલેવા હાર્ટએટેકથી એના પિતાશ્રી તા. ૪-૫-૨૦૧૯ના રોજ અક્ષરનિવાસી થઈ ગયા. આમ છતાં, બીજા જ દિવસે સ્વસ્થ હૃદયે ઝીલે રિજનલ અધિવેશનમાં ભાગ લીધો અને ૨૫ શ્રેણીનો મુખપાઠ તથા ૧૦૦ પ્રશ્નોત્તરીની રજૂઆત કરીને ઉત્તમ પરિણામ હાંસલ કર્યું.

પિતાશ્રી ધામમાં ગયા પછી, નવી સ્કૂલમાં એડમિશન લેવા વગેરે અનેક સમસ્યાઓ વચ્ચે તેણે મનની સ્થિરતા રાખીને સૌને પ્રેરણા આપી છે. તેણે કહ્યુંઃ 'ભગવાનના સુખ આગળ તો આ દુઃખ કાંઈ નથી.'

પાટણનો ૧૩ વર્ષીય હર્ષ જયકિશનભાઈ ખમાર પણ એવી જ ખુમારી ધરાવે છે. પૂર્વોક્ત બંને બાળકોની જેમ તેણે પણ પિતાશ્રીના આકસ્મિક અવસાનનો આઘાત પચાવી લીધો. તા. ૧-૩-૨૦૧૯ ના રોજ એના પિતાશ્રી ધામમાં ગયા, છતાં તેના બીજા જ દિવસે પિતાજીના બેસણાંના પ્રસંગની સાથે સાથે તેણે ઝોનલ અધિવેશનમાં ભાગ લીધો. પિતાની વિદાયનો આઘાત તો કોઈપણ બાળક માટે અસહ્ય જ હોય, પરંતુ હર્ષે આઘાત વચ્ચે પણ બધા જ સ્તરે હોંશે હોંશે ભાગ લીધો. એક જ સંકલ્પ હતો કે પ્રથમ ક્રમાંક લાવવો છે અને સ્વામીશ્રીને રાજી કરવા છે.

આ ત્રણેય બાળકોનાં માતાઓને પણ ધન્યવાદ છે કે તેમણે આવા સંજોગોમાં પણ ભાંગી પડવાને બદલે પોતાનાં સંતાનોને અધિવેશનમાં ભાગ લેવાની પ્રેરણા આપી !

ત્રીજા ધોરણમાં ભણતા તિલક ચૂડાસમાએ માત્ર ૪૨ દિવસમાં ૨૫ શ્રેણીમાં રહેલ ૫૦૦ જેટલી વસ્તુના સંચય સંગ્રહનો મુખપાઠ કર્યો હતો. આ સાથે તેણે ૧૦૦ પ્રશ્નોત્તરીની આખી બુક પણ કરી હતી. તિલકની નાની ઉંમર જોતાં તેના પિતાને એવું લાગ્યું કે આ બધો મુખપાઠ તેની સમજણમાં તો તે મોટો થશે ત્યારે આવશે. પરંતુ તેમનો એ ભ્રમ થોડા સમયમાં જ ભાંગી ગયો.

રાત્રે ઘરસભામાં વચનામૃત ગઢડા મધ્યનું ૩૫મું વંચાઈ રહ્યું હતું. વચનામૃતમાં આવ્યુંઃ 'આત્મદર્શન થવું બહુ કઠણ છે; એવું આત્મદર્શન તો પૂર્વના ઘણાક જન્મના સત્સંસ્કારવાળો કોઈક વિરલો હોય તેને થાય છે અને બીજો તો એ આત્માનો વિચાર સો વર્ષ પર્યંત કરે તો પણ આત્માનું દર્શન થાય નહીં.' આ મુદ્દા પર ઘરસભામાં ચર્ચા થઈ કે તો આત્મદર્શન કેમ થાય? ત્યારે માતાપિતાના આશ્ચર્ય વચ્ચે ખૂબ જ સરળતાથી તિલક બોલી ઊઠ્યો, 'સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.' વરતાલ પ્રકરણનું ૧૧મું વચનામૃત અક્ષરશઃ ટાંકીને ત્રીજા ધોરણમાં ભણતા એ બાળકે માતાપિતાને સમજણ આપતાં કહ્યુંઃ 'અમારે મુખપાઠમાં આ વચનામૃત-બિંદુમાં આવ્યું હતું. એટલે આત્મદર્શન કરવું હોય તો સત્પુરુષમાં એટલે કે મહંત સ્વામી મહારાજમાં દૃઢ પ્રીતિ કરવી પડે!' માતાપિતા પુત્રની આધ્યાત્મિક સમજણ જોઈને આશ્ચર્ય પામી ગયા.

ઘણાં બાળકોએ માતા-પિતા કે સ્નેહીઓ સાથે વૅકેશનમાં જુદાં જુદાં સ્થળોએ ફરવા જવાના પ્રલોભનને ટાળ્યું હતું. સીસ્વાના મયૂરકુમાર બાબુભાઈ સોલંકીને પહેલી વાર વિમાન મુસાફરી કરીને દિલ્હી જવાનું હતું, પરંતુ મયૂરની

દૃઢતાને કારણે અધિવેશનને પ્રાધાન્ય અપાયું, દિલ્હીની તારીખો બદલાઈ. આણંદના કૃપાંશ ચિરાગભાઈ પારેખે ફ્લાઈટ કેન્સલ કરી મુંબઈ-મહાબળેશ્વર જવાનું ટાળ્યું. તો પરમ તિવારીએ દુબઈ શિલાન્યાસમાં જવાનું નક્કી થયું હોવા છતાં અધિવેશન માટે વિદેશ જવાનું મોકૂફ રાખ્યું. આણંદના પરમ અલ્પેશભાઈ રોહિતને સ્વપ્નમાં દર્શન આપીને મહંત સ્વામી મહારાજે પ્રેરણા આપી.

અમદાવાદ હીરાવાડીના તેજસ ભાવેશભાઈ પટેલનો પરિવાર તો છેલ્લાં ચાર વર્ષથી દિલ્હી અક્ષરધામની યાત્રા અને ઉત્તર ભારતની યાત્રાનું આયોજન કરી રહ્યા હતા. માંડ આ વર્ષે તેમને મેળ પડ્યો હતો, પરંતુ માત્ર અધિવેશનને કારણે તેમણે પોતાનો પ્રવાસ પડતો મૂક્યો.

અમદાવાદના જીત સુનીલભાઈ ભટ્ટે ઍરલાઇન્સની ટિકિટ આવી ગઈ હોવા છતાં મામાને ત્યાં લંડન જવાનું અધિવેશન માટે છોડ્યું.

અમરેલીના ધર્મેશ પંકજભાઈ રાવલે કુલુ-મનાલી જવા માટેની ટિકિટ બુક કરાવી હોવા છતાં અખિલ ભારતીય અધિવેશન માટે ફરવા જવાનું મુલતવી રાખ્યું. તો ગોંડલના યતીન ધીરુભાઈ ડોબરિયાએ પરિવારજનો સાથે મુંબઈ ફરવા જવાના મોજ-શોખને પડતા મૂક્યા.

ગોંડલના અભિષેક લાલાભાઈ ગરેજાએ પરિવાર સાથે પોતાના વતનમાં જવાનું છોડ્યું. તો વેનીલ અતુલભાઈ સોજીત્રા અધિવેશનના દિવસે જ માસીયાઈ ભાઈનાં લગ્નને બદલે અધિવેશનમાં હાજર રહ્યો. ગોંડલના હર્ષ દીપેનભાઈ ઠુંમરનો સમગ્ર પરિવાર પારિવારિક લગ્નમાં ગયો, પરંતુ હર્ષ લગ્નનાં પ્રલોભનો છોડીને અધિવેશનની વિશેષ તૈયારી માટે મંદિરમાં રોકાયો.

વાસણા(બોરસદ)ના હરિકૃષ્ણ અલ્પેશભાઈ પટેલના પરિવારે પ્લેનમાં દિલ્હી જવાનું બુકિંગ અગાઉથી કરાવી રાખ્યું હતું. પરંતુ અધિવેશનમાં સારંગપુરમાં જોડાવાનું નક્કી થતાં તેણે પ્રથમ વાર પ્લેનમાં બેસવાનું પ્રલોભન અને દિલ્હી ફરવા જવાનું છોડ્યું.

સુરતના ગૌરાંગ નાવડિયાએ પરિવાર સાથે હરિદ્વાર-ઋષિકેશ-દિલ્લી જવાનું છોડીને અધિવેશનની તૈયારીમાં જ આનંદ માણ્યો.

મુલુંડ(મુંબઈ)ના બાળક મનન રાહુલભાઈ ગણાત્રાને પોતાની સ્કૂલમાં ૧૦૦ ટકા હાજરીને લીધે બિરદાવવામાં આવે તેમ હતું. પોતાની શાળામાં ૧૦૦ ટકા હાજરીનું ગૌરવ-સન્માન છોડી તેણે અધિવેશનનો મુખપાઠ પાર કર્યો હતો.

અધિવેશનમાં ભાગ લેવા માટે બાળકોએ પોતાની પ્રિય મોજશોખની વસ્તુઓનો પણ ત્યાગ કરી દીધો હતો. કોઈકે મોબાઈલનો ત્યાગ કર્યો, કોઈકે વીડિયો ગેમનો ત્યાગ કર્યો, કોઈકે બહારની ખાણીપીણીનો ત્યાગ કર્યો, કોઈકે મિત્રો સાથે ટોળટપ્પાંનો ત્યાગ કર્યો.

વસ્ત્રાપુર રહેતા શ્રેય અશોકભાઈ મણિયારને તા. ૧-૧-૨૦૧૯ના દિવસે ખબર પડી કે આ વર્ષે બાળ અધિવેશન યોજાવાનું છે, તો તેણે તે જ ક્ષણથી ટીવી ન જોવાનો નિયમ લઈ લીધો! આજ સુધી તે બાળકે ટીવી જોયું નથી.

કેટલાય બાળકોએ અસહ્ય શારીરિક તકલીફો વચ્ચે પણ મક્કમ પોલાદી મનોબળ રાખીને મહંત સ્વામી મહારાજને રાજી કરવાની દૃઢ ભાવના સાથે અધિવેશનમાં સાંગોપાંગ ઝંપલાવ્યું હતું. થોડાંક એવાં ઉદાહરણો આ રહ્યાં...

મુલુંડ(મુંબઈ)માં પાંચમા ધોરણમાં ભણતો ૧૦ વર્ષીય વંદન મયૂરભાઈ ઠક્કર જન્મથી જ થેલેસેમિયાની ગંભીર બીમારીથી પીડાય છે. આ ગંભીર બીમારીમાં દર પંદર દિવસે મહિને બ્લડ ટ્રાન્સફ્યુઝન (રક્તપરિવર્તન) કરાવવું પડે છે. ઝોનલ અધિવેશન બાદ તેને સારવાર માટે દુબઈ જવાનું થયું હતું. પરંતુ રિજનલ અધિવેશન પહેલાં દુબઈથી પાછો આવી ગયો. જે દિવસે ભારત પાછો આવ્યો તે જ દિવસે તેને બ્લડ ટ્રાન્સફ્યુશન કરાવવું પડ્યું. આમ છતાં, બીજા જ દિવસે ૧લી મેના રોજ રિજનલ અધિવેશનમાં તેણે ૨૫ શ્રેણીનો સંપૂર્ણ મુખપાઠ પાર કર્યો અને પ્રશ્નોત્તરી, વાર્તાકથન અને એકપાત્રીય અભિનયમાં પણ શ્રેષ્ઠ પરિણામ હાંસલ કર્યું.

ગોંડલના બાળક મિત કોટડિયાની કહાની પણ હૃદયદ્રાવક છે. શારીરિક રીતે વિકલાંગ આ બાળકને સ્નાયુઓનો એવો રોગ લાગુ પડ્યો છે કે તે પોતાની એક પણ ક્રિયા જાતે કરી શકે નહીં. આમ છતાં તે એક પણ બાળસભા ચૂકતો નથી.

બાળસભા સંતોના મુખેથી તેણે સાંભળ્યું કે ભગવાને આપણામાં અનંત શક્તિ મૂકેલી છે. આ વાત મિતના હૈયે ઠરીને ઠામ થઈ ગઈ. ઘેર જઈને માતાને કહ્યું: 'મારે કોઈ પણ ભોગે બાળ અધિવેશનમાં ભાગ લેવો છે.' માતાએ સમજાવ્યો કે અધિવેશનમાં ભાગ લેવા માટે તને વાંચતાં-લખતાં આવડવું જોઈએ. તું હજુ વાંચતાં-લખતાં શીખ્યો નથી. તું કઈ રીતે ભાગ લઈ શકીશ? પરંતુ મિતની જિદ્દ અટલ હતી. ન છૂટકે માતાએ બાળમંડળના સંચાલકને ફોન કર્યો. સંચાલક બીજે દિવસે તેમના ઘેર અધિવેશનનું સાહિત્ય આપવા માટે ગયા ત્યારે સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. કારણ





બી.એ.પી.એસ.ના બાળવીરોનું મનોબળ પણ શૂરવીરોને શરમાવે તેવું હતું. જન્મથી જ પ્રજ્ઞાચક્ષુ બાળક કેસુર પ્રિયાન અને સંપૂર્ણ વિકલાંગ મિત કોટડિયાએ અસાધારણ તકલીફો વચ્ચે મુખપાઠ કરીને સૌને દંગ કરી દીધા.

કે અધિવેશનની તૈયારી માટે ભાંગેલા શરીરે મિત પોતાની જાતે કક્કો અને બારાક્ષરી શીખતો હતો! મિતનું મનોબળ અતૂટ હતું. એવામાં સંસ્થા દ્વારા ઓડિયો બુક પણ પ્રકાશિત થઈ. એટલે તેના સહારે મિત અધિવેશનની તૈયારી કરવા લાગ્યો. પછી તો રોજ સ્થાનિક વિસ્તારમાં પાંચ-પાંચના ગ્રૂપમાં બાળકો અધિવેશનની તૈયારી માટે ભેગા થતા તેમાં મિતના ઉત્સાહથી તેની માતા તેને વ્હીલચેરમાં બેસાડીને અધિવેશનની તૈયારીના સ્થળે લઈ જવા લાગ્યાં. અને મન પર વિજય મેળવીને મિતે પ્રથમ અધિવેશનમાં ભાગ લીધો. તેમણે દસ શ્રેણીનો મુખપાઠ રજૂ કર્યો ત્યારે સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. એટલું જ નહીં, સત્સંગ પ્રશ્નોત્તરીમાં પણ તેણે ૮૮ ટકા ગુણ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ બીજા અધિવેશનમાં તેણે ૨૦ શ્રેણી તૈયાર કરી નાંખી!

અનેક અડચણો અને તકલીફો વચ્ચે મિતે અધિવેશનમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી ત્યારે સૌ નતમસ્તક થઈ ગયા.

આવી કંઈક શારીરિક તકલીફો વચ્ચે બાળકોએ જે મનોબળ દાખવ્યું છે તે મોટા મોટાઓને પણ પ્રેરણા આપે તેવું છે.

સાતમા ધોરણમાં ભણતા સુરતના પાંડવ આદર્શને આકસ્મિક રીતે પગ લપસતાં જમણા પગમાં ફ્રેક્ચર થયું હતું. આવી પરિસ્થિતિમાં પણ આ બાળકે ધીરજ ન ગુમાવી અને અધિવેશનની તૈયારી ચાલુ રાખી.

અમદાવાદના કુંજ જિજ્ઞેશભાઈ પટેલને કિડનીમાં બ્લોકેજ હોવાથી, તા. ૨૬-૦૨-૨૦૧૯ના રોજ ઓપરેશન કરાવવું પડ્યું હતું. તે બેસી શકે તેમ નહોતો તેવી પરિસ્થિતિમાં ખુરશીમાં બેસીને તેણે અધિવેશનમાં સુંદર રજૂઆત કરી.

સુરતના એવા જ એક બાળક પ્રિન્સ ઘોઘારીને પણ હાથમાં ફ્રેક્ચર થયું હતું છતાં પણ અધિવેશનની તૈયારી કરી મહંત સ્વામી મહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો.

કાસોર(ભાલેજ)ના ધૈર્ય ગૌતમભાઈ પટેલને ટાઈફૉઈડનો રોગ લાગુ પડ્યો. આવા સંજોગોમાં જ્યારે તેની સારવાર ચાલુ હતી તેવી પરિસ્થિતિમાં પણ તે અધિવેશનમાં હાજર રહ્યો.

પાંચમા ધોરણમાં ભણતા પાટણ ક્ષેત્રના સજલ કેયૂરભાઈ પટેલને સતત બે મહિના સુધી પેટની અસહ્ય તકલીફ હતી. રિજનલ અધિવેશન વેળાએ તા. ૪-૫-૨૦૧૯ના રોજ તેને સખત તાવ તથા માથાનો દુખાવો થતાં રાત્રે ને રાત્રે દવાખાને એડમિટ કરવો પડ્યો. સાધારણ આરામ થતાં રાત્રે ૨:૩૦ વાગ્યે દવાખાનેથી ઘરે આવીને અધિવેશનમાં જવા માટે સજ્જ થઈ ગયો. અધિવેશન છેક હિંમતનગરમાં હતું. તેના પિતાશ્રી તો ૩ વર્ષ પૂર્વે અક્ષરનિવાસી થઈ ગયા છે. આમ છતાં, સેજલ વહેલી સવારે ૫:૩૦ વાગ્યે પોતાના વિકલાંગ મામાને બોલાવી થ્રી વ્હીલ એક્ટિવા પર માતા સાથે સવારે હિંમતનગર આવવા નીકળી ગયો અને ૮:૩૦ વાગ્યે સમયસર પહોંચી અધિવેશનમાં જોડાઈ ગયો. બીમારીની આ પળો વચ્ચે પણ તેણે ૧૨ શ્રેણીનો મુખપાઠ કર્યો હતો.

કોઈને ઝાડા-ઊલટી, કોઈને તાવ, કોઈને માથાનો અસહ્ય દુખાવો તો કોઈને નાના-મોટા ઘાવ, પરંતુ એ બધા વચ્ચે આ બાળવીરલાઓ હિંમત હાર્યા નહોતા. ઘણીવાર તો એવું

બન્યું છે કે માતા-પિતા બાળકને આ પરિસ્થિતિમાં ખૂબ ચિંતા કરતા હોય ત્યારે બાળક માતા-પિતાને ધીરજ આપીને અધિવેશનમાં જોડાવાનો ઉત્સાહ દાખવે. જાણે નેવાંનાં પાણી મોભારે ચઢ્યાની કહેવત અહીં સાર્થક થઈ હતી!

બાળકની સુષુપ્ત શક્તિઓને ખીલવતા આ અધિવેશને કેટલાંક વિશિષ્ટ ઉદાહરણો પણ પૂરાં પાડ્યાં છે.

નવસારીના જિગર પ્રજાપતિને બોલવામાં તકલીફ છે. પરંતુ કાર્યકરોની પ્રેરણાથી તેણે ચિત્રસ્પર્ધામાં ભાગ લીધો અને અધિવેશનમાં પારિતોષિક મેળવ્યું.

અમદાવાદના નિકોલ વિસ્તારનો પ્રિયાન મૂકેશભાઈ કેસુર તો જન્મથી જોઈ શકતો નથી અને શારીરિક રીતે પણ નબળો છે, છતાં શારીરિક અવરોધોને ઓળંગીને તેણે શ્રેણી અને પ્રશ્નોત્તરીનો મુખપાઠ ઓડિયો સાંભળી-સાંભળીને શબ્દશઃ યાદ રાખ્યો છે.

આવાં તો અનેક ઉદાહરણો સૌને નીરખવાં મળ્યાં છે.

કેટલાંક બાળકો એવા પણ હતાં જેમને ભાષાની તકલીફ હતી. શિક્ષણ અને ઉછેર ઇંગ્લિશ કે અન્ય ભાષામાં થયો હોવાને કારણે ગુજરાતી ન આવડતું હોવા છતાં બાળકોએ અધિવેશનમાં ગુજરાતીમાં ભાગ લીધો!

મુંબઈના ૮ વર્ષીય ધૈર્ય મહેન્દ્રભાઈ રાઠોડના જન્મના થોડા જ દિવસો બાદ તેની માતા અક્ષરનિવાસી થઈ ગયાં હતાં. આવા સંજોગોમાં ધૈર્યનો ઇંગ્લિશ માધ્યમમાં ઉછેર થયો. પરિણામે બાળવયથી જ તેને ગુજરાતી વાંચતા આવડતું નથી. પરંતુ મહંત સ્વામી મહારાજને રાજી કરવાના દૃઢ સંકલ્પ સાથે તેણે અધિવેશનમાં ગુજરાતીમાં ભાગ લેવા માટે અત્યંત પુરુષાર્થ કર્યો. દરરોજ સરેરાશ છ થી સાત કલાક તેના સ્થાનિક કાર્યકર પાસે સાંભળી-સાંભળીને મુખપાઠ કર્યો! યાદ ન રહે તો પણ વારંવાર પુનરાવર્તન કરી કરીને યાદ કરવાની અત્યંત ધગશને કારણે રિજનલ અધિવેશનમાં ધૈર્યે ૧૮ શ્રેણીનો મુખપાઠ પાર કર્યો હતો અને એકપાત્રીય અભિનયમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

મુંબઈના ૯ વર્ષીય બાળક દર્શન દીપકભાઈ પંચાલે ગુજરાતી ન આવડતું હોવા છતાં વાંચવાનો પ્રયત્ન કરી-કરી જાતે જ સંપૂર્ણ ૨૫ શ્રેણીનો મુખપાઠ પાર કર્યો હતો.

પાદરા પાસેના દરપુરા ગામના સચ રૂપેશભાઈ પટેલે અંગ્રેજી માધ્યમમાં જ અભ્યાસ કર્યો હોવાથી તેને ગુજરાતી લખતાં-વાંચતાં નથી આવડતું. પરંતુ અધિવેશનમાં ગુજરાતીમાં ભાગ લેવા માટે તે મહેનત કરીને ગુજરાતી વાંચતાં-લખતાં શીખી ગયો અને અધિવેશનમાં ઉજ્જ્વળ સિદ્ધિ મેળવી શક્યો.

કેટલાંય બાળકોને સ્વપ્નમાં મહંત સ્વામી મહારાજે દર્શન દઈને અધિવેશનમાં જોડાવાની પ્રેરણા આપી હતી એટલું જ નહીં, તેમને સ્વપ્નમાં ઇનામો પણ આપ્યાં હતાં. એ બધાં બાળકો માટે રાજીપાનું આ ઇનામ જ સૌથી મોટી પ્રેરણાનો સ્રોત બની રહ્યું હતું.

ગોંડલના કિંચિત્ પંકજભાઈ કારેલિયાને અખિલ ભારતીય અધિવેશનમાં જોડાવાનું કહેવામાં આવ્યું તે પહેલાં જ સ્વપ્ન આવ્યું કે મહંત સ્વામી મહારાજ અખિલ ભારતીય અધિવેશનમાં ઉજ્જ્વળ સિદ્ધિ મેળવવા બદલ તેને ઇનામ આપે છે! અધિવેશનમાં જોડાવાની ઘોષણા પહેલાં જ તેને ઇનામ પ્રાપ્ત થઈ ગયું!

તો ઘનશ્યામ દિનેશભાઈ આંબલિયાને રાત્રે સ્વપ્ન આવ્યું જેમાં અધિવેશનના ઇનામ વિતરણ સમારોહમાં પ્રથમ ક્રમાંકે તેનું નામ બોલાયું! તે મંચ પર પહોંચ્યો અને સ્વામીશ્રી તેમને આશીર્વાદ આપતાં ભેટી પડ્યા! આ સ્વપ્ને તેને અધિવેશનમાં જોડાવાનું અનેકગણું બળ પૂરું પાડી દીધું.


આમ, ઊઠતાં-બેસતાં-ખાતાં-પીતાં અહોરાત્ર બાળકો એવાં અધિવેશનમય થઈ ગયાં હતાં કે તેમના સ્વપ્નમાં પણ સ્વામીશ્રીની પ્રસન્નતાનું ઇનામ ગુંજતું હતું.

મુંબઈના હર્ષલ ગિરીશભાઈ જેઠવાને પણ એવી જ પરિસ્થિતિ હતી. અંગ્રેજી માધ્યમમાં ભણવાને કારણે ગુજરાતી મુખપાઠ કરવામાં ખૂબ તકલીફ પડતી હતી. વારંવાર કંઠસ્થ કરેલું ભૂલી જાય એટલે કાર્યકરને એમ જ લાગ્યું કે હર્ષલને મુખપાઠ કરવાનું નહીં જ ફાવે. છતાં હર્ષલનો ઉત્સાહ ઘણો હતો. કાર્યકરો પાસે વારંવાર એકની એક વસ્તુનું પુનરાવર્તન કરી કરીને તે પંદર શ્રેણી સુધીનો મુખપાઠ કરી શક્યો. એ જ પરિસ્થિતિમાં તેના ભાઈ હિતે સંપૂર્ણ ૨૫ શ્રેણીનો મુખપાઠ કર્યો!

મુંબઈના રુદ્રેશ અશોકભાઈ ચોટલિયાની કહાની પણ એવી જ છે. ધોરણ ૬માં ભણતા આ બાળકનું આ વર્ષનું શાળાનું પરિણામ ગયા વર્ષ કરતાં ખૂબ જ નબળું આવ્યું. મુખપાઠ કરાવતાં કરાવતાં સૌને ખ્યાલ આવ્યો કે ખરેખર રુદ્રેશને ઓછું યાદ રહે છે. તેની ગ્રહણશક્તિ પણ તેજસ્વી વિદ્યાર્થીની તુલનામાં ઘણી ઓછી. છતાં 'મારે સ્વામીશ્રીને રાજી કરવા છે.' એ ભાવના સાથે તે તલતુંબડિયા શાસ્ત્રીની જેમ મુખપાઠમાં મંડી પડ્યો અને તેણે ૧૫ શ્રેણીનો મુખપાઠ પાર કર્યો. અહીં મુખપાઠ કરતાં મોટી બાબત એ બની કે તેની યાદશક્તિ વિકસી અને તેને આત્મવિશ્વાસનું બળ પણ વધી ગયું.

મુલુંડ(મુંબઈ)માં પાંચમા ધોરણમાં (અનુસંધાન પૃ. ૨૯ પર)

# ઇનામ-પારિતોષિક સન્માન



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની બાળપ્રવૃત્તિ અંતર્ગત યોજાયેલા અખિલ ભારતીય બાળ અધિવેશનમાં કુલ ૬૯૭ બાળ-બાલિકાઓને પારિતોષિક આપવામાં આવ્યાં હતાં. જેમાં શહેર વિભાગ, ગ્રામ્ય વિભાગ, છાત્રાલય વિભાગ અને પરપ્રાંત એમ મળીને કુલ ૪ ભાગોમાં વિવિધ શ્રેણીઓનાં પારિતોષિકો આપવામાં આવ્યાં હતાં. અહીં અખિલ ભારતીય અધિવેશનમાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરનાર શ્રેષ્ઠ વિજેતા બાળકો અને શ્રેષ્ઠ ઝોનને સ્વામીશ્રીના વરદ હસ્તે વિશેષ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સ્વામીશ્રીએ તે સૌ પર વિશેષ પ્રસન્નતા સાથે આશીર્વાદ વરસાવ્યા હતા. તમામને અભિનંદન સાથે અહીં વિશેષ યોગ્યતા મેળવનાર બાળકોની માહિતી પ્રસ્તુત છે:



**પટેલ જૈવલ નીલકંઠભાઈ**

**સ્પર્ધા :** કીર્તન, સત્સંગ મુખપાઠ, અક્ષરપુરુષોત્તમ દર્શન, સત્સંગ પ્રશ્નોત્તરી, નૃત્ય, પ્રવચન **ઝોન :** બેંગલુરુ - દક્ષિણ ભારત



**માનવ દિલીપભાઈ**

**સ્પર્ધા :** પ્રવચન, સત્સંગ મુખપાઠ, નૃત્ય, વાર્તા, એકપાત્રીય અભિનય, અક્ષરપુરુષોત્તમ દર્શન- **ઝોન :** સિકંદરાબાદ - દક્ષિણ ભારત



**પટેલ મિત વિપુલભાઈ**

**સ્પર્ધા :** સત્સંગ મુખપાઠ, અક્ષરપુરુષોત્તમ દર્શન, સત્સંગ પ્રશ્નોત્તરી, વાર્તા **ઝોન :** ધ્રાંગધ્રા - સુરેન્દ્રનગર



**મિરોલિયા જય ભરતભાઈ**

**સ્પર્ધા :** સત્સંગ મુખપાઠ, અક્ષરપુરુષોત્તમ દર્શન, સત્સંગ પ્રશ્નોત્તરી, પ્રવચન **ઝોન :** સુરત - ૪



**વંડરા અક્ષર પ્રકાશભાઈ**

**સ્પર્ધા :** સત્સંગ મુખપાઠ, ચિત્ર, અક્ષરપુરુષોત્તમ દર્શન, કીર્તન **ઝોન :** અમદાવાદ - ૨



**ઠુમ્મર જયદેવ પ્રકાશભાઈ**

**સ્પર્ધા :** સત્સંગ મુખપાઠ, અક્ષરપુરુષોત્તમ દર્શન, સત્સંગ પ્રશ્નોત્તરી, વાર્તા **ઝોન :** અમદાવાદ - ૩



**વ્યાસ રાહુલ જિતેન્દ્રભાઈ**

**સ્પર્ધા :** સત્સંગ મુખપાઠ, અક્ષરપુરુષોત્તમ દર્શન, સત્સંગ પ્રશ્નોત્તરી, કીર્તન **ઝોન :** નાગપુર - મધ્ય ભારત



**કોટક હરિકૃષ્ણ હિતેશભાઈ**

**સ્પર્ધા :** સત્સંગ મુખપાઠ, વાર્તા, સત્સંગ પ્રશ્નોત્તરી, પ્રવચન **ઝોન :** મોરબી



**પુરુષોત્તમભાઈ ગોટી**

શ્રેષ્ઠ ઝોન વિજેતા, સુરત - ૩



**રણવીરસિંહ ચંપાવત**

શ્રેષ્ઠ ઝોન વિજેતા, અમદાવાદ -૧



**હરેશભાઈ મોદી**

શ્રેષ્ઠ ઝોન વિજેતા, અમદાવાદ - ૩



**શક્તિસિંહ રાણા**

શ્રેષ્ઠ ઝોન વિજેતા, ગોંડલ

તીર્થધામ સારંગપુરમાં યુવાનોની મહોરી ઊઠી અનોખી વસંત

# અખિલ ભારતીય
# યુવા અધિવેશન
## ૨૦૧૯



**પ**સંદગી પામેલા કુલ **૨૦,૦૦૦** યુવાઓએ ક્ષેત્રીય સ્તરે લીધો ભાગ...

**ક્ષે**ત્રીય-આંતરક્ષેત્રીય સ્તરે કુલ **૪૨૮** ઉપ-અધિવેશનો યોજાયાં...

**અ**ખિલ ભારતીય સ્તરે પસંદગી પામ્યાં કુલ **૪,૦૦૦** યુવક-યુવતીઓ...

**કુ**લ **૯** પ્રકારની સ્પર્ધાઓમાં યુવાઓએ **૪૨,૦૩૯** પ્રસ્તુતિ કરી...

**વિ**વિધ સ્પર્ધાઓમાં નિર્ણય આપનારા હજારો નિર્ણાયકો થયા અભિભૂત...





## તીર્થધામ સારંગપુરના દિવ્ય વાતાવરણમાં મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલા અખિલ ભારતીય યુવા અધિવેશનની એક ઝલક...

સન ૧૯૫૧માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે મુંબઈમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રથમ યુવકમંડળની વિધિવત્ સ્થાપના કરી, ત્યારે કોઈને કલ્પના નહોતી કે આ નાનું એવું બીજ પુષ્પિત થઈને એક મહાકાય વટવૃક્ષ બની જશે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં પ્રેમજળ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં પરિશ્રમજળથી સિંચાયેલું એ વટવૃક્ષ, આજે બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ રૂપે વિશ્વભરમાં ફેલાઈને અસંખ્ય મીઠાં ફળ આપી રહ્યું છે.

આ બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના અનેકવિધ આયામો પૈકી એક આયામ એટલે યુવાનોની સુષુપ્ત શક્તિઓને ખીલવતું, તેમનું જીવનઘડતર કરતું, તેમને નવી ઊંચાઈએ પહોંચાડતું યુવા અધિવેશન.

સન ૧૯૫૫માં યોગીજી મહારાજના આદેશથી પૂર્વ આફ્રિકાથી શરૂ થયેલું આ યુવા અધિવેશન એક લાંબો અને ઉજ્જ્વળ ઈતિહાસ ધરાવે છે. ભારતમાં યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં સન ૧૯૬૯માં પ્રથમ અધિવેશન વડોદરા ખાતે યોજાયું હતું. ત્યારબાદ નિયમિત સમયાંતરે આજપર્યંત અધિવેશનો યોજાતાં રહ્યાં છે. અખિલ ભારતીય સ્તરે સ્થપાયેલાં બી.એ.પી.એસ. યુવક મંડળોમાંથી પસંદગી પામેલા યુવકો આ અધિવેશનમાં ભાગ લઈને વિવિધ સ્તરોમાંથી પસાર થાય છે. ક્ષેત્રીય અને આંતરક્ષેત્રીય સ્તરોમાં યોગ્યતા પ્રાપ્ત કરનાર યુવાન અખિલ ભારતીય અધિવેશનમાં જોડાય છે.

તાજેતરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ અને વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે આવું અખિલ ભારતીય અધિવેશન તીર્થધામ સારંગપુર ખાતે યોજાઈ ગયું.

આ અધિવેશનનાં વિવિધ સ્તરોમાં કુલ ૨૦,૦૦૦ કરતાં વધુ યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો, જેમાં વચનામૃત મુખપાઠ, વચનામૃત પ્રશ્નોત્તરી, પ્રવચન, નિરૂપણ, નિબંધ, સંવાદ, પોસ્ટર, વીડિયો શો, શોર્ટ ફિલ્મ વગેરે કુલ ૯ સ્પર્ધાઓમાં યુવાનોએ પોતાનું આગવું કૌશલ્ય પ્રસ્તુત કર્યું હતું. બગીચામાં ખીલેલા પ્રત્યેક પુષ્પ પાસે આગવી શોભા, આગવી સુગંધ, આગવો રંગ હોય છે. તેમ બી.એ.પી.એસ. સંસ્થાના એક એક યુવાન પાસે આગવો રંગ, આગવું કૌશલ્ય, આગવી પ્રતિભા છે તેનું દર્શન આ અધિવેશનમાં થયું હતું. આ વિવિધ સ્પર્ધાઓમાંથી પસાર થઈને ૨૦,૦૦૦ યુવક-યુવતીઓમાંથી ૪,૦૦૦ જેટલાં યુવક-યુવતીઓ અખિલ ભારતીય સ્તરે પ્રવેશવા યોગ્યતા પામ્યાં હતાં. અહીં સ્પર્ધા હતી, પરંતુ હેતુ આધ્યાત્મિક પ્રેરણા પામવાનો હતો. આથી, અહીં રસાકસી માટે નહીં, પણ સત્પુરુષનો રાજીપો મેળવવાનું સૌને તાન હતું.

એવા થનગનતા તોખાર સમા નવયુવાનો દેશના ખૂણે ખૂણેથી અને ગામડે ગામડેથી સારંગપુર આવી પહોંચ્યા. સારંગપુરમાં બે સત્રોમાં અખિલ ભારતીય યુવા અધિવેશન યોજાવામાં આવ્યું હતું. પ્રથમ સત્રમાં તા. ૩થી ૫ જૂન, ૨૦૧૯ દરમ્યાન શહેરી વિસ્તારનાં યુવક-યુવતીઓ માટે અખિલ ભારતીય અધિવેશન યોજાયું હતું. તા. ૬થી ૮ જૂન, ૨૦૧૯ દરમ્યાન દ્વિતીય સત્રમાં ગ્રામીણ ક્ષેત્રો અને બી.એ.પી.એસ. છાત્રાલયોના યુવાઓ શામેલ થયાં હતાં.

સંસ્થાના સત્સંગપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયે સારંગપુરમાં આ અધિવેશનની આયોજનબદ્ધ વ્યવસ્થાઓ ગોઠવી હતી. યુવક-યુવતીઓ મંદિર પરિસરમાં પ્રવેશ પામે ત્યારે તેમની રજિસ્ટ્રેશન પ્રક્રિયાથી લઈ સ્પર્ધાઓનાં આયોજનો અને છેક પારિતોષિક વિતરણ સમારોહ સુધી પ્રત્યેક પગથિયે ઝીણામાં ઝીણી ચોક્સાઈ રાખવામાં આવી હતી. રજિસ્ટ્રેશન વેળાએ જ સ્પર્ધકોને તેમનો સ્પર્ધક ક્રમાંક અને ઓળખપત્ર આપવામાં આવતાં હતાં. સાથે સાથે આગામી દિવસમાં યોજાનાર સ્પર્ધા પ્રમાણે સમયપત્રક ફાળવી દેવામાં આવતું હતું.

સારંગપુરના વિશાળ બી.એ.પી.એસ. મંદિર પરિસરમાં યુવા અધિવેશનનો માહોલ અદ્‌ભુત જામ્યો હતો. આધ્યાત્મિકતાની આ ભૂમિ પર જાણે યુવાની મહોરી ઊઠી હતી ! તો મંદિરનું પરિસર પણ આકર્ષક સુશોભનોથી સજ્જ હતું. પરિસરમાં ઠેર ઠેર બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલા અધિવેશનોની સ્મૃતિછબીઓ સૌમાં ઉત્સાહ પ્રેરતી હતી. ગુરુવર્યોનાં બળપ્રેરક ઉપદેશવચનોનાં કટઆઉટ્સ પ્રેરક સંદેશ પ્રસરાવી રહ્યાં હતાં. મહંત સ્વામી મહારાજની જીવન ઝરમર પણ સૌમાં દિવ્ય પ્રેરણાઓ પ્રસરાવતી હતી. આ

ઉપરાંત આ તીર્થધામના દર્શનીય સ્થળો ઉપરાંત સ્મૃતિછબી સ્પોટ વગેરે આકર્ષણો માહોલને વધુ ગાઢ બનાવી રહ્યાં હતાં. આવા માહોલ વચ્ચે ઠેર ઠેર યુવાનો એક તરફ દર્શન-પ્રાર્થનામાં ખોવાયેલા નીરખવા મળતા હતા, તો બીજી તરફ છેલ્લી ક્ષણ સુધી વિવિધ સ્પર્ધાઓની તૈયારીઓમાં પરોવાયેલા જોવા મળતા હતા. પ્રત્યેક યુવાનમાં કંઈક અનોખી અસ્મિતા અને અનોખા ઉત્સાહની ભરતી અનુભવાતી હતી.

એવા જોમભર્યા ભક્તિમય વાતાવરણમાં અખિલ ભારતીય યુવા અધિવેશનનો પ્રારંભ થયો – રંગારંગ ઉદ્‌ઘાટન સમારોહથી.

અત્રે ઉલ્લેખનીય છે કે બંને સત્રોના ત્રણ ત્રણ દિવસો દરમ્યાન કાર્યક્રમ યથાતથા સમાન હતો. તા. ૩ અને ૬ જૂનની સંધ્યાએ અનુક્રમે પ્રથમ અને દ્વિતીય અધિવેશન સત્રનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. ત્યારબાદ તા. ૪ અને ૭ જૂનના રોજ સમગ્ર દિવસ દરમ્યાન અનુક્રમે બંને સત્રોની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. અને તા. ૫ અને ૮ જૂન દરમ્યાન 'નિષ્ઠાવાન્ ભવ'ના મધ્યવર્તી વિચાર અંતર્ગત યુવા સત્સંગશિબિર અને ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આમ, છ દિવસ દરમ્યાન બે સત્રોમાં યોજાયેલા આ કાર્યક્રમની એક ઝલક અહીં પ્રસ્તુત છે.

### પ્રથમ દિનઃ ઉદ્‌ઘાટન સમારોહ

સારંગપુરની પશ્ચિમ ક્ષિતિજે ગ્રીષ્મ ઋતુનો આથમતો સૂર્ય સાંજે ૬ વાગે પણ ઠરવાનું નામ નહોતો લેતો, ત્યારે બીજી તરફ એનાથી લેશપણ પ્રભાવિત થયા વિના સારંગપુરના શીતળ યજ્ઞપુરુષ સભાગૃહમાં શાનદાર ઉદ્‌ઘાટન સમારોહમાં, હજારો યુવાતારલાઓ અખિલ ભારતીય યુવા અધિવેશનના ગગનમાં ઝગમગવા લાગ્યા હતા. સભાગૃહનો વિશાળ મુખ્ય મંચ અખિલ ભારતીય યુવા અધિવેશનને અનુરૂપ શોભાયમાન હતો. મંચની પશ્ચાદ્‌ભૂમાં બી.એ.પી.એસ. ધ્વજના વિશાળ કટઆઉટ પર 'અખિલ ભારતીય યુવા અધિવેશન'નું બેનર દૃષ્ટિગોચર થતું હતું. સ્તંભો અને કમાનોના સંયોજન પર વિશાળ કદના સુવર્ણરંગી પારિતોષિકો શોભતા હતા. મધ્યમાં ઉચ્ચ આસને શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને બંને બાજુ ગુણાતીત ગુરુવર્યોની પૂર્ણકદની મૂર્તિઓ દર્શન આપતી હતી. મધ્યમાં જેમની નિશ્રામાં આ યુવા અધિવેશન યોજાઈ રહ્યું હતું એવા યુવકોના પ્રાણપ્યારા મહંત સ્વામી મહારાજનું આસન હતું. અને બંને તરફ વરિષ્ઠ સંતો બિરાજમાન હતા. સભાગૃહમાં દર્શકગણમાં ૨૦૦૦થી વધુ સ્પર્ધાર્થી યુવક-યુવતીઓ મર્યાદા મુજબ બેઠાં હતાં, તો બીજી તરફ બિરાજેલા સેંકડો સંતોની



યુવા અધિવેશનમાં ઊમટનારા યુવાનોનું સ્વાગત કરતું અધિવેશન દ્વાર...


ગુજરાત અને ભારતનાં નગરોમાંથી ચુનંદા યુવકો અહીં આવી પહોંચ્યા...


રજિસ્ટ્રેશન હોય કે મંચ પર પ્રસ્તુતિ, આયોજનની સૂક્ષ્મતા વંદનીય હતી...



ભગવી આભા પણ ધ્યાનાકર્ષક હતી.

૬-૪૫ વાગે બુલંદ જયનાદો સાથે અધિવેશનના ઉદ્‌ઘાટન સમારોહનો આરંભ થયો. સ્વામિનારાયણ મહામંત્રના ધૂનના ગાન અને *'અમે સૌ સ્વામીના બાળક, જીવીશું સ્વામીને માટે...'* પ્રાર્થનાના ગાન સાથે સમારોહ આગળ ધપ્યો.

એવામાં શંખનાદ અને ઢમ્મ... ઢમ્મ... ઢમ્મ...ના નાદે ગગન ભરી દીધું. મંચની બંને બાજુએ રાખેલા સ્ક્રીન પર સૌની નજર પડી. જોયું તો આ સમારોહમાં શામેલ થવા માટે મહંત સ્વામી મહારાજ નિજનિવાસેથી પધારી રહ્યા હતા. સૌ રોમાંચિત થઈ ઊઠ્યા.

અધિવેશનની સ્પર્ધાઓનાં પ્રતીકોથી સુશોભિત રથમાં સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજ સાથે બિરાજમાન થયા હતા. તાલબદ્ધ ડ્રમવાદન સાથે સુરતનું યુવાવૃંદ સ્વામીશ્રીના રથને યજ્ઞપુરુષ સભાગૃહ ભણી દોરી રહ્યું હતું. માથે રજવાડી સાફાઓ સાથે પારંપરિક પરિવેશમાં સજ્જ યુવાનો બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવતા સ્વામીશ્રીના રથની બંને બાજુ કદમ મિલાવી ચાલી રહ્યા હતા.

સભાગૃહના મધ્ય દ્વારેથી સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજ સાથે સભાગૃહમાં પ્રવેશ કર્યો અને યુવાઓનાં મનમયૂરો નાચી ઊઠ્યાં. સૌ દિવ્યાનંદમાં ઓળઘોળ થઈ ગયા. વાતાવરણ ચેતનવંતું, જોમવંતું અને દિવ્ય બની ગયું. જાણે એક દિવ્ય સ્વપ્નમાં સરી પડ્યા હોય તેવું સૌને અનુભવાયું! તે જ ક્ષણે વાતાવરણમાં નૃત્યગીત ગુંજી ઊઠ્યું – *'આ સપનું છે કે શું? હૈયું હાથ નથી રહેતું...'* આ ગીતના તાલે તાલબદ્ધ થઈ યુવાઓએ બી.એ.પી.એસ.ની ધ્વજાઓ લહેરાવી સ્વામીશ્રી અને હરિકૃષ્ણ મહારાજને વધાવ્યા. સૌનું શાનદાર સ્વાગત ઝીલતાં ઝીલતાં સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજ સાથે મંચસ્થ થયા.

અખિલ ભારતીય અધિવેશનના આ માહોલમાં ઉપસ્થિત સૌ યુવાનોને સ્વામીશ્રી અને હરિકૃષ્ણ મહારાજને વધાવવાનો ઉત્સાહ છલકાતો હતો. તેથી જ ભારતના ભિન્ન ભિન્ન પ્રાંતમાંથી પધારેલા યુવાનોએ સ્થાનિક પ્રાંતીય વિશેષતાઓ સાથે શ્રીહરિ અને ગુરુહરિનું ભાવપૂર્ણ સ્વાગત કર્યું.

સ્વાગત-અભિવાદનની શૃંખલામાં સૌપ્રથમ આવ્યું – દિલ્હીનું યુવાવૃંદ. ઉત્તર ભારતના પ્રતિનિધિત્વ સાથે ત્યાંની પ્રખ્યાત વાનગીઓ સાથે સ્વામીશ્રીનું સ્વાગત કરવા માટે પધારેલા આ યુવાનોએ ભાંગડા નૃત્ય રજૂ કરીને વંદના કરી. તેમના એક પ્રતિનિધિ યુવકે પંજાબી ભાષામાં સ્વામીશ્રી સમક્ષ પ્રાર્થના કરીને વચનામૃતમાં શ્રીજીમહારાજે કહેલો સત્પુરુષનો મહિમા રજૂ કર્યો. સાથે સ્વામીશ્રીના શુભાશિષ માંગ્યા.

ત્યારબાદ રાજસ્થાનની પ્રખ્યાત વાનગીઓ સાથે આવ્યું જયપુરનું યુવાવૃંદ. રાજસ્થાનના પારંપરિક નૃત્ય સાથે આ યુવાનોએ સ્વામીશ્રીનાં ચરણે પ્રાર્થના કરીને દાસભાવના ફગવા માંગ્યા.

એ શમ્યું ને *'વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા...'*ના મરાઠી ભજનની પંક્તિઓ પર મહારાષ્ટ્રી નૃત્ય કરતા પ્રાદેશિક પરિવેશમાં આવ્યા મુંબઈના યુવકો. મહારાષ્ટ્રની પ્રખ્યાત વાનગીઓ સાથે તેઓએ સ્વામીશ્રીનું અભિવાદન કર્યું. તેઓએ સૌ વતી દિવ્યભાવના આશીર્વાદ માંગીને સ્વામીશ્રીનાં ચરણે પ્રાર્થના કરી.

કાઠિયાવાડની ખમીરવંતી ભૂમિ વતી રાસ ખેલતું આવ્યું – જૂનાગઢનું યુવાવૃંદ. તેઓએ સ્વામીશ્રી પાસે એકાંતિક ભક્ત થવાનું વરદાન માંગ્યું.

ત્યારબાદ ગુજરાતના તમામ વનવાસી પ્રાંતોનાં બી.એ.પી.એસ. મંડળો વતી આવ્યું ગોધરા જિલ્લાનું આદિવાસી વૃંદ. ઢોલ વગાડતાં પારંપરિક ટીમલી નૃત્ય રજૂ કરીને તેમણે સ્વામીશ્રીને વધાવ્યા. વનવાસી યુવકે પોતાની પ્રાદેશિક ભાષામાં સ્વામીશ્રીને પ્રાર્થના કરીને આશીર્વાદ યાચ્યા.

અહીં ઉપસ્થિત બી.એ.પી.એસ.ના યુવાનો અલગ અલગ પ્રાંતના હતા, વેશ-ભૂષા-ભાષા વિભિન્ન હતાં. તેમ છતાં સૌનાં હૃદય એક હતાં, કારણ કે સૌના ઈષ્ટદેવ એક છે, ગુરુદેવ એક છે, સૌની સંસ્થા એક છે. એકતાના એ સંદેશ સાથે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું - સુરતના યુવાવૃંદે.

આમ, ઊર્જા, ઉલ્લાસ, ઉજાસના ત્રિવેણી સંગમ અને નૃત્યના પંચામૃત દ્વારા યુવાનોએ શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનું સ્વાગત-અભિવાદન કર્યું.

અખિલ ભારતીય યુવાઅધિવેશનના તમામ સ્પર્ધકો વતી બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના સંયોજક ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને પુષ્પહારથી વધાવ્યા. ત્યારબાદ વરિષ્ઠ સંતો તથા બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, અમદાવાદમાં સેવારત સંતોએ કલાત્મક હારથી અભિવાદન કર્યું. અગ્રેસર યુવા કાર્યકરોએ સ્વામીશ્રીને વધાવવાનો અવસર પ્રાપ્ત કર્યો.

આ અધિવેશન સૌ યુવાનોને સદ્‌ગુણોની સુગંધથી મહેકાવનારું હતું. તે જ રીતે આ અધિવેશન સૌમાં ઉપાસનાનો ઉજાસ ફેલાવનારું હતું. તેથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને ઉપસ્થિત સૌએ ઉજાસના પ્રતીક






## દીપ પ્રાગટ્ય સાથે અધિવેશનનો પ્રારંભ થયો - શાનદાર રંગારંગ ઉદ્‌ઘાટન સમારોહ.

બી.એ.પી.એસ.નો ધ્વજ ફરકાવીને, યુવાનોના હાથમાં હાથ મિલાવીને, યુવાનોને એનાયત થનારા **પારિતોષિક**ને વધાવીને **મહંત સ્વામી મહારાજે** સૌને પ્રેરણાપીયૂષ પાયાં.

સમાન દીપજ્યોતિ દ્વારા શ્રી હરિકૃષ્ણ મહારાજને આરતી અર્ઘ્ય અર્પણ કર્યું. સાથે ઢોલ, નગારાં, ઝાલર અને શંખના નિનાદથી સુરત યુવાવૃંદે આરતીનું ગાન કર્યું.

છેલ્લા સાડા પાંચ મહિનાથી અધિવેશનની તૈયારીમાં લાગેલા સૌ યુવાનોએ કઠોર પરિશ્રમની ગંગા વહાવી હતી. એ પ્રવાહમાં ધસમસતા સૌ યુવાનો સારંગપુર આવી પહોંચ્યા હતા. સાડા પાંચ મહિના સુધી તેમણે કરેલા પુરુષાર્થનાં ઓજસ અહીં અધિવેશનમાં પથરાવાનાં હતાં. એ પ્રસંગની વિશેષ ઝાંખી મંચ પર વિશિષ્ટ રીતે પ્રસ્તુત થઈ. આ પ્રસ્તુતિમાં અટલાદરા બી.એ.પી.એસ. છાત્રાલયના યુવકોએ યુ.વી. લાઈટના સહારે માઈમ દ્વારા અધિવેશનની વિવિધ સ્પર્ધાઓની પ્રસ્તુતિ કરી.

અહીં બેઠેલા તમામ સ્પર્ધાર્થીઓએ પુરુષાર્થની જે ગંગા વહાવી હતી, એ પુરુષાર્થના પ્રતિસાદ રૂપે તેમને પારિતોષિક પ્રાપ્ત થવાના હતા, તેનો ઉદ્‌ઘાટન સમારોહ પણ આ અવસરે યોજાયો. ઢોલનાદ સાથે રજવાડી પરિવેશમાં શોભતા યુવાનો દ્વારા પાલખીયાત્રાની જેમ વિશાળકાય પારિતોષિકની સભાગૃહમાં શાનદાર પધરામણી થઈ. સૌએ પારિતોષિકની આ પધરામણીને જયનાદોથી વધાવી લીધી. મંચ પર બિરાજિત મહંત સ્વામી મહારાજે પુષ્પ પધરાવીને પારિતોષિકને પ્રસાદીભૂત કર્યું.

વિશાળ કદનું એ પારિતોષિક મંચ પર ગોઠવાયું અને રજૂ થયો એક વિશિષ્ટ સંવાદ. જેનો મધ્યવર્તી વિચાર હતો 'અહીં રસાકસીનું નહીં, રાજીપાનું પારિતોષિક છે.'



**જ્ઞાન**થી સુસજ્જ યુવાનોએ વિવિધ સ્પર્ધાઓમાં અનોખું કૌશલ્ય દાખવ્યું. **પ્રશ્નોત્તરી** સ્પર્ધા હોય કે અન્ય સ્પર્ધાઓ હોય, પ્રત્યેક સ્પર્ધા પાછળ યુવાનોની **ભાવના** પ્રેરણા આપે તેવી હતી. અહીં બીજાને પાછળ પાડવા નહીં, પરંતુ **ગુરુહરિને** રાજી કરવાના શુદ્ધ ભાવ સાથે સૌએ ભાગ લીધો હતો...

આ સંવાદમાંથી જ ઊઠેલા પ્રશ્નનું સમાધાન આપતાં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ આશીર્વચનો ઉચ્ચારતાં જણાવ્યું, 'તમે બધાએ ખૂબ તૈયારી કરી છે. તૈયારીમાં કંઈ બાકી રાખ્યું નથી. એટલે ભગવાન કેમ સામું ન જુએ? ભગવાન તો ભાવના ભૂખ્યા છે. જ્યારથી તમે ટેક્સી ભાડે કરો ત્યારથી મીટર ચઢે, તેમ જ્યારથી તમે અધિવેશનમાં જોડાવાનો સંકલ્પ કર્યો ત્યારથી રાજીપાનું મીટર ચઢતું ગયું છે.

શ્રદ્ધા હોય તો બધું જ શક્ય છે. તમારી શ્રદ્ધા ગજબની છે. આ વચનામૃતનો મુખપાઠ વગેરે તમારા માટે વિજાતીય વિષય છે. સમજાય, ન સમજાય તેવી વાતો છે. મોટા મોટાને આ વાત સમજાય તેવી નથી. તેમાં તમે ડૂબકી મારી. તો તમારી શ્રદ્ધા જોઈને ભગવાન રાજી કેમ ન થાય! તમારે ઈનામ મેળવવું એ તો ડાબા હાથની વાત છે, પરંતુ મોટામાં મોટું ઈનામ તો આ રાજીપો જ છે. ભગવાન અને સંતનો રાજીપો. ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગ.મ.૨૮માં કહ્યું છે કે 'સર્વ શાસ્ત્રનો સાર એ જ છે કે ભગવાનનો રાજીપો લેવો.' ભગવાનની પ્રસન્નતા ઈચ્છ્યા વગર જે કરે તે તમોગુણ કહેવાય. રાજીપો અબજ રૂપિયા છે. અને રાજીપા સિવાય બીજા બધા સંકલ્પ કરીએ તે કીડી મકોડી જેવા છે. તમે બધાએ રાજીપા માટે જ બધું કર્યું છે. બીજાં ઈનામ મળે કે ન મળે પણ, ભગવાનનો રાજીપો ચોક્કસ થાય! શ્રદ્ધાએ સહિત અને ઈર્ષ્યાએ રહિત ભક્તિ કરે તો જ ભગવાનનો રાજીપો થાય. રાજીપાની વાત સમજાય તો ઈર્ષ્યા-માનના કુચ્ચા બોલી જાય. ને એવી તૈયારી તમે બધાએ કરી છે.

આ અધિવેશનમાં બધા કેટલાંય ગરણે ગાળીને આવ્યા છે. તમે બધા એવા સજ્જ થઈને, તૈયાર થઈને આવ્યા છો ને કે સ્થૂળ ઈનામ અને રાજીપાનું ઈનામ બધાને ઢગલાબંધ મળશે. પણ, આ બધું ખાલી ઈનામ પૂરતું રાખવું નહીં. જે મુખપાઠ કર્યો હોય તેનું દરરોજ પુનરાવર્તન કરવું. બધું ન

થાય તો રોજ એક એક પદ તો કરવું જ.'

ભગવાન અને સંતની પ્રસન્નતા એ જ પારિતોષિક છે, આ મર્મ સમજાવીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૌને કૃતાર્થ કર્યા.

અંતમાં, આવી પહોંચી અધિવેશનની ચરમસીમારૂપ ક્ષણ – ઉદ્‌ઘાટન વેળાની. *'સારંગપુરને દ્વાર યુવકો ઝૂમે છે, યુવા અધિવેશનમાં આજ યુવકો ઝૂમે છે...'*ના શબ્દો સાથે મંચ પર યુવકો ટીટોડો નૃત્ય કરતા ઝૂમી ઊઠ્યા. ઊપડતી લયમાં સ્વરબદ્ધ થયેલા આ નૃત્યગીતના તાલે સૌ યુવાનો પણ હેલે ચઢ્યા હતા. યુવાનોના એ જોમવંતા જયજયકારો વચ્ચે મહંત સ્વામી મહારાજે અખિલ ભારતીય યુવા અધિવેશનનો દીપ પ્રાગટ્ય કરીને અધિવેશનનો આરંભ કરાવ્યો. મંચ પર ઉપસ્થિત કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી અને ઈશ્વરચરણદાસ સ્વામીએ પણ દીપ પ્રજ્વલિત કર્યો. યજ્ઞપ્રિયદાસ સ્વામીએ સ્વામીશ્રીના કંઠમાં યુવાનોની જેમ જ અધિવેશનનું ઓળખપત્ર પહેરાવ્યું. વરિષ્ઠ સંતોને પણ કંઠમાં ઓળખપત્ર પહેરાવાયાં. સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતોએ બી.એ.પી.એસ.ના ધ્વજ ફરકાવીને આજના અધિવેશનને જાણે લીલી ઝંડી આપી દીધી.

આમ, અખિલ ભારતીય યુવા અધિવેશનનો અવિસ્મરણીય ઉદ્‌ઘાટન સમારોહ શાનદાર રીતે યોજાઈ ગયો. અને સૌ યુવાનો દ્વિતીય દિને યોજાનારી સ્પર્ધાઓમાં જોડાવા માટે બેવડા આત્મવિશ્વાસ સાથે કટિબદ્ધ થઈ ગયા.

## દ્વિતીય દિનઃ સ્પર્ધાઓ અને યુવા સત્સંગસભા

બંને ત્રિદિવસીય સત્રોમાં અખિલ ભારતીય અધિવેશનનો દ્વિતીય દિન એટલે સ્પર્ધાઓનો મુખ્ય દિન. ભગવાન સ્વામિનારાયણની પ્રાસાદિક તીર્થભૂમિ સારંગપુર ખાતે યોજાયેલા આ અધિવેશનમાં ઊમટેલા હજારો યુવક-યુવતીઓનાં અંતરે સ્પર્ધાઓનાં નહીં, પરંતુ સુહૃદભાવનાં દર્શન થતાં હતાં. રસાકસીનાં નહીં, પરંતુ સ્વામીશ્રીને રાજી કરવાનાં દર્શન થતાં હતાં. હરીફાઈનાં નહીં, પરંતુ પરસ્પર હમદર્દીનાં દર્શન થતાં હતાં. એકબીજાથી આગળ નીકળી જવાની ભાવનાનાં નહીં, પરંતુ બીજાને આગળ લાવવાની ભાવનાનાં દર્શન થતાં હતાં. બીજાને બતાવી દેવાનાં નહીં, પરંતુ જીવન બનાવી દેવાની ભાવનાનાં દર્શન થતાં હતાં. આવી આધ્યાત્મિક ભૂમિકા સાથે દિવ્યતાના માહોલ વચ્ચે સમગ્ર દિવસ દરમ્યાન તમામ યુવક-યુવતીઓ વિવિધ સ્પર્ધાઓમાં પરોવાયેલાં રહ્યાં હતાં.


દ્વિતીય દિને સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં ભક્તિ કીર્તનની સાથે સાથે યુવકોએ વિવિધ મુખપાઠની પ્રસ્તુતિ


ઈશ્વરચરણદાસ સ્વામીએ યુવાનોનું વક્તૃત્વ માણીને તેમને બિરદાવ્યા...


ત્યાગવલ્લભદાસ સ્વામી વગેરે વરિષ્ઠ સંતોએ યુવાનોનું કૌશલ્ય માણ્યું...



રચનાત્મક સંવાદોની પ્રસ્તુતિ અને નિબંધલેખનમાં યુવાનો ખીલી ઊઠ્યા...



કરી. સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવતાં કહ્યું: 'યોગીબાપાને મુખપાઠ વધુ ગમતો. તે વચન તમે બધાએ અદ્ધર ઝીલ્યું છે. રાત-દિવસ તમને એ જ લગની લાગી છે. યોગીબાપા હોય તો તેમની છાતી ગજ ગજ ફૂલે. યોગીબાપાની દૃષ્ટિ ચાલી આવે છે ને બધાને એવું બળ મળે છે. તે બળ રહેશે.

આજે પ્રમુખવરણી દિન છે. તમને બધાને બળ ખૂબ મળશે. અને જે સંકલ્પ કર્યા છે તે તમે પાર પાડશો. એક તો તમારી તૈયારી છે ને, એ જ મોટી વાત છે. તૈયારી હોય તો ભરી બંદૂક... જ્યાં લગાડે ત્યાં ફૂટે, ફટાફટ!

તમે તૈયારી તો બરાબર કરી છે પણ પછી પણ બધું યાદ રાખવાનું. પછી બધું ભૂલી જવાતું હોય છે. પણ તમે અક્ષરપુરુષોત્તમનો ઝંડો ઉપાડવાના છો. આપણે બધાએ મળીને ઝંડો ઉપાડવાનો છે. આ ઝંડો એટલો મોટો છે કે બધા ભેગા થાય તોય ઊપડે તેવો નથી. એટલે તે તૈયારી રાખવાની. તેને અનુરૂપ આપણું વર્તન, વાતો બધું જ થશે. તો કામ આવશે.'

ત્યારબાદ, સ્વામીશ્રીના આ બળભર્યા આશીર્વાદ લઈને થનગનતા સૌ સ્પર્ધકો સ્પર્ધા સ્થળોએ પહોંચી ગયા.

ખૂબ સક્ષમ અને વિગતપૂર્ણ આયોજનથી તમામ સ્પર્ધાઓ સાંજે છ વાગ્યા સુધીમાં સંપન્ન થઈ ગઈ. સ્પર્ધા-સ્થળોએ સ્પર્ધકોને બિરદાવવા સ્વામીશ્રી વતી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી તથા બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના કન્વીનર ઈશ્વરચરણદાસ સ્વામીએ ખાસ મુલાકાત લીધી હતી અને સ્પર્ધકોની વિવિધ રજૂઆતોને માણીને તેમને આશીર્વાદ આપ્યા હતા.

સંધ્યાકાળે શ્વેત વસ્ત્રોમાં સજ્જ હજારો યુવક-યુવતીઓ સૌ યજ્ઞપુરુષ સભાગૃહમાં આવી પહોંચ્યાં હતાં. સ્વામીશ્રીનું આગમન થતાં જ આ સંધ્યાસભામાં અનેરા તરવરાટ સાથે યુવકો વિવિધ કાર્યક્રમો પ્રસ્તુત કરી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કરવા થનગનતા હતા.

બરાબર ૭-૦૦ વાગે સુરતી યુવકોના બેન્ડવાદન સાથે સ્વામીશ્રીનું સભામાં આગમન થયું. શ્રી હરિકૃષ્ણ મહારાજને કરમાં ધારીને સભામાં પ્રવેશતાં જ,

*'સારંગપુરને દ્વાર યુવકો ઝુમે છે,*
*જોઈ ગુરુવર મહંતરાજ હેતે ડોલે છે...'*

ઊપડતી લયના આ કીર્તનના તાલે સૌના મનમયૂર ડોલી ઊઠ્યા હતા. હજારો યુવાહૃદયોનાં હૈયાનો થનગનાટ વાતાવરણને વધુ દિવ્ય બનાવી રહ્યો હતો. અદ્ભુત માહોલ જામ્યો હતો. બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી યુવકોએ ગુરુહરિનું અભિવાદન કર્યું. સ્વામીશ્રીએ સૌ પર કૃપાદૃષ્ટિ

## અખિલ ભારતીય અધિવેશનમાં યોજાયેલી વિવિધ સ્પર્ધાઓની ઝલક

**મુખપાઠ સ્પર્ધા**

ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતોનો મુખપાઠ કરીને **૧૮,૬૦૨** યુવાઓએ જીવનમાં આધ્યાત્મિક મૂલ્યો ઘૂંટ્યાં.

**પ્રશ્નોત્તરી સ્પર્ધા**

આધ્યાત્મિક પ્રેરણા આપતાં અમૃત-બિંદુઓમાંથી પુછાયેલી પ્રશ્નોત્તરીમાં **૧૮,૬૦૨** યુવાઓએ ભાગ લઈને તેજસ્વી પ્રસ્તુતિ કરી.

**પ્રવચન સ્પર્ધા**

વિવિધ પ્રેરક વિષયો પર છટાદાર અને મનનીય પ્રવચનો કરીને **૧,૬૯૬** યુવાઓએ વક્તૃત્વ કલાને વિકસાવી.

**નિરૂપણ સ્પર્ધા**

ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતો પર નિરૂપણો કરીને **૮૭૮** યુવાઓએ જ્ઞાનનું ઉજ્જવળ દર્શન કરાવ્યું.

વરસાવી ઠાકોરજીને આરતી-અર્ઘ્ય અર્પણ કર્યું. ત્યારબાદ બી.એ.પી.એસ.નાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાં રહીને યુવા સત્સંગપ્રવૃત્તિ સંભાળતા સંતો અને ૧૦૦થી વધુ વચનામૃતનો મુખપાઠ તૈયાર કરનાર યુવકોએ ગુરુહરિને કલાત્મક હારતોરા વડે વધાવી આશિષ પ્રાપ્ત કર્યા.

હવે આવી અવિસ્મરણીય પળો.

ગુરુહરિને રાજી કરવાના અનેરા ઉમંગ સાથે સ્પર્ધકોએ સમગ્ર દિવસ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓમાં રજૂ કરેલી રજૂઆતો પૈકી કેટલીક ઝલક મંચ પરથી પ્રસ્તુત કરવામાં આવી. દરેક સ્પર્ધાની રજૂઆત માણીને પ્રસન્નતા વરસાવતાં સ્વામીશ્રીએ સૌને અદ્‌ભુત સ્મૃતિઓ આપી હતી. વચનામૃત મુખપાઠની પ્રસ્તુતિને અંતે સ્વામીશ્રીએ કેટલાક એવા પ્રસંગો રજૂ કર્યા હતા જેમાં યોગીજી મહારાજની આજ્ઞાથી તેમણે મુખપાઠ કરીને તેઓને રાજી કર્યા હતા. સૌ સ્વામીશ્રીના મુખેથી એવા અદ્‌ભુત પ્રસંગો માણીને ધન્ય થઈ ગયા.

ત્યારબાદ વીડિયો શૉ સ્પર્ધામાંથી પસંદગી પામેલાનો શૉ પ્રસ્તુત થયો. ભગવાન સ્વામિનારાયણે ૨૦૦ વર્ષ પૂર્વે વચનામૃતમાં વિજ્ઞાનના શાશ્વત સિદ્ધાંતોની સ્પષ્ટતા કરી છે તે આધુનિક વિશ્વમાં પાછળથી શોધાયા છે. વચનામૃતમાં વિજ્ઞાનની એ સુંદર છણાવટ કરતો વીડિયો 'સાયન્સ ઈન વચનામૃત' અમદાવાદના યુવકો દ્વારા રજૂ થયો. ત્યારબાદ વચનામૃત નિરૂપણ પ્રસ્તુત થયું. યુવકોએ ભગવાન સ્વામિનારાયણનું પ્રગટપણું અને સત્પુરુષની ઓળખાણ કરાવતું ગઢડા પ્રથમ પ્રકરણના ૭૧માં વચનામૃતનું છટાદાર નિરૂપણ કર્યું. સ્વામીશ્રીએ તેને અનુરૂપ ભગવાન અને સંતનો મહિમા કહેતા વચનામૃતમાંથી ઉપદેશામૃત વચનો કહ્યાં. ત્યારબાદ શોર્ટ ફિલ્મ સ્પર્ધામાંથી પસંદગી પામેલી શોર્ટ ફિલ્મ વડોદરાના યુવકો દ્વારા સૌએ માણી. ત્યારબાદ સૌએ પ્રશ્નોત્તરી સ્પર્ધાની પ્રસ્તુતિ માણી. સન ૧૯૮૫માં ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવમાં એક સંતસભા યોજાઈ હતી. તેમાં 'શ્રીજીમહારાજે એક વચનામૃતમાં કેવળ સંતના આશરાની વાત કરી છે તે વચનામૃત કયું હતું?' આ પ્રશ્ન પુછાયો. વચનામૃતના જ્ઞાતાઓ, અભ્યાસીઓ આ પ્રશ્નનો ઉત્તર નહોતા આપી શક્યા ત્યારે આ પ્રશ્નનો ઉત્તર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આપ્યો હતો તે સ્મૃતિ-પ્રસંગ નારાયણમુનિદાસ સ્વામીએ રજૂ કર્યો.

ત્યારપછી વારો આવ્યો પોસ્ટર સ્પર્ધાનો. વચનામૃતના બોધને કેન્દ્રમાં રાખીને યુવાનોએ વિવિધ વિષયો પર કલાત્મક પોસ્ટર્સ રચ્યાં હતાં. તે પૈકીના કેટલાંક પસંદગીનાં પોસ્ટરો સાથે યુવકો મંચ પરથી પસાર થયા. સ્વામીશ્રીએ

## ૨૦,૦૦૦ યુવાઓએ ૯ સ્પર્ધાઓમાં પ્રભાવક ૪૨,૦૩૯ પ્રસ્તુતિ કરી

**નિબંધ સ્પર્ધા**

વિવિધ ચિંતનાત્મક વિષયો પર મૌલિક નિબંધો લખીને **૧,૯૪૫** યુવાઓએ લેખન-કૌશલ્ય વિકસાવ્યું.

**સંવાદ સ્પર્ધા**

વચનામૃતના વિષયોને કેન્દ્રમાં રાખીને લખાયેલા સંવાદો દ્વારા **૮૨** યુવક મંડળોએ પ્રેરક પ્રસ્તુતિ કરી.

**વીડિયો શૉ સ્પર્ધા**

ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતોને મધ્યમાં રાખીને રચનાત્મક **૬૯** વીડિયો શૉ તથા શોર્ટ ફિલ્મ રજૂ કરાઈ.

**પોસ્ટર સ્પર્ધા**

ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતના સંદેશ પર **૧૬૫** યુવાઓએ કલાત્મક પોસ્ટર્સ-રજૂઆતો કરી.

તમામ પોસ્ટરો પર દૃષ્ટિ કરી પ્રસન્નતા દર્શાવી. ગાગરમાં સાગર સમાવતી વિવિધ પોસ્ટર પ્રસ્તુતિના અંતે સ્વામીશ્રીને પણ કંઈક કલાકૃતિ રચવાની વિનંતી કરવામાં આવી. સ્વામીશ્રીની કલાસૂઝ નિરાળી છે. સૌની વિનંતીથી તેમણે હાથમાં પેન લઈને ખૂબ સુંદર રેખાચિત્ર દોરીને અધિવેશનનો સંદેશ આપ્યો. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮, અંત્ય પ્રકરણ ૨૧ અને ૨૬ના આધારે દિવ્ય સંદેશ આપતાં લખ્યું: 'અખંડ સુખ.'

સ્પર્ધાઓના અંતે 'નિયમપાલન-આજ્ઞામાં સુખ રહેલું છે' એ સંદેશ આપતો 'આંતરયુદ્ધ' સંવાદ સુરતના યુવકોએ પ્રભાવક રીતે રજૂ કર્યો હતો. એ જ રીતે તા. ૭-૬-૨૦૧૯, પ્રમુખવરણીના પવિત્ર દિને યોજાયેલા અધિવેશનના દ્વિતીય સોપાનમાં લોઢવા ક્ષેત્રના યુવકોએ 'સત્સંગનો મહિમા' સંવાદ પ્રસ્તુત કર્યો હતો અને ત્યાર પછી 'કળિનો પ્રહ્‌લાદ' શોર્ટ ફિલ્મ નડિયાદ છાત્રાલયના યુવકોએ રજૂ કરી હતી.

આમ, બંને સત્રમાં દ્વિતીય દિને યુવકોની વૈવિધ્યસભર પ્રસ્તુતિઓ નિહાળી સ્વામીશ્રી અતિ પ્રસન્ન થયા હતા.

અધિવેશનના બીજા સત્રના દ્વિતીય દિને તા. ૭-૬-૨૦૧૯ના રોજ પ્રમુખવરણી દિનનું પર્વ પણ સહેજે ઊજવાઈ ગયું. ૬૯મા પ્રમુખવરણી દિને સવારે અમદાવાદ ખાતે આંબલીવાળી પોળમાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને જે હાર પહેરાવાયા હતા તે ત્રણેય હારને ગૂંથીને એક સુંદર હાર રચવામાં આવ્યો હતો. તે પ્રાસાદિક હાર આત્મસ્વરૂપદાસ સ્વામી અને અક્ષરવત્સલદાસ સ્વામીએ સ્વામીશ્રીને પહેરાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ બંને દિવસ દરમ્યાન થયેલી વિવિધ સ્પર્ધાઓની રજૂઆત બાદ સ્વામીશ્રીએ આપેલા આશીર્વચનને અહીં સંક્ષેપમાં માણીએ. સ્વામીશ્રીએ જણાવ્યું: ''આપણે ઘણા જન્મો લીધા છે ને ઘણી ધામધૂમ કરી છે પણ આ શ્રીજીમહારાજની આજ્ઞા પાળવાનો અવસર છે. જગતના ભૌતિક સુખ માટે કેટલો મોટો રાજીપો ગુમાવીએ છીએ! રાજીપાની કિંમત થાય એમ જ નથી. રાજીપો એ બહુ મોટી વાત છે. આજ્ઞાપાલનમાં બુદ્ધિ ન લડાવો, હૃદય લડાવો. હૃદય એટલે ભક્તિ. શ્રીજીમહારાજની, મોટાપુરુષની આજ્ઞા પાળીએ એ ભક્તિ થઈ જાય છે. બુદ્ધિના તાલે ચાલીએ તો બરબાદી થાય ને શ્રીજીમહારાજની આજ્ઞાના તાલે ચાલીએ તો મોક્ષની પ્રાપ્તિ થાય.

મહારાજ-સ્વામી, સંતના વચનમાં વિશ્વાસ રાખવો. આપણને તો ઘણું બધું જ્ઞાન થયું છે – 'આત્મા અને દેહ નોખા છે... આપણે વિષયથી નોખા છીએ.' વગેરે... તો આપણને કેવી દૃઢતા હોવી જોઈએ! ખરેખર દૃઢતા હોય તો ધન, ધામ, કુટુંબ, પરિવાર બધું તેઓને અર્થે ન્યોછાવર થઈ જાય. જેમ જેમ જ્ઞાન થતું જાય તેમ તેમ દૃઢતા વધતી જાય ને જ્ઞાન થાય તો ભયો ભયો! તમે નંબર મારી જાઓ.''

સ્વામીશ્રીની દિવ્ય કૃપાવર્ષાએ સૌને ગદ્‌ગદ કરી દીધા હતા. સંધ્યા સભા બાદ તમામ સ્પર્ધકો સ્વામીશ્રીનાં ભોજનદર્શન કરીને ધન્યતાથી છલકાઈ ઊઠ્યાં હતાં.

## તૃતીય દિનઃ યુવા શિબિર અને પારિતોષિક વિતરણ

અધિવેશનનો તૃતીય દિન પણ સૌ માટે અવિસ્મરણીય બની રહ્યો હતો.

અધિવેશનમાં સ્પર્ધાની સાથે સાથે યુવાનો કંઈક વિશેષ પ્રેરણા અને તાલીમ પ્રાપ્ત કરે તે હેતુસર સ્પર્ધાના બંને સત્રમાં સ્પર્ધકો માટે તૃતીય દિને એક દિવસીય 'નિષ્ઠાવાન ભવ' શિબિર યોજાઈ હતી.

સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન બાદ 'નિષ્ઠાવાન્ ભવ' મધ્યવર્તી વિચાર હેઠળ યુવા શિબિરનો પ્રારંભ થયો. સંસ્થાના વિદ્વાન સંતો - આનંદસ્વરૂપદાસ સ્વામી, નરેન્દ્ર-પ્રસાદદાસ સ્વામી, ભદ્રેશદાસ સ્વામી, અક્ષરવત્સલદાસ સ્વામી, જ્ઞાનવત્સલદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી અને આદર્શજીવનદાસ સ્વામી વગેરેએ મધ્યવર્તી વિચારને દૃઢાવતાં પ્રેરણાદાયી પ્રવચનોનો લાભ આપીને યુવાઓમાં નિષ્ઠાનું સિંચન કર્યું હતું. યુવકોએ જીવનમાં મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન ભક્તિપ્રિયદાસ સ્વામી અને ત્યાગવલ્લભદાસ સ્વામી પાસેથી મેળવીને અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. ઈશ્વરચરણદાસ સ્વામીએ પણ પ્રેરક લાભ આપ્યો હતો.

આ શિબિરમાં યુવક-યુવતીઓએ પ્રત્યક્ષનિષ્ઠા, સ્વધર્મ-નિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા, સંપનિષ્ઠા, પ્રગટનિષ્ઠા અને સ્વરૂપ-નિષ્ઠા વિષયક પ્રવચનો દ્વારા સૌએ નિષ્ઠા દૃઢ કરી હતી. યુવા અધિવેશનના ઉપક્રમે યોજાયેલી આ શિબિર ખરેખર સૌ યુવક-યુવતીઓ માટે પ્રેરણાદાયી બની રહી હતી.

તૃતીય દિનનું અંતિમ ચરણ એટલે પારિતોષિક વિતરણ સમારોહ.

છેલ્લા સાડા પાંચ મહિનાથી યુવક-યુવતીઓ જેની ચાતક નજરે રાહ જોઈને બેઠાં હતાં તે સમય અંતે આવી પહોંચ્યોઃ એ હતો પારિતોષિક વિતરણ સમારોહ.

સંધ્યા સમયે યોજાયેલા આ સમારોહના પ્રારંભમાં 'અખિલ ભારતીય યુવા અધિવેશન'નો સ્મૃતિ વીડિયો નિહાળ્યા બાદ યુવકોના પ્રશ્નોનું સુંદર માર્ગદર્શન ઈશ્વર-ચરણદાસ સ્વામીએ આપ્યું. ત્યારબાદ સભાગૃહમાં મહંત






**અધિવેશનનો** પારિતોષિક વિતરણ સમારોહ પણ દબદબાપૂર્ણ બની રહ્યો. **વિજેતા**ના શિરે સ્વામીશ્રીએ પ્રસન્નતાનો કળશ ઢોળ્યો એટલું જ નહીં, અધિવેશનમાં ભાગ લેનાર પ્રત્યેક પર સ્વામીશ્રીએ **પ્રસન્નતાનો** અભિષેક કર્યો અને કહ્યું: 'તમને સૌને **સાષ્ટાંગ પ્રણામ** કરું છું.'

સ્વામી મહારાજનું આગમન થયું. તેઓએ આરતીનું અર્ઘ્ય અર્પણ કર્યા બાદ શરૂ થયો પારિતોષિક વિતરણ કાર્યક્રમ.

૪,૦૦૦થી વધુ યુવક-યુવતીઓ છેલ્લા સાડા પાંચ મહિનાથી અનેકવિધ શૈક્ષણિક, સામાજિક, પારિવારિક, શારીરિક અડચણો વચ્ચે અડગ સંતુલન કેળવીને આ અધિવેશનની વિવિધ સ્પર્ધાની તૈયારીમાં દિવસ-રાત પરોવાઈ ગયાં હતાં. અનેકવિધ અગવડો અને મુશ્કેલીઓ વચ્ચે સ્થિર રહીને આ યુવા-યુવતીઓએ અધિવેશન અંતર્ગત યોજાયેલી વિવિધ ૯ સ્પર્ધાઓની નતમસ્તક થઈ જવાય તેવી અદ્‌ભુત તૈયારી કરી હતી. ક્ષેત્રીય અને આંતરક્ષેત્રીય અધિવેશનોમાંથી પાર ઊતરેલાં બંને સત્રોનાં આ ૪,૦૦૦ યુવક-યુવતીઓએ આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં અદ્‌ભુત પ્રસ્તુતિઓ કરીને નિર્ણાયકોને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા હતા. આજે શ્રેષ્ઠ પ્રસ્તુતિ કરનાર વિજેતા યુવકોને મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે પારિતોષિક પ્રાપ્ત થવાનું હતું, તેથી વિજેતા યુવકો અનહદ ઉત્સાહથી છલકાઈ ઊઠ્યા હતા.

મધ્યસ્થ કાર્યાલયમાં સેવા આપતા વિવેકમુનિદાસ સ્વામીએ વિજેતા યુવકોનાં નામ ઘોષિત કરવાની શરૂઆત કરી. સભાગૃહ તાળીઓ અને હર્ષોલ્લાસની કિકિયારીઓથી સતત સવા કલાક ગુંજતું રહ્યું. વિજેતા યુવકો ક્રમબદ્ધ રીતે સભાગૃહમાંથી મુખ્યમંચ પર પધારતા હતા. વિશિષ્ટ અને વિશેષયોગ્યતા પ્રાપ્ત કરનાર યુવકોને સ્વામીશ્રીના વરદ હસ્તે પારિતોષિકો પ્રાપ્ત થયાં. ત્યારબાદ અન્ય સ્પર્ધાના

# અખિલ ભારતીય યુવા અધિવેશનની **પ્રેરક ગાથાઓ**

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલા અખિલ ભારતીય અધિવેશનમાં હજારો ગાથાઓ ગુંજતી હતી – યુવાનોના પ્રેરક પ્રસંગોની. ક્યાંક તેમનું હિમાલય સમું વ્યક્તિત્વ ઝળકતું હતું, ક્યાંક તેમણે સમયના અશ્વ પર સવારી કરીને મેળવેલી સિદ્ધિઓ ઝળહળતી હતી, ક્યાંક તેમને મળેલી વિરલ ફળશ્રુતિઓની દુહાઈ દેવાતી હતી, તો ક્યાંક યુવાનોથી પ્રભાવિત થયેલા નિર્ણાયકોના મુખેથી પ્રશંસાની વર્ષા હતી. અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા તો ખરી જ! આવો, હવે પછીનાં પૃષ્ઠોમાં એ પ્રેરક ગાથાઓને ક્રમબદ્ધ માણીએ...





# અડગ મનના
# મેરુ સમા અડગ યુવાનો...

## અખિલ ભારતીય યુવા અધિવેશનમાં જોડાયેલા યુવાનોની પ્રેરક ગાથા....

*'અડગ મનના માનવીને હિમાલય નડતો નથી...'*

અડગ મનના માનવીની દુહાઈ દેતી આવી ઉક્તિઓ અનેક છે. પરંતુ સૌનો અનુભવ એવું કહે છે કે અડગ મનના માનવીઓ દુર્લભ હોય છે. એ અનુભવોની દુનિયામાં જાણે એક નવું ઇતિહાસ પ્રકરણ ઉમેરાતું હોય તેવો અનુભવ થયો – બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અખિલ ભારતીય યુવા અધિવેશનમાં.

કેટલાય યુવાનો માટે એવું બન્યું કે અધિવેશનની વેળાએ જ અનેકવિધ શારીરિક, સામાજિક, પારિવારિક અને બીજી કંઈક પ્રકારની તકલીફોના જાણે ઢેર રચાઈ ગયા. ક્યારેક એવી તકલીફો આવી કે અધિવેશનનું કાર્ય છોડ્યા સિવાય જેનો કોઈ ઉકેલ ન જડે. પરંતુ બી.એ.પી.એસ.ના અડગ મનના આ તેજીલા યુવાનોએ મુશ્કેલીઓના માથા પર પગ દઈને અધિવેશનના કાર્યને શિર પર ચઢાવ્યું. અને એટલે જ સિદ્ધિ અને પ્રસિદ્ધિ તો એમને મળી જ, પરંતુ સૌથી વધુ તો મહંત સ્વામી મહારાજની ભરપૂર પ્રસન્નતા મળી. એવા અનેક પ્રસંગોમાંથી અહીં થોડાક પ્રસંગોનું આચમન કરીએ...

મૃત્યુની વેળા કોઈને પણ હચમચાવી દે તેવી કરુણ હોય છે. તેમાંય માતા-પિતા કે નિકટના સ્નેહી-સ્વજનનું મૃત્યુ તો ભલભલા જ્ઞાનીઓને પણ હચમચાવી મૂકે છે. અધિવેશનમાં જોડાયેલા યુવાનો પૈકી કેટલાક યુવાનોને પણ સંજોગોવશાત્ એવી કરુણ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ વચનામૃત, ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે બંધાવેલું આધ્યાત્મિક ભાથું તેમને અડગ અને સ્થિર રાખવામાં અનોખું બળ આપી ગયું. ભલભલા શૂરવીરો ભાંગી પડે ત્યારે આ યુવાનોએ મજબૂત છાતી રાખીને સ્થિર હૈયે કામ લીધું છે. એવા સંજોગોમાં પણ પોતાના લક્ષ્યમાંથી તેઓ ડગ્યા નથી. જુઓ, થોડાંક ઉદાહરણો...

મુંબઈના હિમેશ ગણાત્રાની ગાથા નતમસ્તક કરી દે તેવી છે. અધિવેશનના ત્રણ-ચાર દિવસ પહેલાં જ તેમના પિતાશ્રી અચાનક અક્ષરવાસી થયા. પિતાજીના અગ્નિસંસ્કાર બાદ પ્રાર્થનાસભા યોજી તેમાં આ યુવાને નીલકંઠવર્ણીના અભિષેકની વિધિ રાખી હતી. પ્રાર્થનાસભા બાદ પિતાનો અસ્થિકુંભ લઈને બહેનો સાથે તે ટ્રેન દ્વારા અધિવેશનમાં આવી પહોંચ્યો. ભાઈ-બહેને અધિવેશનમાં એવી રીતે ભાગ લીધો કે જાણે કંઈ બન્યું જ નથી!

વડોદરાના અભિષેક પટેલના પરિવારના વ્યવસાય તરીકે અનાજ દળવાની ઘંટી છે. માતા-પિતા ઘંટીમાં સાથે કામ કરે. ૨૧ એપ્રિલે તેમને ક્ષેત્રીય અધિવેશનમાં ભાગ લેવાનો

હતો અને ૧૮ એપ્રિલે એક અસહ્ય દુર્ઘટના ઘટી. લોટ ન ઊડે તે માટે તેમનાં માતાએ મોંએ બાંધેલા સ્કાર્ફનો છેડો ઘંટીની શાફ્ટમાં વીંટળાઈ ગયો તેનાથી ફાંસા જેવું થયું અને માથું તેમાં આવી ગયું. આ અકસ્માતમાં તેઓ સ્થળ પર જ અક્ષરનિવાસી થયાં. આ દુઃખદ ઘટનાથી અભિષેક અને તેનો પરિવાર અસહ્ય આઘાતમાં સરી પડ્યો. પરંતુ આમ છતાં વચનામૃતની પરાવાણીએ તેને હિંમત આપી. માતાની અણધારી દુઃખદ વિદાય બાદ ૩ દિવસમાં તૈયારી કરીને અભિષેકે આંતરક્ષેત્રીય અધિવેશનમાં ભાગ લીધો અને ઉજ્જ્વળ પરિણામ હાંસલ કરી અખિલ ભારતીય અધિવેશનમાં પણ તેણે એવી જ ઉજ્જ્વળ સિદ્ધિ મેળવી.

અમદાવાદના હીરાવાડી વિસ્તારના કૃણાલ પટેલને પણ અધિવેશન પૂર્વે પારિવારિક આપત્તિ આવી પડી. તેમના દાદા અક્ષરનિવાસી થયા. તેમ છતાં વચનામૃતના નિત્ય અધ્યયનથી તેઓ સ્થિર રહીને વિશેષ મુખપાઠ કરી શક્યા.

અમદાવાદના જિતેન્દ્ર લછવાણીને ક્ષેત્રીય અધિવેશન પહેલાં ટાઈફોઈડની બીમારી આવી. બીમારી વચ્ચે પણ તેણે અધિવેશનની તૈયારીઓ ચાલુ રાખી. ટાઈફોઈડની તકલીફમાંથી બહાર આવ્યાના બીજા જ દિવસે તેનો પિતરાઈ ભાઈ અકસ્માતમાં મૃત્યુ પામ્યો. જિતેન્દ્ર તાત્કાલિક હૉસ્પિટલ પહોંચ્યો તો ભાઈનો ચહેરો જોઈ ન શકાય એવી રીતે કચડાઈ ગયો હતો. ઘરના તમામ લોકો અસહ્ય આઘાતમાં વ્યથિત થઈ ગયા હતા, પરંતુ એવી પરિસ્થિતિમાં પણ જિતેન્દ્ર સ્થિર રહી શક્યો. એટલું જ નહીં, તેણે બધાને બળ પ્રેર્યું, હિંમત આપી, તે કેવળ વચનામૃતના અધ્યયનના કારણે જ! વળી, એવી સ્થિતિમાં તેણે અધિવેશનમાં પણ ઉજ્જ્વળ રજૂઆતો કરી.

સુરતના શશિકાંત ચલોડિયા અને તેમના સગા ભાઈ - બંને અધિવેશનની તૈયારીઓમાં લાગ્યા હતા, અને અધિવેશન પૂર્વે દસેક દિવસ પહેલાં જ એમની માતાને લકવાનો હુમલો આવ્યો. આઈ.સી.યુ.માં માતાને દાખલ કર્યાં. માતાની શક્ય બને તેટલી તમામ સેવા કરતાં કરતાં મનની સ્થિરતા રાખીને બંને ભાઈઓએ જે જે સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો તેની ધૈર્યપૂર્વક તૈયારીઓ કરી. અધિવેશનમાં પણ આંતરયુદ્ધ સંવાદની પ્રસ્તુતિ કરીને ઉજ્જ્વળ સિદ્ધિ મેળવી.

પરિવારમાં એકમાત્ર કમાનાર વ્યક્તિ તરીકે અમદાવાદના યુવાન શિવમ્ ચૌહાણ પર ઘણી બધી જવાબદારીઓ હતી. એક તરફ પિતાશ્રીને બંને કિડનીની તકલીફ હોવાથી નિયમિત ડાયાલિસિસ કરાવવું પડે તો બીજી તરફ નોકરીની પણ ચિંતા. એવા સંજોગોમાં રોજ નોકરીના અને પરિવાર તથા પિતાની સેવાના કલાકો બાદ કરીને તેમણે સતત મુખપાઠમાં મન પરોવી દીધું. પરંતુ એ બધું કર્યા પછી મુખપાઠ માટે એવો સમય ક્યારે મળે? મધરાતે ૧૨ થી ૩ વાગ્યા દરમ્યાન! આવી રીતે પુરુષાર્થ કરીને તેમણે ૧૨૦ વચનામૃત કંઠસ્થ કર્યાં.

અમદાવાદનો ધ્રુવ પટ્ટણી અધિવેશનની તૈયારીમાં દિવસ -રાત જોડાયો હતો અને તેવામાં તેનો પિતરાઈ ભાઈ એક અકસ્માતમાં ઘવાયો. મગજ પર ગંભીર ઈજાને કારણે બ્રેઈન હેમરેજ થયું ને તે કોમામાં જતો રહ્યો. તેની સારવાર અને સેવામાં ધ્રુવને હૉસ્પિટલમાં ઘણો સમય વિતાવવો પડ્યો. પરંતુ એ બધી દોડધામમાં પણ તે મુખપાઠનો ટાઇમ કાઢીને તૈયારી કરતો રહ્યો. મુખપાઠને લીધે ભગવાન સ્વામિ-નારાયણની કર્તા-હર્તાપણાની સમજણ દૃઢ થઈ તેથી આવા વિપરીત સંજોગોમાં પણ તે સમજણને કારણે સ્થિર રહી શક્યો, એટલું જ નહીં, અંતર્દૃષ્ટિનો ગુણ પણ વિકસ્યો.

પોતાની જાતને થયેલી અસહ્ય ઈજા ક્યારેક સ્વજનોના મૃત્યુથીય વધુ પીડાદાયક બની રહે છે. શારીરિક પીડાઓ અને દૈહિક વિપરીતતાઓ વચ્ચે ભલભલા યોગીઓનું મન પણ ગૂંચવાયેલું રહે, એ સ્વાભાવિક છે. પરંતુ અધિવેશનની તૈયારીઓ માટેનો બી.એ.પી.એસ.ના નવલોહિયા યુવાનોનો ઉત્સાહ એવો અદમ્ય હતો કે દુર્દમ્ય શારીરિક બીમારીઓ પણ તેમને ડગાવી શકી નહીં. શારીરિક પીડાઓને પચાવી જઈને તેમણે અધિવેશનમાં ઉજ્જ્વળ સિદ્ધિઓ મેળવી.

જુઓ થોડાંક એવાં ઉદાહરણો...

ગવાસદ ક્ષેત્રનો રવિ પટેલ તા. ૧૧-૫-૨૦૧૮ના રોજ અકસ્માતમાં ઘવાયો અને તેના ડાબા પગે ગંભીર ઈજા થઈ. પગમાં ચાર ઈંચ હાડકું છુંદાઈ ગયું. સ્નાયુઓ પણ છુંદાઈ ગયા. ડૉક્ટરોએ સલાહ આપી કે હવે પગ કાપવો એ જ ઇલાજ છે. પરંતુ રવિના પરિવારજનોએ મહંત સ્વામી મહારાજને આ ભયાનક મુશ્કેલી અંગે જણાવ્યું ત્યારે તેઓએ આશીર્વાદ આપ્યા કે પગ કાપવો નહીં પડે ને સારું થઈ જશે.

અને એ આશીર્વાદના સહારે જ પગ કપાતો રહી ગયો. પરંતુ આ એક વર્ષ દરમ્યાન રવિના પગે થોડા થોડા સમયના અંતરે ઑપરેશન ઉપર ઑપરેશન થયે રાખ્યાં. કુલ આઠ ઑપરેશનો થયાં. આમ છતાં, રવિ હિંમત ન હાર્યો. આવી તકલીફો વચ્ચે પણ તેણે નક્કી કર્યું હતું કે અધિવેશનમાં ભાગ લેવો જ છે. રવિ કહે છેઃ 'વચનામૃતના મુખપાઠમાંથી મને પ્રેરણા મળી કે દેહ છે તો દુઃખ તો આવે જ. દુઃખના સંજોગોમાં શરીરને ગૌણ રાખીને આત્મારૂપે વર્તવું. આ રીતે






ભયંકર અકસ્માતમાં છુંદાઈ ગયેલા પગની ગંભીર ઈજા વચ્ચે આઠ આઠ ઓપરેશનો કરાવીને પણ રવિ પટેલ અધિવેશનની તૈયારીઓ કરીને વ્હીલચેરમાં સારંગપુર આવી પહોંચ્યો હતો. તો ધ્યાન બધેકા પગમાં થયેલા ફ્રેક્ચરની તકલીફ સાથે અધિવેશનમાં ભાગ લેવા આવી પહોંચ્યો હતો. અહીં પ્રત્યેક યુવાનની શ્રદ્ધા નજરે ચઢતી હતી. એ શ્રદ્ધાના માહોલ વચ્ચે યુવાનોનાં અડગ મન મહોરી ઊઠ્યાં હતાં...

મારું આત્મબળ દૃઢ થયું. વાંચનમાંથી પ્રેરણા લઈને દુખાવો, ઊંઘ વગેરે અનેક શારીરિક વ્યાધિઓને ગૌણ કરીને મુખપાઠ તૈયાર કર્યો. વર્ષમાં એક દિવસ જ પૂજા ન કરી શક્યો. કારણ કે અસહ્ય દુખાવાને લીધે હું ઘેનમાં હતો. વળી, ડૉક્ટરોએ ઝડપી સારવાર માટે માંસાહારનો આગ્રહ કર્યો. મેં કહ્યું કે હું સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું અને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ મારા ગુરુ છે. માટે માંસાહાર શક્ય જ નથી. આમ છતાં, વગર માંસાહારે ખૂબ ઝડપથી સ્નાયુઓ પાછા બંધાવા લાગ્યા. ડૉક્ટરોએ પણ આશ્ચર્ય અનુભવ્યું કે માંસાહાર વગર આટલી ઝડપથી રિકવરી કઈ રીતે આવી?'


જો કે હજુ પૂર્ણ સ્વસ્થતા મેળવતાં ઘણો સમય જશે. પરંતુ પગે સળિયાઓના બાંધા સાથે વ્હીલચૅરમાં બેસીને મક્કમ મનનો રવિ અધિવેશનમાં હોંશે હોંશે ભાગ લેવા માટે સારંગપુર આવી પહોંચ્યો હતો.

વડોદરા(અટલાદરા)ના યુવાન ધ્યાન બધેકાને અખિલ ભારતીય અધિવેશનના એક દિવસ અગાઉ અકસ્માત થયો અને પગમાં ફ્રેક્ચર થયું. ડૉક્ટરે તેમને ટેમ્પરરી પ્લાસ્ટર કરી દીધું ને બીજા દિવસે વધુ ઈલાજ માટે આવવા કહ્યું. અને હા, અખિલ ભારતીય અધિવેશનમાં સારંગપુર ન જવું તેવું સૂચન પણ ભારપૂર્વક કહ્યું. કારણ કે પીડા અને તકલીફમાં વધારો થવાનો નિશ્ચિત જ હતો. આમ છતાં, એ તકલીફ ને પીડાને માથે વહોરી લઈને તે ઢસડાતા પગે સારંગપુર પહોંચ્યો. પરીક્ષા પૂર્ણ થયા બાદ માત્ર એક જ મહિનામાં ૫૧ વચનામૃતનો મુખપાઠ તૈયાર કરનાર ધ્યાને સારંગપુરમાં વચનામૃતની રજૂઆત કરીને સ્વામીશ્રીની પ્રસન્નતા મેળવી.


હિમેશ ગણાત્રા, મુંબઈ


અભિષેક પટેલ, વડોદરા


જિતેન્દ્ર લછવાણી, અમદાવાદ


મિતેશ ઉનાગર, સુરત


ધ્રુવ પટ્ટણી, અમદાવાદ

કોઈને શારીરિક તકલીફ, કોઈને માતા કે પિતાના આકસ્મિક દેહવિલયનો આઘાત, કોઈને અસહ્ય પીડા તો કોઈને સ્વજનોની શારીરિક પીડા, કોઈને પારિવારિક સમસ્યાઓ... આ બધા વચ્ચે મક્કમ મનના આ યુવાનોએ એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું – ધૈર્યનું, સ્થિરતાનું, શ્રદ્ધાનું, ઉચ્ચ આધ્યાત્મિક સમજણનું....

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા ભાવેશ હિંગુને નોકરીમાંથી એવો સમય જ મળતો નહોતો કે જેથી તે અધિવેશનની પૂરતી તૈયારીઓ કરી શકે. તેમ છતાં તેણે નિયમ લીધો હતો કે રોજ એક વચનામૃતનો મુખપાઠ કરીને જ સૂવું. પરંતુ અધૂરામાં પૂરું, શારીરિક તકલીફો ઉમેરાઈ. પેટમાં અસહ્ય દુખાવાને કારણે એપેન્ડિક્સનું ઑપરેશન કરાવવું પડ્યું. જે દિવસે આંતરક્ષેત્રીયનો મુખપાઠ આપ્યો હતો એ દિવસે પણ પેટમાં અસહ્ય દુખાવો હતો. કોઈપણ વ્યક્તિ હિંમત હારી જાય એવા સંજોગોમાં ભાવેશે ૪૫ વચનામૃતનો મુખપાઠ રજૂ કર્યો હતો.

સુરતનો મિતેશ ઉનાગર અધિવેશનના થોડા દિવસ પહેલાં જ તાવ, શરદી ખાંસીની બીમારીમાં પટકાઈ પડ્યો હતો. આ બીમારીમાંથી માંડ બહાર આવીને સારંગપુર અધિવેશનમાં પહોંચ્યો, ત્યાં સારંગપુરમાં વળી, અધિવેશનના મુખ્ય દિનની આગલી રાત્રે પથરીનો અસહ્ય દુખાવો શરૂ થયો. થોડી સારવાર બાદ કંઈક સારું લાગ્યું. જ્યારે મુખપાઠ રજૂ કરવાનો સમય થયો ત્યારે ફરી પથરીનો દુખાવો અસહ્ય પીડા દેવા માંડ્યો. તેને સારવાર માટે તાત્કાલિક બોટાદ લઈ જવો પડ્યો. સારવાર કરાવીને વળી પાછો તે અધિવેશનમાં આવી પહોંચ્યો. અધિવેશનની સ્પર્ધાઓમાં ભાગ લઈને ઉજ્જવળ પ્રસ્તુતિ કરી. બી.કોમના છેલ્લા વર્ષની પરીક્ષાની તૈયારીની સાથે સાથે મિતેશે ૯૦ વચનામૃતનો મુખપાઠ અને પ્રવચન સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ભરૂચના ભગવત પટેલને એક વિચિત્ર શારીરિક તકલીફ થઈ ગઈ. આંતરક્ષેત્રીય અધિવેશનના એક દિવસ પહેલાં જ અડધી રાત્રે તેમને પીડા ઊપડી. કમરથી નીચેનો ઘૂંટણ સુધીનો ભાગ ફૂલી ગયો. માથું ફાટી જાય તેવો અસહ્ય દુખાવો હતો. તેના પિતા તેને લઈને તાત્કાલિક હૉસ્પિટલ જવા દોડ્યા. જો કે હૉસ્પિટલમાં સારવાર અપાયા બાદ પણ દુખાવો અસહ્ય જ રહ્યો. આવી પરિસ્થિતિમાં પણ તે શરીરની પીડાઓને અવગણીને આંતરક્ષેત્રીય અધિવેશનમાં ઉપસ્થિત રહ્યો અને પ્રવચન સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક હાંસલ કર્યો.

અમદાવાદનો હાર્દિક ગાળિયા પણ અઠવાડિયાંઓની ટાઈફોઈડની બીમારી અને અશક્તિ વચ્ચે હિંમત હાર્યા વિના વચનામૃત મુખપાઠ કરીને જ રહ્યો.

બી.ઈ. ઈલેક્ટ્રોનિક્સના અભ્યાસની સાથે સાથે અધિવેશનની તૈયાર કરી અધિવેશનમાં ભાગ લેવા સારંગપુર આવેલા વડોદરાના અક્ષર ત્રિવેદીને પહેલા દિવસથી જ ઊલટી સાથે માથાનો દુખાવો ઊપડ્યો હતો. આમ છતાં, હિંમત રાખીને તેણે ૬૬ વચનામૃત મુખપાઠ ઉપરાંત નિરૂપણ, પ્રશ્નોત્તરી અને નિબંધ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બાબરાના મહિપત ધકાણને આંખમાં ઈન્ફેક્શન થયું અને પરિણામે આંખે છારી જામી ગઈ. આથી, દેખાતું ઓછું થઈ ગયું. આમ છતાં પાછી પાની કરવાને બદલે ઝાંખપવાળી આંખે પણ વાંચન-મુખપાઠ વગેરે અધિવેશનની તૈયારીઓમાં તે સતત ઉત્સાહભર જોડાયેલો જ રહ્યો. તે કહે છે કે 'ભલે આંખે મુશ્કેલી આવી, પરંતુ મને તો અધિવેશનને કારણે લાભ જ લાભ થયો છે. મુખપાઠને કારણે યાદશક્તિમાં એકદમ વધારો અનુભવાયો છે, જેનો સીધો લાભ મને મારા અભ્યાસમાં થયો છે.'

સુરતના ધર્મેશ ધામેલિયાને નોકરી એવી છે કે મોટરસાઈકલ પર ઘણું ફરવું પડે છે. પરિણામે અધિવેશનની

તૈયારીનો સમય ઓછો મળે. આમ છતાં તેમણે હેલમેટની અંદર મોબાઈલ ભરાવીને ઓડિયો સાંભળતાં સાંભળતાં મુખપાઠ તો કર્યો પરંતુ શારીરિક તકલીફો વચ્ચે. ધર્મેશને કાનની નસ સુકાઈ જવાથી કાનમાં સતત સિસોટી વાગ્યા કરે અને કાનમાં અવિરત તમરાં બોલતાં હોય તેવા વિચિત્ર અવાજો આવ્યા કરે. માથું પાકી જાય એવી પીડા પણ થાય. એવા સંજોગોમાં પણ મોબાઈલ પર ઓડિયો સાંભળી સાંભળીને તેમને મુખપાઠ કરવાની પરિસ્થિતિ ઊભી થઈ હતી. કારણ કે તેમને નોકરી એવા પ્રકારની હોવાથી બાઈક પર સતત ફરવાનું થતું હતું. આથી હેલ્મેટની અંદર મોબાઈલ ફોન ભરાવીને રસ્તા પર જતાં જતાં તેમણે કાનના દુઃખાવાની કે કાનમાં આવતા વિચિત્ર અવાજોની પરવાહ કર્યા વિના મુખપાઠ કર્યો! તેઓ કહે છેઃ 'નોકરીને કારણે લોકોના ઘરે વારંવાર જવાનું થતું તેમાં સ્ત્રી અને દ્રવ્ય બંનેનાં પ્રલોભનો આવ્યાં. પરંતુ માત્ર વચનામૃતના મુખપાઠના શબ્દોની સ્મૃતિ થવાથી હું એ પ્રલોભનોમાં સહેજ પણ લપસ્યો નથી.'

વલ્લભવિદ્યાનગરમાં મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા પ્રેમલકુમાર પટેલને અખિલ ભારતીય અધિવેશનના ૧૦ દિવસ પૂર્વે જ બંને કિડનીમાં પથરીનો અસહ્ય દુખાવો ઉપડ્યો, પરંતુ દર્દ વચ્ચે સૂતાં સૂતાં પણ મુખપાઠ કરીને તેણે ઉજ્જ્વળ પરિણામ હાંસલ કર્યું. વચનામૃતલક્ષી જીવન બનાવવા ઈચ્છતા પ્રેમલકુમારે કહ્યુંઃ 'વચનામૃતના કારણે જ મને મારી આંતરિક શક્તિનું ભાન થયું છે.'

ક્યારેક ગેરસમજ કે અજ્ઞાનને કારણે વડીલો પોતાનાં યુવાન સંતાનોને આ અધિવેશનની તૈયારી માટે સહયોગ તો ન આપી શક્યા, પરંતુ તેમને બાધારૂપ બન્યા. ક્યારેક દાદા અને દાદી, તો ક્યારેક મામા અને કાકા, ક્યારેક માતા-પિતા અને ક્યારેક ભાઈ-બહેન પણ યુવાનોને પ્રોત્સાહન આપવાને બદલે બાધારૂપ બન્યાં. તો કોઈક યુવાનને કંઈક અણધારી બીજી તકલીફ આવી પડી. પરંતુ એ બધા વિપરીત સંજોગો વચ્ચે પણ આ નવલોહિયા યુવાનોએ પુરુષાર્થનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

દહેગામના સંજય રાઠોડનાં* પરિવારમાં કોઈને સ્વામિનારાયણીય સત્સંગનો સ્પર્શ નથી. તેથી સંજય ક્ષેત્રીય અધિવેશન વેળાએ અધિવેશનની તૈયારી કરે તે તેમનાં માતુશ્રીને પસંદ નહોતું. શરૂઆતમાં તેમનો વિરોધ પણ ઘણો બધો હતો. પરંતુ સંજયે મૂકવદને તે સહન કર્યું અને મુખપાઠ ચાલુ રાખ્યો. થોડા સમયમાં માતાએ નોંધ્યું કે મુખપાઠને કારણે પુત્રમાં ઘણું સવળું પરિવર્તન આવ્યું છે. ધીમે ધીમે તેમને પુત્ર પ્રત્યે અને તેની પ્રવૃત્તિ પ્રત્યે આદર વધ્યો અને પરિણામે માતાનું પણ પરિવર્તન થઈ ગયું. અખિલ ભારતીય અધિવેશન વેળાએ માતાએ આગ્રહપૂર્વક અધિવેશનની તૈયારી માટે પુત્રને સમય ફાળવવા માટે આગ્રહ કર્યો અને એ યુવાને સુંદર પરિણામ હાંસલ કર્યું.

* નામ બદલ્યું છે.

અમદાવાદના વિજયસિંહ રાણાને* વ્યવસાય એવો કે સવારથી રાત સુધી સમય જ ન મળે. આથી રાત્રે અગિયારથી એક દોઢ વાગ્યા સુધીનો સમય મુખપાઠ કરવા માટે આરક્ષિત રાખી દીધો. છેલ્લા પાંચ મહિનાથી આ જ ક્રમ હતો. પત્નીને આ બધું પસંદ નહોતું. આથી પત્નીએ ખૂબ વિરોધ કર્યો. પારિવારિક સમસ્યા અસહ્ય બની ગઈ. આમ છતાં વચનામૃતમાંથી સ્થિર રહેવાનું જ્ઞાન મળી ગયું હોવાથી વિજયસિંહ મનથી સ્થિર અને અડગ રહ્યા. પારિવારિક સમસ્યાને ઉકેલવાનું બળ પણ તેને વચનામૃતમાંથી મળ્યું છે.

કમ્પ્યૂટર એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કરી એક કંપનીમાં વેબ-ડેવલપર તરીકે નોકરી કરતા સુરતના યોગેશ રંગોલિયાને તો પોતાનાં જ લગ્ન હતાં. આમ છતાં લગ્નની તૈયારીઓ અને લગ્નની જવાબદારીઓ વચ્ચે તેણે ૧૨૦ વચનામૃતોનો મુખપાઠ કર્યો હતો! વળી, આટલું પૂરતું ન હોય તેમ, તેનાં માતુશ્રીને પણ આંખની મોટી બીમારી આવી ગઈ. આમ છતાં યોગેશે પારિવારિક સેવાનો ધર્મ નિભાવીને પણ મુખપાઠમાં ક્યાંય કચાશ રાખી નહીં!

વિદ્યાનગર છાત્રાલયમાં રહીને ૭૨ વચનામૃતોનો મુખપાઠ કરનાર અંકુર પટેલના જીવનમાં એક અણધારી મુસીબત આવી પડી હતી. તે કહે છેઃ 'અમારે વાહનના લે-વેચનો ધંધો. મારા પિતાએ એક સંબંધીને પોતાના નામે ટેમ્પો લેવડાવ્યો. પણ એ સંબંધીએ થોડા સમયમાં પૂછ્યા વગર ટેમ્પો બીજાને વેચી દીધો અને નામ એનું એ રહ્યું. મહિના પહેલાં તે ટેમ્પો દારૂની હેરાફેરીમાં પકડાયો. પરિણામે પોલીસ અમારા ઘરે આવી. શંકાશીલ પોલીસ મારા પિતાજીને કસ્ટડીમાં લઈ ગયા ને ૨૧ દિવસ સુધી જેલમાં રાખ્યા. આ અણધારી આફત વચ્ચે પણ હું મુખપાઠને કારણે મનથી સ્થિર રહી શક્યો અને અધિવેશનની તૈયારી પણ ચાલુ રાખી શક્યો.'

આવા સેંકડો પ્રસંગોની હારમાળા છે, જેમાં બી.એ.પી.એસ.ના યુવાનોનું ખમીર દેદીપ્યમાન સૂર્યની જેમ ઝળહળે છે.

◆

* નામ બદલ્યું છે.



# યુવા અધિવેશનમાં સૌને મળી તેજસ્વી ફળશ્રુતિઓ

અખિલ ભારતીય યુવા અધિવેશનમાં જોડાયેલા યુવાનોની પ્રેરક ગાથા....

કેવી છે આ યુવા અધિવેશનની ફળશ્રુતિઓ?

યુવા અધિવેશનમાં જોડાયેલા થનગનતા હજારો યુવાનોને નીરખતાં આ સવાલ કોઈના પણ હૈયે ઊઠે તે સ્વાભાવિક છે. પરંતુ તેનો સાચો જવાબ મેળવવા માટે યુવા અધિવેશનમાં ભાગ લેનારા હજારો યુવાનોનાં જીવનમાં ડોકિયું કરવું પડે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ અને વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા મહંત સ્વામી મહારાજની નિશ્રામાં યોજાયેલું યુવા અધિવેશન હજારો યુવાનો માટે જીવન-ઘડતરનું એક અનોખું પર્વ બની રહ્યું હતું. અધિવેશન દરમ્યાન કે તેની પૂર્વ તૈયારીઓ દરમ્યાન યુવાનોએ વચનામૃતનું પાન કર્યું, પ્રશ્નોત્તરીના માધ્યમથી આધ્યાત્મિક સમજણની ક્ષિતિજોને સ્પર્શ કર્યો, આધ્યાત્મિક વિષયોની જુદી જુદી સ્પર્ધાઓની તૈયારીઓ કરી, તે બધું જ તેમને એક નવી ઊંચાઈએ લઈ ગયું. યુવા અધિવેશનમાં ઊમટેલા યુવાનોના અનુભવો મેળવતાં એવું લાગ્યું કે વર્ષોની સાધનાઓ પછી પ્રખર સાધકો જ્યાં નથી પહોંચી શક્યા ત્યાં આ લબરમૂછિયા યુવાનો સત્પુરુષના સહારે સહજતાથી પહોંચી ગયા છે.

પ્રત્યેક યુવાનની ભૂમિકા અલગ, પ્રત્યેક યુવાનનો અનુભવ અલગ છતાં બધામાં સર્વસામાન્ય એ હતું કે સૌને અંતર્દૃષ્ટિની આંખો અને સમજણની પાંખો ફૂટી હતી. કેટલાય યુવાનોને નિત્ય જિવાતા જીવનમાં પણ કંઈક નોખા-અનોખા લાભ અનુભવાયા છે.

આ અધિવેશનને કારણે યુવાનોને એવી સહજ તાલીમ મળી છે કે તેમનામાં સૂતેલું ખમીર જાગી ગયું. ભાંગલો તૂટલો આત્મવિશ્વાસ મજબૂત બની ગયો. ડર, શંકા-કુશંકા, અણવિશ્વાસ જેવા નબળા અને મોળા ભાવોથી આ યુવાનો ઉપર ઊઠ્યા. જુઓ એમાંના જ કેટલાક યુવાનોના ઉદ્ગારોઃ

**અમારો ડર દૂર થયો અને આત્મવિશ્વાસ વધ્યો...**

રોજ ૧૫ કલાક મહેનત કરીને ૧૫૦ વચનામૃતોનો મુખપાઠ કરનાર પાદરાના કીર્તન ચૌહાણ કહે છે કે તેનો આત્મવિશ્વાસ વધ્યો છે. શિક્ષણમાં તે હવે ખૂબ ઊંચી સિદ્ધિ હાંસલ કરી શકશે તેવો આત્માનો રણકાર તેને સંભળાય છે.

અમદાવાદનો અક્ષય દેવૈયા પણ કહે છેઃ 'મુખપાઠથી જીવનના અનેક પ્રશ્નોનું સમાધાન મળ્યું છે. પહેલાં મને પરીક્ષા આપવામાં ખૂબ જ ડર રહેતો, તેને બદલે

આત્મવિશ્વાસ વધવાથી હવે એ ડર દૂર થઈ ગયો છે.'

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા ઉમંગભાઈ પટેલને અધિવેશન પહેલાં પરીક્ષા અને પરિણામનો ખૂબ જ ડર લાગતો, પરંતુ હવે એ ડરનો ડર રહ્યો નથી.

ભરૂચના મિતાંશુ સુથારને પહેલાં કોઈની સાથે વાત કરવામાં ખૂબ જ ગભરામણ થતી હતી, પરંતુ હવે એ ગભરામણ દૂર થઈ ગઈ છે.

ઈલાવનો વિશાલ પટેલ પ્રવચન કરતાં ખૂબ ડરતો હતો, પરંતુ પ્રવચન સ્પર્ધા વેળાએ તેણે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાની સ્મૃતિ કરી અને તેમાંથી છટાદાર પ્રવચન કરવાની શક્તિ પ્રાપ્ત થઈ.

અમદાવાદનો ઋત્વિજ સોની લખે છે કે 'અધિવેશનને કારણે મારી એકાગ્રતા અને યાદશક્તિમાં ઘણો જ વધારો થયો છે. સિવિલ એન્જિનિયરિંગની વાર્ષિક પરીક્ષામાં પણ ખૂબ જ આત્મવિશ્વાસ પ્રગટી ગયો. એટલું જ નહીં વચનામૃતના મુખપાઠને કારણે સારા અને ખરાબ વચ્ચેનો ભેદ સ્પષ્ટ સમજી શકાયો છે.'

આત્મવિશ્વાસની આ મશાલે કેટલાંક જીવનનાં ગાઢ અંધારાં દૂર કર્યાં છે. આત્મવિશ્વાસના અભાવે જીવન ટૂંકાવી નાંખવાના ઓવારે પહોંચી ગયેલા યુવાનોને અહીં નવું જીવન મળ્યું છે. આણંદનો એક યુવાન પ્રણવ* જણાવે છે કે 'ધોરણ-૧થી આજ સુધી મારે દર વર્ષે ૮૫ ટકાથી વધારે જ આવ્યા છે. પરંતુ કમનસીબે આ વર્ષે ૭૭.૫ ટકા આવ્યા. મને ખૂબ લાગી આવ્યું. હું નાસીપાસ થઈ ગયો. મને લાગ્યું આના કરતાં મરી જવું સારું. પરિણામે આત્મહત્યાનો વિચાર નક્કી થઈ ગયો. પરંતુ અધિવેશનમાં વચનામૃતનો થોડો મુખપાઠ કર્યો હતો, તેમાંથી પ્રેરણા મળી કે ભગવાન સર્વકર્તાહર્તા છે. તે જે કરશે તે સારું જ કરશે. એ એક જ વિચારથી હું પાછો વળ્યો. હું ખરેખર કહું છું કે આ અધિવેશન યોજાયું ન હોત તો હું અત્યારે તમારી સાથે વાત કરવા જીવતો ન હોત. હવે લાગે છે કે વચનામૃત જ સર્વ શાસ્ત્રનો સાર છે. જીવનને સાચે માર્ગે લઈ જવા માટે બીજું કોઈ પુસ્તક વાંચવાની જરૂર નથી.' આટલું બોલતાં તે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ પ્રત્યે કૃતજ્ઞતાથી અશ્રુસભર આંખે નમી પડે છે.

મુંબઈનો યુવક શરદ પણ ભાવવિભોર થઈને કહે છે: 'અધિવેશનમાં કરેલા મુખપાઠથી હવે ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં વચનામૃત જ નજર સમક્ષ આવે છે.'

બેંગલોરના વિરાટ જાનીએ અધિવેશનની તૈયારીઓ ઑફિસ જતાં ટ્રાવેલિંગ દરમ્યાન અને ઑફિસના રિસેસના સમયમાં કરી છે. આ વચનામૃતના મુખપાઠથી તેઓને ભગવાનના કર્તાહર્તાપણાનો વિચાર દૃઢ થયો છે, તેનાથી કઠિન સંજોગોમાં ઝઝૂમવાનું બળ મળ્યું છે.

## અમારી યાદશક્તિ સતેજ બની...

મુખપાઠથી યાદશક્તિમાં વધારો થયાનું તો અનેક યુવાનોએ અનુભવ્યું છે. મુંબઈના આનંદ શાહ હોય કે વડોદરાના જય ગોહિલ હોય કે અમદાવાદનો અક્ષય દેવૈયા હોય, સૌ એકી અવાજે તેમાં સૂર પુરાવે છે.

અટલાદરા ખાતેના બી.એ.પી.એસ. છાત્રાલયમાં ભણતો અને ૧૫૦ વચનામૃતોનો મુખપાઠ કરનાર હેમિલ ગાંધી અને હિમાંશુ પટેલ કહે છે: 'વચનામૃતના મુખપાઠ માટે ૪ મહિના સુધી અમે રોજ ૭-૮ કલાક ફાળવતા હતા, પરિણામે અમારી યાદશક્તિમાં નોંધપાત્ર વધારો થયો છે. આત્મવિશ્વાસ ખૂબ જ વધવાથી અગાઉ બે કલાકમાં યાદ રહેતું તે હવે એક કલાકમાં યાદ રહી જાય છે.' હિમાંશુ આગળ કહે છે: 'અધિવેશનથી મારા જીવનમાં ધીરજ, સહનશીલતા, સમજણ, નિયમિતતા આવી છે.'

બસમાં ટ્રાવેલિંગ કરતાં કરતાં મુખપાઠ કરનાર યુવાન બ્રિજેશ ડાભી(અમદાવાદ) દૃઢતાથી કહે છે કે 'વચનામૃત મુખપાઠથી તેમની યાદશક્તિમાં વધારો થયો છે. સાથે સાથે નિયમધર્મ પાળવાનું બળ પણ મળ્યું છે.'

અમદાવાદનો નિશાંત ભરાડ, ભરૂચનો શિવમ પટેલ, નડિયાદ છાત્રાલયનો વેદાંત પંડ્યા, બોડેલીના વનવાસી વિસ્તારનો વતની દેવરાજ વસાવા વગેરે અનેક યુવાનો તેમાં પોતાનો એવો જ અભિપ્રાય ઉમેરે છે.

## અમારી એકાગ્રતામાં અભિવૃદ્ધિ થઈ...

મોટા ભાગના યુવાનોનો એક સર્વસામાન્ય અનુભવ એવો રહ્યો છે કે અધિવેશનમાં ભાગ લેવાથી, ખાસ કરીને મુખપાઠમાં જોડાવાથી તેમની એકાગ્રતામાં નોંધપાત્ર વધારો થયો છે. કેટલાય યુવાનોએ તેનો પ્રત્યક્ષ અનુભવ કે તેનો સીધો ફાયદો તેમના સ્કૂલ-કૉલેજના રોજિંદા અભ્યાસમાં કર્યો છે. સુરતના જયપાલ વસ્તરપરા, અમદાવાદના કથન શાહ, ગોંડળ ગુરુકુળના વિદ્યાર્થી શરદ વગેરે યુવાનો તેની સાક્ષી પૂરે છે. શરદ કહે છે: 'અધિવેશન પહેલાં મારું મન અભ્યાસમાં નહોતું લાગતું, પરંતુ હવે અભ્યાસમાં એકાગ્રતા આવી છે, તેથી અભ્યાસમાં ચિત્ત ચોંટ્યું છે.'

અમદાવાદનો કથન શાહ જણાવે છે કે 'પહેલાં તો વચનામૃત વાંચવાનો કંટાળો આવતો, પરંતુ જેમ જેમ મુખપાઠ કરતો ગયો તેમ તેમ ઉત્સાહ જાગતો ગયો અને

* નામ બદલ્યું છે.



અધિવેશનની ફળશ્રુતિઓથી છલકાતા યુવાનો મહંત સ્વામી મહારાજનાં ચરણે વંદના કરતાં બોલી ઊઠ્યાઃ 'સ્વામી! આ અધિવેશનને કારણે અમારા જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આપનો ખૂબ ખૂબ આભાર.'

જ્ઞાન દૃઢ થયું. મને મોટો ફાયદો એ થયો કે હું પહેલાં એક કલાકથી વધારે ભણવા બેસતો જ નહીં. પણ હવે ૨થી ૩ કલાક એકાગ્રતાથી બેસી શકું છું. જે મને મારા આગળના અભ્યાસમાં ખૂબ જ મદદરૂપ થશે.'

## અમારાં આળસ-પ્રમાદ દૂર થયાં...

આ અધિવેશનમાં કાચા-પોચાનું કામ નહોતું. અહીં તો કમર કસીને, આળસ-પ્રમાદ તજીને દિવસ-રાત પરિશ્રમનો પરસેવો સિંચે એ જ સફળતાની ફૂલવાડી ખીલવી શકે તેમ હતા. આથી, કાં તો આળસ-પ્રમાદને છોડવા પડે, કાં તો અધિવેશન છોડવું પડે. પણ સ્વામીશ્રીના પ્રતાપે આ અધિવેશને કેટલાય યુવાનોનાં આળસ-કંટાળો ઉડાડી દીધાં છે અને તેમને ચેતનવંતા બનાવી દીધા છે.

સાડા ચાર મહિના સુધી મહેનત કરીને ૧૦૫ વચનામૃતોનો મુખપાઠ કરનાર અમદાવાદના અંકિત શેલડિયાને અનુભવ થાય છે કે હવે તેમની આળસ ઊડી ગઈ છે. ગોરવા ક્ષેત્રનો મેહુલ વ્યાસ લખે છે કે 'અધિવેશનને કારણે આળસ દૂર થઈ. અને અભ્યાસમાં પણ ખૂબ પ્રગતિ થઈ.' તો વડોદરાના ધૈર્ય પટેલે ૧૧માની પરીક્ષા, ટ્યૂશન વગેરે વચ્ચે રોજ રાત્રે એક કલાક તથા વહેલી સવારે ૪થી ૫ વાગ્યા દરમ્યાન તૈયારીઓ કરી હતી. તે કહે છેઃ 'આ અધિવેશનના લીધે મારામાં નિયમિતતાનો ગુણ આવ્યો અને આળસ દૂર થઈ ગઈ.'

ગોંડલમાં અભ્યાસ કરતા વંદન ગજેરા કહે છે, 'હું અત્યારે સાયન્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરું છું. પહેલાં જ્યારે જ્યારે બાયોલોજી જેવા વિષયો ભણું ત્યારે કંટાળો આવતો. વચનામૃતના મુખપાઠ બાદ હવે બાયોલોજી વિષય સહેલો લાગે છે અને કંટાળો પણ નથી આવતો. વચનામૃત સામે તમામ વિષયો નાના હોય તેવું લાગે છે.'

ધોકડવાના યુવાન પાર્થ સોંડાગર કહે છેઃ 'અધિવેશનથી આળસ છૂટી, નિયમિતતા પણ આવી. પરંતુ, એથીય વિશેષ નિયમિત વાંચનની ટેવ વિકસી. અધિવેશનથી સંતો પ્રત્યે પણ વિશેષ મહિમા અને પ્રેમ વધ્યો.'

રાણીપ(અમદાવાદ)ના વિશ્વજિતસિંહ ઝાલા કહે છેઃ 'મારે માટે વહેલું ઊઠવું ખૂબ આકરું રહેતું, પરંતુ અધિવેશનને લીધે વહેલા ઊઠતો થઈ ગયો છું.'

## અમને અંતર્દૃષ્ટિ થઈ અને સ્થિરતા આવી છે...

યુવાનોને કેવા કેવા દૃષ્ટિકોણથી અંતર્દૃષ્ટિ થઈ છે તે જાણવું પણ ખૂબ રસપ્રદ બની રહેશે. કોઈને અંતઃશત્રુની દિશ જડી છે, કોઈને ક્રોધ પર લગામ રાખવાની પ્રેરણા મળી છે, કોઈને માન અને ઈર્ષ્યા ટાળવાનું બળ મળ્યું છે, કોઈને અભાવ-અવગુણનો અભાવ આવ્યો છે, કોઈને શાંતિનો રાજમાર્ગ જડ્યો છે, કોઈને પંચવિષય અને કુસંગ થકી જાતને બચાવવાની જડીબુટ્ટી જડી છે, કોઈને સર્વોપરી અને શુદ્ધ ઉપાસનાના મંત્રો મળ્યા છે તો કોઈને બ્રહ્મરૂપ થવાના માર્ગે થોડાં ડગલાં આગળ વધ્યાનો અનુભવ થયો છે.

આવો, એ યુવાનોના થોડા અનુભવોને માણીએ...

વડોદરામાં આયુર્વેદ મેડિસિનમાં અભ્યાસ કરી રહેલા હીરેન ગોહિલ કહે છેઃ 'વચનામૃતના મુખપાઠથી વ્યક્તિગત

જીવનમાં મોટામાં મોટો લાભ એ થયો કે આપણામાં રહેલો સૌથી મોટો દોષ માન છે એ મને સમજાયું. માન આપણાં બધાં કામ બગાડી નાખે છે. એક સત્સંગી તરીકે મારે માન ટાળવું જ જોઈએ.'

કરમસદના ઝલક પટેલને વચનામૃતના મુખપાઠ દ્વારા માન-અપમાનમાં કેવી રીતે સ્થિર રહી શકીએ, કેવી રીતે બીજા હરિભક્તોનો ગુણ લઈ શકીએ, કેવી રીતે તેમનામાં દિવ્યભાવ રાખી શકીએ, કેવી રીતે સત્પુરુષમાં જોડાઈ શકીએ તે બધી પ્રેરણાઓ મળી છે.

વલ્લભવિદ્યાનગરમાં અભ્યાસ કરી રહેલા જય જાદવ કહે છેઃ 'મુખપાઠને કારણે હવે મન સાથે લડાઈ કરવાનું બળ મળ્યું છે, અંતર્દૃષ્ટિ થાય છે. ત્રણ વાત દૃઢ થઈ - અરસપરસ દિવ્યભાવ, નિષ્ઠાવાન ભવ અને સત્પુરુષનો આશરો કોઈ કાળે છોડવો નહીં.'

તારાપુરના જય વિનુભાઈ પટેલને અનુભવ થયો કે વચનામૃતનાં અમૃતબિંદુઓએ તેના ભભૂકતા ક્રોધને શાંત કર્યો છે. ભાવનગરના હર્ષ યાદવને પ્રત્યેક પરિસ્થિતિમાં સ્થિર રહેવાની પ્રેરણા મળી છે. ક્રોધ ઓછો કરીને જતું કરવાની પ્રેરણા પણ તેને મળી છે. એ જ રીતે સુરતનો જૈમિન ગજેરા પણ કબૂલ કરે છે કે વચનામૃત મુખપાઠ કરતા થયા ત્યારથી તેઓને ક્રોધ પર સહેજે સહેજે કાબૂ આવ્યો છે. અમદાવાદના જયરાજસિંહ વિજયરાજસિંહ વાઘેલાને પણ વચનામૃતના મુખપાઠને કારણે સહનશક્તિ વિકસ્યાનો અનુભવ થયો છે. પરિણામે તેમનો ગુસ્સો પણ ઓછો થયો છે.

આવા એકલ-દોકલ નહીં, અનેક યુવાનો ખુલ્લા હૃદયે સ્વીકારે છે કે અધિવેશન અને વચનામૃત મુખપાઠને કારણે તેમને ક્રોધ ઉપર કાબૂ મેળવવાની પ્રેરણા મળી છે.

મુંબઈના કીર્તન બ્રહ્મભટ્ટ, ભાવનગરના મિલન મિયાણી, મુંબઈના શિવમભાઈ દવે, અટલાદરાના નીતિન પઢિયાર વગેરે યુવાનો સાખ પૂરે છે.

વડોદરાનો મનન ગાંધી કહે છે કે 'પહેલાં હું વાતવાતમાં ગુસ્સે થઈ જતો. મારો જિદ્દી સ્વભાવ હતો. તેમાં ઘણો સુધારો આવ્યો. હવે આત્મવિશ્વાસ પણ ખૂબ વધી ગયો છે.'

બસમાં અપડાઉન વેળાએ તૈયારી કરીને ૯૧ જેટલા વચનામૃતનો મુખપાઠ કરનાર નડિયાદનો રાહુલ રાણા કહે છે, 'હું છેલ્લાં સાત-આઠ વર્ષથી સત્સંગમાં હતો પણ મને સત્સંગનું યથાર્થ જ્ઞાન આ યુવા અધિવેશનમાં ભાગ લેવાથી મળ્યું છે. વચનામૃત ગઢડા પ્રથમ ૭૬માં શ્રીજીમહારાજ કહે છે, 'ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તો પણ તે સાથે અમારે બને નહીં.' એ વાત મને ખૂબ જ સ્પર્શી ગઈ છે. તેથી શ્રીજી-મહારાજના એ વિચાર પ્રમાણે જ જીવવાની પ્રેરણા પ્રાપ્ત કરી છે.'

વલ્લભવિદ્યાનગરનો રક્ષિત જહાંગીર કહે છે, 'મુખપાઠથી ક્રોધ, માન, ઈર્ષ્યા ટાળવાની વિશેષ પ્રેરણા મળી છે. સાથે સંસ્થા પ્રત્યે અસ્મિતા જાગ્રત થઈ છે.'

બારડોલીનો કીર્તન ટાંક રોજ ૫-૬ કલાક વચનામૃતના મુખપાઠ માટે ફાળવતો હતો. ભગવાન સ્વામિનારાયણનાં વચનોના આ મુખપાઠે તેને દૃઢ કરાવી દીધું કે ભગવાનને ક્રોધી મનુષ્ય ગમતા નથી. બસ, એટલામાં જ ગુસ્સા પર કાબૂ મેળવવાની જડીબુટ્ટી જડી ગઈ.

મુંબઈના શૈલેશભાઈ કરંજાને પહેલાં ઘરમાં માતા-પિતા સાથે ખૂબ બોલાચાલી થતી, પરંતુ અધિવેશનમાં મુખપાઠ કર્યા બાદ હવે તેઓને ક્રોધ, અવિવેક વગેરે સ્વભાવ પર કાબૂ મેળવવાનું બળ મળ્યું છે. મુખપાઠથી તેના જીવનમાં સ્થિરતા આવી છે.

તો વડોદરાના ભાવેશ પટેલને સુખ-દુઃખમાં સ્થિર રહેવાની પ્રેરણા આ અધિવેશનમાંથી મળી છે. જૂનાગઢના કાર્તિક રાઠવાને પણ મુખપાઠ કરવાથી વ્યક્તિગત જીવનમાં વિપરીત પરિસ્થિતિમાં સ્થિર રહેવાનું બળ મળ્યું છે.

વલ્લભવિદ્યાનગરના જય વિપુલભાઈ પ્રજાપતિને કોઈના પ્રત્યે ઈર્ષ્યા ન કરવાની પ્રેરણા મળી છે.

વસોના કૃણાલ પટેલે ૧૫૩ વચનામૃતોનો કડકડાટ મુખપાઠ કર્યો છે. વચનામૃતના વારંવાર રટણથી તેને દૃઢ થયું કે સત્સંગમાં આપણે કોઈના અભાવ-અવગુણ કે દ્રોહમાં પડવું જ નહીં.

વિદ્યાનગરના રાજેશ ભાટિયાને વચનામૃતના મુખપાઠથી સ્વભાવો ટાળવાનું બળ મળ્યું છે. તેઓને માનનો ત્યાગ કરવાની વિશેષ પ્રેરણા અધિવેશનમાંથી જ મળી છે.

તારાપુરના કૃષ્ણરાજને ભગવાન સ્વામિનારાયણનો મહિમા સમજાયો અને લાગ્યું કે જીવનની સઘળી સમસ્યાઓનું સમાધાન વચનામૃત દ્વારા મળી રહે છે.

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા મેઘ પટેલે ધોરણ ૯માં સ્કૂલમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો અને સાથે સાથે અધિવેશનની તૈયારી દરમ્યાન ૧૨૦ વચનામૃતનો મુખપાઠ કર્યો હતો. શાળાની પરીક્ષાઓની તૈયારી વચ્ચે રાત્રે મોડે સુધી જાગીને તેમણે અધિવેશનની તૈયારી કરી હતી. વચનામૃતના આ મુખપાઠે મેઘને અંતર્દૃષ્ટિની ભેટ આપી છે. તે કહે છેઃ 'હું કંઈક ખોટું કરવા જઉં તો તરત જ

વચનામૃતના શબ્દો યાદ આવી જાય છે અને ખોટું કરતાં અટકી જાઉં છું. વળી, અભ્યાસમાં એકાગ્રતા પણ વધી છે.'

મુંબઈના પાર્થ દરજીને અનોખી શાંતિનો અનુભવ થયો છે. તે કહે છેઃ 'અધિવેશનમાં ભાગ લેવાથી અને વચનામૃતનું વાંચન કરવાથી મને ખૂબ શાંતિનો અનુભવ થયો છે. મારા ઘણા પ્રશ્નોનું સમાધાન મને મળી ગયું છે. હવે વિશ્વાસ આવ્યો છે કે જીવનમાં આવતી મુશ્કેલીઓ સામે હું સ્થિર રહી શકીશ. અને અભ્યાસમાં કે નોકરીમાં ક્યારેય ટેન્શન કે મુશ્કેલી આવશે તો મારે ગુગલ કે યુ ટુબ પર સર્ચ નથી કરવાનું, પરંતુ વચનામૃત વાંચવાનું છે. તેમાં બધા જ પ્રશ્નોનું નિરાકરણ છે અને તે પ્રમાણે વર્તવાનું છે.'

આણંદ પાસેના કલિકુંડનગરનો યુવક અક્ષર વિસાણી કહે છે કે 'હું વચનામૃત વાંચતો જ નહોતો, વાંચ્યું ત્યારે ખબર પડી કે વચનામૃત ખરેખર ધરતી પરનું અમૃત છે. છેલ્લા ત્રણ મહિનાથી તૈયારી છે. હવે જે જે વાંચ્યું છે તે જીવનમાં ઉતારવું છે. યુવાનીમાં ઇંદ્રિયોની તાકાત વધવાને લીધે કુસંગ વધી જાય છે, પરંતુ હવે આ વચનામૃતોને જીવનમાં ઉતારીને જીવન સમૃદ્ધ ને સંતુલિત બનાવવું છે.'

વલ્લભવિદ્યાનગરમાં અભ્યાસ કરતો દેવલ ભદેસરા જણાવે છેઃ 'વચનામૃતના મુખપાઠ કરતો ગયો તેમ તેમ રહસ્યો ઉદ્‌ઘાટિત થતાં ગયાં અને મારી આધ્યાત્મિક પ્રગતિ થતી ગઈ. તેનાથી હું મારામાં પડેલા અભાવ-અવગુણ અને સ્વભાવ ટાળવા પ્રયત્ન કરતો થયો છું.'

૬૦ વચનામૃતનો મુખપાઠ કરનાર અટલાદરા (વડોદરા)નો મંથન પટેલ કહે છેઃ 'વચનામૃતના મુખપાઠનાં લીધે મને હવે આધ્યાત્મિક અનુસંધાન અને અંતર્દૃષ્ટિ રહે છે. અધિવેશનથી શ્રીજીમહારાજ સર્વોપરી છે, અને ગુણાતીત સંત દ્વારા ભગવાન પ્રગટ રહ્યા છે તે જ્ઞાન દૃઢ થયું છે.'

બોપલ(અમદાવાદ)માં ટેલરિંગનો વ્યવસાય કરતા વંદન માંડલિયા ઉચ્ચારે છેઃ 'વચનામૃતથી જે સમજણ દૃઢ થઈ છે, તેનાથી મારા જીવનની ઘણી બધી સમસ્યાઓનો ઉકેલ હું જાતે જ મેળવી શકીશ.'

પાટણ નજીકના કુણઘેર ગામનો યુવાન વિપુલ પટેલ કહે છેઃ 'વચનામૃતના મુખપાઠને કારણે અંતર્દૃષ્ટિ થવાથી માન-અપમાનમાં સ્થિરતા રહે છે. પંચવિષયમાં ન લેવાઈ જઈએ, કોઈનો અભાવ-અવગુણ ન આવે, એ રીતે ઘણો આધ્યાત્મિક લાભ મને થયો છે.'

પેટલાદના હરદીપ એમ. ચૌહાણ નોંધે છેઃ 'આ અધિવેશન દ્વારા મને વિશ્વાસ આવી ગયો કે મારું આત્યંતિક કલ્યાણ નક્કી છે.'

વચનામૃતોનો મુખપાઠ કરનાર હેમિલ ગાંધી કહે છે કે 'આ અધિવેશનથી અક્ષરની મોટાઈ કેટલી છે તે ખબર પડી. હરિભક્તોમાં દિવ્યભાવ રાખવાની સમજણ પ્રાપ્ત થઈ.'

બોટાદમાં બી.સી.એ.નો અભ્યાસ કરી રહેલા જિગર કળથિયા જેવા યુવાનોનો એવો પણ અનુભવ છે કે મુખપાઠ દરમ્યાન ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યો સતત સાથે હોય તેવું લાગ્યું છે.


મેકેટ્રોનિક્સમાં એન્જિનિયર થયેલ પાર્થ કે. પંચાલ (વીજાપુર) સ્વાનુભવ વર્ણવતાં કહે છે કે 'અધિવેશનમાં મુખપાઠ કરેલાં ૪૫ વચનામૃત બ્રહ્મરૂપ થવાના માર્ગે એકદમ સચોટ સાબિત અનુભવાયાં છે.'

ચેન્નાઈના પારસ પટેલ કહે છે કે 'અધિવેશનમાં વચનામૃતનો મુખપાઠ કરવાથી મહંત સ્વામી મહારાજમાં ખૂબ આત્મબુદ્ધિ થઈ ગઈ, અભાવ-અવગુણની દૃષ્ટિ દૂર થઈ અને પરિણામે દિવ્ય આધ્યાત્મિક આનંદ અનુભવાયો છે.'

વલ્લભવિદ્યાનગરમાં બી. ઈ. ઇલેક્ટ્રિકલનો અભ્યાસ કરી રહેલા રાજ પરમારને અંતર્દૃષ્ટિની ટેવ પડી. એ કહે છે કે 'કોઈપણ કાર્ય કરતી વખતે એક વખત વિચાર આવી જાય છે કે આ ક્રિયા વચનામૃતની સાક્ષીએ યોગ્ય છે કે અયોગ્ય? એમ દરેક ક્રિયામાં જાણપણું રહે છે.'

સારંગપુરમાં રહીને બી.એ.નો અભ્યાસ કરતા તેજસ કોરિયાને મુખપાઠમાં ન તો મન લાગે કે ન તો યાદ રહે. મિત્ર આગળ ફરિયાદ કરતાં તે બોલી ઊઠ્યો કે મને યાદ જ રહેતું નથી. મિત્રે સલાહ આપીઃ 'શ્રીજીમહારાજ અને સ્વામીશ્રીને રાજી કરવા છે એવા વિચારથી મંડી પડ, યાદ રહેવા માંડશે.' અને આશ્ચર્ય! ૪૫ વચનામૃતનો મુખપાઠ કડકડાટ કરી નાંખ્યો! તે કહે છેઃ ''યોગીજી મહારાજે કહ્યું છે કે 'હે યુવકો! મુખપાઠ કરવાથી શાંતિ થશે.' એ મેં જાતે અનુભવ્યું છે. ગમે તેવી મૂંઝવણો વચ્ચે મુખપાઠ કરવા બેસીએ તો વચનામૃતના શબ્દોની અલગ દુનિયામાં બેસી જતા હોઈએ એવી શાંતિ અનુભવાય છે.''

અહીં તો માત્ર થોડાક જ અનુભવોની વાત થઈ છે. હકીકતે આવા હજારો અનુભવોની લહાણી કરી શકાય તેમ છે. બધાનો સાર એક જ છેઃ આ અધિવેશન યુવાનો માટે જાણે એક અજોડ કલ્પતરુ બની રહ્યું. અહીં કલ્પ્યું કે માંગ્યું તેના કરતાં કંઈક અનોખું પામ્યાનો અદકેરો અનુભવ સૌને થયો છે. એટલે જ આ અધિવેશનમાં જોડાયેલા હજારો યુવાનો અધિવેશનના પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે. ◆



# વિપરીત સંજોગોમાં સમયને નાથ્યો યુવાનોએ ...

અખિલ ભારતીય યુવા અધિવેશનમાં જોડાયેલા યુવાનોની પ્રેરક ગાથા....

અખિલ ભારતીય યુવા અધિવેશન એટલે યુવાનોના તરવરાટને અને તેમની અખૂટ શક્તિઓને સાચી રચનાત્મક દિશામાં વાળતું પર્વ. યૌવન પાસે શક્તિ તો અમાપ છે, પરંતુ તેને સાચી દિશા જડતી નથી, એટલે તે રચનાત્મકને બદલે નકારાત્મક બનીને જગતને નિરાશામાં ધકેલે છે. અખિલ ભારતીય યુવા અધિવેશનને કારણે બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના હજારો યુવાનોએ પોતાની શક્તિઓને રચનાત્મક માર્ગે કેવી રીતે વાળી તેનો પણ એક સુદીર્ઘ અધ્યાય છે.

આધુનિક યુવાનની શક્તિઓ વેડફાય છે, કારણ કે તેને સમયની કિંમત નથી. સમયની બરબાદી એટલે યૌવનની બરબાદી. પરંતુ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની યુવાપ્રવૃત્તિના હજારો યુવાનોએ સમયને નાથીને એક એક પળને રચનાત્મક માર્ગે વાળવાનું જાણે કાળદેવતા સામે એક યુદ્ધ છેડ્યું હતું. યુવાનોને તો અભ્યાસ, પરીક્ષાઓ, નોકરીઓ, પરિવાર-સ્વજનોના પ્રસંગો, મિત્રો અને ઇતર પ્રવૃત્તિઓના નામે બીજું કેટકેટલું હોય! યુવાનો પાસે સમય ક્યાંથી હોય! પરંતુ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આ હૃદયસમા આ યુવાનોએ સમયના ચક્ર પર સવારી કરીને આ યુવાનોએ આધુનિક જગતમાં સૌને આશ્ચર્ય થાય તેવી અદ્‌ભુત સિદ્ધિઓ મેળવી લીધી.

અહીં, એવા યુવાનોમાંથી કેટલાકની વાત છે.

અધિવેશનથી અનેક યુવાનોને કઠિન પુરુષાર્થ કરવાની આવી લગની લાગી તો અનેકને સમયની પાબંદી વચ્ચે સમયનું આયોજન કરવાની જડીબુટ્ટી હાથ લાગી ગઈ. સમયની ફરિયાદ કરતા યુવાનોએ આ યુવાનોને પૂછવું જોઈએ, ‘તમે સમય કેવી રીતે મેળવ્યો?’

જવાબમાં સાંભળો કેટલીક ગાથાઓ...

### અભ્યાસની સાથે સાથે કર્યો મુખપાઠ...

કૅમિકલ એન્જિનિયરિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતા અંકલેશ્વરના શ્રી તપન તિલાલાએ કૉલેજથી ત્રણ વાગ્યે છૂટ્યા બાદ રેલવે સ્ટેશન પર છ વાગ્યા સુધી મુખપાઠ તૈયાર કરવાનો સમય મેળવી લીધો. કૉલેજમાં રિસેસના સમયમાં પણ કેન્ટીનમાં બેસીને તેણે મુખપાઠ કર્યો. તે કહે છેઃ ‘હું ત્રણ વર્ષથી સત્સંગમાં છું. છેલ્લાં બે વર્ષમાં મારી સત્સંગમાં વૃદ્ધિ નથી થઈ એટલી આ પાંચ મહિનામાં થઈ છે. મારી યાદશક્તિ વધવાથી મારા આત્મવિશ્વાસમાં ખૂબ જ વધારો થયો. જેના લીધે મને અભ્યાસમાં ઘણો ફાયદો થઈ રહ્યો છે.’

અહીં નોંધવું જોઈએ કે તપને એક વિશિષ્ટ નિયમ લીધો

હતો કે જે દિવસે તે ત્રણ વચનામૃતનો મુખપાઠ ન કરી શકે તે દિવસે તેણે એક નિર્જળ ઉપવાસ કરવો! એટલું જ નહીં, જેમ જેમ અધિવેશનનો સમય નજીક આવતો ગયો તેમ વચનામૃતની સંખ્યાઓ વધતી ગઈ. છેલ્લે છેલ્લે તો તેણે એવું નક્કી કર્યું કે જો દિવસના દસ વચનામૃતનો મુખપાઠ ન કરી શકાય તો નિર્જળ ઉપવાસ કરવો. બે-ત્રણ વાર એવું પણ બન્યું કે આ પ્રતિજ્ઞા પૂરી ન થઈ ને તેણે નિર્જળ ઉપવાસ પણ કરવા પડ્યા. આવી દૃઢતા રાખીને તપને કુલ ૧૫૦ વચનામૃત મુખપાઠ કર્યા હતા.

ભરૂચના મૃણાલ પટેલ મિકેનિકલ એન્જિનિયર થયેલા છે. નોકરી માટે તેમને રેલવેની પરીક્ષા આપવાની હતી. આથી રોજ રાત્રે ૩ વાગ્યા સુધી જાગીને અધિવેશનની તૈયારીઓ કરે અને સવારે ૫ વાગે ઊઠી જાય! બપોરે માત્ર અડધો કલાકનો વિશ્રામ લઈને પુનઃ પરીક્ષા અને અધિવેશનની તૈયારીઓમાં જોડાઈ જાય. આમ, સમયના ચક્ર પર સવારી કરીને તેમણે અધિવેશનમાં સિદ્ધિ મેળવી.

મૂળ પંજાબના અને વલ્લભવિદ્યાનગર ખાતે છાત્રાલયમાં અભ્યાસ કરતા સોમનાથ લિંક કહે છે, 'હું એમ.કોમ. સાથે આઈ.એ.એસ.ની તૈયારી કરું છું. અધિવેશન પૂર્વે શરૂઆતમાં હું એક કલાક જ તૈયારી કરતો. પરંતુ અધિવેશનનો સમય નજીક આવતો ગયો તેમ તેમ ૬-૭ કલાક તૈયારી કરવા લાગ્યો. આ વચનામૃતના અધ્યયનને કારણે હું મારા મનને નિહાળી શક્યો છું. મેં ૧૮ ધર્મનાં પુસ્તકો વાંચ્યાં છે. મેં ૨૦૦૦ પૃષ્ઠો ધરાવતી ઇન્ડિયન ફિલોસોફી પણ વાંચી છે. એ ૨૦૦૦ પૃષ્ઠોની સામે ફક્ત એક વચનામૃતમાં સઘળું જ્ઞાન સમાવિષ્ટ થઈ જાય છે.'

વડોદરાના શ્રી પાર્થ ડુંગરાણીએ મૅડિકલ ક્ષેત્રે અભ્યાસ કરતાં કરતાં વચનામૃતનો મુખપાઠ કર્યો. એમ.બી.બી.એસ.નો અભ્યાસક્રમ લાંબો અને અઘરો હોવાથી મુખપાઠ કરવાનું ઘણું કપરું હતું. પણ તેણે અભ્યાસની વચ્ચે વચ્ચે વાંચનનું ટાઇમ ટેબલ સેટ કરી દીધું હતું. તે ઉપરાંત રોજ સવારે એક કલાક વહેલા ઊઠવાનું અને રાત્રે એક કલાક મોડા સૂવાનું. આમ, સમયની ખેંચ વચ્ચે સમય ઊભો કરીને તેમણે ૧૨૯ વચનામૃતનો મુખપાઠ કર્યો!

બી.ઈ. કમ્પ્યૂટરમાં અભ્યાસ કરી રહેલા વડોદરાના હર્ષ પટેલ કહે છે કે એક્સ્ટર્નલ પરીક્ષા, બેકલોગ અને અપડાઉન વગેરે પ્રતિકૂળતાઓ વચ્ચે ટાઇમ કાઢીને ૭૫ વચનામૃતનો મુખપાઠ કર્યો છે.

બી.એ.માં અભ્યાસ કરી રહેલા લોઢવાના યુવક પરેશભાઈ વાઢેર કહે છે કે મારો પરિવાર ખેત-મજૂરી પર આધીન હોવાથી આર્થિક સ્થિતિ નબળી છે. રોજ ટ્યૂશન ક્લાસ, મંદિરમાં પૂજારી તરીકેની સેવાઓ ઉપરાંત ઘરની અનેક જવાબદારીઓ વચ્ચે અધિવેશનની તૈયારી કરી છે.

અમદાવાદના પ્રણવ ગોટી કમ્પ્યૂટર એન્જિનિયરિંગના ચોથા વર્ષમાં ભણી રહ્યો છે અને સાથે સાથે નોકરી પણ કરી રહ્યો છે. સવારે ૭-૩૦ વાગે નોકરીએ જવા નીકળે અને સાંજે ૫-૩૦ વાગે પાછો આવે. કૉલેજનો અભ્યાસ, કંપનીની ઇન્ટર્નશિપ અને અધિવેશનની તૈયારીઓ! આમ છતાં, રોજ રાત્રે ૧-૩૦ વાગ્યા સુધી જાગીને તેણે અધિવેશનની તૈયારીઓ કરી. વળી, શોર્ટ ફિલ્મની સ્પર્ધામાં પણ ભાગ લીધો હોવાથી એ કાર્ય વચ્ચે કેટલાય દિવસો સુધી માત્ર ૩ કલાકની ઊંઘ મળી! પરંતુ તેના ઉત્સાહમાં કોઈ ઓટ ન આવી.

સારંગપુરમાં સંસ્કૃત મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા સાગર આચાર્ય અને સૌરવ કોટડિયાએ યુનિવર્સિટીની પરીક્ષા બાદ સમયનું પળેપળનું આયોજન કરીને પૂર્ણરૂપે મુખપાઠ માટે જાતને સમર્પિત કરી દીધી. રોજ માત્ર સાડા ચાર કલાક જ સૂવાનું, અને છેલ્લા છેલ્લા દિવસોમાં તો ભોજનનો પણ ત્યાગ કરી દીધો. અને આશ્ચર્ય! માત્ર એક જ મહિનામાં ૨૦૧ જેટલાં વચનામૃતનો મુખપાઠ કર્યો. તેના મૂળમાં હતું મહંત સ્વામી મહારાજનું એક વાક્ય. મુખપાઠની પુસ્તિકાના પાછળના પૃષ્ઠ પર સ્વામીશ્રીનું વાક્ય છાપેલું હતું: 'ધાર્યા બહાર થઈ શકશે, પૂર્વે ઘણાએ કરી બતાવ્યું છે.' બસ, આ વાક્યમાંથી જ બળ મળ્યું અને વિશિષ્ટ મુખપાઠ હાંસલ કરી લીધો.

કેટલાય યુવાનોએ મહિનાઓ સુધી મોબાઇલનો ત્યાગ કરીને મુખપાઠમાં એકાગ્રતા કેળવી. નિકોલ, અમદાવાદના સિદ્ધાર્થ કાથરોટિયાએ આઠ મહિના સુધી મોબાઇલનો ત્યાગ કરીને મુખપાઠ ને અધિવેશનની તૈયારીઓમાં ચિત્તને પરોવી દીધું હતું.

સુરતમાં બી.એ.પી.એસ. છાત્રાલયમાં રહીને મૅડિકલ વિદ્યાશાખામાં તૃતીય વર્ષમાં અભ્યાસ કરી રહેલા નીરવ જેસડિયાએ સફાઈ, સભા-આયોજન, મેઇન્ટેનન્સ, રસોડા વિભાગ, ડેકોરેશન વિભાગ વગેરે વિભાગોમાં સેવા કરતાં કરતાં ૧૦૦ વચનામૃતનો મુખપાઠ કર્યો અને મૅડિકલનો અભ્યાસ તો ખરો જ!

અધિવેશનમાં ભાગ લેનાર પ્રત્યેક યુવકે દિવસ અને મહિનાભરનું ટાઇમટેબલ બનાવ્યું. પરિણામે નિયમિતતા અને ચોક્સાઈ આવી.

વલ્લભવિદ્યાનગર છાત્રાલયમાં રહીને ઇલેક્ટ્રિકલ

એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા હાર્દિક રામાણીએ અભ્યાસની સાથે સાથે દિવસની એક એક ક્ષણનો ઉપયોગ કરતું સમયપત્રક બનાવીને દિવસ-રાત એક કરી દીધા. અભ્યાસને બાદ કરતાં રોજ ૧૦ કલાક તેણે મુખપાઠ પાછળ મહેનત કરી. પ્રારંભમાં તેણે ૪૫ વચનામૃતનો મુખપાઠ કર્યો, પરંતુ જેમ જેમ મુખપાઠ થતો ગયો તેમ તેમ આત્મવિશ્વાસ વધતો ગયો. અને પળેપળનો ઉપયોગ કરીને ૨૧૩ વચનામૃતનો મુખપાઠ કરવાની અનોખી સિદ્ધિ તેણે મેળવી લીધી.

ભાવનગરના નીરજ નાગરાણી અને ગાંધીનગરના સાહિલ પટેલ તેમાં પોતાનો સ્વર ઉમેરતાં કહે છેઃ 'અધિવેશનથી વ્યક્તિગત જીવનમાં ખૂબ જ લાભ થયો છે. જેમાં ખાસ કરીને ટાઈમ મૅનેજમૅન્ટ કરતાં શીખી ગયો છું.'

સુરેન્દ્રનગરના મિત નકુમે ક્ષેત્રીય અધિવેશનમાં ૧૫-૨૦ દિવસમાં ૪૫ વચનામૃતનો મુખપાઠ કર્યો. ત્યારબાદ આંતરક્ષેત્રીય અધિવેશનમાં રોજના ૩ થી ૪ કલાક તૈયારી કરીને કુલ ૬૦ વચનામૃતનો મુખપાઠ કર્યો. અને અખિલ ભારતીય અધિવેશનમાં બીજાં ૬૦ વચનામૃતનો મુખપાઠ તૈયાર કર્યો. કુલ ૧૨૦ વચનામૃતનો મુખપાઠ અખિલ ભારતીય અધિવેશનમાં કર્યો. ઉલ્લેખનીય છે કે તેણે માત્ર ૧૫ જ દિવસમાં ૬૦ વચનામૃતનો મુખપાઠ કર્યો! કૉલેજના ભણતરની સાથે સાથે આટલો નોંધપાત્ર મુખપાઠ તે કેવી રીતે કરી શક્યો? સમયનું ઝીણામાં ઝીણું આયોજન કરીને. એટલું જ નહીં, તે કહે છેઃ 'મારી કૉલેજની પ્રિલિમની પરીક્ષા ચાલુ હતી. મેં વિચાર્યું કે આ પરીક્ષા તો દર વર્ષે આવવાની જ છે, પરંતુ અધિવેશનની તક મને વારંવાર નહીં મળે. આથી, મેં કૉલેજના પ્રૉફેસરને અધિવેશનનો મહિમા સમજાવ્યો. વચનામૃતનો મહિમા અને વચનામૃતની સમજણની રજૂઆતથી પ્રૉફેસર પ્રભાવિત થયા અને મને પરીક્ષામાંથી છૂટ મળી.' પછી તો મિતે દિવસ-રાત જોયા સિવાય મુખપાઠમાં ઝંપલાવી દીધું.

વડોદરાના કીર્તન પટેલે દરરોજ રાત્રે મોડે સુધી જાગીને

## ધન્ય છે તમને, ધન્ય છે તમારી નૈતિકતાને...

*આ અધિવેશન નૈતિકતાનું પ્રેરણા આપતું એક જીવનઘડતરનું અનોખું મહાવિદ્યાલય બની રહ્યું હતું. યુવાનોએ અધિવેશનમાં મુખપાઠ કરીને નૈતિકતાની જે પ્રેરણા મેળવી છે તેનો હિસાબ આંકડાઓમાં આપવો શક્ય નથી. પરંતુ તેના કેટલાંક ઉદાહરણો ચોક્કસ આપણી અસ્મિતાની જ્યોતને પ્રજ્વલ્લિત કરે તેવાં છે. જુઓ એક ઉદાહરણઃ*

*ગોંડલ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગુરુકુળમાં રહીને ૧૨મા ધોરણમાં અભ્યાસ કરતો વંદન ગજેરા સારંગપુરમાં અખિલ ભારતીય અધિવેશનમાં ભાગ લેવા આવ્યો હતો. વૈશાખ મહિનાની ધગધગતી ગરમીમાં ભરબપોરે એક વૃક્ષ નીચે બેસીને વંદન અને સહાધ્યાયીઓ ખુલ્લા વાતાવરણમાં મુખપાઠની તૈયારીઓ કરી રહ્યા હતા. તેવામાં તેની નજર ભૂમિ પર પડી અને બુદ્ધિમાં ચમકારો થયો. વાત એમ હતી કે મંદિરના પરિસરમાં બ્રહ્મકુટિરની પાસેના પાર્કિંગમાં ૧,૨૫,૫૦૦ની કિંમતનો આધુનિકતમ આઈફોન ભૂમિ પર પડ્યો હતો. વંદનને પળવારમાં સમજાઈ ગયું કે કોઈકનો ફોન અહીં પડી ગયો છે. મધ્યાહ્ન હોવાથી બધું સૂમસામ હતું. પરંતુ વંદન નૈતિક રીતે મક્કમ હતો. આથી, તે ફોન લઈને દૂર સંતો અને કાર્યકરો બેઠા હતા તેમની પાસે પહોંચ્યો અને આ મોંઘોદાટ બિનવારસી ફોન તેમને હકીકત કહીને આપી દીધો.*

*અહીંથી વંદન ઉતારે જઈ રહ્યો હતો ત્યારે એક મહિલાને ચિંતાતુર હાલતમાં પાર્કિંગમાં ઊભા દીઠાં. તેમના મૂંઝવણ ભરેલા ચહેરાને જોઈને વંદન અને તેના મિત્ર ભાર્ગવ ચૌહાણે તેમને પૂછ્યુંઃ 'શું થયું બહેન?'*

*તેઓએ કહ્યુંઃ 'મારો કીંમતી મોબાઈલ ફોન કારમાંથી ઊતરતાં પાર્કિંગમાં ક્યાંક પડી ગયો છે.'*

*વંદને અને મિત્રોએ થોડી જરૂરી પૂછપરછ કરીને સંતો તથા કાર્યકરો પાસે જઈને તે ફોન લાવી આપ્યો. પોતાનો મોંઘો ફોન પાછો મળેલો જોઈને તેઓ તો ગળગળાં થઈ ગયાં. તેઓ સ્વામિનારાયણીય સત્સંગી નહોતાં. પરંતુ સામે કષ્ટભંજનદેવનાં મંદિરે દર્શન કરવા આવ્યાં હતાં, તેથી સાથે સાથે અહીં આવ્યાં હતાં. તેમણે આભારવશ થઈને યુવાનોની પૂછપરછ કરી પુરસ્કાર આપવાનું કહ્યું. ત્યારે તેનો અસ્વીકાર કરતાં યુવાનોએ બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ અને અધિવેશનની માહિતી આપીને કહ્યુંઃ 'અમે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ પાસેથી આ પ્રેરણા મેળવી છે. અમારા માટે પારકી ચીજ પથ્થર સમાન છે.'*

*આ તરુણોની ખુમારી અને નૈતિકતાને વંદન કરતાં તેઓ બોલી ઊઠ્યાંઃ 'બી.એ.પી.એસ.ના યુવકો છે એટલે જ ફોન પાછો આવ્યો, નહીંતર ન આવ્યો હોત. ધન્ય છે તમને, ધન્ય છે તમારી સંસ્થાને અને વંદન છે તમારા ગુરુજીને!'* ◆

અને સવારે ૪-૩૦ વાગે ઊઠીને ૭૫ વચનામૃત મુખપાઠ કરી લીધા.

જૂનાગઢના સંદીપ સોલંકી જેવા ઘણા યુવાનો એવા હતા કે તેમણે મુખપાઠ ઉપરાંત સંવાદ, શૉર્ટ ફિલ્મ, પ્રવચન, પ્રશ્નોત્તરી વગેરેમાં ભાગ લીધો હતો. માસ્ટર ઑફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના છેલ્લા સેમેસ્ટરની યુનિવર્સિટીની છેલ્લી પરીક્ષા અને પ્રૉજેક્ટ વચ્ચે પણ એમણે મુખપાઠની સાથે સાથે આવી અનેકવિધ તૈયારીઓ કરી હતી.

ગોંડલના અભિષેક ચૌહાણે શરૂઆતમાં રોજ સાતથી આઠ કલાક મહેનત કરીને ૪૫ વચનામૃતનો મુખપાઠ કર્યો હતો. ત્યારબાદ માત્ર ૧૦-૧૨ દિવસના ગાળામાં પ્રચંડ મહેનત કરીને ૧૦૮ વચનામૃત સુધીનો મુખપાઠ તૈયાર કર્યો.

સાંકરી વિસ્તારના સાલૈયા માંડવી ગામના પરિમલ ચૌધરીએ સુરતમાં બી.ઈ.ના તૃતીય વર્ષનો અભ્યાસ કરતાં કરતાં ૭૨ વચનામૃતનો મુખપાઠ કર્યો હતો. વળી, તેણે તો જી.પી.એસ.સી.ના વર્ગો પણ શરૂ કર્યા હતા. આથી, સમયની ખેંચ ભારોભાર હતી. આમ છતાં, પોતાના ગામથી સુરત સુધીની મુસાફરી દરમ્યાન તેણે અધિવેશનની તૈયારીઓ કરી હતી.

બેરાજા(જામનગર)ના મૌલિક વૈષ્ણવને તો પૂર્વે મુખપાઠ કરવાનો ત્રાસ થતો. આમ છતાં, એકવાર તેણે મનને મારીને આખી રાત જાગીને પાંચ વચનામૃતનો મુખપાઠ કર્યો અને મહંત સ્વામી મહારાજ સમક્ષ આણંદમાં રજૂ કર્યો. અને સ્વામીશ્રીની દૃષ્ટિમાત્રથી તેને મુખપાઠ કરવાનું બળ મળી ગયું. અને સમયનું આયોજન કરીને તેણે અભ્યાસની સાથે સાથે નોંધપાત્ર મુખપાઠ કર્યો.

ગોરવાના જૈમિન પટેલ તો ૧૦ ધોરણની પરીક્ષામાં પણ પાસ થઈ શક્યો નહોતો. નબળી યાદશક્તિને કારણે એક અઠવાડિયા સુધી પ્રયાસ કરવા છતાં અડધું વચનામૃત પણ મોંઢે કરી શક્યો નહોતો. આમ છતાં, સ્વામીશ્રીના બળે અધિવેશનમાં જોડાયો. અને તલતુંબડિયા શાસ્ત્રીની જેમ ૧૫ વચનામૃતનો મુખપાઠ એવો કર્યો કે એમાં એક અક્ષરની પણ ભૂલ ન પડે!

આ યુવાનોએ અધિવેશનના માર્ગમાં વચ્ચે આવેલાં પ્રલોભનોને પણ ઠેલવાની શક્તિ મેળવી લીધી હતી.

જૂનાગઢના દેવર્ષિ આરદેશણાને અધિવેશનમાં ભાગ લેવાની શરૂઆતમાં ઇચ્છા જ નહોતી. પરંતુ સંતોએ બળ આપ્યું એટલે જોડાયો. ધીમે ધીમે મુખપાઠમાં રસ પડ્યો તેથી ટાઇમમેનેજમેન્ટ કરીને તેણે અધિવેશનની જ તૈયારી કરવા માંડી. થોડા સમય પહેલાં તેણે ઓલ જૂનાગઢ ક્વિઝ કોમ્પિટિશનમાં ભાગ લીધેલો. સમગ્ર જૂનાગઢમાં તેનો દ્વિતીય ક્રમાંક આવેલો. તેમાં તેને આઈફોન ભેટમાં મળ્યો, પરંતુ તેઓને તુરંત જ વચનામૃતનું વિધાન યાદ આવી ગયું કે 'જેણે કરીને પોતાના એકાંતિક ધર્મમાં ખોટ આવે તેવા પદાર્થથી દૂર જ રહેવું.' આ વિચાર સાથે તેઓએ તેમનો આઈફોન તેમના પરિવારજનોને આપી દીધો.

## પરીક્ષાઓની કપરી પળોમાં કરી તૈયારીઓ...

મોટા ભાગના યુવાનો અભ્યાસ કરતા હોવાથી તેમને ક્ષેત્રીય, આંતરક્ષેત્રીય કે અખિલ ભારતીય અધિવેશન વેળાએ અધિવેશનની સમાંતરે શાળા-કૉલેજ-યુનિવર્સિટીની પરીક્ષાઓ માથે ઝળૂંબતી હતી. આમ છતાં, પરીક્ષાઓમાં પણ ઉત્તમ પરિણામ હાંસલ કરવાની સાથે સાથે આ યુવાનોએ અધિવેશનની તૈયારીઓમાં પણ કોઈ કચાશ ન રાખી. વળી, કોઈકને શાળા કે કૉલેજના વર્ગો ઉપરાંત અન્ય વર્ગો કે જી.પી.એસ.સી. જેવી અન્ય વિવિધ પરીક્ષાઓનું પણ ભારણ માથે ઝળૂંબતું હતું. પરંતુ સમયની કટોકટી વચ્ચે પણ આ યુવાનોએ એવું સૂક્ષ્મ આયોજન કર્યું કે તેમણે અધિવેશનની તૈયારીઓમાં પણ સમય મેળવી લીધો.

કેટલાય યુવાનોને પરીક્ષાના છેલ્લા દિવસો હતા તો કેટલાય યુવાનોને એડમિશનની પ્રક્રિયાની આખરી તારીખો હતી, પરંતુ એ બધા વચ્ચે પણ તેણે માર્ગ કાઢી લીધો.

નાના નાના સમયના ગાળાઓનો ઉપયોગ કરીને યુવાનોએ મુખપાઠને પ્રાધાન્ય આપ્યું. ડભોઈના આદિત્ય પંચાલે ટ્યૂશનમાં બે વિષયો વચ્ચેના સમયના થોડાક અવકાશમાં પણ મુખપાઠ કરી લીધો. તો બી.ફાર્મ.ના તૃતીય વર્ષમાં અભ્યાસ કરી રહેલા મુકુલસિંહ ચાવડાએ (સુરેન્દ્રનગર) તો વર્ષની અંતિમ પરીક્ષામાં બે પેપર વચ્ચે મળતા થોડાક સમયાવકાશમાં પણ મુખપાઠ કર્યો. આખી રાત માથે લઈને અભ્યાસની સાથે મુખપાઠ કરતા આ યુવાને માંડ બે-ત્રણ કલાકની ઊંઘ લઈને અધિવેશનની તૈયારીઓ કરી છે. સિકંદરાબાદના સાહિલ દરજી જેવા અનેક યુવાનોએ પરીક્ષાઓ વચ્ચે પણ વચનામૃતોના મુખપાઠની ધૂણી ધખાવી.

તારાપુરના ગોપાલભાઈ શિરોયા કહે છે, 'મેં બી.ઈ.ની ફાઇનલ પરીક્ષાની સાથે સાથે ત્રણ કલાક અધિવેશનની તૈયારી માટે સમય ફાળવ્યો હતો. અને રોજ ત્રણ વચનામૃત કરવાનો નિયમ રાખી અધિવેશનની તૈયારી કરી હતી.'

પાદરા ક્ષેત્રના લુના ગામના કીર્તન ચૌહાણે ધોરણ ૯ની વાર્ષિક પરીક્ષાની તૈયારીની સાથે સાથે ૧૫૦ વચનામૃતનો મુખપાઠ કર્યો હતો.

કેટલાક યુવકોએ ભણતર અને આનુષંગિક પરીક્ષાઓની સમાંતરપણે અધિવેશનની તૈયારીઓ કરી. આઈલેટ્સ, સી.એ., યુ.પી.એસ.સી., નીટ વગેરે પરીક્ષાઓની તૈયારી કરતાં કરતાં અધિવેશનમાં પણ ઉચ્ચકક્ષાનો મુખપાઠ કર્યો.

કેટલાય યુવાનો શાળા-કૉલેજ-યુનિવર્સિટીની પરીક્ષાનું છેલ્લું પ્રશ્નપત્ર ઉકેલીને થનગનતા સીધા જ અધિવેશનમાં આવી પહોંચ્યા હતા. મુંબઈના પૂજન મહેતાએ તો ૪ જૂન સુધી યુનિવર્સિટીની પરીક્ષા આપી અને ૫ જૂનની સવારે તો મુંબઈથી સારંગપુર અધિવેશનમાં હાજર થઈ ગયા.

મુંબઈના સની જેઠવાએ સી.એ.ના અંતિમ વર્ષની પરીક્ષાઓની તૈયારીઓની સાથે સાથે ૧૩૫ વચનામૃતનો મુખપાઠ કર્યો હતો. અમદાવાદના રોમિત દવેને પણ અધિવેશન દરમ્યાન સી.એ.ની પરીક્ષાનો માહોલ હતો. તેમ છતાં રોજ પાંચ થી છ કલાક અધિવેશન માટે ફાળવીને તેણે નોંધપાત્ર મુખપાઠ કર્યો. અમદાવાદના યશ ભાવસારે પણ સી.એ.ની પરીક્ષાની તૈયારીની સાથે સાથે વચનામૃતનો મુખપાઠ કર્યો. વલસાડના ડુંગરી ગામના વર્ણીરાજ પટેલે એમ.બી.બી.એસ.ની ઈન્ટર્નશિપ કરતાં કરતાં વચનામૃતનો મુખપાઠ કર્યો.

## નોકરી અને વ્યવસાય વચ્ચે મેળવી સિદ્ધિ...

કેટલાય યુવાનોએ નોકરી અને વ્યવસાયની જવાબદારીઓ વચ્ચે મુખપાઠ કરવાનું કૌવત મેળવી લીધું હતું. દરેકના સંજોગ જુદા, દરેકની રીત અને રસમ જુદી, પરંતુ દરેકનો રસ્તો એક સમાન હતો. આથી, પોતાના માર્ગે આગળ ધપીને જ તેઓ જંપી રહ્યા.

પોસ્ટ ઓફિસની ચાલુ નોકરીએ ૧૩૫ વચનામૃતોનો મુખપાઠ કરનાર મોવિયાના જયજિતસિંહ જાડેજા કહે છે કે 'મારા ઘરે કોઈને સત્સંગ નહીં એટલે અધિવેશનની તૈયારી કરવાનું વાતાવરણ ઓછું મળતું. ઑફિસ અને ઘરકામની સતત વ્યસ્તતાઓ વચ્ચે ચાલુ નોકરીએ અને પૂજામાં ઑડિયો ચાલુ રાખીને રિવિઝન કરી લેતો.'

રત્નકલાકાર તરીકે નોકરી કરતા સુરતના નરેશભાઈ ઈટાલિયા કહે છે કે 'મારે નોકરી એવી છે કે એમાં એકાગ્રતા રાખવી જ પડે. તેથી હું અધિવેશનની તૈયારી રાત્રે ૩-૩ વાગ્યા સુધી જાગીને કરતો. નિત્ય ઑફિસમાં બેસતાં પૂર્વે મહંત સ્વામી મહારાજને પ્રાર્થના કરતો કે તમે મને શક્તિ આપજો – ઉજાગરાને લીધે માથું ન દુખે, ઊંઘ ન આવે, ગુસ્સો ન આવે. અમારા મૅનેજર સંપૂર્ણ નાસ્તિક છે. પરંતુ

## તલતુંબડિયા શાસ્ત્રી અહીં જીવંત બની ગયા...

*તમે તલતુંબડિયા શાસ્ત્રીની વાર્તા સાંભળી છે?*

*એવાં કંઈક ઉદાહરણો અખિલ ભારતીય યુવા અધિવેશનમાં જીવંત બની ગયાં હતાં.*


*સારંગપુર સંસ્કૃત મહવિદ્યાલયમાં અભ્યાસ કરી રહેલા પ્રિયેશ ડોબરિયા એવું એક ઉદાહરણ છે.*

*પ્રિયેશની યાદશક્તિ દાદ માંગી લે તેવી નહોતી. પ્રિયેશની યાદશક્તિ પર પ્રિયેશને જ ભરોસો નહોતો. પરંતુ નબળી સ્મૃતિશક્તિ હોવા છતાં તેણે બાથ મોટી ભીડી. તેણે નક્કી કર્યું કે વચનામૃતનો શ્રેષ્ઠ મુખપાઠ કરીને મહંત સ્વામી મહારાજને રાજી કરવા છે. અને તે દિવસ-રાત મચી પડ્યો. પ્રત્યેક વચનામૃતને કંઠસ્થ કરવા માટે તેણે પોતાની આગવી રીત શોધી કાઢી. પ્રત્યેક વચનામૃત ૪૦ વખત મોઢે બોલવાનું અને પછી ૪૦ વખત તે લખવાનું, ત્યારબાદ ફરીથી ૧૫ વખત બોલવાનું! આટલું કરવા માટે સમય ઘણો જોઈએ. આથી, તેણે પોતાના રોજિંદા જીવનની કેટલીય ક્રિયાઓ પર કાપ મૂક્યો. તેમાં સૌથી મોટો કાપ તો ઊંઘ અને આહાર પર મૂક્યો. અધિવેશન પૂર્વે સતત ૨૧ દિવસ સુધી રોજ તે એક જ સમય જમ્યો અને રોજ માત્ર સાડા ત્રણ કલાકની ઊંઘ લીધી! આ અનન્ય શ્રદ્ધા અને પ્રચંડ પુરુષાર્થને કારણે તે પોતાની મર્યાદાઓથી ઉપર ઊઠીને ૮૬ વચનામૃતને કંઠસ્થ કરી શક્યો! મહંત સ્વામી મહારાજ સમક્ષ તેના આ પુરુષાર્થની કહાની રજૂ થઈ ત્યારે તેઓ બોલી ઊઠ્યા હતાઃ 'આ યુવકની વાત તો તલતુંબડિયા શાસ્ત્રીને ચઢી જાય તેવી છે.'*

*બીજું એવું ઉદાહરણ છે - તળાજાનો વિવેક ગુજરાતી. આ વિવેકને આંખોનું ઑપરેશન કરાવ્યું હતું. આંખે પાટા બાંધેલા હતા. તો તેણે ઓડિયો સાંભળી સાંભળીને મુખપાઠ કર્યો!*

*વલ્લભવિદ્યાનગર છાત્રાલયમાં અભ્યાસ કરતો ઋષિરાજ પંજાબી તો હિંદીભાષી છે, પરંતુ તેણે નક્કી કર્યું હતું કે સ્વામિનારાયણ ભગવાનનાં વચનો તેમની મૂળ ભાષા ગુજરાતીમાં જ યાદ રાખવાં છે. આથી તેણે ગુજરાતી વચનામૃતના દરેક શબ્દને હિન્દી લિપિમાં લખી લખીને ૩૦ વચનામૃત ગુજરાતીમાં કંઠસ્થ કર્યાં.*

*આધુનિક યુગમાં પણ છે ને પ્રેરણા આપતા તલતુંબડિયા શાસ્ત્રીઓ...!* ◆



**મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અખિલ ભારતીય અધિવેશનને કારણે બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના હજારો યુવાનોએ પોતાની શક્તિઓને રચનાત્મક માર્ગે કેવી રીતે વાળી તેનો પણ એક સુદીર્ઘ અધ્યાય છે.**

૧૫૦થી વધુ સ્ટાફ, બધા બિનસત્સંગી હોવા છતાં મુખપાઠ કરવાની પ્રેરણા આપતા. આ બધું શક્ય બન્યું સતત પ્રાર્થનાના કારણે. આમ, સ્વામીશ્રીની પ્રાર્થનાના બળે હું ૭૮ વચનામૃતોનો મુખપાઠ કરી શક્યો.'

૮૧ વચનામૃતનો મુખપાઠ કરનાર અમદાવાદના હીરાવાડી વિસ્તારના શ્રી નિકુંજ ચોપરાએ જિંદગીમાં ક્યારેય મુખપાઠ કરેલો જ નહીં. તેના માટે મુખપાઠ એક કઠિન કામ હતું – નવા અનુભવને કારણે અને નોકરીની વ્યસ્તતાને કારણે. પરંતુ આ અધિવેશન દરમ્યાન તેને મુખપાઠને કારણે નિત્ય નવા અનુભવો થયા અને તે મુખપાઠ પ્રત્યે આકર્ષાતો ગયો. એટલી હદ સુધી કે તેને નોકરી કઠવા માંડી. આથી, કપાતે પગારે નોકરીમાંથી સમય લઈને તે મુખપાઠ કરવા બેસી જતો. તે કહે છે, 'નોકરીના લીધે મને વચનામૃતનો મુખપાઠ કરવાનો સમય મળતો નહીં. પ્રતિદિન એક-બે કલાકનો સમય માંડ મળતો, તેથી હું નોકરીમાંથી રજાઓ લઈ લેતો. અખિલ ભારતીય અધિવેશન નજીક આવતા મેં ઑફિસમાં કપાતે પગારે રજાઓ પાડી. ભલે મારો પગાર કપાઈ ગયો પણ મુખપાઠની તૈયારી સારી રીતે કરીને અધિવેશનમાં તો જોડાઈ શક્યો! એનો મને હૈયે ખૂબ જ સંતોષ છે.'

વડોદરાના રાજ રવિને એક બાજુ નોકરી પર પ્રોજેક્ટ પૂરો કરવાનું દબાણ હતું, બીજી તરફ તેમની સગાઈ-ચાંદલાનો પ્રસંગ અને ત્રીજી તરફ અધિવેશનની તૈયારીઓ. પરંતુ તેમણે ખૂબ ખટકો રાખીને આ બધા વચ્ચે સંતુલન જાળવ્યું અને અખિલ ભારતીય અધિવેશનમાં ઉજ્જ્વળ સિદ્ધિઓ મેળવી.

અમદાવાદનો યુવક પીયૂષ પટેલ બાળપ્રવૃત્તિના એક કાર્યકર તરીકે પણ સેવાઓ આપે છે. યુવા અધિવેશનને સમાંતર બાળ અધિવેશન પણ યોજાયું હોવાથી તેને માથે બાળકોને અધિવેશનની તૈયારી કરાવવાની જવાબદારી પણ હતી. આથી તે સવારે ૭-૩૦ થી ૯ બાળમંડળના બાળકોને અધિવેશનની તૈયારીઓ કરાવવામાં સમય આપે. ત્યારબાદ નોકરીએ જાય. વળી, સાંજે ઑફિસથી છૂટીને ૬ થી ૮ ફરી બાળકોને તૈયારી કરાવવામાં સમય આપે. ત્યારબાદ રાત્રે ૮ વાગ્યા પછી તે પોતાના યુવા અધિવેશન માટે વચનામૃતના મુખપાઠ તથા નિરૂપણની તૈયારી કરવામાં લાગી જાય. આમ, નોકરી અને બેવડી જવાબદારીઓ વચ્ચે પણ તેણે સમયનું સુંદર આયોજન કરી દીધું.

અમદાવાદના આઈ.ટી. એન્જિનિયર વિવેક ગજ્જરે મુખપાઠ કરવા માટે છેલ્લા બે મહિના શાહીબાગ બી.એ.પી.એસ. મંદિરે જ રોકાણ કર્યું હતું. પ્રતિદિન વહેલી સવારે ૩ વાગ્યાથી સવારે ૭ વાગ્યા સુધી મુખપાઠ કરીને ૧૦ વાગે નોકરી પર જતો. જો કે કોઈક તકલીફ થવાથી તેને નોકરી છોડવી પણ પડી. તેમ છતાં તેઓ હિંમત હાર્યા નહીં અને મુખપાઠ ચાલુ રાખ્યો અને ૭૦ વચનામૃત કંઠસ્થ કર્યાં.

વિદ્યાનગર છાત્રાલયમાં રહેતા રવિ વાણિયાને ગાંધીનગર ખાતે ટી.સી.એસ.માં સારી નોકરી મળી ગઈ હતી. ૨૩ મે, ૨૦૧૯ના રોજ તેણે નોકરીમાં જોડાવાનું હતું. પરંતુ જૂન માસમાં અધિવેશન આવતું હોવાથી તેણે નોકરીને ઠેલીને અધિવેશનની તૈયારીઓમાં શત પ્રતિશત સમય આપ્યો.

અમદાવાદના હીરાવાડી વિસ્તારનો યુવક હર્ષદ વાઘેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે પ્રેક્ટિસ કરે છે. તેનો વ્યવસાય જ એવો છે કે દિવસે તો સમયની કોઈ આશા રાખી જ શકાય નહીં. આમ છતાં, રોજ રાત્રે દોઢ વાગ્યા સુધી જાગીને તેણે વચનામૃતનો મુખપાઠ કર્યો.

ભુજની લાયન્સ હૉસ્પિટલમાં નોકરી કરી રહેલા ઈશ્વરસિંહ જાડેજા રોજ સવારે પાંચ વાગે ઊઠીને પૂજાપાઠ બાદ ચાલતાં ચાલતાં પાંચ કિલોમીટર દૂર નોકરીએ જાય છે. સાંજે સાત વાગે નોકરીએથી પાછા ફરીને રાત્રે ૧ વાગ્યા સુધી અધિવેશનની તૈયારીઓમાં જોડાઈ જાય. રોજનો આ ક્રમ. આ અધિવેશનની તૈયારીઓએ તેમને શાંત બનાવ્યા. ગુસ્સાવાળા સ્વભાવને બદલે સૌ સાથે હળીમળીને સેવા કરવાની શક્તિ મળી.

ખાનગી કંપનીમાં નોકરી કરતા અભિષેક પટેલે નોકરીની વચ્ચે વચ્ચે સમય કાઢીને અને બ્રાહ્મમુહૂર્તમાં સવારે ૪-૩૦ જાગી જાગીને મુખપાઠ કર્યો.

સી.એ.નો અભ્યાસ કરતા વડોદરાનો જયદીપ બ્રહ્મભટ્ટ સમગ્ર દિવસ દરમ્યાન સી.એ.ના વર્ગો અને નોકરીમાં વ્યસ્ત રહે. તેથી ગમે તેમ કરીને વચ્ચે વચ્ચે સમય મેળવવા ઉપરાંત સવારે વહેલો ઊઠીને અધિવેશનની તૈયારી કરી લે.

વડોદરાના હસમુખ વનરાપારને અભ્યાસની સાથે સાથે નોકરી પણ કરવાની હોય છે. તેથી તેઓ ઓફિસ જતી વેળાએ રસ્તામાં તે મુખપાઠ કરી લે. ઑફિસ પરથી છૂટીને સીધા જ અટલાદરા મંદિરે અધિવેશનની તૈયારી માટે પહોંચી જાય. તેઓ પ્રતિદિન સાંજે ૬ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી મુખપાઠ કરીને અધિવેશનમાં જોડાયા.

શિહોર ગામના મિતેષકુમાર ગોહિલને તો ઘરની ખેતીનું કામ પણ ખરું અને અભ્યાસ પણ ખરો. એની વચ્ચે અધિવેશનમાં વિવિધ તૈયારીઓ કરવાની. પરંતુ સમયની સાંકળને બરાબર ખેંચી લઈને ખેતી અને અભ્યાસ કરતાં કરતાં તેણે ૧૨૦ વચનામૃતનો મુખપાઠ કરી નાંખ્યો!

અમદાવાદમાં બાપુનગર ખાતે રહેતા ડૉ. ચિંતન ડોબરિયા એક ડેન્ટિસ્ટ છે. તે ક્લિનિક પર પોતાના ટેબલ ઉપર વચનામૃતનો ગ્રંથ હાથવગો જ રાખે. જરા પણ સમય મળે કે વચનામૃત હાથમાં લઈને તૈયારી કરવા લાગે. આમ, પળે પળનો ઉપયોગ કરીને અધિવેશનની તૈયારીઓ તો કરી, પરંતુ અધિવેશનનાં મીઠાં ફળ પણ તેને વિશેષ પ્રેરણા આપતાં રહ્યાં. તે કહે છે, 'કોઈ મારું કામ ન કરે તો ક્રોધ આવતો. હવે આશા-અપેક્ષા રહેતી નથી. અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ હું સ્થિર રહી શકું છું તે વચનામૃતના કારણે જ.'

વાઘોડિયાના વિરલ પટેલ નામના યુવાને તો ખેતી કરતાં કરતાં ૧૦૮ વચનામૃત મુખપાઠ કર્યાં છે! વળી તેણે તેની ત્રણ વીઘા જમીન પણ મંદિર માટે આપી છે.

નોકરી માટે મુંબઈ સ્થાયી થયેલા અક્ષર મોદીએ પણ નોકરીની સાથે મુખપાઠની લગની લગાડી હતી. નોકરીએ જતી વેળાએ ટ્રાવેલિંગ દરમ્યાન અધિવેશનની તૈયારી કરે. અને નોકરીએથી પાછા આવીને રાત્રે બે વાગ્યા સુધી અધિવેશનની તૈયારીઓમાં ગુલતાન થઈ જાય. અમદાવાદમાં ઘાટલોડિયા ખાતે રહેતા અક્ષય પટેલે પણ નોકરી પર જતી વેળાએ રસ્તામાં જ મુખપાઠ કર્યો હતો.

તારાપુરના જય પટેલ કહે છે કે મારી નોકરીનો સમય સવારે ૭-૪૫થી ૪-૩૦ વાગ્યાનો છે. તેથી રોજ સવારે ૪-૩૦ વાગે જાગીને મુખપાઠ કરતો. મોટર સાઇકલ ઉપર સ્ટેન્ડ લગાડીને હું રસ્તામાં મુખપાઠની તૈયારી કરતો. ભૂલ પડે તો મોબાઇલમાં જોઈ લઉં. આ રીતે મેં ૬૦ વચનામૃતનો મુખપાઠ કર્યો છે.

દક્ષિણ ભારતના બેંગ્લોર શહેરના યુવા કાર્યકર દક્ષ રાઠોડે મેટ્રોમાં કે બાઇક પર આવતાં-જતાં વચનામૃતનો મુખપાઠ કર્યો. ઈડરના મયૂર લિંબાચિયાએ નોકરી પૂરી કર્યા બાદ રાત્રે મોડે સુધી જાગીને લખી-લખીને વચનામૃતનો મુખપાઠ કર્યો.

## લગ્ન અને પારિવારિક પ્રસંગો વચ્ચે કરી તૈયારીઓ..

કેટલાય યુવાનોને પારિવારિક પ્રસંગો અને લગ્નના અવસરો વચ્ચે આવી ગયા. પરંતુ તેમાં સંતુલન જાળવીને તેમણે અધિવેશનને ગૌણ થવા ન દીધું. જુઓ કેટલાંક ઉદાહરણો:

વલ્લભવિદ્યાનગર છાત્રાલયમાં રહીને ૧૨૦ વચનામૃતનો મુખપાઠ કરનાર સાગર ગોરસિયાએ સમયનું ખૂબ સૂક્ષ્મ આયોજન કર્યું અને મુખપાઠમાં સિદ્ધિ મેળવી. આંતરક્ષેત્રીય અધિવેશન દરમ્યાન તેઓનાં સગાં પિતરાઈ ભાઈ-બહેનોનાં લગ્ન હતાં. પરિવારજનોનો ખૂબ આગ્રહ હતો કે લગ્નમાં સાગર હાજર રહે. પરંતુ સાગરે લગ્નને બદલે મુખપાઠની તૈયારીઓને જ પ્રાધાન્ય આપ્યું.

તો ઉમેશ પટેલને પરિવારના અતિ આગ્રહને કારણે પિતરાઈ ભાઈનાં લગ્નમાં જવું જ પડ્યું. પરંતુ લગ્નની ઝાકમઝોળ વચ્ચે પણ ઉમેશ તો મુખપાઠ કરવામાં જ રત રહ્યો હતો.

સાણંદના ભાવિકભાઈ ભરાડ વ્યવસાયે શિક્ષક છે. પોતાનાં લગ્ન અને નવા ઘરની વ્યવસ્થા વગેરેની વ્યસ્તતા વચ્ચે તેમણે અધિવેશનની તૈયારી કરી હતી. શાળામાં લેવાતી પરીક્ષાના સુપરવાઇઝરની કામગીરી વચ્ચે પણ તેમણે સમય કાઢી વચનામૃત મુખપાઠની તૈયારી કરી હતી.

લોઢવા ગામના સુરેશ વાઢેરે અધિવેશનની સંવાદ સ્પર્ધામાં 'સત્સંગનો મહિમા' નામક સંવાદની સ્ક્રિપ્ટ લખી હતી. સંવાદની તૈયારી કરાવવાની જવાબદારી પણ તેના પર જ હતી. બન્યું એવું કે આ સમયગાળા દરમ્યાન તેના સગા ભાઈનાં લગ્ન હતાં એટલે ઘરે હાજરી અનિવાર્ય હતી. પણ સ્વામીશ્રીને પ્રસન્ન કરવા માટે લગ્નપ્રસંગમાંથી સમય કાઢીને તે ઘરને બદલે મંદિરે પહોંચી જાય. અને રાત્રે બે-ત્રણ વાગ્યા સુધી જાગીને અધિવેશનની તૈયારીઓમાં સમય ફાળવે. તેણે લખેલા સંવાદની તૈયારીઓમાં ઘણી બધી અડચણો આવી હતી તેમ છતાં હિંમત રાખીને, પ્રાર્થનાના બળે તેની પ્રસ્તુતિ કરી ત્યારે તેને રોમાંચ થઈ ગયો. અધિવેશનમાં રજૂ થયેલા કુલ ૮૨ જેટલા સંવાદોમાંથી આ સંવાદને સ્વામીશ્રીના સાંનિધ્યમાં મંચ પરથી રજૂ કરવાનો અવસર આ લોઢવા ગામના યુવક મંડળને પ્રાપ્ત થતાં તેઓ ધન્યતાથી છલકાઈ ઊઠ્યા હતા.

આવી કંઈક ગાથાઓ યુવાનોના નવઘડતરની, તેમની રચનાત્મક શક્તિઓની, તેમના સમયને નાથવાના સામર્થ્યની દુહાઈ દે છે. ધન્ય છે એ યુવાનોને ને તેમના ખમીરને! ◆

અખિલ ભારતીય યુવા અધિવેશન

# તેજસ્વી તારલાઓ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અને વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સત્સંગપ્રવૃત્તિ દ્વારા અખિલ ભારતીય યુવા અધિવેશન યોજાયું તેમાં અનેક તેજસ્વી તારલાઓ ઝળકી ઊઠ્યા. કુલ ૨૦,૦૦૦ યુવાઓ પૈકી ૪,૦૦૦ યુવાઓ ક્ષેત્રીય અને આંતરક્ષેત્રીય સ્તરોમાંથી પસાર થઈને તીર્થધામ સારંગપુર ખાતે અખિલ ભારતીય સ્તરે પહોંચ્યા હતા. કુલ ૯ સ્પર્ધાઓમાં યુવાનોએ અહીં પોતાનું અનોખું કૌશલ્ય પ્રસ્તુત કર્યું ત્યારે કઠણ હૈયાંના નિર્ણાયકો પણ તેમની પ્રસ્તુતિ અને કૌશલ્યથી નતમસ્તક બની ગયા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે હાકલ કરીને યુવાનોને આ અધિવેશનમાં જોડાવા આવાહન આપ્યું હતું ત્યારે એ યુવાનોને ખબર નહોતી કે તેમાં ગુણાતીત સત્પુરુષની પ્રસન્નતાનો કેવો પ્રસાદ પ્રાપ્ત થવાનો છે. પરંતુ અખિલ ભારતીય અધિવેશનની પૂર્ણાહુતિ વેળાએ પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો ત્યારે બારે મેઘ ખાંગા કરે તેવી સ્વામીશ્રીની વરસતી પ્રસન્નતા માણીને યુવાનો ધન્ય થઈ ગયા હતા. સ્વામીશ્રીએ કહ્યું હતુંઃ 'તમે જ્યારથી અધિવેશનમાં જોડાવાનો સંકલ્પ કર્યો ત્યારથી રાજીપાનું મીટર ચાલુ થઈ ગયું છે. જેમ ટેક્સી જ્યારથી ભાડે કરીએ ત્યારથી ભાડું શરૂ થઈ જાય છે તેમ... તમને સાષ્ટાંગ પ્રણામ કરીએ છીએ. તમે બધાએ રાજીપા માટે કર્યું છે, માટે તમને બધાને રાજીપાનું ઇનામ મળી જ ગયું છે.'


સન ૧૯૯૦માં યોજાયેલા યુવા અધિવેશન પ્રસંગે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે યુવાનોને ધન્યવાદ આપતાં કહ્યું હતું, 'કરોડ કરોડ નૉબલ પારિતોષિક કરતાં આ વધારે મોટું ઇનામ છે...' 'આપ બધાની મહેનત અને પુરુષાર્થ જોતાં મસ્તક નમે છે. તમને અનંત સાષ્ટાંગ કરીએ તો પણ ઓછું છે. તમને ધન્ય છે... ધન્ય છે... ધન્ય છે...'

સમય અને સ્થળ બદલાયાં હતાં. અહીં સારંગપુર ખાતે યુવા અધિવેશનમાં તાળીઓના ગડગડાટ વચ્ચે મહંત સ્વામી મહારાજ ઇનામ વિતરણની સાથે સાથે સૌ પર આશીર્વાદ વરસાવી રહ્યા હતા ત્યારે યુવાનો ઝંકૃત થઈ ઊઠ્યા હતા. અહીં મુખપાઠની કઠિન સ્પર્ધામાં વિશેષ યોગ્યતા (૬૦ કે તેથી વધુ વચનામૃતનો મુખપાઠ) અને વિશિષ્ટ યોગ્યતા (૧૦૦ કે તેથી વધુ વચનામૃતનો મુખપાઠ) પારિતોષિક પ્રાપ્ત કરનારા એ યુવાનોનું ફોટોગ્રાફ સાથે સ્મરણ છે. શહેર, ગ્રામ્ય અને છાત્રાલય વિભાગમાં 'સહજાનંદ' અને 'નીલકંઠ' વૃંદ મુજબ પારિતોષિક વિજેતાઓની આ યાદી છે. કુલ ૧૩૨૮ પારિતોષિકો અપાયાં એ પૈકી અન્ય સ્પર્ધાઓના માત્ર પ્રથમ શ્રેણીના વિજેતાઓની યાદી પણ અહીં પ્રસ્તુત છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા અને ભારતીય સંસ્કૃતિનું ગૌરવ બની રહેલા સૌ પારિતોષિક વિજેતા યુવાનોને હાર્દિક અભિનંદન...

## વિશિષ્ટ યોગ્યતા પારિતોષિક વિજેતા


**પાર્થ ડી. ડુમ્મર**
ગ્રામ્ય વિભાગ
સહજાનંદ વૃંદ
મોવિયા


**અભિષેક ચૌહાણ**
છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
સંસ્કૃત મહા. સારંગપુર


**અક્ષર પટેલ**
**શહેર વિભાગ**
**સહજાનંદ વૃંદ**
ગાંધીનગર


**મિતેષ ડી. ગોહેલ**
ગ્રામ્ય વિભાગ
સહજાનંદ વૃંદ
સિંહોલ, કરમસદ


**જય જી. જાદવ**
**છાત્રાલય વિભાગ**
**નીલકંઠ વૃંદ**
વલ્લભવિદ્યાનગર


**અંકિત શેલડિયા**
શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
અમદાવાદ


**જયજિતસિંહ જાડેજા**
ગ્રામ્ય વિભાગ
સહજાનંદ વૃંદ
મોવિયા

## વિશેષ યોગ્યતા પારિતોષિક વિજેતા


**મિલન કાકડિયા**
શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
અમદાવાદ


**કૌશિક આર. વનરા**
**ગ્રામ્ય વિભાગ**
**નીલકંઠ વૃંદ**
માણેકપરા, અમરેલી


**સાગર ઝિંઝુવાડિયા**
**શહેર વિભાગ**
**સહજાનંદ વૃંદ**
રાજકોટ


**શિવાંગ પંડિત**
શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
આણંદ


**નીતિશ બી. ગોડી**
ગ્રામ્ય વિભાગ
નીલકંઠ વૃંદ
સોજિત્રા, મહેળાવ


**વિવેક ગજ્જર**
શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
અમદાવાદ


**પાર્થ એ. ડુંગરાણી**
શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
વડોદરા


**હાર્દિક બી. રામાણી**
**છાત્રાલય વિભાગ**
**સહજાનંદ વૃંદ**
વલ્લભવિદ્યાનગર



**સિદ્ધાર્થ કાથરોટિયા**
શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
અમદાવાદ


**ધવલ મકવાણા**
શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
સુરત



**સૌરવ કોટડિયા**
છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
સંસ્કૃત મહા. સારંગપુર


**નિકુંજ ચોપડા**
શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
અમદાવાદ


**ક્રિશ કાકડિયા**
**શહેર વિભાગ**
**નીલકંઠ વૃંદ**
સુરત



**સાગર જે. ગોરસિયા**
છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર


**શિવમ ચૌહાણ**
શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
અમદાવાદ


**કૃણાલ બી. પટેલ**
**ગ્રામ્ય વિભાગ**
**સહજાનંદ વૃંદ**
વસો, ડભાણ


**સાગર આચાર્ય**
છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
સંસ્કૃત મહા. સારંગપુર


**દીપ ઠક્કર**
શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
અમદાવાદ


**તપન એ. તિલાલા**
ગ્રામ્ય વિભાગ
સહજાનંદ વૃંદ,
જી.આઈ.ડી.સી., અંકલેશ્વર


**હર્ષિલ કે. કાનાબાર**
છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર


**રોમિત દવે**
શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
અમદાવાદ


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
અમદાવાદ
**ભાવિક સૌંડાગર**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
ભરૂચ
**રાહુલ રોહિત**



શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
મુંબઈ
**સની જેઠવા**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
અમદાવાદ
**મિહિર સૌંડાગર**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
ભરૂચ
**સતીશ કલકાની**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
દિલ્હી
**અક્ષય મોદી**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
અમદાવાદ
**ઉમંગ સુથાર**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
સુરત
**કેવલ પરમાર**


**શહેર વિભાગ**
**નીલકંઠ વૃંદ**
જામનગર
**મયંક ચોવટિયા**



શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
વડોદરા
**આનંદ આર. પટેલ**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
સુરત
**હીરેન કળસરિયા**


શહેર વિભાગ
નીલકંઠ વૃંદ
અમદાવાદ
**જય કાકડિયા**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
વડોદરા
**કીર્તન એચ. પટેલ**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
સુરત
**નરેશ ઈટાલિયા**


શહેર વિભાગ
નીલકંઠ વૃંદ
અમદાવાદ
**કથન શાહ**



શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
વડોદરા
**જયદીપ કે. બ્રહ્મભટ્ટ**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
સુરત
**સંદીપ બુધેલિયા**


શહેર વિભાગ
નીલકંઠ વૃંદ
અમદાવાદ
**મેઘ પટેલ**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
વડોદરા
**હર્ષ કે. પટેલ**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
સુરત
**હાર્દિક આંબલિયા**


શહેર વિભાગ
નીલકંઠ વૃંદ
મુંબઈ
**ચિંતન વી. શાપરિયા**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
વડોદરા
**પાર્થ એચ. વંડરા**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
સુરત
**મિતેષ ઉનાગર**


શહેર વિભાગ
નીલકંઠ વૃંદ
મુંબઈ
**હર્ષ કરંગિયા**



શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
વડોદરા
**અક્ષર એમ. ત્રિવેદી**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
સુરત
**દર્શન ગાબાણી**



**ગ્રામ્ય વિભાગ**
**સહજાનંદ વૃંદ**
નાસિક
**બ્રિજેશ પટેલ**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
વડોદરા
**આશ્રય જી. સાવલિયા**


શહેર વિભાગ
સહજાનંદ વૃંદ
સુરત
**ચિરાગ કુમ્મર**


ગ્રામ્ય વિભાગ
સહજાનંદ વૃંદ
દાહોદ
**આકાશ એમ. દેવડા**


ગ્રામ્ય વિભાગ
સહજાનંદ વૃંદ
ધોળકા
**નિર્મળ કે. પટેલ**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર
**અમિત ડી. પદમાણી**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
અટલાદરા
**બંધન વઘાસિયા**



ગ્રામ્ય વિભાગ
સહજાનંદ વૃંદ
સુરેન્દ્રનગર
**મિત નકુમ**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
અટલાદરા
**હેમિલ ગાંધી**



છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
સંસ્કૃત મહા. સારંગપુર
**પ્રકાશ જાની**


ગ્રામ્ય વિભાગ
સહજાનંદ વૃંદ
ઓલપાડ
**કાર્તિક એ. પટેલ**



છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર
**જય જી. વડછક**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
નડિયાદ
**તીર્થ વાય. પટેલ**


ગ્રામ્ય વિભાગ
સહજાનંદ વૃંદ
વીરમગામ, દહેગામ
**શુકન બારોટ**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર
**રાહુલ ડી. ચૌહાણ**



છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર
**કીર્તન વી. સોની**


ગ્રામ્ય વિભાગ
સહજાનંદ વૃંદ
ધોળકા
**કેતન ડી. ઠક્કર**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
અટલાદરા
**આશિષ રાઠવા**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર
**પ્રવીણ આર. પરમાર**



ગ્રામ્ય વિભાગ
સહજાનંદ વૃંદ
બારડોલી
**પ્રતીક એ. ગામીત**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
નડિયાદ
**શૈલેશ એમ. પટેલ**



છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
સંસ્કૃત મહા. સારંગપુર
**ધ્રુવ પટેલ**


**ગ્રામ્ય વિભાગ**
**નીલકંઠ વૃંદ**
મહેસાણા
**ઝીલ ચૌહાણ**



છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર
**મૌલિક બી. વૈષ્ણવ**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
નડિયાદ
**ઉપાંક આર. રાદડિયા**


ગ્રામ્ય વિભાગ
નીલકંઠ વૃંદ
રાજપીપળા
**સ્મિત પી. સાબલપરા**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર
**ધર્મેશ એચ. વડવાલા**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર
**જય ડી. ભાલાળા**


**છાત્રાલય વિભાગ**
**સહજાનંદ વૃંદ**
વલ્લભવિદ્યાનગર
**રાજ વી. પટેલ**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર
**અંકુર એ. પટેલ**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
નડિયાદ
**કૌશલ એમ. ભટ્ટ**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
નડિયાદ
**ધ્રુવીન વઘાસિયા**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર
**દીપ ડી. પટેલ**


છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
નડિયાદ
**ચિરાગ ડી. કત્રોડિયા**



**હર્ષ ડી. પટેલ**

છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર



**ઘનશ્યામ કથીરિયા**

છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
અટલાદરા



**હર્ષ કે. કયાડા**

**છાત્રાલય વિભાગ**
**નીલકંઠ વૃંદ**
વલ્લભવિદ્યાનગર



**સિદ્ધાર્થ એમ. ચૌધરી**

છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
નડિયાદ



**મિલન એમ. સખવાલા**

છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
નડિયાદ



**સાવન આર. ભંડેરી**

છાત્રાલય વિભાગ
નીલકંઠ વૃંદ
જૂનાગઢ



**મયૂર ટી. જીવાણી**

છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
વલ્લભવિદ્યાનગર



**ઉમંગ રાસડિયા**

છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
અટલાદરા



**હિમાંશુ એચ. હરિયાણી**

છાત્રાલય વિભાગ
નીલકંઠ વૃંદ
જૂનાગઢ



**લક્ષ્મીલાલ ચૌબીસા**

છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
સંસ્કૃત મહા. સારંગપુર



**મંથન પટેલ**

છાત્રાલય વિભાગ
સહજાનંદ વૃંદ
અટલાદરા

# અન્ય વિવિધ સ્પર્ધાઓના પ્રથમ શ્રેણીના પારિતોષિક વિજેતાઓ

અખિલ ભારતીય યુવા અધિવેશનમાં વચનામૃત મુખપાઠ ઉપરાંત પ્રશ્નોત્તરી, પ્રવચન, નિરૂપણ, નિબંધ લેખન, સંવાદ, પોસ્ટર, વીડિયો શો, શોર્ટ ફિલ્મ વગેરે સ્પર્ધાઓમાં પ્રથમ શ્રેણી પ્રાપ્ત કરનાર વિજેતાઓની સૂચિ...

## પ્રવચન સ્પર્ધા

### ■ શહેર વિભાગ, સહજાનંદ વૃંદ

સંદીપ સોલંકી, નાગરવાડા, જૂનાગઢ
સાગર કવા, મીરાં રોડ, મુંબઈ
વંદન માંડલિયા, બોપલ, અમદાવાદ
હાર્દિક મિસ્ત્રી, સેટેલાઇટ, અમદાવાદ

### ■ શહેર વિભાગ, નીલકંઠ વૃંદ

કથન શાહ, મેઘાણીનગર, અમદાવાદ
સાર્થક જે. બ્રહ્મભટ્ટ, વડોદરા

### ■ ગ્રામ્ય વિભાગ, સહજાનંદ વૃંદ

મનોજ એ. ઓડેદરા, કુતિયાણા, પોરબંદર
અમિત એસ. કતબા, ચેન્નાઈ
તેજેન્દ્ર સોની, ઇંદોર
શુકન એન. બારોટ, વીરમગામ, દહેગામ
કૃણાલ બી. પટેલ, વસો, ડભાણ
યશ એમ. ઠક્કર, વસો, ડભાણ

### ■ ગ્રામ્ય વિભાગ, નીલકંઠ વૃંદ

અક્ષર વિસાણી, કલિકુંડ, વલ્લભવિદ્યાનગર
રક્ષિત જાગીંદ, વલ્લભવિદ્યાનગર
તુષારભાઈ એચ. કળથિયા, બોટાદ

### ■ છાત્રાલય વિભાગ, સહજાનંદ વૃંદ

દર્શિત દૂધરેજિયા, અટલાદરા
અંકુર આર. ઠાકોર, વલ્લભવિદ્યાનગર

### ■ છાત્રાલય વિભાગ, નીલકંઠ વૃંદ

સાંનિધ્ય આર. ભૂવા, ગોંડલ

## પ્રશ્નોત્તરી સ્પર્ધા

### ■ શહેર વિભાગ, સહજાનંદ વૃંદ

પીયૂષ પી. પટેલ, અટલાદરા, વડોદરા
અક્ષર પટેલ, ગાંધીનગર
મૃણાલ પટેલ, ઝાડેશ્વર, ભરૂચ
અક્ષય પટેલ, ઝાડેશ્વર, ભરૂચ
ભાર્ગવ ભંડેરી, કૃષ્ણનગર, જામનગર
પ્રિયેશ હિંગુ, નડિયાદ
હાર્દિક સાપરા, ગોતા, અમદાવાદ
ચિંતન ડી. ઉપાધ્યાય, મકરપુરા, વડોદરા
જતેશ ટાંક, ઝાડેશ્વર, ભરૂચ
હાર્દિક પટેલ, માનસનગર, ભરૂચ
પાર્થ એચ. વંડરા, માંજલપુર, વડોદરા
હરિકૃષ્ણ સી. રાઠવા, માંજલપુર, વડોદરા
દીપક વળિયા, રાજકોટ
અક્ષર એમ. ત્રિવેદી, ઇંદ્રપુરી, વડોદરા
આશ્રય જી. સાવલિયા, ઇંદ્રપુરી, વડોદરા
મિહિર સોંડાગર, વસ્ત્રાલ, અમદાવાદ
મિલન કાકડિયા, સેટેલાઇટ, અમદાવાદ
મિત આર. પટેલ, સમા, વડોદરા
ઘનશ્યામ ગોહિલ, ઝાડેશ્વર, ભરૂચ
કેવિન મિસ્ત્રી, ઝાડેશ્વર, ભરૂચ

### ■ શહેર વિભાગ, નીલકંઠ વૃંદ

વંદન પટેલ, ચકલા, ભરૂચ
ક્રિષ્ના ડી. પરમાર, કારેલીબાગ, વડોદરા
જય મકવાણા, યુનિવર્સિટી રોડ, રાજકોટ
કશ્યપ એન. પટેલ, ઇંદ્રપુરી, વડોદરા
દેવાંગ એ. રાઠવા, ઇંદ્રપુરી, વડોદરા
ઋષિ આર. ઠાકર, વડસર, વડોદરા
વર્ણી પટેલ, માનસનગર, ભરૂચ

### ■ ગ્રામ્ય વિભાગ, સહજાનંદ વૃંદ

ભરતભાઈ એન. મોકરિયા, પોરબંદર
જયજિતસિંહ એમ. જાડેજા, મોવિયા

ધ્રુવલભાઈ જે. પ્રજાપતિ, રાજપારડી
હરદીપ ભાલાણી, પુણે

■ **ગ્રામ્ય વિભાગ, નીલકંઠ વૃંદ**
કૌશિક આર. વનરા, માણેકપરા, અમરેલી
પૂર્વ એમ. પ્રજાપતિ, યોગીનગર, ડભાણ
સૌરભ પી. પટેલ, પાદરા
ઉમંગ જી. નકિયા, વઢવાણ
શરદકુમાર એસ. દોશા, રાજપારડી
ચિંતન એમ. પ્રજાપતિ, અંકલેશ્વર
દિનેશ એસ. ડાભી, બાવરા, મહેમદાવાદ
રિશીકુમાર રાવલ, રાજપીપળા
રાજ આર. પટેલ, અમરેલી

■ **છાત્રાલય વિભાગ, સહજાનંદ વૃંદ**
વિશાલ નારોલા, અટલાદરા
આશિષ રાઠવા, અટલાદરા
હેપિન એન. અજુડિયા, નડિયાદ
ઋત્વિજ જી. પંડ્યા, વલ્લભવિદ્યાનગર
શૈલેશ એમ. પટેલ, નડિયાદ
જીત આર. તિલાલા, વલ્લભવિદ્યાનગર
મૌલિક બી. વૈષ્ણવ, વલ્લભવિદ્યાનગર
હાર્દિક બી. રામાણી, વલ્લભવિદ્યાનગર
સાગર હિરાણી, સં. મહાવિદ્યાલય, સારંગપુર

■ **છાત્રાલય વિભાગ, નીલકંઠ વૃંદ**
સની કિકાણી, સુરત
માનવ વી. પટેલ, વલ્લભવિદ્યાનગર

## નિબંધ-લેખન સ્પર્ધા

■ **શહેર વિભાગ, સહજાનંદ વૃંદ**
મૃણાલ પટેલ, ભરૂચ
જીતેન પરમાર, ગાંધીનગર
હીરેન એન. ચોટલિયા, અમરોલી, સુરત

■ **શહેર વિભાગ, નીલકંઠ વૃંદ**
અક્ષર રાયચુરા, ગોંડલ

## સંવાદ સ્પર્ધા

■ **શહેર વિભાગ, સહજાનંદ વૃંદ**
હાર્દિક મિસ્ત્રી, સેટેલાઇટ, અમદાવાદ
શશિકાંત ચલોડિયા, મોટા વરાછા, સુરત
દિવ્યાંગ ચૌહાણ, અંધેરી(પૂર્વ), મુંબઈ

■ **ગ્રામ્ય વિભાગ, સહજાનંદ વૃંદ**
સાગર આર. ચૂડાસમા, કોડિનાર, લોઢવા
વિરલ એચ. કાલરિયા, મોવિયા

■ **છાત્રાલય વિભાગ, સહજાનંદ વૃંદ**
હાર્દિક બી. રામાણી, વલ્લભવિદ્યાનગર
ભૌતિક નારોલા, સં. મહાવિદ્યાલય, સારંગપુર

## નિરૂપણ સ્પર્ધા

■ **શહેર વિભાગ, સહજાનંદ વૃંદ**
રશ્મિન ઢોલા, કતારગામ, સુરત
રવિ ઘોઘારી, કતારગામ, સુરત

■ **શહેર વિભાગ, નીલકંઠ વૃંદ**
મયૂર બ્રહ્મભટ્ટ, અડાજણ, સુરત

■ **ગ્રામ્ય વિભાગ, સહજાનંદ વૃંદ**
ભરતભાઈ એન. મોકરિયા, પોરબંદર
આદર્શ ભાલાણી, લીંબડી
હરદીપ એમ. ચૌહાણ, આમોદ, પેટલાદ
અક્ષર બી. દેરવાડિયા, રાજુલા
જય કે. જાની, સુરેન્દ્રનગર

■ **ગ્રામ્ય વિભાગ, નીલકંઠ વૃંદ**
દર્શન કે. ચૌહાણ, ધુલિયા
વંદન એસ. પટેલ, પંચવટી, કલોલ

■ **છાત્રાલય વિભાગ, સહજાનંદ વૃંદ**
દેવશ્ય યુ. ભટ્ટ, વલ્લભવિદ્યાનગર
હાર્દિક બી. રામાણી, વલ્લભવિદ્યાનગર

■ **છાત્રાલય વિભાગ, નીલકંઠ વૃંદ**
દિવ્ય એસ. પટેલ, ગોંડલ

## પોસ્ટર સ્પર્ધા

■ **શહેર વિભાગ, સહજાનંદ વૃંદ**
તરુણ ધોળકિયા, શાહીબાગ, અમદાવાદ

■ **ગ્રામ્ય વિભાગ, સહજાનંદ વૃંદ**
જય પંચાલ, પુણે

■ **છાત્રાલય વિભાગ, સહજાનંદ વૃંદ**
ધવલ સી. ચાવડા, નડિયાદ

## વીડિયો શો સ્પર્ધા

■ **શહેર વિભાગ, સહજાનંદ વૃંદ**
તરુણ ધોળકિયા, શાહીબાગ, અમદાવાદ

■ **ગ્રામ્ય વિભાગ, સહજાનંદ વૃંદ**
નીરવ પટેલ, બોરસદ, બોચાસણ

■ **છાત્રાલય વિભાગ, સહજાનંદ વૃંદ**
હર્ષ વીંછી, સં. મહાવિદ્યાલય, સારંગપુર


## શોર્ટ ફિલ્મ સ્પર્ધા

■ **શહેર વિભાગ, સહજાનંદ વૃંદ**
જય કે. પાટડિયા, વડોદરા

■ **ગ્રામ્ય વિભાગ, સહજાનંદ વૃંદ**
નીરવ પી. સેવક, ધોળકા

■ **છાત્રાલય વિભાગ, સહજાનંદ વૃંદ**
નેહલ ડી. ઉનાગર, નડિયાદ
પ્રિન્સ એસ. જોધાણી, નડિયાદ ◆



## પ્રમુખસ્વામી મહારાજનું વિસ્તૃત જીવનચરિત્ર માણો નિઃશુલ્ક ઓડિયો સ્વરૂપે...




અસંખ્ય લોકોનાં જીવનમાં આધ્યાત્મિક-નૈતિક મૂલ્યોનાં અજવાળાં પાથરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે આ વસુંધરા પર અવતરેલા વિરલ પરમાત્મામય સંતવિભૂતિ. આ મહાપુરુષનું વિસ્તૃત જીવનચરિત્ર પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી પ્રકાશિત થઈ રહ્યું છે. વિશાળ સાગરસમી એ જીવનગાથાના પ્રથમ ભાગમાં સન ૧૯૨૧ થી સન ૧૯૭૧ સુધીનાં ૫૦ વર્ષોની વિગતોનો સમાવેશ કરાયો છે. આ પ્રથમ ભાગનું ધ્વનિમુદ્રણ ઓડિયો બુકરૂપે પ્રકાશિત કરવામાં આવ્યું છે. હવે આપ ઘરે બેઠાં કે યાત્રા દરમિયાન શ્રવણ કરી માણી શકશો પ્રમુખસ્વામી મહારાજનું આ વિસ્તૃત જીવનચરિત્ર. બી.એ.પી.એસ. સંસ્થાની વેબસાઇટ પરથી તેનો નિઃશુલ્ક MP3 સંપુટ ડાઉનલોડ કરીને આપ નિત્ય માણો દિવ્ય જીવનગાથાને...
ડાઉનલોડ કરવા માટે જુઓઃ www.baps.org

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વિચરણ સમાચાર

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા



## દક્ષિણ ગુજરાતના સુરત ખાતે સ્વામીશ્રીનો આધ્યાત્મિક લાભ...

*દેશ-પરદેશમાં ભારતીય સંસ્કૃતિ અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને પ્રવર્તાવવા તથા દૂર-સુદૂર વસતા મુમુક્ષુઓનાં આત્યંતિક કલ્યાણ કાજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અહોરાત્ર વિચરણ કરી રહ્યા છે. ગુરુહરિનું દિવ્ય સાંનિધ્ય સંતો-હરિભક્તોમાં અનેરી આધ્યાત્મિક ઊર્જા ભરી દે છે. સ્વામીશ્રી જે સત્સંગકેન્દ્રમાં જાય છે ત્યાં તેઓની પાવન ઉપસ્થિતિમાં સત્સંગ-ભક્તિની ઊડતી છોળોમાં ઝબકોળાઈ હજારો મુમુક્ષુઓ કૃતાર્થતાનો અનુભવ કરે છે. નિત્ય ઠાકોરજીનાં દર્શન તેમજ પ્રગટ ગુરુહરિનાં દર્શન કરી હજારો હરિભક્તો-ભાવિકો શાશ્વત શાંતિની અનુભૂતિ કરે છે. ગુરુહરિની હેત-પ્રીત એવી તો સૌને ભીંજવી દે છે કે બાળકથી માંડીને વયોવૃદ્ધ પણ બ્રહ્માનંદમાં મહાલે છે. વિવિધ ઉત્સવ-પ્રસંગની ઉજવણી કરતા હરિભક્તો-ભાવિકોમાં અનન્ય ગુરુભક્તિનો ઉમંગ છલકાય છે. આબાલ-વૃદ્ધ સૌ કોઈ વિવિધ વ્રત-તપ-ઉપવાસ-પદયાત્રારૂપી ભક્તિ વહાવી ગુરુહરિનાં ચરણે વિશેષ ભક્તિ-અર્ઘ્ય અર્પણ કરે છે. સ્વામીશ્રી સૌની ભક્તિને સહર્ષ સ્વીકારી સૌમાં અનેરું આધ્યાત્મિક બળ પ્રેરી રહ્યા છે. તાજેતરમાં સ્વામીશ્રીએ દક્ષિણ ગુજરાતના સુરત ખાતે બિરાજીને બ્રહ્માનંદ રેલાવ્યો હતો, તેની આછેરી ઝલક હવે પછીનાં પૃષ્ઠોમાં માણીએ...*




# કણાદ-સુરત ખાતે નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનો શિલાન્યાસ મહોત્સવ

*તા. ૬-૫-૨૦૧૯ના રોજ આણંદથી વિદાય લઈ સુરત પધારતાં પૂર્વે સ્વામીશ્રીએ ભરૂચના સંતો-ભક્તો તથા માર્ગમાં દર્શનાર્થે ઊભેલા હરિભક્તોને દર્શનલાભ આપ્યો હતો. સૌનો સ્નેહભાવ ઝીલતાં સ્વામીશ્રી ઢળતી સાંજે સુરતના 'પાલડિયા ફાર્મ'માં પધાર્યા. ફાર્મના માલિક અને આપણા સંનિષ્ઠ હરિભક્ત શ્રી ધીરુભાઈ અને શ્રી વીરજીભાઈ પાલડિયાએ ગુરુહરિનું ભાવભર્યું અભિવાદન કર્યું હતું. 'મહંતવીલા' નામક ભવનમાં ઘનશ્યામચરણદાસ સ્વામી, સુરત મંદિરના કોઠારી ઉત્તમપ્રકાશદાસ સ્વામી અને અન્ય સંતોએ ગુરુહરિનું સ્વાગત કર્યું. અહીં સ્વામીશ્રીએ રાત્રિનિવાસ કર્યો. ફાર્મની બાજુમાં આવેલા કણાદ ગામની પવિત્ર ભૂમિ પર રચાનાર નૂતન શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસ મહોત્સવ પ્રસંગે સ્વામીશ્રીએ મંદિરના ત્રણેય ખંડો નીચે પધરાવાનાર ત્રણેય કળશોમાં ભાવપૂર્ણ દ્રવ્યો પધરાવ્યાં. પ્રમુખસ્વામી મહારાજનો પ્રાસાદિક હાર મુખ્ય કળશમાં પધરાવી સ્વામીશ્રીએ મંદિર નિર્માણકાર્યના શ્રીગણેશ કર્યા હતા.*

*શિલાન્યાસવિધિ બાદ તા. ૭-૫-૨૦૧૯ થી તા. ૧૬-૫-૨૦૧૯ સુધી સુરતમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે બિરાજીને સ્વામીશ્રીએ સત્સંગની રસલહાણ કરી હતી. પ્રાતઃપૂજાનાં દર્શન અને કથામૃતનો લાભ પ્રાપ્ત કરી હજારો આબાલ-વૃદ્ધ ભક્તિભીના થયાં હતાં. કણાદ-સુરત ખાતે નિર્માણ પામનાર શિખરબદ્ધ બી.એ.પીએસ. મંદિરમાં તને-મને-ધને સેવા-સમર્પણ કરવા થનગનતા હરિભક્તો-ભાવિકોના ઉત્સાહને સરાહી સ્વામીશ્રીએ સૌને અંતરના આશીર્વાદ આપ્યા હતા. સુરત ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસ મહોત્સવ પ્રસંગે તથા વિશિષ્ટ સભાઓમાં આપેલા કૃપાલાભથી અહીં આપણે પણ લાભાન્વિત થઈએ...*

ભગવાન સ્વામિનારાયણ અને તેમના પરમહંસો-ભક્તોની પદરજથી પાવન થયેલી ભૂમિ એટલે સુરત. દક્ષિણ ગુજરાતના મહાનગર સુરતના આંગણે ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજે વારંવાર પધારીને અનેકનાં હૈયે આજ્ઞા અને ઉપાસનાના સંસ્કારો રેડ્યા છે. તેના ફળસ્વરૂપે પ્રમુખસ્વામી મહારાજે તાપી નદીના કાંઠે અડાજણમાં ભવ્ય શિખરબદ્ધ મંદિરનું પરિસર રચ્યું છે, જ્યાં હજારો ભક્તો સત્સંગ-સેવા-ભક્તિનો આસ્વાદ માણે છે. અહીં સતત અભિવૃદ્ધિ પામતા જતા સત્સંગને લક્ષમાં લઈને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સુરતની ઉત્તરે કણાદ ગામની બાજુમાં એક વિશાળ શિખરબદ્ધ મંદિર રચવાનો સંકલ્પ કર્યો છે. આ ભવ્ય ત્રિમંજિલા શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસવિધિ પરમ પૂજ્ય





મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા શાનદાર રીતે યોજાઈ ગયો.

કણાદ ગામની ભૂમિ પર વિક્રમ સંવત ૨૦૭૫, તા. ૭-૫-૨૦૧૯ ને મંગળવાર, અક્ષયતૃતીયાના પવિત્ર દિને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે પોતાના સંકલ્પ અનુસાર નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનો શિલાન્યાસ કરી ઐતિહાસિક કાર્યનો મંગલ આરંભ કર્યો હતો.

સ્થળ પર સ્વામીશ્રીના આગમન પૂર્વે સવારે ૯-૦૦ વાગ્યાથી વિશાળ સભામંડપ ૨૫,૦૦૦ જેટલા ભક્તો-ભાવિકોથી ચિક્કાર ભરાઈ ચૂક્યો હતો. ત્યાગવલ્લભદાસ સ્વામી, ઘનશ્યામ-ચરણદાસ સ્વામી અને વરિષ્ઠ સંતોએ શિલાન્યાસનો પૂર્વવિધિ સંપન્ન કર્યો હતો. સૌનું અભિવાદન સ્વીકારતાં સ્વામીશ્રી ભાવિ મધ્ય શિખરના સ્થાને ગર્તની સમીપે બિરાજી ઉત્તરવિધિમાં જોડાયા. શ્રુતિપ્રકાશદાસ સ્વામી અને મધુરવદનદાસ સ્વામી સાથે ભૂદેવોએ વિધિ કરાવ્યો. સ્વામીશ્રીએ મંદિર-નિર્માણમાં ઉપયોગી ઉપકરણોનું પૂજન કર્યું. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે ૨૦૧૫ના વર્ષમાં સારંગપુરના ઉદ્યાનમાં સંપૂર્ણ મહાપૂજા કરી હતી અને તેમાં જે દ્રવ્યો વપરાયાં હતાં એ જ પ્રાસાદિક દ્રવ્યો અત્યારે ગર્તના પૂજનમાં વપરાયાં હતાં. સ્વામીશ્રીએ તે પ્રાસાદિક અબીલ, ગુલાલ, કંકુ, હળદર, અક્ષત ગર્તમાં પધરાવ્યાં. સાથે પુષ્પો અને યંત્રો પધરાવ્યાં. ત્યારબાદ સ્વામીશ્રીએ ખૂબ જ નીચા નમી છેક ભૂમિ પર સ્વહસ્તે નિધિકુંભ પધરાવ્યો. આ નિધિકુંભમાં ગઈકાલે સ્વામીશ્રીએ વિવિધ રત્નો ને પ્રમુખસ્વામી મહારાજનો પ્રાસાદિક હાર પણ પધરાવ્યો હતો. શિલાન્યાસ વિધિના પગલે પગલે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ પણ પ્રત્યક્ષ ઉપસ્થિત છે એવું સૌને અનુભવાતું હતું. સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણની પ્રાકટ્ય ભૂમિ છપૈયાથી માંડીને તમામ ગુણાતીત ગુરુવર્યોનાં પ્રાકટ્ય સ્થાનોની પ્રાસાદિક માટી પણ આ ગર્તમાં પધરાવી; તેર દેશોનાં ચલણી નાણાં; નૈવેદ્ય; ભારતનાં તમામ પવિત્ર જળતીર્થો અને વિશ્વનાં તમામ મુખ્ય જળસ્રોતોનાં જળ પણ પધરાવ્યાં. પ્રમુખસ્વામી મહારાજે ૨૭ એપ્રિલ, ૧૯૮૫ના રોજ સુરતના અડાજણ મંદિરના શિલાન્યાસ વેળાએ જે લેલાથી સિમેન્ટનું મિશ્રણ પધરાવ્યું હતું એ જ લેલા વડે આજે સ્વામીશ્રીએ અહીં સિમેન્ટનું પ્રથમ મિશ્રણ ગર્તમાં પધરાવ્યું. મધ્ય ગર્તની બંને બાજુએ રહેલા ગર્તની સમીપે બિરાજી ત્યાગવલ્લભદાસ સ્વામી અને ઘનશ્યામચરણદાસ સ્વામીએ વિધિ કર્યો હતો. બરાબર ૧૦-૩૭ વાગે સ્વામીશ્રીએ પોતાના પુનિત હસ્તે ગર્ત પર પ્રથમ શિલાનું સ્થાપન કર્યું ત્યારે સર્વત્ર અક્ષરપુરુષોત્તમનો જયજયકાર ગુંજી ઊઠ્યો હતો. સભામંડપમાં બેઠેલા હજારો હરિભક્તો વિશાળ સ્ક્રીન પર આ વિધિનું દર્શન કરી રહ્યા હતા.

ત્રણેય ગર્ત પાસે ત્રણ ત્રણ હરિભક્તોએ જયજયકાર વચ્ચે શ્રીફળ વધેર્યાં. મુખ્ય ગર્ત પર સુરતના અગ્રણી

શ્રી ભરતભાઈ સાપોલિયા, શ્રી લવજીભાઈ બાદશાહ અને શ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ શ્રીફળ વધેર્યાં. ત્યારબાદ સૌએ શ્રી હરિકૃષ્ણ મહારાજ અને શિલાઓની આરતી ઉતારી. ભાવિ શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ સંપન્ન થતાં સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો હતો.

વિધિની સાથે સાથે સ્વામીશ્રીએ મંદિર-નિર્માણમાં સેવા આપી રહેલા અક્ષયમુનિદાસ સ્વામી, શ્રીજી-સ્વરૂપદાસ સ્વામી, વિવેકદર્શનદાસ સ્વામી, સંજયભાઈ પરીખ, પ્રશાંતભાઈ દેસાઈ અને સ્નેહલભાઈને આશીર્વાદ અર્પ્યા. સુરત મંદિરના કોઠારી ઉત્તમ-પ્રકાશદાસ સ્વામી અને મંદિરની ભૂમિના સંપાદન કાર્યમાં જહેમત ઉઠાવનાર મુનિવંદનદાસ સ્વામીને પણ આશીર્વાદ અર્પ્યા. આ પ્રસંગે ઉપસ્થિત સુરત જિલ્લાના કલેક્ટર ડૉ. ધવલભાઈ પટેલને પણ સ્વામીશ્રીના આશીર્વાદ સાંપડ્યા.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરતની આજુબાજુનાં ૧૯૦ ગામોમાં એક અઠવાડિયામાં જ ૭૦૦ યુવકોએ ૨૪,૦૦૦ ઘરોની મુલાકાત લીધી હતી. પ્રત્યેક ઘરે નૂતન મંદિરની વાત કરી. ફક્ત એક રૂપિયો દાનમાં લીધો; પ્રત્યેક ગામના મંદિરમાંથી ત્યાંની પવિત્ર ભૂમિરજ લીધી અને આજે જે તે ગામોના સરપંચશ્રીઓ અથવા અગ્રણીઓ દ્વારા તે ભૂમિરજ તથા ધનરાશિ ગર્તમાં પધરાવાયાં. આનાથી તમામ ગામની મુમુક્ષુ જનતાને ખૂબ ભાવ થયો કે 'તમે અમારી સેવા મંદિરના પાયામાં લીધી!'

શિલાન્યાસ બાદ સમીપે બંધાયેલા સભામંડપમાં પ્રાસંગિક સમારોહમાં સ્વામીશ્રી પધાર્યા. યુવકોએ *'આજ મારે ઓરડે રે...'* કીર્તન પર બૅન્ડ સૂરાવલીઓ રેલાવી શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ત્યારબાદ ઘનશ્યામચરણદાસ સ્વામી અને કોઠારી ઉત્તમપ્રકાશદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં. એક વીડિયો પ્રસ્તુતિમાં અહીંના અગ્રણીઓએ આ જમીન સંપાદનના કાર્યમાં સ્વામીશ્રીએ કેવો પ્રતાપ દર્શાવ્યો તે વિષયક અનુભવો કહ્યા.

આ ભૂમિ પર મંદિરનો સંકલ્પ કરનાર અને સૌને પ્રેરણાઓ આપનાર ગુરુહરિ મહંત સ્વામી મહારાજને વરિષ્ઠ સંતો, સુરત મંદિરમાં સેવા આપી રહેલા સંતો અને મંદિર-નિર્માણમાં સહાયભૂત થઈ રહેલા અગ્રણી સહાયકો, ભૂમિદાતાઓએ હાર પહેરાવી શુભાશિષ પ્રાપ્ત કર્યા.

આ પ્રસંગે સૌને આશીર્વાદ અર્પી ધન્યતા બક્ષતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''અહીં જમીન સંપાદન થઈ, શિલાન્યાસ થયો ને જોતજોતાંમાં મંદિર થઈ જશે અને બધા ભક્તિમાર્ગ ખુલ્લા થશે. ભક્તો મહારાજ-સ્વામીનું ભજન કરશે. બીજા દેવતાઓ પણ અહીં પધરાવાશે. જે જેની રુચિ હશે તે પ્રમાણે ભજન કરશે, જોડાશે પણ ટૂંકમાં બધાને અંતરમાં શાંતિ થશે. આજે તમે બધા અહીં પધાર્યા છો, પણ ખૂબ ગરમી છે. બધાને પરસેવાના રેલા ઊતરે છે એટલે બધા માફ કરજો.''

સ્વામીશ્રીના આશીર્વાદથી ભક્તો-ભાવિકો તેઓ પર ઓવારી ગયા. સૌનાં મસ્તક સ્વામીશ્રીનાં શ્રીચરણોમાં અહોભાવથી નમી પડ્યાં. સ્વામીશ્રીની વિદાય બાદ ઉપસ્થિત તમામ ભક્તો-ભાવિકોને ગર્તમાં શિલા પધરાવવાનો અમૂલ્ય લહાવો પ્રાપ્ત થતાં સૌ કોઈ અહોભાવથી છલકાઈ ઊઠ્યા હતા.

અત્રે ખાસ નોંધવું ઘટે કે જમીન સંપાદન વગેરેનું કાર્ય તો સંપૂર્ણ થયું નહોતું, પરંતુ સ્વામીશ્રીએ ખાસ ઇચ્છા દર્શાવી હતી કે અખાત્રીજના દિવસે જ નૂતન મંદિરનો શિલાન્યાસ કરવો છે અને આ પ્રસંગે તેમણે પોતાના હસ્તાક્ષરમાં ઉત્સાહથી પત્ર પણ લખ્યો હતો. આજે તેઓના સંકલ્પબળે અહીં નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના શ્રીગણેશ થતાં દક્ષિણ ગુજરાતના ભાવિક ભક્તોમાં ઉત્સાહનું મોજું પ્રસરી ગયું હતું.

શિલાન્યાસવિધિ બાદ સ્વામીશ્રી સુરતના અડાજણ ખાતે બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા હતા. સંતો તથા બાળકોએ ઉત્સાહભેર ગુરુહરિનું સ્વાગત કર્યું હતું.

## રવિ સત્સંગસભા

તા. ૧૨-૫-૨૦૧૯ના રોજ કણાદ ગામની નૂતન ભૂમિ પર સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલી રવિ સત્સંગસભા સૌ માટે વિશેષ પ્રેરણારૂપ બની રહી હતી. સાયંકાળે સ્વામીશ્રી ભાગ્યશાળી ભૂમિ પર પધાર્યા ત્યારે શ્રી હરિકૃષ્ણ મહારાજ સહ ગૉલ્ફકાર્ટમાં બિરાજી મંદિરના નકશા પ્રમાણે નૂતન રચાનાર સંકુલનું પરીક્ષણ કર્યું હતું. ભૂમિ-સંપાદનમાં મદદ કરી રહેલા ખેડૂત ભાઈઓને વ્યક્તિગત આશીર્વાદ અર્પી સ્વામીશ્રી હજારો હરિભક્તોથી ઊભરાતી રવિ સત્સંગસભામાં પધાર્યા હતા. સ્વામીશ્રીના આગમન પૂર્વે નારાયણમુનિદાસ સ્વામી, આત્મ-સ્વરૂપદાસ સ્વામી અને કોઠારી ઉત્તમ-પ્રકાશદાસ સ્વામીએ મનનીય પ્રવચનનો લાભ આપ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત સુરત જિલ્લાના ડીડીઓ શ્રી હિતેશભાઈ કોયાએ સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ મંદિરકાર્યમાં સહકાર આપનાર હરિભક્તોએ સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. મુનિવંદનદાસ

સ્વામીએ નૂતન જમીન-સંપાદન અને સ્વામીશ્રીના સંકલ્પથી માંડીને શિલાન્યાસ સુધી સ્વામીશ્રીનું સતત બળ અને પ્રોત્સાહન મળતું રહ્યું તેની સરસ ગાથા વર્ણવી હતી.

અંતે સ્વામીશ્રીએ આશીર્વર્ષા કરતાં જણાવ્યું: ''મંદિરનો શિલાન્યાસવિધિ થયો, મહારાજ-સ્વામીનો સંકલ્પ હતો તે પ્રગટ થયો અને હવે બધું થશે. મંદિર થઈ જશે અને હરિભક્તો-સંતો બધા ધામધૂમથી ભજન-ભક્તિ-સેવા કર્યા કરશે. અડાજણ મંદિરમાં અત્યારે સત્સંગ પ્રવૃત્તિઓ ચાલે છે તે હવે આ મોટા મંદિરમાં થશે.

યોગીબાપા કહેતા, 'જર્મની ને રશિયામાં સત્સંગ કરાવવો છે.' તે વખતે આ વાત સાચી ન લાગે. બધા કહેતાં, 'ઝમરાળા એટલે જર્મની ને રોહીશાળા એટલે રશિયા!' પણ એ બધું અત્યારે સાકાર થતું જાય છે. ચારેકોર ડંકા વાગી રહ્યા છે, કેવળ મહારાજ-સ્વામીના પ્રતાપથી. મહારાજ -સ્વામી શું ન કરી શકે? તેઓ સર્વોપરી ભગવાન છે, અનંતકોટી બ્રહ્માંડોનું સંચાલન ત્યાંથી થાય છે માટે વિશ્વાસ રાખવાનો. મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી ને સત્પુરુષમાં દૃઢ વિશ્વાસ રાખવાનો તો બધું સાકાર થાય.

શાસ્ત્રીજી મહારાજે પુરુષપ્રયત્ન કર્યો છે ને આપણને પુરુષપ્રયત્ન કરતા શિખવાડ્યું છે. તે વખતે નહોતા દાણા, નહોતા પાણા, નહોતા નાણાં છતાં શાસ્ત્રીજી મહારાજે મંદિરો કર્યાં. એક કીર્તનમાં ગવાયું છે, *'લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે'*, બોચાસણ મંદિરના પાયામાંથી ચરુ નીકળ્યા તો શાસ્ત્રીજી મહારાજે તે દટાવી દીધા. તેઓએ લક્ષ્મીજી, ઐશ્વર્ય એ બધું વાપર્યું જ નથી. પુરુષપ્રયત્ન કરીને કાર્ય કર્યું છે ને એ રીતે ભક્તિ અદા કરી છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ને પ્રમુખસ્વામી મહારાજ બધું કરી શકે એમ હતા, પણ તેઓએ એકદમ બધું ઠાલવી ન દીધું. પુરુષપ્રયત્ન ને મહેનત એ જ ભક્તિ છે. મહારાજ-સ્વામી માટે જે કરીએ એ જ ભક્તિ છે. અને આવી સેવા-ભક્તિ મળી છે તે કરતા રહેજો.''

સભામાં ઉપસ્થિત ત્રીસ હજાર જેટલા ભક્તોએ સ્વામીશ્રીના આશિષને જયનાદથી વધાવી લીધા. સૌમાં સેવા-ભક્તિનું અનેરું બળ સિંચી સ્વામીશ્રીએ આજની સભાને સાર્થક કરી દીધી.

તા. ૧૩-૫-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ ઉકાઈ ક્ષેત્રના સોનગઢ (પુનઃપ્રતિષ્ઠા), વાઝરડા (હનુમાનજી -ગણપતિજીની પુનઃપ્રતિષ્ઠા), ઉકાઈ (ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા) તેમજ સાંકરી ક્ષેત્રના કાછલ (પુનઃપ્રતિષ્ઠા), જામણકૂવા (પુનઃપ્રતિષ્ઠા) મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

**પદવીદાન સમારોહ**

સારંગપુરમાં યુવા તાલીમ-કેન્દ્રના ૧૯મા સત્રમાં તાલીમ પામેલા યુવકોનો પદવીદાન સમારોહ તા. ૧૪-૫-૨૦૧૯ના રોજ સુરત ખાતે પ્રમુખસ્વામી સભાગૃહમાં યોજાયો હતો. સ્વામીશ્રીની પાવન નિશ્રામાં સાયંકાળે યોજાયેલા આ સમારોહમાં યુવાનોએ સ્વાગતનૃત્યથી સ્વામીશ્રી અને સૌનું અભિવાદન કર્યું હતું.

ત્યારબાદ યુવા તાલીમ-કેન્દ્રમાં આવ્યા પૂર્વેનું યુવકોનું જીવન કેવું હોય છે તે દર્શાવતું એક પ્રહસન રજૂ થયું. અને ત્યારપછી 'YTK - A Turning Point.' શીર્ષક હેઠળ એક વીડિયો-પ્રસ્તુતિ થઈ, જેમાં જીવન-પરિવર્તનો અનુભવનારા સેવકો અને વાલીઓની હૃદયોર્મિઓ પ્રસ્તુત થઈ.

ત્યારબાદ સત્સંગની ખુમારી, અસ્મિતા; વિપરીત સંજોગોમાં નિયમ પાલનની દૃઢતા; પક્ષ, વફાદારી અને નિષ્ઠાના બળે સત્સંગપરાયણ જીવન જીવનાર હરિભક્તોના પ્રેરક પ્રસંગો એક પછી એક યુવાનોએ રજૂ કર્યા. પ્રસંગોની સાથે સાથે યુવકોએ 'અક્ષરપુરુષોત્તમ માટે મુંડાવવું છે, આપનું ઋણ ચૂકવવું છે.' પ્રતિજ્ઞા લઈ કાર્યક્રમની પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી. ત્યારબાદ તાલીમ કેન્દ્રના સંચાલક સંતો તથા તાલીમાર્થીઓએ બે વિશિષ્ટ ચાદર સ્વામીશ્રીને અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. શાસ્ત્રીજી મહારાજે ઉપાસના પ્રવર્તન માટે ઉચ્ચારેલાં વચનોનું પઠન કર્યું: 'જો આ વખતે મનને સમજાવી શૂરવીર થઈને શ્રીજી-સ્વામીની સેવામાં તત્પર રહેશો તો અનેક જન્મનો રખડપાટ મટી જશે ને અખંડ દિવ્યદેહે શ્રીજી-સ્વામીની સેવામાં રહેવાશે.'

પ્રેરણાવચનોથી લાભાન્વિત કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''યોગીબાપાએ કહ્યું, 'આ બ્રહ્માંડમાં આપણા તુલ્ય ભાગ્યશાળી માનો એ જ ભૂલ્ય'. નાનો બાળક હોય કે ગમે તે હોય, અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા ધરાવતો હોય તો તે નિષ્ઠામાં બધું આવી ગયું. હવે મહારાજ-સ્વામીની નિષ્ઠા પાકી કરવી. તેમાં આપણે શૂરવીર થવું. અને આ તમે જે બધી પ્રતિજ્ઞાઓ કરી છે તે બધાને સિદ્ધ થાય એ પ્રાર્થના.''

અક્ષરપુરુષોત્તમના યુવાવીરોએ ગુરુહરિનાં પ્રેરણાવચનો હૃદયસ્થ કરી જીવનલક્ષી ભાથું બાંધી લીધું હતું.

આમ, સુરતના પ્રેમી ભક્તોને દસ દિવસ સુધી દિવ્ય સાંનિધ્યલાભ આપી સ્વામીશ્રી નડિયાદ પધાર્યા હતા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી અને સંતમંડળનું એશિયા-પેસેફિક દેશોમાં સત્સંગ વિચરણ



ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોના વૈદિક શુદ્ધ ઉપાસનાના પ્રવર્તનના સંકલ્પને સાકાર કરવા માટે તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી એશિયા પેસેફિક દેશોમાં સંતવૃંદનું વિચરણ યોજાઈ ગયું. તા. ૧૪ ફેબ્રુઆરી થી ૧૭ મે, ૨૦૧૯ દરમ્યાન ૯૨ દિવસ સુધી યોજાયેલા આ વિચરણમાં પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની સાથે આનંદભૂષણદાસ સ્વામી, દેવવલ્લભદાસ સ્વામી અને અખંડમંગલદાસ સ્વામી જોડાયા હતા. એશિયા-પેસેફિક દેશોમાં વિચરણ કરતા પરમચિંતનદાસ સ્વામી, વિમલસેવાદાસ સ્વામી, પ્રિયચિંતનદાસ સ્વામી અને બ્રહ્મસ્મરણદાસ સ્વામી પણ તેમાં જોડાયા હતા.

આ સંતમંડળે સિંગાપોર, ઑસ્ટ્રેલિયા, ફીજી અને ન્યૂઝીલેન્ડનાં બી.એ.પી.એસ. સત્સંગકેન્દ્રોમાં પધારીને વૈદિક શુદ્ધ ઉપાસનાના પડઘમ ગુંજાવ્યા હતા. દરેક સત્સંગકેન્દ્રમાં નિત્ય પ્રાતઃકથામાં ભક્તિપ્રિયદાસ સ્વામીનું વચનામૃત પરનું નિરૂપણ સૌ માટે પ્રેરણાસ્રોત સમાન બની રહેતું. વિવિધ સત્સંગકેન્દ્રોમાં સ્વાગતસભા, સેવાદિન, સમર્પણદિન, સમજણદિન, સ્વધર્મદિન, સાંસ્કૃતિકદિન અને શ્રવણદિન અંતર્ગત સત્સંગસભાઓ યોજાતી હતી. તેમાં સંતોએ કીર્તન-ભક્તિ અને પ્રેરક વક્તવ્યો તથા ભક્તિપ્રિયદાસ સ્વામીએ આશીર્વચન પાઠવીને સૌને ભક્તિના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપી હતી. કેટલાંક સત્સંગકેન્દ્રોમાં ભક્તિ- પ્રિયદાસ સ્વામી સમક્ષ હરિભક્તોએ જીવનમાં મૂંઝવતા પ્રશ્નોની છણાવટ કરીને સુંદર માર્ગદર્શન પણ પ્રાપ્ત કર્યું હતું.

આ ઉપરાંત તેઓના વિચરણ દરમ્યાન મેલબર્ન, સિડની, પર્થ, એડિલેઈડ અને ઓકલેન્ડ ખાતે *'ઓમ્ શાંતિ શાંતિ શાંતિ'* મધ્યવર્તી વિચાર સાથે એકદિવસીય શિબિર યોજાઈ હતી, જેમાં પ્રેરણાસભર પ્રવચનોનું શ્રવણ કરીને હજારો હરિભક્તોએ જીવનમાં સાચી શાંતિ પ્રાપ્ત કરવાની સંજીવની પ્રાપ્ત કરી હતી. સાથે સાથે સિડની, વેલિંગ્ટન અને એડિલેઈડ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ યોજાયા. તેના ઉપક્રમે વેદોક્ત મહાપૂજામાં સેંકડો હરિભક્તોએ જોડાઈને ધન્યતા અનુભવી હતી.

તા. ૧૯-૨-૨૦૧૯ના રોજ સંતમંડળ મેલબર્ન પાર્લામેન્ટમાં પધાર્યું હતું. સ્થાનિક નેતા શ્રી ક્રેગ ઓન્ડાર્ચી તથા સ્પીકર કોલિંગ બ્રુકે સંતવૃંદનું સ્વાગત કર્યું. સ્પીકર કોલિંગે ભક્તિપ્રિયદાસ સ્વામીને આગ્રહ કરીને પોતાની ખુરશી પર બિરાજમાન કર્યા. અહીં સંતોએ ઓસ્ટ્રેલિયામાં સુખ, શાંતિની વૃદ્ધિ થાય તે માટે પ્રાર્થના કરી હતી. તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ આ સંતવૃંદે કેનબેરા ખાતે પાર્લામેન્ટ હાઉસમાં પણ પધરામણી કરી હતી.

તા. ૧ માર્ચના રોજ સંતો ફીજીના બા શહેરમાં પધાર્યા હતા. અહીં ગીતામંદિર પુસ્તકાલય ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી વિનુભાઈ પટેલે બી.એ.પી.એસ. મંદિરના નિર્માણ માટે મકાન અર્પણ કર્યું છે. ભક્તિપ્રિયદાસ સ્વામીએ સત્વરે અહીં મૂર્તિપ્રતિષ્ઠા થાય તેવી રુચિ દર્શાવી. ઉત્સાહી હરિભક્તોએ માત્ર ૨૧



કલાકમાં સંપૂર્ણ વ્યવસ્થા કરી દીધી. બીજા દિવસે તા. ૨-૩-૨૦૧૯(એકાદશી)ના રોજ સવારે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો. સંતવૃંદની ઉપસ્થિતિમાં ફીજીની રાજધાની ‘સુવા’માં જાહેરસભા યોજાઈ હતી, જેમાં અતિથિવિશેષ તરીકે ભારતના હાઈકમિશનરશ્રી તથા અગ્રણી વેપારી બંધુઓએ ઉપસ્થિત રહીને સત્સંગનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સિડનીમાં શિખરબદ્ધ મંદિર નિર્માણાધીન છે. અહીં વિવિધ દિન અંતર્ગત ભક્તિસભર કાર્યક્રમો યોજાતા રહ્યા. બ્રહ્મસ્વરૂપ પ્રાગજીભક્ત પ્રાગટ્યદિન અને પુષ્પદોલોત્સવ પણ શાનદાર રીતે યોજાયા. પ્રેરણાસભર કાર્યક્રમોની અવિરત શૃંખલા સૌ માટે આધ્યાત્મિક સંજીવની સમાન બની રહી. અહીં આબાલ -વૃદ્ધ સૌ હરિભક્તો અપાર ઉત્સાહથી ટિન કલેક્શન કરીને વિશેષ સેવા કરી રહ્યા છે. તેઓની આ સેવાને ભક્તિપ્રિયદાસ સ્વામીએ બિરદાવી હતી.


તા. ૩૧-૩-૨૦૧૯ના રોજ સંતમંડળ ન્યૂઝીલેન્ડ પધાર્યું. ઓકલેન્ડમાં યોજાયેલી જાહેરસભામાં ભારતીય રાજદૂત શ્રી સંજીવ કોહલી પધાર્યા હતા. તેઓશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ સેવાઓને બિરદાવી હતી. સંતોના સાંનિધ્યમાં હેમિલ્ટન નગરના બી.એ.પી.એસ. મંદિર ખાતે ‘શ્રીહરિ પ્રાગટ્યોત્સવ’ ભક્તિભાવપૂર્વક રીતે ઊજવાયો હતો.

તા. ૧૬ એપ્રિલના રોજ ઓસ્ટ્રેલિયાનું સંતવૃંદ મેલબર્ન ખાતે પધાર્યું હતું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ગ્રીફિથ ટાઉનમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામ્યું છે. અહીં તા. ૧૮-૪-૨૦૧૯ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે શાનદાર નગરયાત્રા યોજાઈ, જેમાં ગ્રીફિથ, મેલબર્ન તથા સિડનીના હરિભક્તો ખૂબ ઉત્સાહથી સંમિલિત થયા. સંધ્યાસભામાં યોજાયેલા કીર્તન-ભક્તિના કાર્યક્રમમાં સંતોએ કીર્તનોની સુમધુર સુરાવલિઓ વહાવીને સૌને ભક્તિરસમાં ગુલતાન કર્યા હતા.

તા. ૧૯-૪-૨૦૧૯ના રોજ માંગલિક સવારે વેદોક્ત મહાપૂજાવિધિ બાદ મૂર્તિપ્રતિષ્ઠા વિધિ યોજાયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં પ્રેરક કાર્યક્રમો અને સંતોનાં પ્રાસંગિક વક્તવ્યો બાદ પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં હતાં. આ અવસરનો ગ્રીફિથ, સિડની અને મેલબર્ન સત્સંગકેન્દ્રોના ૧૨૦૦ ભાવિક-ભક્તોએ અમૃતલાભ પ્રાપ્ત કર્યો હતો. સિડની અને મેલબર્નના ૧૬૫ સ્વયંસેવકોએ ખૂબ જહેમત ઉઠાવીને પ્રતિષ્ઠા ઉત્સવને સફળ બનાવ્યો હતો. રસોડા વિભાગમાં સિડની મહિલામંડળે વિશેષ સેવા અર્પી હતી.

મેલબર્ન, એડિલેઈડ અને પર્થમાં વિવિધ દિન અંતર્ગત ભક્તિસભર કાર્યક્રમોની શૃંખલા રચાઈ હતી. એડિલેઈડ પાર્લામેન્ટના સ્પીકરના આમંત્રણથી સંતવૃંદે પાર્લામેન્ટમાં પધારીને ઑસ્ટ્રેલિયામાં સુખ, શાંતિ અને સંપની અભિવૃદ્ધિ થાય તે માટે પ્રાર્થના કરી હતી. આમ, સિંગાપોર, ફીજી, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડનાં વિવિધ સત્સંગકેન્દ્રોમાં યોજાયેલી જાહેરસભામાં સેંકડો મુમુક્ષુઓએ વ્યસન-દૂષણથી મુક્ત બનીને સત્સંગના માર્ગે પદાર્પણ કર્યું હતું.

આમ, સિંગાપોર, મેલબર્ન, ઑકલેન્ડ, વેલિંગ્ટન, ક્રાઈસ્ટચર્ચ, ક્વિન્સટાઉન, સિડની, કેનબેરા, એડિલેઈડ, બ્રિસ્બન, નાન્દી, બા, સુવા, લટુકા, મેંદી, હોબાર્ટ, પર્થ, ડાર્વિન ખાતે લાભ આપી હોંગકોંગ, બેંગકોક (થાઈલેન્ડ) વગેરે સત્સંગકેન્દ્રોમાં ઉપાસનાના પડઘમ ગુંજાવી સંતમંડળ સ્વદેશ પધાર્યું હતું. ◆



**પૂજ્ય ભગવત્પ્રિયદાસ સ્વામી, કોલકાતા, ઉં.વ. ૮૦, અક્ષરવાસ તા. ૨૯-૫-૨૦૧૯**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંતવર્ય અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના હસ્તે દીક્ષિત થનારા નવ યોગેશ્વરોમાંના એક એવા પૂજ્ય ભગવત્પ્રિયદાસ સ્વામીના અક્ષરવાસથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને એક વિદ્વાન, ગુણિયલ અને વરિષ્ઠ સંતની ખૂબ મોટી ખોટ પડી છે.

પૂજ્ય ભગવત્પ્રિયદાસ સ્વામીનો જન્મ ૧૩-૬-૧૯૩૯ના રોજ કોલકાતા ખાતે ભવાનીપુરમાં થયો હતો. ત્યારબાદ તેમનો પરિવાર મુંબઈ સ્થળાંતરિત થયો હતો. મુંબઈમાં જ તેમનો અભ્યાસ અને ઉછેર થયાં. પરિવારજનોને શાસ્ત્રીજી મહારાજનો સત્સંગ પહેલેથી જ. તેઓને પણ ભારતના પૂર્વ કાર્યકારી વડાપ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદાજીના બંગલે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનાં દર્શનનો લાભ મળ્યો હતો. એ વખતે શાસ્ત્રીજી મહારાજની પ્રાતઃપૂજામાં તેમણે ૧૦ વર્ષની ઉંમરે કીર્તન ગાઈને તેમને રાજી કર્યા હતા.

સન ૧૯૬૦માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના વરદ હસ્તે દીક્ષા ગ્રહણ કરીને યોગીજી મહારાજના લાડીલા નવ યોગેશ્વરોમાં જોડાવાનું સૌભાગ્ય તેમણે મેળવેલું. તેમનું પાર્ષદ નામ હતું અનુપમ ભગત. સન ૧૯૭૦માં તેઓ યોગીજી મહારાજ સાથે આફ્રિકા-યુ.કે.ના વિચરણમાં જોડાયા હતા. સતત દોઢેક દાયકા સુધી મુંબઈમાં યોગીજી મહારાજની આજ્ઞાથી સંસ્કૃતમાં વેદાંતમાં વાચસ્પતિ (પીએચ.ડી.) સુધીનો અભ્યાસ કરીને તેઓએ સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન પર વિદ્વત્તાસભર મહાનિબંધ લખ્યો હતો. ત્યારબાદ સન ૧૯૭૪થી સારંગપુરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી સંતતાલીમ કેન્દ્રમાં સંગીત, સંસ્કૃત, શાસ્ત્રીય ગ્રંથો, સાંપ્રદાયિક ઇતિહાસ વગેરેના પ્રથમ પ્રાધ્યાપક સંત તરીકે પણ સેવા કરી હતી. ગોંડલમાં રહીને તેમણે ગામડે-ગામડે વિચરણ કરીને સત્સંગ પ્રવર્તનમાં પણ સેવાઓ આપી હતી. સન ૧૯૮૫થી કોલકાતામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના મહંત તરીકે જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવારત રહ્યા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જ્યારે તેઓને મળતા ત્યારે 'ગુરુ' કહીને જ સંબોધતા. સત્સંગમાં પણ સૌ તેમને 'ગુરુસ્વામી' તરીકે જ બધા ઓળખતા. તેઓને કીર્તનભક્તિ બહુ પ્રિય હતી. કથા, કીર્તન અને પઠન-મનનમાં તેઓ સદા રત રહેતા. એમના ૬૦ વર્ષના સાધુ જીવનમાં સૌએ અનુભવ્યું છે કે તેમનું જીવન એકધારું પવિત્ર રહ્યું છે. સદા અંતર્મુખી વ્યક્તિત્વ. ક્યારેય કોઈની ટીકા નહીં, કોઈના અભાવ-અવગુણની વાત નહીં, કોઈ પારકી વાત નહીં. શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે આહ્નિકમાં ખૂબ ખબરદાર. કોઈ દિવસ કોઈના પણ માટે એમને ફરિયાદ નહીં.

તેઓને વર્ષો પહેલાં અન્નનળીમાં કેન્સર થયેલું, પરંતુ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી રક્ષા થઈ. ત્યારબાદ પણ નાની-મોટી શારીરિક તકલીફો આવતી રહી. પરંતુ દૈહિક પીડા હોવા છતાં તેમણે કોઈ દિવસ ફરિયાદ કરી નથી. આ તેમના જીવનનો મુખ્યમંત્ર હતો, તેઓ કહેતા – ભગવાન બધું જ જાણે છે એ જેમ રાખે તેમ આપણે તેમની મરજી પ્રમાણે રહેવાનું તો જ સુખ આવે.

તા. ૨૯-૫-૧૯ના સવારે ૫-૩૦ વાગે કોલકાતા ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં તેઓ નિત્યક્રમ મુજબ સ્નાનાદિક ક્રિયા પતાવીને પૂજાપાઠ કરવા માટે તૈયાર થયા. ૫ મિનિટ પછી ધીરે ધીરે શ્વાસની ગતિ વધતી ગઈ. સેવક સંતે પૂછ્યું તો ધીરે ધીરે આંખ બંધ કરી હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કહી અક્ષરધામમાં પધારી ગયા. માખણમાંથી મોવાળો કાઢે એટલી સહજતાથી અક્ષરધામમાં બિરાજી ગયા. તરત પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને સમાચાર આપ્યા. મહંત સ્વામીએ ધૂન કરીને હાથનું લટકું કરીને કહ્યું: 'મહારાજે ધામમાં બેસાડી દીધા.' સ્વામીશ્રીએ તેઓને અંજલિ અર્પતાં કહ્યું: 'અમે સાથે દીક્ષા લીધેલી. સાધુ થયા ત્યારથી એકધારું જીવન, એક રહેણીકહેણી, સાધુના નિયમધર્મમાં કોઈ ફેરફાર નહીં. વર્ષોથી પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી કોલકાતા જેવા દૂર દેશમાં રહ્યા પણ નિયમધર્મમાં ફેર પડવા દીધો નથી. ખૂબ જ ઉત્સાહી હતા. જે કાર્ય સોંપીએ તે ઉત્સાહથી કરે. જરાય મોળપ નહીં. કોઈ દિવસ આગળ આવવાની ભાવના નહીં. ખૂબ જ સરળતા અને સાધુતા એમના જીવનમાં હતી.'

ભગવત્પ્રિયદાસ સ્વામી હંમેશાં કહેતાઃ 'અક્ષરધામમાં જ બેઠા છીએ. ક્યાં આવવાનું-જવાનું છે! મહારાજને જ્યારે લઈ જવા હોય ત્યારે ધામમાં લઈ જાય. આપણે તૈયાર છીએ.' તેમના જીવનનો આ અંગત સૂર છેલ્લા શ્વાસે પણ એવો જ હતો.

પૂજ્ય ભગવતપ્રિયદાસ સ્વામીની અંતિમ વિધિ માટે સ્વામીશ્રીની આજ્ઞાથી તેઓના વતી મુંબઈથી તેમના સહાધ્યાયી વરિષ્ઠ સંત પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ પધાર્યા હતા. પહેલી નજરે જોતાં જ કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી બોલ્યા, ' દિવ્ય અને ચમકતો ચહેરો જોતાં લાગે જ નહીં કે ધામમાં પધારી ગયા છે. ધ્યાનમાં બેઠા છે એવું લાગે છે. હવે પ્રત્યક્ષ મહારાજની પૂજા કરશે.'

સાંજે સ્નાનાદિક-પરિક્રમા-પૂજન વગેરે વિધિ સંપન્ન થયા બાદ મંદિરના કેમ્પસમાં ગૌશાળાની બાજુમાં તળાવના કાંઠે તેઓનો અંતિમસંસ્કાર વિધિ કરવામાં આવ્યો. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા મેળવીને ધન્ય થયેલા આવા એક વિદ્વાન, સાધુતાસંપન્ન વરિષ્ઠ સંતને હાર્દિક વંદન સાથે અંતઃકરણપૂર્વક ભાવાંજલિ...

# ભગવદ્‌ગીતાની ભૂમિ કુરુક્ષેત્રમાં બી.એ.પી.એસ. મંદિરનાં મંડાણ...
# રાજસ્થાનમાં સિરોહી ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા...




કુરુક્ષેત્ર ખાતે શિલાન્યાસ વિધિના ઉપક્રમે મહાપૂજામાં રત સંતો-હરિભક્તો, શિલાન્યાસ વિધિ કરતા ઈશ્વરચરણદાસ સ્વામી...

## કુરુક્ષેત્રમાં યોજાયો શિલાન્યાસ ઉત્સવ

કુરુક્ષેત્ર એટલે ઈતિહાસપ્રસિદ્ધ મહાભારત અને ભગવદ્‌ગીતાની ભૂમિ. આ સ્થાન સાથે સ્વામિનારાયણીય સંપ્રદાયનો સંબંધ બસ્સો વર્ષ પુરાણો છે. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન પરમહંસ સદ્‌ગુરુ સ્વરૂપાનંદ સ્વામી કુરુક્ષેત્રના વતની હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના અનન્ય શિષ્ય અને પૂર્વ કાર્યકારી વડાપ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદાએ કુરુક્ષેત્રને પોતાની કર્મભૂમિ બનાવી હતી. તાજેતરમાં વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો પામેલા કુરુક્ષેત્રના વિકાસકાર્યમાં શ્રી નંદાજીએ અનન્ય ફાળો આપ્યો હતો. તેઓશ્રીએ કુરુક્ષેત્ર વિકાસ સમિતિ(કેડીબી)ની સ્થાપના કરીને આ પૌરાણિક નગરનો આગવી સૂઝ અને કાર્યશૈલીથી વિકાસ કર્યો હતો. અહીંના વિખ્યાત બ્રહ્મસરોવરમાં આવેલા કાત્યાયની મંદિરમાં તેમણે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની છબિ સ્થાપિત કરીને આ સરોવરના જીર્ણોદ્ધારની શરૂઆત કરી હતી. આ મંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું છે.

ભગવદ્‌ગીતાની આ ભૂમિ પર તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી પંચ શિખરીય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસવિધિ યોજાઈ ગયો.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સંકલ્પ અનુસાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૦૫માં દિલ્હીમાં ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામ રચીને ઉત્તર ભારતના લાખો મુમુક્ષુઓ માટે અક્ષરધામનાં દ્વાર ઉઘાડાં કરી દીધાં. અક્ષરધામના નિર્માણથી ઉત્તર ભારતમાં બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિને વધુ વેગ મળ્યો. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને આજ્ઞાથી ધર્મવત્સલદાસ સ્વામી, મુનિવત્સલદાસ સ્વામી વગેરે સંતોએ પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તરાંચલ, ઉત્તરપ્રદેશ સત્સંગ વિચરણ શરૂ કર્યું અને ઠેર ઠેર સત્સંગપ્રવૃત્તિનાં મીઠાં ફળ મળવા લાગ્યાં.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ વારંવાર પધારીને ઉત્તર ભારતના સત્સંગને નવપલ્લવિત કરતા રહ્યા છે. હરિયાણામાં અત્યારે કુરુક્ષેત્ર ઉપરાંત ચીકા, ગોહાના, તરાવડી, લાડવા, ધનોરા, અંબાલા, કરનાલ, આલમપુર, રાવગઢ, હૈબતપુર, જ્યોતિસર, નરકાટારી, સોનીપત, પાનીપત, મુરથલ, યમુનાનગર, જગાધરી, કૈથલ, પેહવા, જિંદ, પિપલી, ચંદ્રભાનપુર, રાજૌંદ, જુલાના વગેરે ગામો-શહેરોમાં સત્સંગપ્રવૃત્તિ ગતિમાન છે. સંતો નિયમિત વિચરણ કરીને સત્સંગની પડઘમ ગુંજાવી રહ્યા છે. એ પૈકી હરિયાણા રાજ્યમાં સત્સંગપ્રવૃત્તિને વિશેષ વેગ આપવા અહીં એક સુવિધાસજ્જ મંદિરની આવશ્યકતા જણાઈ. કુરુક્ષેત્ર વિકાસ સમિતિએ પાંચ એકર ભૂમિ બી.એ.પી.એસ. મંદિરના નિર્માણ માટે અર્પણ કરી. આ ભૂમિ પર રચાનાર

મંદિરની શિલાઓનું પૂજન મહંત સ્વામી મહારાજે ગાંધીનગર ખાતે તા. ૧૬-૪-૨૦૧૯ના રોજ કર્યું હતું.

કુરુક્ષેત્ર ખાતે તા. ૧૧-૫-૨૦૧૯ના રોજ આ પંચ શિખરીય મંદિરનો શિલાન્યાસ ઉત્સવ સંસ્થાના વરિષ્ઠ સંત ઈશ્વરચરણદાસ સ્વામી તથા આનંદસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. સવારે વેદોક્ત મહાપૂજામાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પૂજનવિધિ બાદ નિધિકુંભપૂજન, શિલાપૂજન, ગર્તપૂજન, ખાતદેવતા પૂજન વિધિ યોજાયો. ત્યારબાદ સ્વામીશ્રીના હસ્તે પૂજાયેલી શિલાઓ અને નિધિકુંભને અંતઃગર્તમાં પધરાવવામાં આવી અને મંદિરના નિર્માણકાર્યનો શુભારંભ કરવામાં આવ્યો. હરિભક્તોએ પણ ગર્તમાં શિલા પધરાવીને ધન્યતા અનુભવી હતી. આ સાથે અહીં રચાયેલા સભાગૃહમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગુરુપરંપરાની મૂર્તિઓની વિધિવત્ સ્થાપના પણ કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાસંગિક સભામાં ઈશ્વરચરણદાસ સ્વામી અને આનંદસ્વરૂપદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં હતાં. આ શિલાન્યાસ-ઉત્સવમાં હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ, જમ્મુ અને દિલ્હીના હરિભક્તો પણ ઉપસ્થિત રહ્યા હતા.

આમ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જાલંધર અને સિમલા બાદ ઉત્તર ભારતમાં એક વધુ બી.એ.પી.એસ. મંદિરના નિર્માણ મંદિરના નિર્માણકાર્યની શરૂઆત થઈ.

## રાજસ્થાનમાં સિરોહી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સિરોહી એટલે રાજસ્થાનમાં અર્બુદાચલ પર્વતની તળેટીમાં વસેલું એક ઐતિહાસિક નગર. બસ્સો વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં જ સિરોહીમાં સ્વામિનારાયણીય સત્સંગની લહેર વહેતી થઈ ગઈ હતી. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિ ગ્રંથમાં સિરોહીના ભક્તોની નામાવલિ પણ રજૂ કરી છે. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી પણ આ સિરોહી પાસેના ખાણ ગામના વતની હતા. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના દીક્ષા ગુરુ સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીએ આ વિસ્તારમાં વિચરણ કરી સ્વામિનારાયણીય સત્સંગનો પ્રચાર-પ્રસાર કર્યો હતો.


ત્યારબાદ વર્ષો પછી સન ૧૯૯૦ના અરસામાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના કૃપાપાત્ર દાજીબાપુના પૌત્ર શ્રી પૃથ્વીસિંહ ઝાલાનાં દોહિત્રી શ્રી કલ્પનાબહેનનાં લગ્ન અહીં થવાથી તેમણે અહીં બાળમંડળનો આરંભ કરાવ્યો. ત્યારથી અહીં સત્સંગની શરૂઆત થઈ. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી ધર્મપ્રકાશદાસ સ્વામીએ બે દાયકાઓ સુધી અહીં વિચરણ કરીને સત્સંગને વિશેષ પોષણ આપ્યું. બાદ યોગીપ્રેમદાસ સ્વામી અને સાથી સંતોના વિચરણથી અહીં સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થઈ અને નૂતન બી.એ.પી.એસ. મંદિરની આવશ્યકતા જણાઈ. ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ થોડા જ સમયમાં નૂતન મંદિર માટે ભૂમિ સંપાદિત કરવામાં આવી. સંતો-ભક્તોના ભક્તિમય પુરુષાર્થથી એ ભૂમિ પર નૂતન બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ થઈ ગયું.

તા. ૨૨થી ૨૪ મે, ૨૦૧૯ દરમ્યાન આ નૂતન બી.એ.પી.એસ. મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો હતો. મંદિર પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૨૨ મેના રોજ કીર્તન-ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. વિખ્યાત ગાયક શ્રી પ્રકાશ માલી તથા યોગીપ્રેમદાસ સ્વામીએ ભક્તિ-સંગીત રજૂ કરીને સૌને ભક્તિભીના કર્યા હતા.

તા. ૨૩ મેના રોજ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો, જેમાં ૬૫૦ કરતાં વધારે ભક્તોએ યજમાનપદે બિરાજીને ધન્યતા અનુભવી હતી. સાથે સાથે સિરોહીના રાજમાર્ગો પર મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા પણ યોજાઈ હતી. આ શોભાયાત્રામાં કલાત્મક રથ, બાળકો-યુવાનો દ્વારા પ્રસ્તુત થતા પારંપરિક નૃત્યો વગેરેએ સૌમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું. સાથે સાથે મહિલાવૃંદમાં ૯૦૦ જેટલાં બહેનોએ મસ્તક પર કળશ ધારણ કરીને ભક્તિમય વાતાવરણ ખડું કરી દીધું હતું.

રાજસ્થાનના સિરોહી ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિઓના સ્થાપનવિધિમાં રત આનંદસ્વરૂપદાસ સ્વામી...








ભીનમાલ ખાતે નૂતન મંદિરની ભૂમિનું પૂજન કરતું સંતવૃંદ...

તા. ૨૪ મેના રોજ નવનિર્મિત મંદિરમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ યોજાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૧૧-૪-૨૦૧૯ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ આનંદસ્વરૂપદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો. આ અવસરે અતિથિ વિશેષ તરીકે સિરોહીના મહારાજાશ્રી પદ્મશ્રી રઘુવીરસિંહજી પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક સમારોહમાં આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રેરણાવચનો પાઠવીને સૌને લાભાન્વિત કર્યા હતા. સાથે સાથે મહારાજાશ્રીએ પણ ઉદ્‌બોધન કર્યું હતું. ૫,૦૦૦ કરતાં વધારે ભક્તો-ભાવિકોએ આ અવસરે ઉપસ્થિત રહીને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવને વધાવ્યો હતો.

આ પ્રસંગે મૂળ સિરોહીના અને મુંબઈ, પૂના, અમદાવાદ, સુરત, બેંગલોર, ચેન્નાઈ, હૈદરાબાદ, મૈસૂર વગેરે શહેરોમાં સ્થાયી થયેલા ભક્તો-ભાવિકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત રાજસ્થાનના ઉદયપુર, જોધપુર, પાલી, સોમેસર, ડુંગરપુર, જયપુર, દૌસા, ઝુંઝુનુ વગેરે સત્સંગમંડળોના સેંકડો ભક્તોએ ત્રણ દિવસ સિરોહીમાં રહીને સત્સંગલાભ પ્રાપ્ત કર્યો હતો.

ઉત્સવને સફળ બનાવવા માટે રાજેશ્વરદાસ સ્વામી, અક્ષરપ્રેમદાસ સ્વામી, યોગીપ્રેમદાસ સ્વામી વગેરેના માર્ગદર્શન હેઠળ બાળકો-યુવકો-હરિભક્તોએ ભક્તિમય પુરુષાર્થ કરીને સેવા કરી હતી. સાથે સાથે સિરોહીના ખંડેલવાલ સમાજ તથા માલી સમાજે પણ વિશેષ યોગદાન આપ્યું હતું.

## ભીનમાલ ખાતે ભૂમિપૂજન સમારોહ

ભીનમાલ એટલે રાજસ્થાનના ઝાલોર જિલ્લામાં આવેલું વ્યાપાર અને ખેત-ઉત્પાદનના બજારોથી ધમધમતું શહેર. શ્રીમાળી બ્રાહ્મણોની ગંગોત્રી ગણાતું મૂળ શ્રીમાળી નગરમાંથી ભીનમાલના નામે ઓળખાતું આ નગર એટલે સાહિત્ય જગતના અમૂલ્ય રત્ન કવિ માઘની જન્મભૂમિ.

ભગવાન શ્રી સ્વામિનારાયણના હજૂરી સેવક શ્રી વીર ભગુજી આ ભીનમાલ ક્ષેત્રના જ વતની હતા. દોઢેક દાયકાથી આ ક્ષેત્રમાં સંતોના વિચરણથી અહીં બી.એ.પી.એસ. સત્સંગનો વ્યાપ વધ્યો અને નૂતન મંદિરની આવશ્યકતા જણાઈ. તેથી ભીનમાલના સંનિષ્ઠ સત્સંગીબંધુ શ્રી રમેશભાઈ ડાભીએ (હાલ, મુંબઈ) મંદિર માટે પાંચ વીઘા ભૂમિ અર્પણ કરી. એ ભૂમિ પર મંદિરનો ભૂમિપૂજનવિધિ સમારોહ યોજાઈ ગયો. ભૂમિપૂજન ઉત્સવ પૂર્વે ૧૦૦થી વધુ ગામોમાં ગુજરાતથી આવેલાં કાર્યકર બહેનો અને સ્થાનિક મહિલાઓએ સાથે મળીને ૨,૦૦૦થી વધુ ઘરોમાં ઠાકોરજીની પધરામણી કરાવી. સાથે સાથે ભૂમિપૂજન સમારોહ માટે નિમંત્રણ પણ પાઠવ્યું.

તા. ૨૫થી ૨૯ મે, ૨૦૧૯ દરમ્યાન ભીનમાલમાં મંદિર ભૂમિપૂજન ઉત્સવ પ્રસંગે સ્વામિનારાયણ નગરની રચના કરવામાં આવી હતી. જેમાં કલાત્મક દ્વાર, સંગીતમય ફુવારા, ગાંધીનગર અક્ષરધામની પ્રતિકૃતિ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. સાથે સાથે સંધ્યા સમયે થતો 'લાઈટ એન્ડ સાઉન્ડ શો' પણ પ્રેરક હતો. અહીં રચવામાં આવેલા પ્રેરણાત્મક પ્રદર્શન-ખંડોમાંથી પ્રેરણા મેળવીને ૧,૦૦૦ વ્યક્તિઓએ વ્યસનમુક્ત થવાનો સંકલ્પ પણ કર્યો હતો.

ઉત્સવ દરમ્યાન યોગીપ્રેમદાસ સ્વામીએ 'શ્રીમદ્ ભાગવત' ગ્રંથના આધારે સંકીર્તન રજૂ કરીને સૌને ભક્તિભીના કર્યા હતા.

તા. ૨૫ મેના રોજ ભીનમાલમાં મંદિરનો ભૂમિપૂજનવિધિ યોજાયો હતો. તેના ઉપક્રમે યોજાયેલા યજ્ઞમાં સેંકડો ભક્તોએ યજમાનપદે બિરાજીને યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી હતી. ત્યારબાદ આનંદસ્વરૂપદાસ સ્વામીએ વેદોક્તવિધિપૂર્વક ભૂમિ-પૂજનવિધિ કર્યો હતો.

આ જ દિને સવારે ભવ્ય કળશયાત્રા યોજાઈ હતી. જેમાં ૧,૦૦૦ કરતાં વધુ બહેનો જોડાયાં હતાં. ભીનમાલના માર્ગો પરથી પસાર થયેલી આ કળશયાત્રાને ભક્તો-ભાવિકોએ હર્ષભેર વધાવી હતી.

તા. ૨૬ મેના રોજ મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારો બહેનોએ સંમિલિત થઈને પ્રેરણા પ્રાપ્ત કરી હતી. આ જ દિવસે ભીનમાલમાં વસતા શ્રીમાળી બ્રાહ્મણો માટે ચોરાશી યોજાઈ હતી. ૮૫૦થી વધારે ભૂદેવોએ બ્રહ્મભોજન કરીને તૃપ્તિ અને ધન્યતાનો અનુભવ કર્યો હતો.

તા. ૨૭ મેની સંધ્યાએ સુપ્રસિદ્ધ કલાકાર શ્રી પ્રકાશ માલી અને યોગીપ્રેમદાસ સ્વામીએ રાજસ્થાની ભક્તિપદોથી સૌને રસતરબોળ કર્યા હતા.

આમ, પાંચ દિવસ દરમ્યાન યોજાયેલો આ મંદિર ભૂમિપૂજન સમારોહ સૌ માટે અવિસ્મરણીય સ્મૃતિ સમાન બની રહ્યો. આ ઉત્સવને સફળ બનાવવા માટે જયપુર મંદિરના કોઠારી રાજેશ્વરદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતાં યોગીપ્રેમદાસ સ્વામી, પરમમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ કાર્યકરોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. ◆

NEELKANTH and the Swans of Mansarovar

નૂતન એનિમેશન શ્રેણી પ્રકાશન

SHRI SWAMINARAYAN Charitra

# નીલકંઠ અને માનસરોવરના હંસો

## બદરીનાથથી વંશીપુર

હિમાલયમાં બાળયોગી નીલકંઠની વિસ્મયકારક કલ્યાણકારી તપયાત્રા...






માત્ર ૧૧ વર્ષની કુમળી વયે બાળયોગી નીલકંઠ તરીકે ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી અજોડ હિમાલય યાત્રા, બદરીવનમાં તપશ્ચર્યા, માનસરોવરની યાત્રા વગેરેનો તાદૃશ્ય અનુભવ કરાવતી હૃદય સ્પર્શી રજૂઆત... સંપ્રદાયના ઇતિહાસમાં નીલકંઠયાત્રાની અદ્‌ભુત અનુભૂતિ કરાવતી પ્રથમ શ્રેણી... બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પ્રસ્તુત પાંચમું પુષ્પ...

■ હિન્દી અને અંગ્રેજી ■ સમય લંબાઈ: ૬૦ મિનિટ

ભાગ ૫

**ઉદ્‌ઘાટન થઈ ચૂક્યું છે, આપના ઘર માટે આજે જ વસાવો...**

- ઉત્તમ કક્ષાની એનિમેશન ફિલ્મ શ્રેણી દ્વારા ભગવાન સ્વામિનારાયણનાં દિવ્ય ચરિત્રોની અદ્‌ભુત રજૂઆત...
- બાળકો, યુવાનો અને સૌ કોઈ માટે એક અનેરા આકર્ષણરૂપ ભગવાન સ્વામિનારાયણની જીવનગાથા
- હિન્દી અને અંગ્રેજી ભાષામાં રજૂઆત... ડીવીડી અને પેનડ્રાઇવ દ્વારા ઉપલબ્ધ...
- www.baps.org પર તેના ટ્રેલરને માણો...

**પ્રેરક: બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ** BAPS **આશીર્વાદ: પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ**

Swaminarayan Prakash Gujarati, July-2019, Published on 1-7-2019. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.







## અમદાવાદમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયો રથયાત્રા ઉત્સવ અને વિશ્વ યોગ દિન

તાજેતરમાં અમદાવાદ ખાતે બિરાજેલા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં વિવિધ ઉત્સવો અને પ્રેરક કાર્યક્રમોની હારમાળા રચાઈ ગઈ. અમદાવાદના પ્રસિદ્ધ રથયાત્રા ઉત્સવે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં રથયાત્રાનો અનોખો માહોલ ખડો થયો હતો. મંદિરમાં ઠાકોરજીની રથયાત્રા પ્રસંગે સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતોએ જાતે ઠાકોરજીના રથનું વહન કરીને ભક્તિ અદા કરી હતી. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અમદાવાદ ખાતે વિશ્વ યોગ દિન પણ ઊજવાઈ ગયો. અષ્ટાંગયોગ સિદ્ધ કરનાર ભગવાન સ્વામિનારાયણની સ્મૃતિ સાથે સ્વામીશ્રીએ મંદિરના પ્રાંગણમાં અને સભાગૃહમાં યોગ અને પ્રાણાયામની સૌને પ્રેરણા આપી હતી. ઉલ્લેખનીય છે કે સ્વામીશ્રીની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ૩૫૦થી વધુ સંતોએ નર્મદા કાંઠે સરદાર પટેલના સ્ટેચ્યૂ ઑફ યુનિટી સમક્ષ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સહિત હજારો લોકો વચ્ચે યોગનિદર્શન કર્યું હતું.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas